# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 238 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ આશ્વિન સુદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 October 2024, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૭ ઑક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



મધ્ય પ્રદેશના ભોપાળમાં ગુજરાત એટીએસની કમાલઃ ₹ ૧,૮૧૪ કરોડનું ડ્રગ્સ પકડ્યું ૧

ચેમ્બુરની આગ જીવલેણઃ ત્રણ સગીર સહિત સાત જણે જીવ ગુમાવ્યાં ૧











# ચોમાસાની વિદાય બાદ ભીષણ ગરમીનો વર્તારો: ગુજરાતમાં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી પાર જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાંથી ચોમાસાની વિદાય બાદ કાળઝાળ ગરમીએ ચિંતા વધારી છે, રાજ્યના કેટલાક ભાગોમાં દિવસેને દિવસે ગરમીનો પારો ઊંચો ચડતો જાય છે, હજુ પણ આગામી દિવસોમાં તાપમાન વધે તેવી શક્યતાઓ છે, હવામાન વિભાગની આગાહી મુજબ બે દિવસ બાદ રાજ્યના મહત્તમ તાપમાનમાં વધારો થઈ શકે છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સામાન્ય કરતા ૦.૭ ડિગ્રી તાપમાન ઓછું નોંધાઈને ૩૫ ડિગ્રીએ પહોચ્યું હતું. નૈઋર્યુના ચોમાસાએ રાજ્યભરમાંથી વિદાઈ લીધી હોવાના કારણે હવે ગુજરાતનું આકાશ સાફ થતાં સૂર્યના સીધા કિરણો જમીન પર પડતાં તાપમાનમાં વધારો થઈ શકે છે.

આગામી બેથી ત્રણ દિવસમાં રાજ્યભરના મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે. તેથી નવરાત્રિના અંત સુધીમાં રાજ્યના કેટલાક જિલ્લાઓનું મહત્તમ તાપમાન ૩૭થી ૩૮ ડિગ્રીને પાર જઈ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વહેલી સવારથી જ મધ્ય ગુજરાતના ભાગોમાં છૂટા છવાયા વાદળો આકાશમાં જોવા મળી રહ્યા છે. જે સમાન્ય પ્રક્રિયાના ભાગરૂપે વાદળો દેખાઈ રહ્યા છે, પરંતુ દક્ષિણના છેવાડાના જિલ્લાઓને બાદ કરતાં પાંચ ઓક્ટોબરના રોજ રાજ્યભરમાંથી ચોમાસાએ વિદાય લીધી છે, પરંતુ હજુ દક્ષિણ ગુજરાતના કેટલા જિલ્લાઓમાં આજના દિવસ માટે છૂટાછવાયા હળવા વરસાદની શક્યતાઓ છે તેથી હવામાન વિભાગ દ્વારા હજુ પણ રાજ્યભરમાંથી ચોમાસાએ વિદાય લીધી હોય તેમ જાહેર કરવામાં આવ્યું નથી.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના વલસાડ, ડાંગ, દમણ, દાદરા નગર હવેલીમાં આજે કેટલાક સ્થળો પર છૂટા છવાયા હળવા વરસાદની શક્યાઓ છે. આ ઉપરાંત ગુજરાતના તમામ જિલ્લાઓમાં આજે વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના છે. જેને કારણે વધુ તાપમાન અનુભવાઈ શકે છે. અમદાવાદ શહેરમાં પણ આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીની આસપાસ નોંધાઈ શકે છે. ■

# કપાસમાં ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં બીજા સ્થાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કપાસના મહત્ત્વને દર્શાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૭ ઓક્ટોબરના રોજ ''વિશ્વ કપાસ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. સફેદ સોના તરીકે ઓળખાતા કપાસ સાથે ગુજરાતનો સંબંધ વર્ષો જૂનો છે. ગુજરાતમાં દાયકાઓથી કપાસનું વાવેતર અને મબલખ ઉત્પાદન કરવામાં આવે છે. ગુજરાતના અર્થતંત્રમાં કપાસ ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે. તેનું ઉદાહરણ જોઈએ તો, ગુજરાતની વર્ષ ૧૯૬૦માં સ્થાપના થઈ ત્યારે ગુજરાતની કપાસ ઉત્પાદકતા માત્ર ૧૩૯ કિ.ગ્રા રૂ. પ્રતિ હેક્ટર હતી, જે આજે વધીને આશરે ૬૦૦ કિ.ગ્રા રૂ. પ્રતિ હેક્ટર સુધી પહોંચી છે.

કૃષિ પ્રધાન રાઘવજી પટેલે કપાસ સંદર્ભે વિગતવાર વાત કરતાં જણાવ્યું હતું કે, ભારત દેશ આઝાદ થયો ત્યારે સુતરાઉ કાપડની મોટાભાગની મીલો ભારતમાં રહી અને કપાસનું સારું ઉત્પાદન કરતો પ્રદેશ પાકિસ્તાનના ભાગે ગયો. પરિણામે ભારતમાં કાચા માલની ખેંચ રહેવાથી કિંમતી હૂંડિયામણ ખર્ચીને આપણે વિદેશથી કપાસની આયાત કરવી પડતી હતી.

વર્ષ ૧૯૭૧માં સુરત ખાતેના સંશોધન ફાર્મ દ્વારા સંશોધન બાદ વિકસાવેલી કપાસની સંકર-૪ નામની જાત પછી સમગ્ર દેશમાં સંકર કપાસનો યુગ શરૂ થયો અને ટૂંક સમયમાં જ ભારતની કપાસ ઉત્પાદકતામાં ધરખમ વધારો થયો. જેના પરિણામે ભારતની કાચા માલની જરૂરિયાત તો પૂર્ણ થઈ જ, પરંતુ વધારાના ઉત્પાદનની નિકાસ પણ આપણો દેશ કરતો થયો. વર્ષ ૨૦૨૧માં ભારતે રેકોર્ડ બ્રેક ૧૦,૭૮૭ મિલિયન ડૉલરની કિંમતના કપાસની નિકાસ કરી હતી.

ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં કપાસ ઉત્પાદન ક્ષેત્રે ચિત્ર બદલાયું છે. વર્ષ ૨૦૦૧-૦૨ સુધી ગુજરાતમાં કપાસનો વાવેતર વિસ્તાર જે ૧૭.૪૦ લાખ હેક્ટર હતો, તે વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં વધીને ૨૬.૮૩ લાખ હેક્ટર થયો છે. આ સાથે જ, કપાસનું ઉત્પાદન પણ ૧૭ લાખ ગાંસડીથી વધીને વર્ષ ૨૦૨૩-૨૪માં ૯૨.૪૭ લાખ ગાંસડી અને ઉત્પાદકતા ૧૬૫ કિ.ગ્રા. રૂ. પ્રતિ હેક્ટરથી વધીને વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં ૫૮૯ કિ.ગ્રા. રૂ પ્રતિ હેક્ટર સુધી પહોંચી છે.

આટલું જ નહીં, વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાત રાજ્ય ૨૨.૪૫ લાખ હેક્ટરના વાવેતર વિસ્તાર, ૭૩.૮૮ લાખ ગાંસડી ઉત્પાદન અને ૫૫૯ કિ.ગ્રા. પ્રતિ હેક્ટરની ઉત્પાદકતા સાથે સમગ્ર દેશમાં દ્વિતીય ક્રમ ધરાવતું રાજ્ય બન્યું હતું. આજે પણ દ્વિતીય ક્રમે યથાવત છે.

બીટી કપાસ યુગમાં પણ સમગ્ર દેશમાં બીટી સંકર જાતો વિકસાવવા અને તેની માન્યતા મેળવવામાં ગુજરાત અગ્રેસર રહ્યું હતું. જાહેર ક્ષેત્રની પ્રથમ ૨ બીટી સંકર જાતો - ગુજરાત કપાસ સંકર-૬ બીજી-૨ અને ગુજરાત કપાસ સંકર-૮ બીજી-૨ને વર્ષ ૨૦૧૨માં ભારત સરકાર દ્વારા માન્યતા મળી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૫માં અન્ય બે બીટી સંકર જાતો - ગુજરાત કપાસ સંકર-૧૦ બીજી-૨ અને ગુજરાત કપાસ સંકર-૧૨ બીજી-૨ જાતો વિકસાવીને ગુજરાતે ખેડૂતોને કપાસ વાવેતર માટે બીટી કપાસની ચાર જાતો વાવેતર માટે ઉપલબ્ધ કરાવી હતી. ■

# ડાકોરના ઠાકોરના દર્શનાર્થે જતા ભક્તો માટે આજથી નિ:શુલ્ક ભોજન સેવા શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ખેડા જિલ્લાનાં ડાકોરમાં આવેલા વિખ્યાત રણછોડરાયજી મંદિરે દર્શન કરવા માટે જનારા ભક્તો માટે ડાકોર ટેમ્પલ કમિટીએ મહત્ત્વનો નિર્ણય લીધો હતો, ટેમ્પલ કમિટીએ ડાકોરના ઠાકોરના દર્શનાર્થે ડાકોર આવતા ભક્તો ભૂખ્યા ના રહે તે માટે આવતીકાલથી તમામ ભક્તો વિનામૂલ્યે ભોજન પ્રસાદી લઈ શકે એવો નિર્ણય કર્યો હતો.

ખેડા જિલ્લાનાં ઠાસરા તાલુકામાં આવેલા ડાકોરમાં રણછોડરાયજી મંદિરે વિશ્વભરમાંથી મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા માટે આવતા હોય છે. ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા જણાવ્યા મુજબ, રણછોડરાય મંદિર નજીક આવેલી ગૌશાળા પાસે યાત્રી નિવાસ નીચે ભક્તો માટે નિ:શુલ્ક ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. આથી, હવે આવતીકાલથી આ ભોજન પ્રસાદીનો હજારોની સંખ્યામાં મંદિરે આવતા ભક્તોને લાભ મળશે. મંદિર દ્વારા ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવાથી ભક્તોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. ■

# ગુજરાત હાઇ કોર્ટની ફટકાર બાદ પોલીસ હરકતમાં આવી: ત્રણ દિવસની ડ્રાઈવમાં ૫૩ લાખનો દંડ વસૂલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઈ કોર્ટે હેલ્મેટના કાયદાનું ફરજિયાત અમલ કરાવવા મામલે ફટકાર લગાવ્યા બાદ અમદાવાદ ટ્રાફિક પોલીસ હરકતમાં આવી હતી, પોલીસે સમગ્ર શહેરમાં ત્રણ દિવસની ડ્રાઇવ યોજી હતી અને આ દરમિયાન નવ હજાર જેટલા કેસ નોંધીને ૫૩ લાખનો દંડ વસૂલ્યો હતો. જેમાં ૬૫૦૦ જેટલા કેસ માત્ર હેલ્મેટ નહીં પહેરનારાઓ સામે નોંધાયા હતા. જ્યારે સમગ્ર શહેરના સૌથી વધુ ૨૧૦૦ કેસ એસ જી હાઈવે પર નોંધાયા હતા. કોર્ટની ટકોર બાદ હવે પોલીસ આ ડ્રાઇવ આગામી દિવસોમાં પણ ચાલુ રાખશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતોના અનુસંધાનમાં ગુજરાત હાઈ કોર્ટે ફરજિયાત હેલ્મેટના કાયદાનો યોગ્ય અમલ ના થતો હોવાની રાજ્ય સરકારને ટકોર કરી હતી, ત્યાર બાદ અમદાવાદ ટ્રાફિક પોલીસે હેલ્મેટ નહીં પહેરનારાઓ તેમજ ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારાઓ સામે સમગ્ર શહેરમાં વિશેષમાં ડ્રાઇવ શરૂ કરી હતી. જેમાં તારીખ ૨ ઓક્ટોબરથી ૪ ઓક્ટોબરની ડ્રાઈવ દરમિયાન પોલીસે ડ્રાઈવ દરમિયાન ૯૦૯૪ કેસ નોંધીને ૫૩.૧૦ લાખનો દંડ વસૂલ્યો હતો.■

# સૌરાષ્ટ્ર યુનિ.ના કાયમી કુલપતિની રેસમાં પૂર્વ કુલપતિ ડૉ. નીતિન પેથાણીનું નામ ચર્ચામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાયમી કુલપતિ તરીકે પૂર્વ કુલપતિ ડૉ.નીતિન પેથાણીના નામે શિક્ષણ જગતમાં ચર્ચાઓ જગાવી છે. આ ઉપરાંત આ જ યુનિવર્સિટીના બાયો સાયન્સ ભવનના અધ્યક્ષ ડૉ. રમેશ કોઠારી અને એમબીએ ભવનનાં હેડ ડો. સંજય ભાયાણી ઉપરાંત હાલના કાર્યકારી કુલપતિ ડો. કમલ ડોડિયાનું નામ પણ ચર્ચામાં આવ્યું છે. જો તેઓને સીએએસ એટલે કે કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ હેઠળ પ્રમોશન આપવામાં આવે તો જ તેની નિમણૂક થઈ શકે આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર ભવનના પ્રોફેસર ઉત્પલ જોશીનું નામ પણ ચર્ચામાં આવ્યું છે.

સૂત્રોમાંથી મળતી વિગત મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કાયમી કુલપતિની રેસમાં પૂર્વ કુલપતિ ડો. નીતિન પેથાણીનું નામ ફરી ચર્ચામાં આવ્યું છે. જેઓ અગાઉ ૭ ફેબ્રુઆરી, ૨૦૧૯થી ૭ ફેબ્રુઆરી, ૨૦૨૨ સુધી કુલપતિ રહી ચૂક્યા છે. તેમના સમયગાળામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એનએએસી (નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીએશન કાઉન્સિલ)નું ઇન્સ્પેક્શન આવ્યું હતું પરંતુ, તત્કાલીન કુલપતિ અને ઉપકુલપતિ વચ્ચેના ગજગ્રાહને કારણે યોગ્ય પ્રેઝન્ટેશનના અભાવે યુનિવર્સિટીએ એ ગ્રેડ ગુમાવ્યો હતો અને કથળીને બી ગ્રેડ આવ્યો હતો. આ ઉપરાંત કોન્ટ્રાક્ટ આધારિત અધ્યાપકોની ભરતીમાં વ્હોટ્સએપ ઉપર સિન્ડિકેટ સભ્યોની ભલામણનું કાંડ સામે આવ્યું હતું. જોકે, તે વખતે સિન્ડિકેટ અને સેનેટ હોવાથી વિરોધનો સામનો કરવો પડ્યો હતો પરંતુ, હવે નવા ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટની અમલવારી થતા તે પ્રકારના વિવાદો નહીં થાય એવું માનીને ફરી પેથાણીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાયમી કુલપતિ બનાવવામાં આવે એવી ચર્ચાઓએ શિક્ષણ જગતમાં જોર પકડ્યું છે. ■

# ગાંધીનગરમાં ગરબા રમવા ગયેલી બે સગીરા ભેદી રીતે ગાયબ: પોલીસે શોધખોળ આદરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં નવરાત્રિનાં બીજા નોરતે સગીરા પર ચકચારી ગેંગરેપની ઘટનાના સમગ્ર રાજ્યમાં પડઘા પડ્યા છે. હજી આ ગેંગરેપનાં નરાધમો સુધી પહોંચવા પોલીસ શોધખોળ કરી રહી છે. એવામાં રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ગરબા રમવા ગયેલી એકસાથે બે સગીરા ભેદી રીતે ગાયબ થઈ જતાં ઈન્ફોસિટી પોલીસ મથકમાં અજાણ્યા ઈસમો વિરુદ્ધ અપહરણનો ગુનો નોંધી અલગ અલગ ટીમો દ્વારા ચારે દિશામાં તપાસનો દોર શરૂ કરી દેવામાં આવ્યો હતો.

રાજ્યના પાટનગર ગાંધીનગરમાંથી બે સગીરાના અપહરણનો બનાવ બહાર આવતા ખળભળાટ મચી ગયો હતો. ગાંધીનગરના વાવોલમાં રહેતી ચૌદ વર્ષની સગીરા ધોરણ - ૯મા અભ્યાસ કરતી હતી. જે સરગાસણનાં કલાસીસમાં ઘરેથી વાનમાં આવતી જતી હતી. ત્યારે કલાસીસનાં સંચાલક દ્વારા પ્રસંગ પાર્ટી પ્લોટમાં ગરબા ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્વયે શનિવારે રાત્રીના આશરે પોણા આઠેક વાગ્યે સગીરાના પિતા પાર્ટી પ્લોટના દરવાજાની બહાર ઉતારીને નીકળી ગયા હતા. એ વખતે સગીરાએ તેના પિતાને કહેલુ કે, અમદાવાદથી તેની ફ્રેન્ડ(ઉં. ૧૩ વર્ષ, ૫ મહિના) પણ આવવાની છે.

ગરબા પૂરા થાય એટલે દસેક વાગે લેવા માટે આવજો. બાદમાં પિતા ગાડી લઈને ઘરે જતા રહ્યા હતા અને દસેક વાગે પરત પાર્ટીપ્લોટ ખાતે જઈને દીકરીને ફોન કર્યો હતો. પરંતુ તેનો ફોન બંધ આવતો હતો. જેથી કરીને તેમણે દીકરીની ફ્રેન્ડના પિતાનો સંપર્ક કર્યો હતો. ત્યારે તેઓ પણ તેમની દીકરીને લેવા પાર્ટી પ્લોટના ગેટ ઉપર રાહ જોઇને ઊભા હોવાનું માલૂમ પડયું હતું.

બાદમાં બંને સગીરાના પિતા સહિતના પરિવારજનોએ બન્ને દીકરીઓની પાર્ટી પ્લોટ તથા આજુબાજુમાં શોધખોળ કરી હતી, પરંતુ તેમનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. જે અંગે પોલીસને જાણ કરતા પોલીસે પણ રાતથી જ બંને બહેનપણીઓની શોધખોળ આદરી હતી. પરંતુ અત્યાર સુધીમાં બંનેનો કયાંય પત્તો લાગ્યો નહોતો.

આ અંગે ઈન્ફોસિટી પોલીસે બંને સગીરાના અપહરણનો ગુનો દાખલ અલગ અલગ ટીમોને એક્ટિવ કરી આસપાસના સીસીટીવી કેમેરાની તપાસ શરૂ કરી દેવાઈ હતી. આ ઉપરાંત સગીરા સાથે ટ્યુશન આવતા જતા અન્ય વિદ્યાર્થીઓની પણ પૂછતાછ કરવામાં આવી રહી છે. ■

# સુરતના નરેણ ગામે આશ્રમશાળામાં આચાર્યએ સગીરાનું શારીરિક શોષણ કર્યું: લંપટ શિક્ષકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની શાળાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ હવે શાળાના આચાર્યોથી જ સુરક્ષિત નથી. રાજ્યમાં વધુ એક લંપટ શિક્ષકની શર્મનાક કરતૂતનો પર્દાફાશ થયો હતો, સુરત જિલ્લાના માંડવી તાલુકામાં શિક્ષણ જાગતને શર્મસાર કરતી ઘટના બહાર આવી હતી. માંડવીના નરેણ ગામે આવેલી આશ્રમશાળામાં આચાર્યએ સગીરા સાથે શારીરિક અડપલા કર્યા હતા.

માંડવી તાલુકામાં આવેલી એક આશ્રમ શાળાનાં આચાર્ય યોગેશ પટેલ પર શાળાની સગીરા સાથે શારીરિક અડપલાં કર્યાનો ખૂબ જ ગંભીર આરોપ લાગ્યો હતો. લંપટ આચાર્યની કરતૂત બહાર આવતા સ્થાનિકોમાં ભારે આક્રોશ છે. આ મામલે માંડવી પોલીસને પણ જાણ કરવામાં આવી હતી. માંડવી પોલીસે લંપટ આચાર્ય યોગેશ પટેલ સામે પોક્સો અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી. સ્થાનિકોનો આરોપ છે કે અગાઉ પણ આ લંપટ આચાર્યએ સગીરા સાથે શારીરિક અડપલાં કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ, દાહોદની તોરણીયા પ્રાથમિક શાળામાં હવસખોર આચાર્યએ દુષ્કર્મનો પ્રયાસ કરી ધોરણ-૧માં અભ્યાસ કરતી ૬ વર્ષની બાળકીની હત્યા કરી નાખી હતી. ■

# સાબરકાંઠાના પ્રાંતિજમાં દોઢ કરોડની લૂંટ મામલે પોલીસે બે આરોપીની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાબરકાંઠાના પ્રાંતિજમાં દોઢ કરોડની લેવડદેવડ મામલે લૂંટનો તક્તો તૈયાર કરનારા બે આરોપીઓને પોલીસે ઝડપી લઈ સમગ્ર મામલાનો પર્દાફાશ કર્યો હતો. પાંચ દિવસ અગાઉ પ્રાંતિજ પોલીસમથકે દોઢ કરોડની લૂંટ થયાની અશ્વિન પટેલે ફરિયાદ નોંધાવી હતી, જોકે આ મામલે પોલીસે ઊલટ તપાસ કરતા તલોદના કેવિન મહેતા પાસેથી દોઢ કરોડની રકમ ધંધા માટે લેવાઈ હતી, જોકે અશ્વિન પટેલની આઈસીઆઇસીઆઈ બેન્કમાંથી રકમ લઈ જતી વખતે સમગ્ર પૈસા પોતાની પાસે રાખવા માટે તરકટ રચ્યું હતું. પ્રાંતિજના નેશનલ હાઈવે નંબર ૪૮ નજીક દોઢ કરોડની લૂંટ મામલે ફરિયાદી જ આરોપી નીકળતા સમગ્ર મામલો બનાવટી સાબિત થયું હતું.

જે અંતર્ગત દોઢ કરોડ રૂપિયા બેંકમાંથી લઈ આવી રહેલા અશ્વિન પટેલએ સમગ્ર પૈસા પોતાની પાસે રાખવા માટે લૂંટનું તરકટ રચ્યું હતું, જેમાં તેની પોતાના ફોઈના દીકરાને ચોક્કસ હિસ્સો આપી સમગ્ર પૈસા બારોબાર કરી લેવા માટે પોતાની ગાડીનું ટાયર બદલતી વખતે અજાણ્યા બે ઈસમો દ્વારા પૈસા ભરેલા બે થેલા લઈ ફરાર થઈ જવાનું જણાવી પોલીસ મથકે લૂંટની ફરિયાદ નોંધાવી હતી, જોકે પોલીસે સમગ્ર મામલે ઝીણવટભરી તપાસ કરવાની સાથોસાથ ફરિયાદીની જ ઊલટ તપાસ કરતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો.

પોલીસે આ મામલે અશ્વિન પટેલની પાસેથી મોબાઈલ ગાડી તેમજ તેની ફોઈના દીકરા મહેશ પટેલ પાસેથી દોઢ કરોડની રિકવરી કરી હતી તેની સાથે-સાથે પોલીસે આ મામલે એક કરોડ ૫૩ લાખના મુદ્દામાલ સાથે બે આરોપીઓની અટકાયત કરી તમામને જેલના સળિયા પાછળ ધકેલ્યા હતા. ■

# બનાસકાંઠામાં બાઈકસવાર ચાર યુવકોને કારચાલકે ટક્કર મારી: ત્રણનાં મોત, એક ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં મા આદ્યશક્તિના આરાધનાનું પર્વ નવરાત્રિ ચાલી રહ્યું છે, અને ખેલૈયાઓ હર્ષોલ્લાસભેર ગરબા અને દાંડિયાની મજા માણી રહ્યા છે, તે દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં ગરબા જોવા માટે ગયેલા યુવાનોને કાળ ભરખી જતા સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના ખીંમત પાસે ફોર્ચ્યુનર કારના ચાલકે મોટરસાઇકલને ટક્કર મારતા ત્રણ યુવકોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે એક યુવક ઘાયલ થતા યુવકને સારવાર અર્થે નજીકની સરકારી હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે, ફોર્ચ્યુનર કારના આગળના ભાગ અને મોટરસાઇકલના ફૂરચા નીકળી ગયા હતા. અકસ્માત સર્જીને કારચાલક ફરાર થયો હતો. આ મામલે પાંથાવાડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અકસ્માતગ્રસ્ત કારમાં નંબર પ્લેટ લગાવેલી ન હતી. પરંતુ, કારની અંદરથી એક જ નંબરની ત્રણ નંબર પ્લેટ મળતા સવાલો ઊઠ્યા છે.

આ ઘટના અંગે મળતી પ્રાથમિક માહિતી મુજબ, બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ઘાડા ગામના મહીપતસિંગ વાઘેલા, પંકજસિંગ વાઘેલા, યોગેન્દ્રસિંગ વાઘેલા અને મહાવીરસિંગ વાઘેલા નામના યુવકો પોતાની મોટરસાઇકલ લઈને ધાનેરાના ખીમંત ગામે ગરબા જોવા માટે ગયા હતા. ચારેય મિત્રો રાત્રિના સાડા અગિયાર વાગ્યાના અરસામાં ગરબા જોઈને પરત પોતાના ગામ ઘાડા જઈ રહ્યા હતા ત્યારે ખીમંત ગામના ઉમેદપુરાના પાટિયા પાસે સામેથી આવી રહેલી ફોર્ચ્યુનર કારના ચાલકે ટક્કર મારતા રસ્તા પર મરણચીસો ગુંજી ઊઠી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, મહીપતસિંગ ભજુસિંગ વાઘેલા, પંકજસિંગ ધારુસિંગ વાઘેલા અને યોગેન્દ્રસિંગ વીજુસિંગ વાઘેલાના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય એક ઘાયલ યુવાન મહાવીરસિંગ દાદુસિંગ વાઘેલાને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. બીજી તરફ અકસ્માત સર્જીને ફોર્ચ્યુનર કારચાલક ઘટનાસ્થળ પરથી ફરાર થયો હતો. કાર કબજે કરી લેવામાં આવી છે જેથી આરોપીને પણ ઝડપી શકાશે. આ અકસ્માતને પગલે મોટી સંખ્યામાં સ્થાનિકો ભેગા થયા હતા અને પોલીસને જાણ કરી હતી. પાંથાવાડા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ■

# પીએમ આવાસ યોજનાના ૧,૫૦૦થી વધુ મકાનોની કામગીરી પૂર્ણ કર્યા વિના જ લોકાર્પણ કરાયું

અમદાવાદ: શહેરના સરખેજ-મકરબા વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલા પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૧,૫૦૦થી વધુ મકાનો કામગીરી પૂર્ણ કર્યા વિના જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઇ-લોકાર્પણ કરાવી દેવામાં આવ્યા હતા. આવાસ યોજનાના મકાનોમાં પાણીના નળ, કોક અને અન્ય પ્લમ્બિંગની કામગીરી બાકી હોવા છતાં પણ મ્યુનિસિપલ કોર્પોરેશનના હાઉસિંગ પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓએ આ તમામ આવાસ યોજનાના લોકાર્પણ કરાવી દીધા હતા અને હજી સુધી આ કામગીરી પૂર્ણ કરી નથી, જેના કારણે છેલ્લા ૮ મહિનાથી સરખેજના આવાસ યોજનાના લાભાર્થીઓને મકાન મળ્યા નથી.

આવાસ યોજનાના મકાનો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડ્રો કરી દેવામાં આવ્યો હતો અને ફાળવણી પણ કરી દેવાઈ હતી પરંતુ, પ્રાથમિક જરૂરિયાત જેવી કે, લાઈટ, પાણી, ગટર, ફાયર સેફટી આપવામાં આવી નથી. જેને કારણે પઝેશન લેવા છતાં ગરીબ પરિવારો ત્યાં રહેવા જવા તૈયાર નથી. જેથી તમામ આવાસો બંધ અને ઉપયોગ વિના પડ્યા રહ્યા છે.

આવાસ યોજનાના મકાનોની કામગીરી સાંગાણી નામના કોન્ટ્રાક્ટરને આપવામાં આવી હતી. આ કોન્ટ્રાક્ટર દ્વારા પ્લમ્બિંગની કામગીરી પૂરી કરવામાં આવી નહોતી. આવાસ યોજનાના મકાનો બનીને તૈયાર થઈ ગયા હતા પરંતુ, નળ નાખવા અને એસટીપીના ચેમ્બરના ઢાંકણા નાખવાની કામગીરીઓ બાકી રાખી હોવા છતાં પણ ફેબ્રુઆરી, ૨૦૨૪માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના હસ્તે વિવિધ વિકાસ કાર્યોના એ લોકાર્પણ કાર્યક્રમમાં આવાસ યોજનાઓનું લોકાર્પણ કરાવી દેવાયું હતું. ■

# સુરતની એસઓજીએ ૧૯ વર્ષથી ફરાર નાર્કોટિક્સના આરોપીને અનંતનાગમાંથી ઊંઘતો ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતની એસઓજી પોલીસે કુખ્યાત ગણાતા કાશ્મીરના અનંતનાગમાંથી આરોપીને ઘરમાંથી પકડી પાડ્યો હતો.

છેલ્લા ૧૯ વર્ષથી નાર્કોટિક્સના ગુનામાં નાસ્તા ફરતા કુખ્યાત ડ્રગ માફિયાને સુરત એસઓજી પોલીસની ટીમે આતંકવાદના ગઢ ગણાતા અનંતનાગ જિલ્લાના અંતરિયાળ ખીણ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો. પકડાયેલો આરોપી ભારતભરમાં ચરસની સપ્લાય કરતો હતો.

વર્ષ ૨૦૦૬માં દિલ્હી એનસીબી અને સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રેલવે મારફતે જમ્મુ-કાશ્મીરથી ચરસની મોટી ખેપ મારતી મહિલા સહિત ત્રણ આરોપીઓને ૧૦.૨૫૦ કિલોગ્રામ હાઈપ્યોરિટી ચરસના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. જેની કિંમત ૧૦,૨૫,૦૦૦ હતી. પોલીસે સુરત રેલવે સ્ટેશન પાસે આવેલી બિસ્મિલ્લાહ હોટલ સામેથી આરોપીઓને પકડી પાડ્યા હતા. આ ગુનામાં જે તે સમયે પોલીસે કુલ સાત આરોપીઓને ઝડપી પાડી કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યાં આરોપીઓને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી અને એક લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો.

આ હાઈપ્યોરિટી ચરસનો જથ્થો સપ્લાય કરનાર મુખ્ય આરોપી જમ્મુ કાશ્મીરના આતંકવાદનો ગઢ ગણાતા અનંતનાગ જિલ્લાનો રહેવાસી હતો અને તે જે તે સમયે પોલીસ તેને શોધવા જમ્મુ કાશ્મીર ગઈ હતી, પરંતુ ત્યાં આતંકવાદી હુમલાના ભય અને ભૌગોલિક પરિસ્થિતિથી અજાણ હોવાથી આરોપી પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો અને અત્યાર સુધી તે ફરાર હતો.

સુરત એસઓજી પોલીસ અને સ્થાનિક પોલીસે બાતમીના આધારે રેડ પાડી હતી અને આરોપી નિશાર અહેમદ ગુલામ નબી દારને ઊંઘમાં જ ઝડપી પાડ્યો હતો. આરોપીની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે , તે જે વિસ્તારમાં રહેતો હતો, તે વિસ્તારમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન ખાતેથી હાઈપ્યોરિટીવાળું ચરસ આવતું હતું અને આ ચરસની ડિમાન્ડ આખા ભારતમાં છે.

જેથી તે અલગ અલગ રાજ્યમાં ચરસ સપ્લાય કરતો હતો અને વર્ષ ૨૦૦૬માં તેને ૧૦ કિલોથી વધુ ચરસ ગુજરાતના સુરતના વેપારીઓને વેચાણથી આપ્યું હતું. જે-તે સમયે સુરત શહેર પોલીસ તેને શોધવા અનંતનાગ તેના વતન ખાતે આવી હતી. પરંતુ તે પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો.

સુરત એસઓજી પોલીસે આરોપીને ''મિશન કાશ્મીર'' ઓપરેશન અંતર્ગત ઝડપી પાડી તેનો કબજો મહિધરપુરા પોલીસને સોંપ્યો હતો. ■

# રાજકોટમાં નવરાત્રીમાં બોલીવૂડ અને શકીરાના ગીત વગાડવા મુદ્દે પૂર્વ મુખ્ય પ્રધાન રૂપાણીનો રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટની નીલ સિટી ક્લબમાં ગરબામાં બોલીવૂડ અને શકીરાના ગીત વગાડવા મુદ્દે થયેલા વિવાદ અંગે પૂર્વ મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે આયોજક ગમે તે હોય ભાજપનો કાર્યકર હોય કે કૉંગ્રેસનો મર્યાદાઓ રાખવી જરૂરી છે. સ્થાનિક વહીવટીતંત્રએ આના પર કાર્યવાહી કરવી જોઈએ. રાસ ગરબા પર રમાવવા જોઈએ, આપણે શક્તિની આરાધના માટે આ પર્વની ઉજવણી કરીએ છીએ. નવરાત્રી મહોત્સવમાં હિન્દુ સમાજની લાગણી દુભાઈ એવું ન થવું જોઈએ. સરકાર અને પોલીસતંત્રએ આ બાબતો પર ચાંપતી નજર રાખવી જોઈએ. આ પ્રકારનું કૃત્ય નવરાત્રી કલ્ચર નથી, થર્ટી ફર્સ્ટ કલ્ચર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં આવેલા નીલ સિટી કલબમાં યોજાયેલી નવરાત્રિમાં આયોજકો ભાન ભૂલ્યા હતા અને ફરી એક વખત નીલ સિટી ક્લબ વિવાદમાં આવ્યો છે.

નવરાત્રિમાં ગરબાને બદલે હિન્દી ફિલ્મી ગીતો પર ડાન્સ કરતા લોકો નજરે પડી રહ્યા છે. જેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઇરલ થઈ રહ્યો છે અને આ બાબતે વિવાદ વકર્યો છે, આ બાબતને લઈ પોલીસ કોઈ કાર્યવાહી આયોજકો સામે કરશે કે નહીં તે મુદ્દે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. આ કલબના માલિક કૉંગ્રેસના નેતા ઈન્દ્રનીલ રાજગુરુ છે. ■

૨૦૩ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 238 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન સુદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 October 2024, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૭ ઑક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### ગુજરાત એટીએસની સરાહનીય કામગીરી

# ભોપાળમાંથી ₹ ૧,૮૧૪ કરોડનું ડ્રગ્સ પકડાયું

અમદાવાદઃ ગુજરાતની ત્રાસવાદવિરોધી ટુકડી (એન્ટિ-ટેરરિસ્ટ સ્ક્વૉડ - એટીએસ) અને દિલ્હીના નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોએ મધ્ય પ્રદેશના ભોપાળમાંની બાગરોડા ઔદ્યોગિક વસાહત ખાતેથી શનિવારે કુલ ૯૦૭.૦૯ કિલોગ્રામ મેફેડ્રોન (એમડી) જપ્ત કર્યું હતું. તેની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે રૂપિયા ૧,૮૧૪ કરોડ છે. પકડાયેલું મેફેડ્રોન ઘન અને પ્રવાહી સ્વરૂપમાં છે. આ સંબંધમાં બે જણની ધરપકડ કરાઇ હતી.

ગુજરાતની ત્રાસવાદવિરોધી ટુકડીએ પકડેલી ડ્રગ્સની આ સૌથી મોટી ફેક્ટરી છે. તેની ક્ષમતા દૈનિક પચીસ કિલોગ્રામ મેફેડ્રોન તૈયાર કરવાની છે.

પકડાયેલા બે જણના નામ - અમિત ચતુર્વેદી (૫૭ વર્ષ) અને સન્યાલ પ્રકાશ બને (૪૦ વર્ષ) છે.

પ્રાથમિક તપાસમાં માલૂમ પડ્યું હતું કે સન્યાલ પ્રકાશ બનેની અગાઉ મહારાષ્ટ્રના અંબોલી ખાતેથી ૨૦૧૭માં મેફેડ્રોનની સાથે ધરપકડ કરાઇ હતી અને તેને પાંચ વર્ષની જેલ થઇ હતી. તે જેલમાંથી છૂટ્યા બાદ સહઆરોપી અમિત ચતુર્વેદીની સાથે મળીને ભોપાળના સીમાડે એક ફેક્ટરી ભાડે લઇને ત્યાં મેફેડ્રોન બનાવવા લાગ્યો હતો. તેઓએ આ ફેક્ટરી છથી સાત મહિના પહેલાં ભાડે લીધી હતી.

મેફેડ્રોનના ઉત્પાદન માટે જરૂરી અંદાજે ૫,૦૦૦ કિલોગ્રામ કાચો માલ, ગ્રાઇન્ડર્સ, મોટર્સ, કાચના ફ્લાસ્ક્સ, હિટર્સ અને અન્ય સાધનસામગ્રી જપ્ત કરાઇ હતી.

રાજ્યના ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ ગુજરાતની ત્રાસવાદવિરોધી ટુકડીની આ કામગીરીની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે ગુજરાત એટીએસ કેફી પદાર્થોના દૂષણને નાથવા માટે કટિબદ્ધ છે અને તે દેશને સ્વસ્થ તેમ જ સલામત રાખવા સતત કામગીરી કરી રહી છે. (એજન્સી)■

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## ચેમ્બુરની બિલ્ડિંગમાં આગઃ ત્રણ સગીર સહિત સાતનાં મોત

મુંબઈઃ મુંબઈના ચેમ્બુરમાં આવેલી બે માળની શૉપ-કમ-રેસિડેન્શિયલ બિલ્ડિંગમાં લાગેલી આગમાં ત્રણ સગીર સહિત સાત જણનાં મોત થયાં હોવાનું અગ્નિશમન દળના અધિકારીએ જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ઘટનાસ્થળે પહોંચીને પીડિતોના પરિવારને મળ્યા હતા અને આ ઘટનાને કમનસીબ ગણાવી હતી. ત્યાર બાદ તેમણે આ ઘટનાની હાઇ-લેવલ તપાસનો આદેશ આપ્યો હતો તથા પીડિતોના પરિવારને રૂ. પાંચ લાખ આપવાની જાહેરાત કરી હતી.

ચેમ્બુરની સિદ્ધાર્થ કોલોનીમાં આ ઘટના વહેલી સવારે ૫.૨૦ કલાકે બની હતી. બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં દુકાનો આવેલી હતી અને તેના ઉપરના માળાનો રેસિડેન્શિયલ તરીકે ઉપયોગ કરાતો હતો. દુકાનના ઇલેક્ટ્રિક વાયરમાં આગ લાગી હતી અને ઉપરના માળાઓ સુધી ફેલાઇ હતી. આ 'લેવલ-વન'ની આગ હતી.

સાત જણ ગંભીર રીતે ઘાયલ થયા હતા જેઓને તાત્કાલિક રાજાવાડી હોસ્પિટલ લઇ જવાયા હતા જ્યાં તેમને મૃત જાહેર કરાયાં (જુઓ પાનું ૨) ▶▶

બારે મહિના ગ્રુપ ટુરો
કાશ્મીર
Heena Tours & Travels
9326474508 / 8591467707

## ગાઝાની મસ્જિદ પરના હુમલામાં ૧૮નાં મોત

દેઇર-અલ-બલાહ (ગાઝા પટ્ટી): પેલેસ્ટાઇનના મેડિકલ અધિકારીએ દાવો કર્યો હતો કે ઇઝરાયલ દ્વારા મધ્ય ગાઝામાંની મસ્જિદ પર રવિવારે સવારે કરાયેલા હવાઇ હુમલામાં ઓછામાં ઓછા ૧૮ જણ માર્યા ગયા હતા. આ મરણાંક હજી વધવાની ભીતિ છે. હૉસ્પિટલે બહાર પાડેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે ગાઝા પટ્ટીના દેઇર-અલ-બલાહ શહેરમાં અલ-આક્સા માર્ટીર્સ હૉસ્પિટલની નજીક આવેલી મસ્જિદમાં નિરાશ્રિતોએ આશ્રય લીધો હતો અને ત્યારે ઇઝરાયલ દ્વારા આ મસ્જિદ પર કરાયેલા હુમલામાં ભારે જાનહાનિ થઇ હતી. પેલેસ્ટાઇનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ઇઝરાયલ સાથેની લડાઇમાં અત્યાર સુધીમાં અંદાજે ૪૨,૦૦૦ લોકો માર્યા ગયા છે. પેલેસ્ટાઇનના આરોગ્ય મંત્રાલયે કેટલા સૈનિકો મર્યા અને કેટલા નાગરિકો (જુઓ પાનું ૨) ▶▶

## મેઘાલયમાં ભારે વરસાદને પગલે પૂરઃ ૧૦નાં મોત

શિલોંગઃ મેઘાલયના દક્ષિણ ગારો હિલ્સ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં વરસાદને કારણે આવેલા પૂરમાં એક પરિવારના સાત સહિત ૧૦ લોકોનાં મોત થયાં હતાં. સતત વરસાદને પગલે જિલ્લાના ગસુઆપારા વિસ્તારમાં ભૂસ્ખલન થયું હતું. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર શનિવારે હટિયાસિયા સોંગમાના દૂરવર્તી ગામમાં ભૂસ્ખલન વખતે સાત લોકોનો પરિવાર તેમના ઘરની અંદર હતો. મૃતકોમાં ત્રણ સગીર સામેલ છે. મુખ્ય પ્રધાન કોનરાડ કે સંગમાએ ગારો હિલ્સના પાંચ જિલ્લાઓની સ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે મુખ્ય પ્રધાને જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું હતું. દાલુના ત્રણ અને હટિયાસિયા સોંગમાના સાત લોકોનાં મોતની પુષ્ટિ થઇ છે. સંગમાંએ મૃતકોના પરિવારજનોને તાત્કાલિક વળતર આપવાનો પણ આદેશ આપ્યો છે. તેમણે જણાવ્યું કે એનડીઆરએફ અને એસડીઆરએફના જવાનોને સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં શોધ અને બચાવ કામગીરી માટે તહેનાત કરવામાં આવ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું કે બેઠક દરમિયાન સંગમાએ પુનઃનિર્માણના પ્રયાસો માટે બેઇલી બ્રિજ ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનું સૂચન કર્યું હતું. જેના કારણે ઝડપથી એસેમ્બલી અને પરિવહન શક્ય બની શકે. ■

## કેરળના ત્રણ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જારી

તિરુવનંતપુરમઃ ભારતીય હવામાન વિભાગ(આઇએમડી)એ રવિવારે કેરળના ત્રણ જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

નોંધનીય છે કે ઓરેન્જ એલર્ટ ૨૪ કલાકમાં ૧૧૫.૬ મિમિથી ૨૦૪.૪ મિમિ સુધીનો ભારે વરસાદ સૂચવે છે. આઇએમડીના તાજા અપડેટ અનુસાર ઇડુક્કી, મલપ્પુરમ અને વાયનાડ જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સંભવિત ભારે વરસાદને પગલે વાયનાડ જિલ્લા વહીવટીતંત્રે ભૂસ્ખલનવાળા વિસ્તારોમાં રહેતા લોકોને વધુ સાવચેત રહેવાની સૂચના આપી છે.

એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યા અનુસાર જો કોઇ સ્થાન પર ભારે વરસાદ પડે છે તો સંબંધિત (જુઓ પાનું ૨) ▶▶

### ટી-૨૦ મહિલા વર્લ્ડ કપમાં ભારતે પાકિસ્તાનને છ વિકેટે હરાવ્યું ૧૬

## બોલર્સની કમાલ પછી સૂર્યા-હાર્દિકની ધમાલ, ભારત પ્રથમ ટી-૨૦ જીત્યું

ગ્વાલિયરઃ ભારતે અહીં રવિવારે બાંગ્લાદેશને પ્રથમ ટી-૨૦માં ૪૯ બૉલ બાકી રાખીને સાત વિકેટના માર્જિનથી હરાવીને ત્રણ મૅચવાળી સિરીઝમાં ૧-૦થી સરસાઈ મેળવી હતી. મધ્ય પ્રદેશના ગ્વાલિયર શહેરમાં ૧૪ વર્ષ બાદ પહેલી વાર આંતરરાષ્ટ્રીય મૅચ યોજાઈ હતી અને એમાં ખાસ કરીને આઇપીએલના સ્પેશિયલ ખેલાડીઓવાળી યુવા ભારતીય ટીમે બાંગ્લાદેશ સામે ૧૨૮ રનનો લક્ષ્યાંક ૧૧.૫ ઓવરમાં ત્રણ જ વિકેટના ભોગે મેળવી લીધો હતો.

બાંગ્લાદેશને ૧૨૭ રન સુધી સીમિત રખાવવામાં ખાસ કરીને લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ (૩.૫-૦-૧૪-૩) અને લેગ-સ્પિનર વરુણ ચક્રવર્તી (૪-૦-૩૧-૩)ના તેમ જ એક-એક વિકેટ લેનાર હાર્દિક પંડ્યા, દેશના ફાસ્ટેસ્ટ બોલર મયંક યાદવ અને (જુઓ પાનું ૨) ▶▶

### પશ્ચિમ રેલવેનું મુંબઈગરાને તહેવારનું નજરાણું



■ પશ્ચિમ રેલવેનું નવું ઉપનગરીય સમય-પત્રક ૧૨મી ઑક્ટોબર ૨૦૨૪ થી લાગુ થશે
■ ૧૨ નવી ઉપનગરીય સેવાઓ શરૂ કરવામાં આવશે, આ મળીને કુલ ૧૪૦૬ સેવાઓ થશે

**૧૨ નવી ઉપનગરીય સેવાઓ શરૂ કરવામાં આવી**

અપ દિશા

| થી | સુધી | પ્રસ્થાન | આગમન | પ્રકાર |
|---|---|---|---|---|
| અંધેરી | ચર્ચગેટ | ૦૫:૩૨ | ૦૬:૨૧ | ધીમી |
| દહાણુ રોડ | વિરાર | ૦૭:૦૦ | ૦૮:૧૦ | ધીમી |
| દહાણુ રોડ | વિરાર | ૧૦:૨૫ | ૧૧:૩૨ | ધીમી |
| વિરાર | ચર્ચગેટ | ૧૧:૩૫ | ૧૨:૫૨ | ઝડપી |
| ગોરેગાંવ | ચર્ચગેટ | ૧૪:૨૮ | ૧૫:૨૮ | ધીમી |
| બોરીવલી | ચર્ચગેટ | ૨૧:૫૮ | ૨૩:૧૨ | ધીમી |

ડાઉન દિશા

| થી | સુધી | પ્રસ્થાન | આગમન | પ્રકાર |
|---|---|---|---|---|
| વિરાર | દહાણુ રોડ | ૦૪:૫૦ | ૦૬:૧૫ | ધીમી |
| ચર્ચગેટ | ગોરેગાંવ | ૦૯:૦૭ | ૧૦:૦૧ | ધીમી |
| વિરાર | દહાણુ રોડ | ૦૯:૩૦ | ૧૦:૫૦ | ધીમી |
| ચર્ચગેટ | ગોરેગાંવ | ૧૩:૨૩ | ૧૪:૧૬ | ધીમી |
| ચર્ચગેટ | અંધેરી | ૨૧:૧૭ | ૨૨:૦૧ | ધીમી |
| ચર્ચગેટ | નાલાસોપારા | ૨૨:૦૫ | ૨૩:૨૬ | ઝડપી |

**૭ સેવાઓનો વિસ્તાર**

હાલની

| થી | સુધી | પ્રસ્થાન | આગમન | પ્રકાર |
|---|---|---|---|---|
| બોરીવલી | ચર્ચગેટ | ૧૦:૩૬ | ૧૧:૨૪ | ઝડપી |
| વિરાર | અંધેરી | ૧૫:૩૬ | ૧૬:૨૬ | ઝડપી |
| વસઈ રોડ | ચર્ચગેટ | ૨૦:૪૧ | ૨૧:૫૪ | એસી-ઝડપી |
| ચર્ચગેટ | બોરીવલી | ૦૯:૧૯ | ૧૦:૦૪ | ઝડપી |
| અંધેરી | વિરાર | ૧૬:૩૭ | ૧૭:૩૦ | ઝડપી |
| ચર્ચગેટ | વસઈ રોડ | ૧૯:૦૦ | ૨૦:૧૨ | એસી-ઝડપી |

સુધારેલ

| થી | સુધી | પ્રસ્થાન | આગમન | પ્રકાર |
|---|---|---|---|---|
| ભાયંદર | ચર્ચગેટ | ૧૦:૨૧ | ૧૧:૨૪ | ઝડપી |
| વિરાર | દાદર | ૧૫:૩૬ | ૧૬:૪૧ | ઝડપી |
| વિરાર | ચર્ચગેટ | ૨૦:૨૯ | ૨૧:૫૩ | એસી-ઝડપી |
| ચર્ચગેટ | વિરાર | ૦૯:૧૯ | ૧૦:૩૯ | ઝડપી |
| દાદર | વિરાર | ૧૬:૪૮ | ૧૭:૪૪ | ઝડપી |
| ચર્ચગેટ | વિરાર | ૧૯:૦૦ | ૨૦:૨૨ | એસી-ઝડપી |

**૧૦ સેવાઓનું ૧૨ કોચ થી ૧૫ કોચમાં રૂપાંતરણ**

અપ દિશા

| થી | સુધી | પ્રસ્થાન | આગમન | પ્રકાર |
|---|---|---|---|---|
| વિરાર | ચર્ચગેટ | ૧૦:૩૯ | ૧૨:૦૫ | ઝડપી |
| વિરાર | દાદર | ૧૦:૪૪ | ૧૧:૪૧ | ઝડપી |
| વિરાર | અંધેરી | ૧૩:૧૪ | ૧૩:૫૩ | ઝડપી |
| વિરાર | ચર્ચગેટ | ૧૩:૪૨ | ૧૫:૦૫ | ઝડપી |
| વિરાર | બોરીવલી | ૧૪:૪૮ | ૧૫:૧૮ | ઝડપી |

ડાઉન દિશા

| થી | સુધી | પ્રસ્થાન | આગમન | પ્રકાર |
|---|---|---|---|---|
| દાદર | વિરાર | ૧૨:૦૬ | ૧૨:૫૬ | ઝડપી |
| ચર્ચગેટ | વિરાર | ૧૨:૦૯ | ૧૩:૩૩ | ઝડપી |
| અંધેરી | વિરાર | ૧૪:૦૦ | ૧૪:૪૨ | ઝડપી |
| ચર્ચગેટ | વિરાર | ૧૫:૧૮ | ૧૬:૪૧ | ઝડપી |
| બોરીવલી | વિરાર | ૧૫:૨૩ | ૧૬:૦૦ | ઝડપી |

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly

Luxe
WEDDING BRIGADE SHOW
SHOP 100 BRANDS



TODAY, 7 OCT
NOVOTEL
JUHU
Celebrity Labels. Bridal. Jewels. Fashion
11 AM - 10 PM araazshows Free Entry & Valet

TURKEY 12 DAYS
ISTANBUL - ANKARA - CAPPADOCIA - ANTALYA - PAMUKKALE - KUSADASI



special offer Airfare Inclusive
DEP DATES | 28th OCT | 31st OCT
PACKAGE INCLUSIONS
• Hot Air Balloon Ride, Quad Biking, Jeep Safari, Via Sea Theme Park, Turkish Night Show, Bosphorus Cruise નો અદભુત અનુભવ.
• Luxurious Hotels • ઈકોનોમી ક્લાસ એરફેર.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
• વીઝા અને એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપ એક્ઝિટ પોલ ખોટા પડે એવી પ્રાર્થના કરતો હશે

હરિયાણામાં ૫ ઓક્ટોબરે એક તબક્કામાં તમામ ૯૦ બેઠકો માટે મતદાન પૂરું થયું એ સાથે જ હરિયાણા અને જમ્મુ તથા કાશ્મીર એ બંને વિધાનસભાની ચૂંટણીનાં એક્ઝિટ પોલ આવી ગયા. જમ્મુ અને કાશ્મીર તથા હરિયાણા એ બંને વિધાનસભા ચૂંટણીની ૯૦-૯૦ બેઠકના ચૂંટણી પરિણામ ૮ ઓક્ટોબરે જાહેર થશે પણ એ પહેલાં આવેલા આ એક્ઝિટ પોલ ભાજપ માટે બહુ આશાસ્પદ નથી કેમ કે મોટા ભાગના એક્ઝિટ પોલ હરિયાણામાં કૉંગ્રેસની સરકાર રચાવાની આગાહી કરી રહ્યા છે.

કૉંગ્રેસ સ્પષ્ટ બહુમતી સાથે સરકાર રચશે એવો એક્ઝિટ પોલનો વરતારો છે. હરિયાણામાં કૉંગ્રેસની સરકાર આવશે ને દસ વર્ષથી જામેલા ભાજપને લોકો ઘરભેગો કરી દેશે એવી હવા જામેલી જ છે. આ એક્ઝિટ પોલ એ હવાને અનુરૂપ છે.

જમ્મુ અને કાશ્મીરનાં પરિણામો વિશે સ્પષ્ટતા નથી. કેટલાક એક્ઝિટ પોલ ત્રિશંકુ વિધાનસભાની આગાહી કરી રહ્યા છે જ્યારે કેટલાક પોલ કૉંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ સ્પષ્ટ બહુમતી મેળવીને સરકાર રચશે એવી આગાહી કરી રહ્યા છે. ભાજપ સ્પષ્ટ બહુમતી મેળવીને સરકાર રચશે એવા દાવા જોરશોરથી થતા હતા પણ કોઈ એક્ઝિટ પોલમાં ભાજપને ૩૫ કરતાં વધારે બેઠકો અપાઈ નથી એ જોતાં સ્પષ્ટ બહુમતીમાં ભાજપનો પનો ટૂંકો પડી જશે એવું કમ સે કમ એક્ઝિટ પોલ પરથી તો લાગે છે.

આ એક્ઝિટ પોલના કારણે ભાજપ માટે અવઢવની સ્થિતિ સર્જાઈ છે જ્યારે કૉંગ્રેસ માટે ઉત્સાજનક માહોલ છે કેમ કે મોટા ભાગના એક્ઝિટ પોલ હરિયાણામાં કૉંગ્રેસની જીતનો અણસાર આપી રહ્યા છે. હરિયાણામાં અમુક એક્ઝિટ પોલમાં ભાજપ આગળ રહેશે એવી આગાહી કરાઈ છે પણ ભાજપને સ્પષ્ટ બહુમતી મળશે એવું કોઈ કહેતું નથી. બીજી તરફ મતદારો ભાજપને સત્તામાંથી ઉખાડી ફેંકશે અને કૉંગ્રેસ સરકાર બનાવશે એવું સંખ્યાબંધ પોલ કહે છે.

એક્ઝિટ પોલમાં સૌથી વિશ્વસનિય મનાતા ઈન્ડિયા ટુડે સીવોટર એક્ઝિટ પોલ મુજબ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૨૦ થી ૨૮ બેઠકો મળશે જ્યારે કૉંગ્રેસ ૫૦ થી ૫૮ બેઠક મળી શકે છે. હરિયાણામાં સ્પષ્ટ બહુમતી માટે ૪૬ બેઠકો જોઈએ એ જોતાં આ પોલ પ્રમાણે, કૉંગ્રેસ સ્પષ્ટ બહુમતી મેળવશે. ટાઈમ્સ નાઉ એક્ઝિટ પોલની આગાહી પણ આ પ્રકારની જ છે.

આ આગાહી પ્રમાણે, હરિયાણા ચૂંટણીમાં ભાજપ ૨૨ થી ૩૨ બેઠક જીતી શકે છે. કૉંગ્રેસ ૫૦ થી ૬૪ બેઠક જીતી બહુમતી સાથે સરકાર બનાવી શકે છે. કૉંગ્રેસ સ્પષ્ટ બહુમતી મેળવશે એવું આ પોલ પણ કહે છે. ન્યુઝ ૨૪ એક્ઝિટ પોલનું તારણ છે કે, હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૧૮ થી ૨૪ બેઠક સાથે સંતોષ માનવો પડશે જ્યારે કૉંગ્રેસ ૫૫ થી ૬૨ બેઠક જીતી એક દાયકા બાદ ફરી સરકાર બનાવી શકે છે.

ભાજપતરફી મનાતી રિપબ્લિક ટીવી માટે પી માર્ક એજન્સીએ કરેલા એક્ઝિટ પોલમાં પણ કૉંગ્રેસની જીતની આગાહી કરાઈ છે. આ પોલ પ્રમાણે, હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ૧૮ થી ૨૪ સીટ પર જ જીતશે જ્યારે કૉંગ્રેસ ૫૫ થી ૬૨ બેઠક જીતી શકે છે. કૉંગ્રેસ સ્પષ્ટ બહુમતી મેળવશે અને સરકાર રચશે એવો આ પોલનો દાવો છે.

દૈનિક ભાસ્કર એક્ઝિટ પોલ પ્રમાણે, કૉંગ્રેસ બહુમતીથી થોડી દૂર રહી શકે છે પણ તેમાં પણ કૉંગ્રેસને ૪૪ થી ૫૪ બેઠક જ્યારે ભાજપને ૧૫થી ૨૯ બેઠકો મળવાની ધારણા રખાઈ છે. મેટ્રિઝના પોલ પ્રમાણે, કૉંગ્રેસ હરિયાણામાં બહુમતી સાથે સરકાર રચશે. કૉંગ્રેસને ૫૫ થી ૬૨ બેઠક અને ભાજપને ૧૮ થી ૨૪ બેઠક મળવાનો અંદાજ છે.ધ્રુવ રિસર્ચના પોલ પ્રમાણે, હરિયાણામાં કૉંગ્રેસને ૫૦ થી ૬૪ બેઠકો મળવાની ધારણા છે, જ્યારે ભાજપને ૨૨થી ૩૨ બેઠકો મળી શકે છે. પીપલ્સ પલ્સના પોલ અનુસાર કૉંગ્રેસને ૪૯ થી ૬૧ સીટ જ્યારે ભાજપને ૨૦ થી ૩૨ બેઠક મળવાની સંભાવના છે.

ટૂંકમાં લગભગ તમામ એક્ઝિટ પોલમાં હરિયાણામાં કૉંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળશે એવી આગાહી કરાઈ છે પણ જમ્મુ અને કાશ્મીરમાં ચિત્ર થોડું મૂંઝવનારું છે. વાસ્તવિક ચિત્ર શું છે તેની ખબર તો જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પરિણામ ૮ ઓક્ટોબર જાહેર થાય ત્યારે જ પડશે પણ ધારણાઓ પર આધારિત એક્ઝિટ પોલ સ્પષ્ટ રીતે કોને બહુમતી મળશે તેનો સંકેત નથી આપી રહ્યા.

જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં ફારુક અબ્દુલ્લાની પાર્ટી નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડ્યાં હતાં જ્યારે મહબૂબા મુફ્તીની પાર્ટી પીડીપી અને ભાજપે એકલા હાથે ચૂંટણી લડી હતી. બીજી નાના નાના પક્ષો પણ મેદાનમાં હતા. મોટા ભાગનાં એક્ઝિટ પોલ નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસ જોડાણને સૌથી વધારે બેઠકોની આગાહી કરે છે પણ કોની સરકાર રચાશે એ ખોંખારીને કહેતા નથી.

ઈન્ડિયા ટુ સીવોટર એક્ઝિટ પોલ પ્રમાણે જમ્મુ કાશ્મીરમાં ભાજપને ૨૭થી ૩૨ બેઠકો જ્યારે કૉંગ્રેસ- નેશનલ કોન્ફરન્સ (એનસી)ને ૪૦ થી ૪૮ બેઠક મળી શકે છે. મતલબ કે કૉંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સની સરકાર રચાવાની શક્યતા છે. મહેબૂબાની પીડીપીને ૬ થી ૧૨ બેઠક અને અન્ય પક્ષોને ૬ થી ૧૧ સીટ મળી શકે છે. એક્સિસ માય ઈન્ડિયા એક્ઝિટ પોલ અનુસાર ભાજપ ૨૪ થી ૩૪ બેઠક, કૉંગ્રેસ-એનસીને ૩૫થી ૪૫ સીટ અને પીડીપી ૪-૬ બેઠક જીતી શકે છે. મતલબ કે, કોઈને સ્પષ્ટ બહુમતી નહીં મળે.

દૈનિક ભાસ્કર એક્ઝિટ પોલ પણ એવું જ કહે છે કે, કોઈને સ્પષ્ટ બહુમતી નહીં મળે. આ પોલ પ્રમાણે, ભાજપ ૨૦ થી ૨૫ બેઠક જીતી શકે છે તો કૉંગ્રેસ-એનસી ૩૫ થી ૪૦ બેઠક અને પીડીપી ૪ થી ૭ બેઠક જીતી શકે છે. પીપલ્સ પ્લસ એક્ઝિટ પોલ નેશનલ કોન્ફરન્સ અને ભાજપની સરકાર રચાવાનો સ્પષ્ટ સંકેત આપે છે. આ પોલ પ્રમાણે ભાજપ ૨૩ થી ૨૭, કૉંગ્રેસ-એનસી ૪૬થી૫૦ અને પીડીપી ૭થી ૧૧ બેઠક પર જીત મેળવી શકે છે.

હરિયાણા અને જમ્મુ તથા કાશ્મીર એ બંને વિધાનસભાની ચૂંટણીનાં એક્ઝિટ પોલ ભાજપની તરફેણમાં નથી એ સ્વીકારવું પડે. એક્ઝિટ પોલ ખોટા પડવા માટે જાણીતા છે એ જોતાં ભાજપ અત્યારે તો એ ઈતિહાસ દોહરાવાની આશા રાખી રહ્યો છે. બીજી તરફ કૉંગ્રેસ એક્ઝિટ પોલ સાચા પડે એવી આગાહી કરી રહી હશે. એક્ઝિટ પોલ સાચા પડે તો ભાજપને મોટો ફટકો પડશે ને તેની ચર્ચા એ વખતે કરીશું.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ),
સોમવાર, તા. ૭-૧૦-૨૦૨૪, લલિતા પંચમી, વિંછુડો,

- ભારતીય દિનાંક ૧૫, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ -૪
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૨જો અર્દીબહેસ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૪થો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૪ સુધી (તા. ૮મી), પછી જયેષ્ઠા.
- ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૩-૫૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૧ (તા. ૮)
- ઓટઃ સવારે ક. ૦૭-૪૫, રાત્રે ક. ૧૯-૫૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન શુક્લ - ચતુર્થી. લલિતા પંચમી, વિંછુડો, વિષ્ટિ ક. ૦૯-૪૮ સુધી, સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શનિ-ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહીં, પર્વ નિમિત્તે નવાં વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, નિત્ય થતાં દસ્તાવેજ, યંત્ર, પશુ લે-વેંચ, દુકાન-વેપાર, સ્થાવર લેવડદેવડ, ખેતીવાડીના કામકાજ, બી વાવવું.
- નવરાત્રિ મહિમાઃ અગ્નિ દેવતાના પૂજનનો મહિમા પણ આજે છે. આજે ભગવતીના પાચમાં સ્વરૂપ 'સ્કન્દમાતા'ની પૂજાનો મહિમા છે. માં પાર્વતી ભગવાન સ્કન્દ (કાર્તિકેય)ની માતા હોઇ, માં દુર્ગાનું આ સ્વરૂપ સ્કન્દમાતાના નામે ઓળખાય છે. શિવ યોગ સાધક સપ્તશતિ પાઠ પછી વિશુદ્ધિ ચક્ર પર ધ્યાન કેન્દ્રિત કરી જાપ કરે છે. સાધકને જ્ઞાન-વિજ્ઞાન, મનની શક્તિ-એકાગ્રતા પ્રાપ્ત થાય, પ્રકાશપુંજ, દિવ્ય સુગંધ, દિવ્ય ધ્વનિનો અનુભવ થાય છે. વળી શાંતિદાયક અને કુદરતી સૌન્દર્યયુક્ત કલ્યાણકારી સ્થિતિ પ્રાપ્ત થાય છે. હિંમત-આત્મબળ પ્રગટે છે.
- આચમનઃ બુધ-હર્ષલ ચતુષ્કોણ સ્વતંત્ર બુદ્ધિવાળા, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય.
- ખગોળ જ્યોતિષઃ બુધ-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-તુલા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# પીએમ મોદીના 'વાસી પ્રવચનો' અર્થતંત્રના દરેક પાસાને અસર કરતી 'નિષ્ફળતાઓ' ઢાંકી શકતા નથીઃ ખડગે

નવી દિલ્હીઃ કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ રવિવારે અર્થવ્યવસ્થાની સ્થિતિ અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં કહ્યું હતું કે તેમના 'વાસી પ્રવચનો' એ જ જૂની વાતોને પુનરાવર્તિત કરે છે તે તેમની 'સઘન નિષ્ફળતાઓ'ને ઢાંકી શક્શે નહીં જે દેશની અર્થવ્યવસ્થાના દરેક પાસાઓને અસર કરે છે.

'મોદિનોમિક્સ એ ભારતના અર્થતંત્ર માટે એક અભિશાપ છે, એમ તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે, તેમણે ઘરેલું દેવું, મોંઘવારી અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરની તકલીફો જેવા મુદ્દા ઉઠાવ્યા હતા અને દાવો કર્યો હતો કે 'મેક ઇન ઇન્ડિયા ભયંકર રીતે નિષ્ફળ ગયું છે.'

'નરેન્દ્ર મોદીજી, તમારા વાસી પ્રવચનો એ જ જૂની વાતોને પુનરાવર્તિત કરે છે, જે ભારતની અર્થવ્યવસ્થાના દરેક પાસાને અસર કરતી તમારી સંપૂર્ણ નિષ્ફળતાઓ પરથી ધ્યાન હટાવી શકશે નહીં! એમ તેમણે કહ્યું હતું.

ખડગેએ જણાવ્યું હતું કે વાસ્તવિક દ્રષ્ટિએ ૨૦૧૩-૧૪ થી ૨૦૨૨-૨૩ સુધીમાં ઘરગથ્થુ જવાબદારીઓ/ ઋણમાં ૨૪૧ ટકાનો વધારો થયો છે.

જીડીપીની ટકાવારીના આધારે ઘરગથ્થુ દેવું ૪૦ ટકાના સર્વકાલીન ઉચ્ચ સ્તરે છે, એમ તેમણે જણાવ્યું હતું.

ખડગેએ કહ્યું હતું કે પારિવારિક બચત ૫૦ વર્ષની નીચી સપાટીએ છે અને કોવિડ-૧૯ રોગચાળા પછી ભારતીય પરિવારોનો વપરાશ તેમની આવક કરતાં વધુ છે.

'ગયા વર્ષની સરખામણીમાં સપ્ટેમ્બર ૨૦૨૪માં ઘરે રંધાતી શાકાહારી થાળીની કિંમતમાં ૧૧ ટકાનો વધારો થયો છે. ભાજપે મોંઘવારી લાદી અને અસંગઠિત ક્ષેત્રનો વિનાશ આ ગડબડ માટે જવાબદાર છે! એમ તેમણે કહ્યું હતું.

'૧૦ વર્ષોમાં મેક ઇન ઇન્ડિયા ભયંકર રીતે નિષ્ફળ ગયું છે કારણ કે કોંગ્રેસ-યુપીએના શાસન દરમિયાન ભારતની વધતી નિકાસનો ફાયદો તમારી નીતિઓ દ્વારા નકારી કાઢવામાં આવ્યો છે, એમ ખડગેએ કહ્યું હતું.

ભારતની નિકાસ વૃદ્ધિ - કોંગ્રેસ-યુપીએઃ ૨૦૦૪ થી ૨૦૦૯ - ૧૮૬.૫૯ ટકા, ૨૦૦૯ થી ૨૦૧૪ -૯૪.૩૯ ટકા; ભાજપ-એનડીએઃ ૨૦૧૪-૨૦૧૯ - ૨૧.૧૪ ટકા, ૨૦૧૯-૨૦૨૩ ટકા - ૫૬.૮ ટકા.

કોઈ આશ્ચર્ય નથી કે ૨૦૧૪-૧૫ અને ૨૦૨૩-૨૪ વચ્ચે ઉત્પાદન ક્ષેત્રનો સરેરાશ વિકાસ દર માત્ર ૩.૧ ટકા (ભાજપ-એનડીએ) છે જ્યારે ૨૦૦૪-૦૫ અને ૨૦૧૩-૧૪ વચ્ચે સરેરાશ વૃદ્ધિ દર ૭.૮૫ ટકા હતો (કોંગ્રેસ -યુપીએ), એમ તેમણે કહ્યું હતું.

ઉત્પાદનમાં કાર્યરત કામદારોનો હિસ્સો ૧૫.૮૫ ટકા (૨૦૧૭-૧૮) થી ઘટાડીને ૧૧.૪ ટકા (૨૦૨૩-૨૪) કરી નાખવામાં આવ્યો છે, એમ ખડગેએ જણાવ્યું હતું.

સુરતમાં હીરાના કામદારો પડકારોનો સામનો કરી રહ્યા છે કારણ કે તેમના પગારમાં ૩૦ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે અને મોટા હીરા એકમોને અઠવાડિયામાં માત્ર ચાર દિવસ કામ કરવાની ફરજ પાડવામાં આવે છે, એમ કોંગ્રેસ પ્રમુખે જણાવ્યું હતું.

છેલ્લા છ મહિનામાં ૬૦ થી વધુ હીરાના કારીગરોએ આત્મહત્યા કરી હોવાનો દાવો તેમણે કર્યો હતો. (પીટીઆઈ)

# જંતર-મંતર પર જવાની મંજૂરી ન મળતા લદ્દાખ ભવનમાં ભૂખ હડતાળ પર બેઠા સોનમ વાંગચુક

નવી દિલ્હીઃ લદ્દાખના પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકે આરોપ લગાવ્યો છે કે તેમને શાંતિપૂર્ણ ભૂખ હડતાળ કરવા માટે જગ્યા આપવામાં આવી નથી. તેમણે કહ્યું કે અમે એવી જગ્યા શોધી રહ્યા હતા જ્યાં અમે અમારી શાંતિપૂર્ણ ભૂખ હડતાલ કરી શકીએ, પરંતુ જગ્યા આપવામાં આવી નથી. આવી સ્થિતિમાં અમારી પાસે લદ્દાખ ભવનથી ભૂખ હડતાળ શરૂ કરવા સિવાય કોઈ વિકલ્પ નહોતો, જ્યાં અમને નજરકેદ રાખવામાં આવ્યા છે. અમને દેશના ટોચના નેતૃત્વ સાથે મુલાકાત કરાવવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું, પરંતુ તેના માટે કોઈ તારીખ આપવામાં આવી નથી. અમને ફરીથી ભૂખ હડતાળ શરુ કરવાની ફરજ પડી હતી.

નોંધનીય છે કે સોનમ વાંગચુકે જંતર-મંતર પર ભૂખ હડતાળ પર બેસવાની મંજૂરી માગી હતી, જેને ફગાવી દેવાઇ હતી. તેમણે કહ્યું કે અમે ૩૦ થી ૩૨ દિવસ સુધી ચાલીને અહીં આવ્યા છીએ. દિલ્હીમાં આપણા દેશના કેટલાક ટોચના નેતાઓને મળવા અને તેમને અમારી ફરિયાદો જણાવવા માગીએ છીએ.

તેમણે પોતાના એક્સ એકાઉન્ટ પર પોસ્ટમાં લખ્યું હતું કે અમે અંતે લદ્દાખ ભવનમાં અમારી ભૂખ હડતાળ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. જ્યાં મને છેલ્લા ચાર દિવસથી નજરકેદ રાખવામાં આવ્યો છે. સોનમ વાંગચુક રવિવારે લદ્દાખ ભવન ખાતે ઉપવાસ પર બેઠા હતા. તેઓને જંતર-મંતર પર લદ્દાખની છઠ્ઠી સૂચિની સ્થિતિ માટે આંદોલન કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. ઉપવાસ શરૂ કરતા પહેલા મીડિયા સાથે વાત કરતા વાંગચુકે કહ્યું કે આંદોલન માટે જગ્યા ન મળતાં તેમને લદ્દાખ ભવન ખાતે વિરોધ કરવાની ફરજ પડી હતી. વાંગચુક સહિત લગભગ ૧૮ લોકો લદ્દાખ ભવનના ગેટ પાસે બેસીને 'વી શેલ ઓવરકમ'નું હિન્દી વર્ઝન ગાતા હતા અને 'ભારત માતા કી જય', 'જય લદ્દાખ' અને 'સેવ લદ્દાખ, હિમાલય બચાવો' જેવા નારા લગાવતા હતા.

વાંગચુકે એક મહિના પહેલા લેહમાં શરૂ થયેલી 'દિલ્હી ચલો પદયાત્રા'નું નેતૃત્વ કર્યું હતું. આ માર્ચનું આયોજન લેહ એપેક્સ બોડી દ્વારા કરવામાં આવ્યું હતું, જે કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ સાથે મળીને છેલ્લા ચાર વર્ષથી લદ્દાખને રાજ્યનો દરજજો આપવાની, બંધારણની છઠ્ઠી સૂચિમાં તેનો સમાવેશ, લદ્દાખ માટે એક જાહેર સેવા આયોગ અને લેહ અને કારગિલ જિલ્લાઓ માટે અલગ-અલગ લોકસભા બેઠકોની માગણી કરી રહ્યા છે.

# ગોવામાં ધાર્મિક મુદ્દે તંગદિલી ઊભી થઇ

પણજીમઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના ગોવા એકમના ભૂતપૂર્વ વડા સુભાષ વેલિંગકરે સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરના અવશેષની 'ડીએનએ ટેસ્ટ' કરાવવાની માગણી કરતા જૂના ગોવામાં રવિવારે તંગદિલી ઊભી થઇ હતી અને વિવિધ સ્થળે ધર્મને મુદ્દે દેખાવ થયા હતા.

બિચોલિમ પોલીસે ગોવાના પેટ્રન સંત ગણાતા ફ્રાન્સિસ ઝેવિયરના અવશેષની 'ડીએનએ ટેસ્ટ'ની માગણી કરનારા સુભાષ વેલિંગકરની સામે ધાર્મિક લાગણી દુભાવવાનો ગુનો નોંધ્યો હતો.

સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરના અવશેષને ૨૦૨૪ના નવેમ્બરથી ૨૦૨૫ના જાન્યુઆરી સુધી દર્શનાર્થે રાખવામાં આવનાર છે. તેમના અવશેષ જૂના ગોવાના 'બેસિલિકા ઑફ બોમ જીસસ'માં સાચવીને રખાયા છે.

કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી (આપ)ના અનેક નેતા સહિત અંદાજે ૩૦૦ લોકો મારગાંવ પોલીસ સ્ટેશનની બહાર ભેગા થયા હતા. તેઓએ વિવિધ સ્થળે રસ્તારોકો આંદોલન પણ કર્યું હતું.

દરમિયાન ગોવાના મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંતે લોકોને શાંતિ જાળવવા માટે અપીલ કરી હતી. (એજન્સી)

# ઉખરુલ હિંસામાં લૂંટાયેલા ૮૦ ટકા હથિયારો પાછા મેળવવામાં આવ્યા

ઉખરુલ : મણિપુરના ઉખરુલ પોલીસ સ્ટેશનમાં લૂંટાયેલા ૧૬ હથિયારો પાછા મેળવવામાં આવ્યા છે, એવી મહિતી પોલીસે આપી છે. શનિવારે પત્રકાર પરિષદને સંબોધતાં ઈન્સ્પેક્ટર જનરલ (ઓપરેશન્સ) આઈકે મુઈવાએ કહ્યું હતું કે બીજી ઓક્ટોબરે બે ગામ વચ્ચેની અથડામણ દરમિયાન ટોળાએ પોલીસ સ્ટેશનમાં ઘસી આવીને ૨૦ હથિયારોની લૂંટ ચલાવી હતી. બાકીના ચાર હથિયારો પાછા મેળવવાના પ્રયાસો ચાલુ છે. પાછા મેળવવામાં આવેલા હથિયારોમાં ૯એમએમ પિસ્તોલ, આઈએનએસએએસ રાઈફલ અને એકે-૪૭ રાઈફલનો સમાવેશ થાય છે.

પોલીસે કહ્યું હતું કે જિલ્લામાં હવે પરિસ્થિતિ કાબૂમાં છે. મણિપુર રાઈફલ્સ, આસામ રાઈફલ્સ અને બીએસએફ સહિતના સુરક્ષા દળો બે ગામના નેતાઓના સહકાર પર નજર રાખી રહ્યા છે. રાબેતો સ્થાપવા માટે જેણે પણ સકારાત્મક ભૂમિકા ભજવી છે એને માટે આ અભૂતપૂર્વ, ઉલ્લેખનીય અને સરાહનીય છે.

આસામ રાઈફલ્સના ઓફિસર સંજીવ સિંહે કહ્યું હતું કે બળના પ્રયોગ વિના અથવા તો ઓછામાં ઓછા બળપ્રયોગ વડે પરિસ્થિતિ કાબૂમાં લાવવામાં આવી છે. સુરક્ષા દળોએ કોઈ હિંસક ઘટના ન બને એની તકેદારી લીધી છે. અમે અપીલ કરીએ છીએ કે પરિસ્થિતિ હવે તંગ નથી. બીજી ઓક્ટોબરે બે ગામ વચ્ચેના સામસામા ગોળીબારમાં ચાર જણ મરણ પામ્યા હતા અને ૨૦ જણ ઘાયલ થયા હતા. (એજન્સી)

# બિહારમાં છ બાળકો નદીમાં ડૂબી ગયા

સાસારામ (બિહાર) : બિહારના રોહતસ જિલ્લામાં સોને નદીમાં નાહી રહેલા છ બાળકો ડૂબી ગયાં હતાં, એવી માહિતી અધિકારીઓ આપી હતી. સ્ટેટ ડિઝાસ્ટર રીસપોન્સ ફોર્સ (એસડીઆરએફ)એ એક બાળકને બચાવી લીધો હતો, પરંતુ એક બાળક ગૂમ છે. રોહતસના જિલ્લા મેજિસ્ટ્રેટ ઉદિતા સિંહે કહ્યું હતું કે આ બનાવ તુમ્બા ગામમાં બન્યો હતો. આઠ બાળકો સવારે સોને નદીમાં નાહવા ગયા હતા. ગ્રામવાસીઓના જણાવ્યા પ્રમાણે બાળકો ઊંડા પાણીમાં જતા રહ્યા હતા. એસડીઆરએફના જવાનો સાથે પોલીસ અધિકારીએ શોધ અભિયાન શરૂ કર્યું હતું. જવાનોએ છ મૃતદેહો બહાર કાઢ્યા હતા. એક બાળકને બચાવી લેવામાં આવ્યો હતો. (એજન્સી)

# અમેરિકામાં હેલેન વાવાઝોડામાં મૃત્યુઆંક વધીને ૨૨૭ થયો

ફ્રેન્કફોર્ટઃ અમેરિકામાં હેલેન વાવાઝોડાએ ભારે તબાહી મચાવી છે. આ કુદરતી આપદામાં મૃત્યુઆંક શનિવારે વધીને ૨૨૭ થવા પામ્યો હતો. જ્યારે મૃતદેહોને કાઢવાનું કામ એક અઠવાડિયા કરતાં વધુ સમયથી ચાલુ છે.

આ ભયકંર વાવાઝોડાએ અમેરિકાના દક્ષિણ-પૂર્વમાં ભારે તબાહી મચાવી હતી. જેના કારણે છ રાજ્યોમાં લોકોનાં મોત થયાં છે. હેલેન વાવાઝોડું ૨૬ સપ્ટેમ્બરે કિનારે ત્રાટક્યું હતું અને ફ્લોરિડાથી ઉત્તર તરફ આગળ વધતા વ્યાપક વિનાશ વેર્યો હતો. વાવાઝોડાને કારણે થયેલા ભારે વરસાદને કારણે અનેક મકાનો વહી ગયા, અનેક રસ્તાઓ ધોવાઇ ગયા અને વીજળી, મોબાઇલ અને ફોન સેવાઓ ખોરવાઇ ગઇ હતી. વાવાઝોડામાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા શુક્રવારે ૨૨૫ હતી. જે બીજા દિવસે એટલે કે શનિવારે દક્ષિણ કેરોલિનામાં વધુ બે લોકોનાં મોત નોંધાતાં વધીને ૨૨૭ થઇ ગઇ હતી.

આ વાવાઝોડામાં કેટલા લોકો ગુમ થયા છે તે હજુ, સ્પષ્ટ નથી અને મૃત્યુઆંક હજુ કેટલો વધી શકે છે તેનો અંદાજ પણ લગાવી શકાય તેમ નથી. અમેરિકામાં હેલેન પહેલા, ૨૦૦૫માં કેટરીના વાવાઝોડું ત્રાટક્યું હતું. આ વાવાઝોડાએ પણ ભારે તબાહી મચાવી હતી, પરંતુ હેલેનને અમેરિકામાં ત્રાટકનાર સૌથી ઘાતક વાવાઝોડું કહેવાય રહ્યું છે. લગભગ અડધા પીડિતો ઉત્તર કેરોલિનામાં હતા, જ્યારે ડઝનેક લોકો જ્યોર્જિયા અને દક્ષિણ કેરોલિનામાં મૃત્યુ પામ્યાં હતાં.

## પહેલા પાનાનું ચાલુ

### ચેમ્બુરની બિલ્ડિંગમાં આગ

હતાં, એમ સૂત્રોએ જણાવ્યું હતું. આગ લાગવાની માહિતી મળતા જ તાત્કાલિક ઘટના સ્થળે ફાયર એન્જિન્સ, વૉટર ટેન્કર્સ અને અન્ય સહાય મોકલવામાં આવી હતી. સવારે ૯.૧૫ કલાક સુધી આગ કાબૂમાં આવી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

મૃતકોની ઓળખ પારિસ ગુપ્તા (૭), મંજુ પ્રેમ ગુપ્તા (૩૦), અનિતા ગુપ્તા (૩૯), પ્રેમ ગુપ્તા (૩૦), નરેન્દ્ર ગુપ્તા (૧૦), વિધિ છેદિરામ ગુપ્તા (૧૫) અને ગીતાદેવી ધર્મદિવ ગુપ્તા (૬૦) તરીકે કરાઇ હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

આ સિવાય ઘાયલોની સારવારનો ખર્ચ પણ સરકાર દ્વારા કરવામાં આવવાનું તેમણે કહ્યું હતું. તેમની સાથે કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલે હતા. (પીટીઆઇ)

### ગાઝાની મસ્જિદ

મર્યા, તેના અલગ-અલગ આંકડા નથી આપ્યા, પણ માત્ર એટલું જણાવ્યું હતું કે મરનારા લોકોમાં બાળકો અને મહિલાઓની સંખ્યા ઘણી છે.

ઇઝરાયલે શનિવારે લેબેનોન પર મોટા પાયે બૉમ્બમારો કર્યો હતો અને તેના પછીના દિવસે મધ્ય ગાઝામાં હવાઇ હુમલા કર્યા હતા.

ઇઝરાયલે લેબેનોનમાં હિઝબુલ્લાહ અને હમાસના લડવૈયાઓને લક્ષ્ય બનાવીને હુમલા કર્યા હોવાનું કહેવાય છે.

લેબેનોન અને ગાઝામાંથી હજારો લોકો નાસીને સલામત સ્થળે ગયા છે. (એજન્સી)

### કેરળના ત્રણ જિલ્લામાં

અધિકારીઓનો સંપર્ક કરવા લોકોને વિનંતી કરવામાં આવી છે. હવામાન ખાતાએ જણાવ્યું કે સમુદ્રમાં ખરાબ સ્થિતિને લીધે માછીમારોને ૧૦ ઓક્ટોબર સુધી કેરળ-લક્ષદ્વીપ કિનારે દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે. કેરળમાં વાવાઝોડા અને ભારે પવનની આગાહી સાથે રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે પણ લોકોને સાવચેત રહેવા વિનંતી કરી છે.

### બોલર્સની કમાલ પછી

વૉશિંગ્ટન સુંદરના યોગદાન હતા. ત્યાર બાદ ખાસ કરીને કૅપ્ટન સૂર્યકુમાર (૨૯ રન, ૧૪ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) તથા હાર્દિક પંડ્યા (૩૯ અણનમ, ૧૬ બૉલ, બે સિક્સર, પાંચ ફોર)ના અને વિકેટકીપર સંજુ સૅમસન (૨૯ રન, ૧૯ બૉલ, છ ફોર), અભિષેક શર્મા (૧૬ રન, સાત બૉલ, એક સિક્સર, બે ફોર) તથા નીતિશ કુમાર રેડ્ડી (૧૬ અણનમ, ૧૫ બૉલ, એક સિક્સર)ના સાધારણ છતાં ઉપયોગી યોગદાનોથી ભારતે વિજય મેળવ્યો હતો. ૧૨મી ઓવરમાં તાસ્કિનની ઓવરમાં હાર્દિક ઉપરાઉપરી બે ફોર બાદ વિનિંગ સિક્સર ફટકારી હતી. એ પહેલાં, બાંગ્લાદેશના ૧૨૭ રનમાં મેહદી હસન મિરાઝ (૩૫ અણનમ, ૩૨ બૉલ, ત્રણ ફોર)નું યોગદાન ટીમમાં હાઈએસ્ટ હતું. કૅપ્ટન નજમુલ શૅન્ટોના ૨૭ રન સેકન્ડ-હાઇએસ્ટ હતા. વરુણ ચક્રવર્તીએ ત્રણ વિકેટ લઈને ટીમ ઇન્ડિયામાં ધમાકેદાર કમબૅક કર્યું હતું. મયંક યાદવને આ મૅચથી ભારત વતી ડેબ્યૂ કરવાનો મોકો મળ્યો અને તેણે ૪૨૦ આંતરરાષ્ટ્રીય મૅચોના અનુભવી ૩૮ વર્ષીય મહમુદુલ્લા (એક રન)ની મૂલ્યવાન વિકેટ લઈને દમદાર પર્ફોર્મ કર્યું હતું. મયંકે કેટલાક બૉલ કલાકે ૧૪૭ કિલોમીટરથી વધુ ઝડપે ફેંક્યા હતા. મહમુદુલ્લા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેનો પ્રથમ શિકાર બન્યો હતો.

## દ્વિતીય પુણ્યતિથીએ હાર્દિક શ્રદ્ધાંજલિ



જન્મ: ૨૬.૦૯.૧૯૫૫

સ્વર્ગવાસ: ૨૯.૦૯.૨૦૨૨ (આશો સુદ ચૌથ)

**અ.સૌ. રશ્મિબેન (બાવલીબેન) રમેશભાઈ રાયચુરા**

બે વર્ષ પુરા થયા હરઘડી તમારી યાદમાં.
હતા નજર સમક્ષ, પાંપણના પલકારે મોક્ષ પામી ગયા
મૃત્યુ હૃદયઘાત આપે છે, જેને કોઈ સાંત્વન આપી શકતુ નથી,
પ્રેમ અગણીત યાદો આપે છે, જેને કોઈ છિનવી શકતુ નથી...
નથી હયાત પણ સાથે છે એવું લાગ્યા કરે,
હર સમયે તમારી ઉપસ્થિતિનો આભાસ લાગ્યા કરે,
કયારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે,
યાદોમાં તમારા પ્રત્યક્ષ – પરોક્ષ દર્શન થયા કરે,
પ્રભુ આપના પરમ આત્માને ચીર શાંતિ આપે એ જ પ્રાર્થના.

શ્રધ્ધા સુમન

પતિ: રમેશભાઈ છગનભાઈ રાયચુરા
પુત્ર-પુત્રી: સાગર રાયચુરા, કવિતા રાયચુરા — પુત્ર વધુ: શિલ્પા રાયચુરા
પૌત્ર-દૌત્ર: નિહાલ રાયચુરા, હર્ષિત આશર
માતા-પિતા: સ્વ. તારાબેન તથા સ્વ. પરસોત્તમદાસ સુચક

**સમસ્ત રાયચુરા પરિવાર • સાગર ડેકોરેટર્સ**

## ૧૭મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ગીરધરલાલ જીવનભાઈ વોરા**

દેહવિલય: તા. ૭-૧૦-૨૦૦૭

આપની ચિરવિદાયને સત્તર વર્ષ પૂરાં થયા,
અમારા પ્રત્યે સદાય પ્રેમ અને સ્નેહની અખૂટ ધારા
વરસાવીને સંસ્કારરૂપી અમીનું સિંચન કરનાર
અમારા પરમપૂજ્ય પિતાશ્રીને અમો નતઃમસ્તકે
હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.
અમારી સુખ દુઃખની પ્રત્યેક પળોમાં તેમની પ્રેરણા
અને આશીર્વાદ વરસતા રહે અને પ્રભુ તેમના
આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના....

**ગીરધરલાલ જીવનભાઈ વોરા પરિવાર**

શશીકાંત-સ્વ. ચંદ્રિકા, દિનેશ-જ્યોતિ, પ્રદીપ-બીના,
જીતેન્દ્ર-સ્વ. સોનલ-નિલીમા, મનોજ-ભારતી, અશ્વિન-ચેતના,
મંજુલાબેન-દિપકકુમાર

**જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર**

૨૪૩/૬, વર્ધમાન, સાયન (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨.

# નકલી દાગીના ગિરવે મૂકીને બેન્ક સાથે ૩૯ લાખની છેતરપિંડી: ૨૨ વિરુદ્ધ ગુનો

થાણે: થાણે જિલ્લામાં નકલી દાગીના ગિરવે મૂકીને ખાનગી કો-ઓપરેટિવ બેન્ક સાથે રૂ. ૩૯.૨૫ લાખની છેતરપિંડી આચરવા બદલ ૨૨ લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીઓએ નવેમ્બર, ૨૦૨૦થી નવેમ્બર, ૨૦૨૧ દરમિયાન બેન્કની મુંબ્રા વિસ્તારની બ્રાન્ચમાં દાગીના ગિરવે મૂકીને લોન લીધી હતી. જોકે ઑડિટ અને ઇન્સ્પેક્શન દરમિયાન ગિરવે મુકાયેલા દાગીના નકલી હોવાનું સામે આવ્યું હતું. બેન્કના અધિકારીએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે ગુરુવારે ૨૨ લોકો વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો.■


RATE OF INTEREST 10% TO 12%

BUSINESS LOAN

Against mortgage of immovable property

Scan For Details

Long Term & Easy Instalment Facilities.

SYNDICATE FINANCE

(022) 3565 7754 / 3565 7941
(022) 2386 3781 / 2388 0634

Contact : 11 am to 5 pm

428, Rawal Bldg. No. 1, 1st Floor Lamington Road, Mumbai-400 004
E-mail : info@syndicatefinance.in | www.syndicatefinance.in


# બોપદેવ ઘાટમાં સામૂહિક બળાત્કાર પ્રકરણે ત્રણ હજાર મોબાઈલ નંબરની તપાસ

## આરોપીઓની શોધ માટે ૧૦૦થી વધુ સીસીટીવીનાં ફૂટેજની ચકાસણી: ૨૦૦થી વધુ રીઢા આરોપીઓની પૂછપરછ

પુણે: બોપદેવ ઘાટમાં બૉયફ્રેન્ડને ઝાડ સાથે બાંધ્યા પછી યુવતી પર કથિત સામૂહિક બળાત્કાર ગુજારવાના કેસમાં આરોપીઓને શોધી કાઢવા પોલીસ આકાશ-પાતાળ એક કરી રહી છે. બનાવ બન્યો એ રાતે ઘટનાસ્થળ પાસેથી પસાર થનારા ત્રણ હજારથી વધુ મોબાઈલ વપરાશકર્તાઓની વિગતો મેળવી પોલીસ તપાસ કરી રહી છે. એ સિવાય ૨૦૦થી વધુ રેકોર્ડ પરના આરોપીઓની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે.

બોપદેવ ઘાટમાં ગુરુવારની રાતે બનેલી ઘટનાથી ભારે હોબાળો મચી ગયો હતો. ટેબલ પૉઈન્ટ પરિસરમાં ફરવા ગયેલાં યુગલને આરોપીઓએ કોયતા સહિતનાં શસ્ત્રોની ધાકે બાનમાં લીધું હતું. મારપીટ કર્યા પછી યુવકને તેણે પહેરેલો શર્ટ કાઢવા દબાણ કરાયું હતું. એ શર્ટથી યુવકના હાથ બાંધવામાં આવ્યા હતા. બૅલ્ટની મદદથી પગ બાંધ્યા પછી યુવકને ઝાડ સાથે બાંધી દેવામાં આવ્યો હતો. પછી ત્રણ આરોપીએ યુવતી સાથે કથિત દુષ્કર્મ કર્યું હતું.

શુક્રવારના મળસકે યુવક-યુવતી પુણેની સસૂન હૉસ્પિટલમાં પહોંચ્યાં ત્યારે ઘટના પ્રકાશમાં આવી હતી. આ પ્રકરણની તપાસ માટે પોલીસ અધિકારીઓની ૧૦ ટીમ બનાવવામાં આવી હતી. બે શકમંદના સ્કેચ પણ તૈયાર કરાયા હતા. પોલીસ ગુરુવારની રાતે ઘટનાસ્થળ પાસેથી પસાર થનારા લોકોની માહિતી મેળવી રહી છે. ૩૦૦૦ જેટલા મોબાઈલ ફોનની તપાસ કરવામાં આવી રહી છે. કહેવાય છે કે ઘટનાસ્થળ નિર્જન પરિસર હોવાથી ત્યાં સીસીટીવી કૅમેરા પણ નથી. ■

# નવી મુંબઈથી બેંગલૂરુ ફક્ત આઠ કલાકમાં

સાંગલી: વિમાન ઊતરવા માટે પાંચ જગ્યાએ સુવિધા ધરાવતા નવી મુંબઈથી બેંગલુરુ હાઇવે બાંધવાની .યોજના છે અને આ ૮૦૦ કિલોમીટરનું અંતર ફક્ત આઠ કલાકમાં પાર કરી શકાશે, એમ કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું. નેશનલ હાઇવે પરના દહિવડી-માયણી-વિટા એ રસ્તાનું કોંક્રિટીકરણ, ડબલલાઇન, ચાર લાઇન સહિત પુનર્વિકાસ વગેરે કામનું ભૂમિપૂજન તથા લોકાર્પણ ગડકરીના હસ્તે વિટા ખાતે કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ યોજાયેલા કાર્યક્રમમાં તેમણે ઉક્ત નિવેદન આપ્યું હતું.

નવી મુંબઈ-પુણે-બેંગલુરુ એક્સપ્રેસ-વેની લંબાઇ ૮૦૦ કિલોમીટર હશે. છ લાઇનના આ હાઇવે પર પાંચ જગ્યાએ માલવાહક વિમાન ઊતરવા માટે રનવે બાંધવામાં આવશે. તેના દ્વારા ટ્રાન્સપોર્ટેશન ઝડપી થશે અને ખર્ચમાં પણ બચત થશે. આ નવા માર્ગને કારણે નવી મુંબઈથી બેંગલુરુ વચ્ચેનું અંતર ફક્ત આઠ કલાકમાં કાપી શકાશે, એમ ગડકરીએ જણાવ્યું હતું. ■

# સિંધુદુર્ગ તટ પર બોટ ડૂબી, બે માછીમારનાં મોત

મુંબઈ: સિંધુદુર્ગ તટ વિસ્તારમાં અરબી સમુદ્રમાં માછીમારોની બોટ તૂટી પડવાની ઘટનામાં બે માછીમારનાં મોત થયા હતા. ઘટના શનિવારે સવારે બની હતી. બોટમાં કુલ ૧૪ માછીમાર હતા. તેઓ માછલી પકડી રહ્યા હતા ત્યારે બોટ તૂટી પડી હતી. ૧૪માંથી બે માછીમાર ડૂબી ગયા હતા જ્યારે બાકીના ૧૨ જણ સુરક્ષિત સ્થળે પહોંચી ગયા થયા હતા.■

# લૂંટના કેસમાં એમસીઓસીએ હેઠળના આરોપીને થાણેની કોર્ટે નિર્દોષ છોડ્યા

થાણે: સશસ્ત્ર લૂંટના કેસમાં એમસીઓસીએ (મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ) હેઠળના ત્રણ આરોપીને થાણેની કોર્ટે પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા હતા.

વિશેષ એમસીઓસીએ જજ અમિત શેટેએ નોંધ્યું હતું કે તપાસકર્તા પક્ષ આરોપીઓ સામેના આરોપ પુરવાર કરવામાં નિષ્ફળ ગયો હોવાથી તેમને શંકાનો લાભ આપવાની જરૂર છે.

કોર્ટે સેલ્વરાજ સુબ્રમણિયમ મુદલિયાર (૪૫), જયરામ અચ્છેલાલ જયસ્વાલ (૩૯) અને અનિલ જસરામ ચવ્હાણ (૪૮)ને નિર્દોષ જાહેર કર્યા હતા, જ્યારે અન્ય બે આરોપી ખટલા દરમિયાન મૃત્યુ પામ્યા હતા અને તેમની સામેનો કેસ બંધ કરવામાં આવ્યો હતો. કોર્ટે ગુનામાં સંડોવાયેલા અન્ય એક શખસને પણ ડિસ્ચાર્જ કર્યો હતો.

આ શખસો વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની સંબંધિત જોગવાઇઓ અને એમસીઓસીએ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

કેસની માહિતી અનુસાર કલ્યાણ-નાશિક માર્ગ પર ૧ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ હોટેલના માલિક પર હુમલો કરવામાં આવ્યો હતો અને બાદમાં તેને લૂંટી લેવાયો હતો.

જજ શેટેએ એવું અવલોકન કર્યું હતું કે માહિતી આપનારની જુબાનીમાં વિસંગતિ છે. ખાસ કરીને એફઆઇઆરના સમયે અને આરોપીઓની ઓળખપરેડ વખતે.

કોર્ટે નિર્દેશ આપ્યા હતા કે ચુકાદાની નકલ થાણે પોલીસ કમિશનરને મોકલવામાં આવે. જેથી તપાસમાં સામેલ અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. (પીટીઆઇ)■

# પત્નીની હત્યા કરી પતિ છ વર્ષના બાળકને લઈને ફરાર

પુણે: કૌટુંબિક વિવાદને કારણે મહિલાની હત્યા કરવામાં આવી હોવાની ઘટના હડપસર વિસ્તારમાં આવેલી શિંદે કોલોનીમાં બની હતી. આ પ્રકરણે પતિ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. મહિલાની હત્યા બાદ છ વર્ષના છોકરાને લઇને પતિ ફરાર થઇ ગયો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

પીડિત મહિલાની ઓળખ આરતી દેવીલાલ સરેન (૩૨) તરીકે કરવામાં આવી હતી. આ પ્રકરણે દત્તાત્રય શંકર ચૌધરીની ફરિયાદને આધારે પીડિત મહિલાનો પતિ દેવીલાલ લક્ષ્મણચંદ સરેન (૪૦) સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. સરેન દંપતી મૂળ પશ્ચિમ બંગાલના છે.

આરતી અને દેવીલાલ મજૂરી કરતા હતા અને તેમને છ વર્ષનો છોકરો પણ હતો. બન્ને પતિ-પત્ની વચ્ચે છેલ્લા કેટલાક દિવસથી વિવાદ થતો હતો. શુક્રવારે મધરાતે આરતી અને દેવીલાલ વચ્ચે ઝઘડો થયો. દેવીલાલે પત્નીનું માથું દીવાલ સાથે ભટકાડ્યું હતું જેમાં ઘટનાસ્થળે જ તેનું મૃત્યુ થયું હતું. ત્યાર બાદ છ વર્ષના બાળક આર્યનને લઇને તે ફરાર થઇ ગયો હતો. શનિવારે સવારે ઘર ખુલ્લું હતું ત્યારે પાડોશીએ તેમાં જોતા લોહીના ખાબોચિયામાં આરતીનો મૃતદેહ પડ્યો હતો. ત્યાર બાદ ઘરમાલિક ચૌધરીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરાર આરોપીની તપાસ કરાઇ રહી છે, એમ પોલીસે જણાવ્યું હતું. ■

# ભાયખલામાં અજિત પવારના પક્ષના નેતાની હત્યા: ત્રણ આરોપી પકડાયા

મુંબઈ: ભાયખલા વિસ્તારમાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (અજિત પવાર)ના ૪૬ વર્ષના પદાધિકારી સચિન રામમૂરત કુર્મી ઉર્ફે મુન્નાની હથિયારના ઉપરાછાપરી ઘા ઝીંકી હત્યા કરવા પ્રકરણે પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. જૂની અદાવતને લઇ સચિન કુર્મીની હત્યા કરવામાં આવી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. ભાયખલા પોલીસે બદલાપુરથી ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ આનંદા અશોક કાળે ઉર્ફે અન્યા (૩૯), વિજય જ્ઞાનેશ્વર કાકડે ઉર્ફે પપ્યા (૩૪) અને પ્રફુલ્લ પ્રવીણ પાટકર (૨૬) તરીકે થઇ હતી. ત્રણેય આરોપીને રવિવારે સ્થાનિક અદાલતમાં હાજર કરાતાં તેમને ૧૫ ઑક્ટોબર સુધી પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. આરોપી આનંદા કાળે વિરુદ્ધ ભાયખલા, આગ્રીપાડા, માનખુર્દ અને એન્ટોપ હિલ પોલીસ સ્ટેશનમાં, જ્યારે પ્રફુલ્લ પાટકર વિરુદ્ધ ભાયખલા, એન્ટોપ હિલ અને ધારાવી પોલીસ સ્ટેશનમાં ગુના દાખલ છે. રાષ્ટ્રવાદીના ભાયખલા વિધાનસભા તાલુકા અધ્યક્ષ સચિન કુર્મી પર ભાયખલામાં અનંત પવાર માર્ગ પર મ્હાડા કોલોની નજીક શુક્રવારે મધરાતે અજાણ્યા શખસોએ હુમલો કર્યો હતો. માથામાં, પેટ તથા શરીરના અન્ય ભાગ પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને કુર્મીની હત્યા કરાઇ હતી. ભાયખલા પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપીઓને પકડવા વિવિધ ટીમ તૈયાર કરી હતી અને આખરે મળેલી માહિતીને આધારે ત્રણ આરોપીને બદલાપુરથી પકડી પાડવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"





લાવણ્ય સાથે
કલાત્મકતાનો સુંદર સુમેળ!

FVVS સર્ટિફાઇડ ડાયમંડ જ્વેલરી
Hall Mark ગોલ્ડ જ્વેલરી

ઓલ્ડ ગોલ્ડ એક્સચેંજ
આપનું જુનું સોનું બઝાર ભાવે ખરીદીશું અને સોનાની પુરેપૂરી કિંમત નવી ખરીદી સામે બાદ આપીશું

નવવધૂ
બ્રાઇડલ કલેક્શન
Offer : 3rd to 29th Oct. 2024

આ સીઝનની શ્રેષ્ઠ ઑફર

5% થી શરૂ ગોલ્ડ આભૂષણો ઉપર મેકિંગ ચાર્જીસ
એક્સ્ટ્રા બેનિફીટ
પ્રત્યેક 150 ગ્રામની ખરીદી ઉપર ₹ 5,000 કેશ રીવોર્ડ

100% છૂટ ડાયમંડ આભૂષણોના મેકિંગ ચાર્જીસ ઉપર
પ્રત્યેક ₹ 1,00,000 ની ખરીદી ઉપર
₹ 5,000 કેશ રીવોર્ડ
એક્સ્ટ્રા બેનિફીટ

SCAN FOR MORE DETAILS
@SGADENWALAJEWELLERS

Arihant Apt., Near irla Nursing Home, S.V. Road.,
Vile Parle (W), Mumbai - 400 056. Tel : 75061 11918

S.Girdharlal Adenwala Jewellers
Since 1993

www.sgajewellers.com | Valet Parking Available | Time : 10.30 am to 7.30 pm | ALL DAYS OPEN

### ચેમ્બુરમાં આગઃ

# કંપાવી નાંખનારી ચીસો વચ્ચે પરિવારના ફક્ત બે સભ્યો બચી શક્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચેમ્બુર (પૂર્વ)ની સિદ્ધાર્થ કોલોનીમાં રવિવારે વહેલી સવારે લાગેલી વિનાશક આગમાં ત્રણ સગીર સહિત ગુપ્તા પરિવારના સાત સભ્યોનાં મોત થયા હતા.

ગ્રાઉન્ડ પ્લસ બે માળના ઘરમાં લાગેલી આગમાં પરિવારના ફક્ત બે સભ્યો છેદીલાલ ગુપ્તા અને તેમના પુત્ર ધરમદેવ બચી ગયા હતા. મૃતકોમાં છેદીલાલના પત્ની ગીતાદેવી, તેમનો પુત્ર પ્રેમ ગુપ્તા તેમની પુત્રવધૂ મંજુ પ્રેમ ગુપ્તા, પૌત્રો અને પૌત્રી સહિત ધરમદેવની પત્ની અનિતા અને પુત્રીનો સમાવેશ થાય છે.

પ્રાથમિક તપાસમાં દીવો પડી જવાથી આગ લાગ્યા બાદ ગ્રાઉન્ડ ફ્લોર પર રહેલા કેરોસીનને કારણે આગ ઝડપથી ફેલાઈ હોવાનું માનવામાં આવે છે.

રવિવારે વહેલી સવારના ૫.૨૦ વાગે ફાટી નીકળેલી આગની ભીષણ જ્વાળામાં ફસાઈ ગયેલા ગુપ્તા પરિવારના સાત સભ્યો બહાર નીકળી શક્યા નહોતા. છેદીલાલના પત્ની ગીતાદેવી ગ્રાઉન્ડ ફ્લોરમાં પથારીવશ હોવાથી તેઓ ઘરની બહાર નીકળી શકયા નહોતા. આ મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાન હતી, જે ઘણા વર્ષોથી બંધ હતી. પરંતુ તેમાં છૂટક સામાન સહિત કેરોસીનનું વેચાણ થતું હતું. પરંતુ સ્થાનિક લોકોના કહેવા મુજબ ગ્રાઉન્ડ ફ્લોર પર દીવાને કારણે આગ લાગી હશે અને કેરોસીનને કારણે આગ ઝડપથી ફેલાઈ હોવાની આશંકા છે.

ચેમ્બુરમાં કે. એન. ગાયકવાડ માર્ગ પર સિદ્ધાર્થ કોલોનીમાં પ્લોટ નંબર ૧૬/૧ પર આવેલા ગ્રાઉન્ડ પ્લસ એક માળના મકાનમાં વહેલી સવારના ૫.૨૦ વાગે આગ લાગી હતી.

ગ્રાઉન્ડ ફ્લોરમાં દુકાન હતી અને ઉપરના માળાનો રહેણાંક તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. વહેલી સવારે ૫.૨૦ વાગે આગ લાગ્યા બાદ તેને બુઝાવવા માટે ફાયરબ્રિગેડની આખી ટીમ દોડી ગઈ હતી.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ ભારે જહેમત બાદ સવારના ૯.૧૫ વાગે આગ પર બુઝાવી દેવામાં આવી હતી. સીડીનો ઉપયોગ કરીને પહેલા માળેથી ત્રણને બચાવી લેવામાં આવ્યા હતા અને તેમને ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ત્યાંથી રાજાવાડીમાં દાખલ કરવામાં આવ્યા હતા. તો બીજા માળા પરથી દીવાલને હથોડાથી તોડીને માંડ માંડ અંદર પ્રવેશ કરીને અન્ય ચાર લોકોને બચાવી લેવામાં આવ્યા હતા અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે શ્વાસમાં ધુમાડો જવાને કારણે તથા દાઝી જવાને કારણે તેમના મૃત્યુ થયા હતા. ઘરમાં પામ ઓઈલનો જથ્થો હતો. છતાં આગ ચોક્કસ કયા કારણથી લાગી હતી તે ફાયરબ્રિગેડની તપાસ બાદ જ જાણી શકાશે. ■

# સંઘરેલા કેરોસીનને કારણે ભીષણ આગ લાગી હોવાની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચેમ્બુર (પૂર્વ)ની સિદ્ધાર્થ કોલોનીમાં રહેતો ગુપ્તા પરિવાર કરિયાણાની દુકાન ચલાવતો હતો અને કરિયાણાની દુકાનમાં રહેલા કેરોસીનને કારણે કે પછી તેમાં રહેલા પામ ઓઈલના સ્ટોકને કારણે આગે વિકરાળ રૂપ લીધું હોવાનું માનવામાં આવે છે. ગુપ્તા પરિવારના ઘરની નજીક રહેતા એક રહેવાસીએ જણાવ્યું હતું કે છેદીલાલના પરિવારના સભ્યોની સંખ્યા વધવાની સાથે જે તેઓએ ઉપર માળો બાંધી ત્યાં શિફ્ટ થયા હતા. તેમની કરિયાણાની દુકાન હતી. તેમના દીકરાઓએ બહાર કામ કરવાનું ચાલુ કર્યું એ સાથે જ તેમની કરિયાણાની દુકાનનું કામકાજ ઓછું થઈ ગયું હતું. અહીં મોટાભાગે કેરોસીનનું જ વેચાણ થતું હતું, જે સ્થાનિક લોકો ખરીદતા હતા.

સ્થાનિક રહેવાસીઓએ અંદર ફસાઈ ગયેલા પરિવારના સભ્યોની દર્દનાક ચીસોને યાદ કરીને કંપી ગયા હતા. આગમાં ફસાયેલા સભ્યો બચાવવા માટે બૂમો પાડી રહ્યા હતા પરંતુ આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે કોઈ અંદર જઈને તેમને બચાવી શક્યા નહોતા. આજુબાજુના લોકોએ ઘરની બહાર રહેલા પાણીના ડ્રમમાંથી પાણી નાખીને આગ બુઝાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. પરંતુ આગ એટલી વિકરાળ હતી તે બુઝાવી શકાઈ નહોતી. અમુક યુવકો બારીને કાપવામાં સફળ રહ્યા હતા પરંતુ તેઓ અંદર પહોંચે ત્યાં સુધી ગુપ્તા પરિવારના સભ્યો તેમના શ્વાસમાં ધુમાડો જવાને કારણે જમીન પર ફસડાઈ પડ્યા હતા.

### એસઆરએ યોજના હેઠળ બિલ્ડિંગ બનવાની હતી

સુધરાઈના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ) ચેમ્બુરના પ્લોટ પર સિદ્ધાર્થ કોલોની વિકાસ સેવા સંઘ હાઉસિંગ ફેડરેશન એસઆરએ કૉ.હાઉસિંગ સોસાયટીને એસઆરએ હેઠળ ઝૂંપડપટ્ટીના પુનર્વસન માટે મંજૂરી આપી હતી. પરંતુ સ્થાનિક વિસ્તારમાં એક ગ્રૂપ દ્વારા બિલ્ડર સામે વિરોધ કરવામાં આવી રહ્યો હતો અને પૂરું પ્રકરણ કોર્ટમાં ગયું હતું. જે મકાનમાં આગ લાગી હતી તે એસઆરએ યોજના હેઠળ પાત્ર હતું.

## જૈન મરણ

**વિશા નીમા જૈન**

કપડવંજ નિવાસી હાલ મુંબઈ વિલે પારલે રહેવાસી સ્વ. વિમળાબેન ચંપકભાઈ તેલીના પુત્ર શ્રી ગૌતમભાઈ ચંપકલાલ તેલી જેઓ તા. ૫/૧૦/૨૪ના રોજ અરિહંત શરણ પામેલ છે. તેઓ મહેસાણા નિવાસી સ્વ. ચંપકલાલ ભોગીલાલ શાહના જમાઈ, કુમુદબેનના પતિ, તથા સિદ્ધાર્થ અને પ્રિયંકાના પિતાશ્રી. નિરંજન ભાઈ, યોગેશભાઈ, અજયભાઈ, અતુલભાઇ, દિવ્યાબેન તથા તિલોતમાબેનના ભાઈ તથા જીગરભાઈ અને નિધીબેનના સસરા. પ્રાર્થનાસભા તા. ૭/૧૦/૨૪ ના રોજ સાંજે ૪થી ૬ના રાખેલ છે. ઠે. શ્રીમતી હીરાબેન મણીલાલ નાણાવટી સ્કૂલ. દીક્ષિત ક્રોસ રોડ નંબર, ૧ વિલે પારલે (ઇસ્ટ) મુંબઈ ૪૦૦૦૫૭.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નવાવાસના પ્રફુલ નાનજી ગડા (ઉં.વ.૫૮) તા. ૩-૧૦-૨૪ અવસાન પામેલ છે. માતુશ્રી ઝવેરબાઈ નાનજી લાલજીના સુપુત્ર. સરલાબેનના પતિ. કોમલ, હિતેશના પિતા. મહેન્દ્ર, વસંત, પ્રવિણ, જયા, રંજન, નીમા, ચેતનાના નાના ભાઈ. ગામ નવિનાળના રતનબેન મેઘજી વોરાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રફુલ ગડા, બીબી-૦૦૨, નવનીત નગર, દેશલેપાડા, ડોંબિવલી (ઈ).

સાડાઉના સુશીલાબેન લક્ષ્મીચંદ રામજી ગાલા (ઉં.વ.૮૩) તા. ૪-૧૦-૨૪ના અવસાન પામેલ છે. સ્વ વેલબાઇ રામજી જીવરાજના પુત્રવધૂ. લક્ષ્મીચંદના ધર્મપત્ની. કમલેશ, મોહિત માતૃશ્રી. લાખાપરના માતૃશ્રી વેલબાઈ ખીમજી જીવરાજ સંગોઈના સુપુત્રી. મણિલાલ, લક્ષ્મીચંદ, પોપટલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કમલેશ ગાલા, ૨૦૧/૨૦૨ ગૌતમ પાર્ક, પાંચ પખાડી, થાણા (વેસ્ટ).

દેશલપુર (કંઠી)ના હંસરાજ વેરસી શાહ (સાવલા) (ઉં.વ. ૯૨) તા. ૫-૧૦-૨૪ના અવસાન પામ્યા છે. કારીબાઈ, મઠાંબાઈ વેરસી ખીયશીના પુત્ર. સ્વ માધુરીબેનના પતિ. સ્વ સલીલ, સોનાલીના પિતા. મુંબઈના ચંચળબેન જગન્નાથ પંડ્યાના જમાઈ. બેરાજાના દિવાળીબેન મોણશી, હીરજી (બાબુભાઈ), બા.બ્ર. લક્ષ્મીબેન નાગજીના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હંસરાજ શાહ, ડી-૬૦૨, ગણેશ આંગન, ઠાકુર વિલેજ, કાંદીવલી (ઈ).

**વિશા પોરવાલ જૈન**

પેથાપુર નિવાસી હાલ ગોરેગામ મુંબઈ દિપક ચંદ્રકાંતભાઈ શાહ (ઉં.વ.૬૬) તા. ૬-૧૦-૨૪ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સ્નેહલબેનના પતિ, કેજુલભાઈ અને જયનાબેનના પિતા, સ્વ. કાંતિલાલ વાડીલાલ પરીખના જમાઈ, તુષારભાઈ, મુકેશભાઈ તથા સ્વ. આશિતભાઈના ભાઈ, પૂજાબેન, કૌશલકુમારના સસરા, પ્રિઅવી અને ધિઆંશના દાદા. ભાવયાત્રા ૭-૧૦-૨૪ સોમવાર સવારે ૧૦થી ૧૨. રાજસ્થાન ભવન હોલ, આરે રોડ, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ.

**દશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી ખડાખોટડીના પાડાના નૌતમભાઈ ચીનુભાઈ શ્રોફ (ઉં. વ. ૭૫) જે પદમાબેન ચીનુભાઇ શ્રોફના સુપુત્ર, રીટાબેનના પતિ અને જય, દીપ અને મેઘાના પિતા. બોસકી, નિકીતા અને હિતેનભાઇના સસરા. હિદય, જિયા અને રાયકાના દાદા, શીલાબેન નરેન્દ્રભાઇ અને હર્ષાબેન પંકજભાઇના ભાઇ, તારીખ ૦૫/૧૦/૨૪ ના રોજ અરિહંતશરણ પામેલ છે.

**દેરાવાસી જૈન**

અ.સૌ. બીના, તે લલિતભાઈના ધર્મપત્ની, બાલંભા નિવાસી સ્વ. સવિતાબેન અમૃતલાલ મહેતાના પુત્રવધુ, જૂનાગઢ નિવાસી સ્વ.મંજુલાબેન હરિપ્રસાદ દવેના સુપુત્રી, શુક્રવાર તા. ૫-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પાયદસ્ત

ટેહમી કાવસ ઊમરીગર તે એરવદ કાવસ દીનશાહ ઊમરીગરના ધણીયાની. તે મરહુમો કુંવરબાઇ તથા જમશેદજી ગનદેવીયાના દીકરી. તે બેહેરોઝ નેવીલ અમારીયાના મમ્મી. તે નેવીલ ફિરોઝ અમારીયાના સાસુજી. તે રોશન ઇરાની તથા મરહુમો એરચ ગનદેવીયા, નોશીર ગનદેવીયા, નવલ ગનદેવીયા, પીરોજા, શીરીન, ડોલી ને ખોરશેદના બહેન. તે વરઝાન નેવીલ અમારીયાના મમાવાજી. (ઉં. વ. ૮૫) રે. ઠે. પટેલ પેલેસ, ફલેટ નં.૮, પ્લોટ નંબર-૫૮૦, જામે-જમશેદ રોડ, માટુંગા-પૂર્વ, મુંબઇ-૪૦૦૦૧૯. પાયદસ્ત : તા. ૭-૧૦-૨૪ના સવારે ૭.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ભાભા બંગલી નં.૧મા. ઉઠમણાંની ક્રિયા : તા. ૮-૧૦-૨૪ના બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ભાભા બંગલી નં.૧માં.

## પારસી મરણ

એરવદ હોમી જમશેદજી વજીફદાર તે મરહુમો ઓસ્તી ગુલુ તથા એરવદ જમશેદજી ફરદુનજી વજીફદાર ના દીકરા . તે હોશી પેસ્તનજી વજીફદાર, એરવદ કેરશી નરીમાન વજીફદાર તથા મરહુમ એરવદ દીન્યાર પેસ્તનજી વજીફદારના કઝીનભાઇ. તે એરવદ રયોમદ રોશી વજીફદાર તથા મરહુમ ઓસ્તી તનાઝ દીન્યાર વજીફદારના કઝીન કાકા. (ઉં. વ. ૭૨) રે. ઠે. બિલ્ડિંગ નં-૨, રૂમ. નં. ૬, ૨જે માળે, માલેગામવાળા બિલ્ડિંગ, સ્ટેશન રોડ, માહીમ, મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૭-૧૦-૨૪ના બપોરે ૩.૪૦ કલાકે અંધેરી મધે સાલસેટ અગિયારીમાં કરવામાં આવશે.

## હિન્દુ મરણ

ખાંભા નિવાસી હાલ મુંબઇ કાંદિવલી સ્વ. હિંમતલાલ માણેકચંદભાઇ અજમેરાના પત્ની ગં. સ્વ. રસિલાબેન (ઉ. વ. ૮૫) તા. ૬-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે હિતેષ, હિરેન તથા મીતાના માતુશ્રી. નીતા-પ્રીતી તથા બિપીન મહેતાના સાસુ. તે સાહિલ, હેના, ઓવિયાન, માનસી, ધ્રુમીના દાદી. તથા જીગર-પૂજનના નાની. સ્વ. હરિભાઇ, સ્વ. નટુભાઇ, સ્વ. પુષ્પાબેન, મંજુલાબેન તથા હંસાબેનના ભાભી. પિયર પક્ષે માળિયા હાટીના સ્વ. રામજીભાઇ પોપટલાલ કોઠારીના પુત્રી. સ્વ. મનસુખભાઇ, સ્વ. મગનભાઇ, શાંતાબેન તથા સ્વ. નંદનબેનના બેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ કરાચીવાલા હાલ કલ્યાણ નિવાસી સ્વ.રશ્મિકાંત દામજી નથવાણી (ઉં.વ.૮૧) તા.૫/૧૦/૨૪ ના શ્રીજી શરણ પામ્યાં છે. તે ગં.સ્વ.જમનાબેન દામજીભાઈ નથવાણીના પુત્ર. કેશવલાલ સવાંણીના જમાઈ હંસાબેનના પતિ. નિલેશ અને યોગિતાના પિતા. મૈથિલીના નાના. સ્વ.ગીરધરલાલ, સ્વ.હસમુખરાય, સ્વ.કુમારભાઈ, સ્વ.મહેશભાઈ, અશોકભાઈ સ્વ.લલીતાબેન, સરોજબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે : રૂમ.નં. ૦૦૩, ગાઉન્ડ ફ્લોર ,એ-૩, કરણ બિલ્ડીંગ, કસ્તુરી પાર્ક, વાયલે નગર, કલ્યાણ (પશ્ચિમ).

**પાવરાઇ ભાટિયા**

ભગવાનદાસ ખીમજી ગોકલગાંધી ભાયંદર તે તા. ૫/૧૦/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ભારતી (દમયંતી)ના પતિ, સ્વ. જમનાબાઈ ખીમજી ગોકલગાંધીના પુત્ર, સ્વ. મોરારજી ખીમજી પાલેજા અમરાવતીના જમાઈ, સ્વ. દામોદરભાઈ, સ્વ. મધુરીબેન ધનજી પાલેજા, સ્વ દેવકાબેન હીરજી પાલેજા, ગં. સ્વ સરલા ઉપેન્દ્રભાઈ પુરેચાના ભાઈ, ફાલ્ગુની મનોજ, રાજશ્રી રાજેશ, સ્વ. નમ્રતા નિલેશના સસરા. તેમની પ્રાર્થનાસભા તા. ૭/૧૦/૨૪ ના રોજ ૪ થી ૫.૩૦ કલાકે ઠે. સ્વામિનારાયણ મંદિર, ડી ૧૧૩, પ્રહલાદ એપાર્ટમેન્ટ બી પી ક્રોસ રોડ ૫, સાઈબાબા હોસ્પિટલની પાછળ ભાયંદર (ઈસ્ટ).

**કપોળ**

અમરેલીવાળા હાલ મલાડ સ્વ વેણીલાલ ડાહ્યાલાલ મોદીના ધર્મપત્ની ગં. સ્વ દમયંતીબેન (ઉં.વ.૯૪) તે તા. ૫/૧૦/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. રજનીકાંત, નરેશભાઈ, સુધીરભાઈ, નયનાબેન રજનીકાંત વોરા, દક્ષા મુકેશભાઈ મહેતા, દેવયાની દેવેન્દ્ર માવાણીના માતુશ્રી, સ્વ. અનુપમા, ગં. સ્વ અલ્કાબેન, ઇલાબેન તથા ઇનાબેનના સાસુ, અમરેલીવાળા સ્વ. છગનલાલ લક્ષ્મીદાસ પારેખના દીકરી, મોસાળપક્ષે સ્વ. વ્રજલાલ ઓધવજી મહેતા ના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક જ્ઞાતિ**

સરદાર નિવાસી હાલ દહિસર સ્વ. નાનાલાલ ધારશી વખારિયા અને સ્વ. પ્રભાબેનના સુપુત્ર દીપક ભાઈ (ઉ.વર્ષ ૭૭) તે શર્મિષ્ઠાબેનના પતિ તથા ઈન્દિરા, વિરેન્દ્ર, મીનાક્ષી, કલ્પના અને કમલેશના ભાઈ તથા અમી સૌમીત કુમાર શાહ અને હિરલ જીતેશ કુમાર સંઘવીના પિતાશ્રી. તથા ભરતભાઇના બનેવી તા. ૩.૧૦.૨૪ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**દેસાઈ સઈ સુતાર**

ગામ ભાવનગર નિવાસી હાલ જોગેશ્વરી સ્વર્ગવાસી હરગોવિંદદાસ અને સ્વર્ગવાસી દેવકુરબાના પુત્ર, સ્વ. નારાયણભાઈ હરગોવિંદદાસ ગોહિલ, તા. ૫/૧૦/૨૪ એ શ્રીરામચરણ પામ્યા છે. ભદ્રાબેનના પતિ, ભરતભાઈ, સંજયભાઈ, અનિલાબેન કૌશલબેનના પિતા. ભારતીબેન અને પ્રિયાબેન, ચંદ્રેશકુમાર, યોગેશકુમારના સસરા. તથા છગનભાઈ, સ્વ. ચંપકભાઈ, સ્વ. શાંતિભાઈ, સ્વ ચંપાબેન, કાંતિભાઈ ભગત, સ્વ. ગૌરીબેન કાંતિભાઈ રાઠોડ, કાંતુબેન છગનલાલ જેઠવા સ્વ. કમળાબેન જગુભાઈ બાઘેલા અને મધુબેન ધીરજલાલ રાઠોડના ભાઈની પ્રાર્થનાસભા રાખેલ છે. : સ્થળ : દેસાઈ સઈ સુતાર જ્ઞાતિની વાડી અશોક ચક્રવર્તી માર્ગ, સ્વયંભુ ગણેશ મંદિરની સામે, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ. તા. ૭/૧૦/૨૪ સમય : સાંજે ૪ થી ૬ કલાકે

# અજિત પવાર જૂથના નેતા સચિન કુર્મી હત્યા કેસમાં મોટો ખુલાસો

મુંબઈઃ અજિત પવાર જૂથના નેતા સચિન કુર્મીની શનિવારે તીક્ષ્ણ હથિયાર વડે હત્યા કરવામાં આવી હતી અને હત્યારાઓ હત્યા બાદ ફરાર થઈ ગયા હતા. આ અંગે પોલીસને માહિતી મળતાં તેમણે તપાસ શરૂ કરી હતી. ગુનેગારોને ઝડપી લેવા માટે વિવિધ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા, ત્યારબાદ પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીની પૂછપરછ દરમિયાન જે માહિતી બહાર આવી છે તે ચોંકાવનારી છે.

આ કેસમાં આરોપીઓની પૂછપરછ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે સચિન કુર્મીની હત્યા પરસ્પર મતભેદ અને પૈસાને લઈને કરવામાં આવી હતી. હાલ પોલીસ પૂછપરછ કરી રહી છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ હાલમાં પરસ્પર મતભેદો અને દેવાની વસૂલાત મુખ્ય કારણ જણાય છે. જોકે પોલીસ અન્ય ઍંગલથી પણ તપાસ કરી રહી છે. પકડાયેલા આરોપીઓના નામ અનિલ ઉર્ફે અન્યા કાલે અને વિજય ઉર્ફે પપ્યા હોવાનું કહેવાય છે, જ્યારે ત્રીજા આરોપીનું નામ બહાર આવ્યું નથી. ત્રણેય આરોપીઓ હત્યામાં સંડોવાયેલા હતા. આ ત્રણેયની ધરપકડ સાથે પોલીસ અન્ય કેટલાક આરોપીઓને પણ શોધી રહી છે.

કહેવામાં આવી રહ્યું છે કે આ જ કેસમાં વિજય ઉર્ફે બુઆ કુલકર્ણી નામનો વ્યક્તિ પણ સામેલ છે, જે હાલમાં પુણેમાં છે અને હૉસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે. પોલીસે દિલીપ વાગસ્કર નામના વ્યક્તિની ધરપકડ કરી છે અને તેની પણ પૂછપરછ કરી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સચિન કુર્મીના ભાઈએ વિજય ઉર્ફે બુઆ કુલકર્ણી પાસેથી લગભગ નવ લાખ રૂપિયા ઉછીના લીધા હતા અને તેને પરત કરવાને લઈને તેમની વચ્ચે હંમેશાં ઝઘડો થતો હતો. જોકે, પોલીસ આ કેસમાં અન્ય ઍંગલથી પણ તપાસ કરી રહી છે. પોલીસનું કહેવું છે કે ટૂંક સમયમાં આ હત્યા કેસનો ભેદ ઉકેલાઈ જશે. ■

# બહુપ્રતિક્ષિત ભૂગર્ભ મેટ્રોનો પ્રથમ તબક્કો આખરે મુંબઈગરા માટે ખુલ્લો મુકાયો, શું છે તેના માર્ગની વિગત?

મુંબઇઃ અભૂતપૂર્વ ટ્રાફિક જામની સમસ્યાથી પરેશાન મુંબઈગરાને આખરે બહુપ્રતિક્ષિત ભૂગર્ભ મેટ્રોનો આંશિક લાભ મળવાની શરૂઆત નોરતાના પવિત્ર દિવસોમાં થઇ રહી છે. મુંબઈની ચોથી, પરંતુ પહેલી ભૂગર્ભ મેટ્રોનું લોકાર્પણ વડા પ્રધાન મોદીના હસ્તે શનિવારે કરવામાં આવ્યું. લોકો સોમવારથી આરેથી બીકેસીના માર્ગ પર તેમાં પ્રવાસ કરી શકશે. એક્વા લાઈન તરીકે ઓળખાતી આ મેટ્રોનું પ્રથમ ચરણ ૧૨ કિલોમીટરનું છે. આ એક્વા લાઈન મેટ્રોના પ્રથમ તબક્કામાં કયા સ્ટશનો આવશે? તેનું ભાડું કેટલું હશે તેની માહિતી અમે તમને જણાવી દઈએ.

એક્વા લાઈનના સંપૂર્ણ માર્ગમાં ૨૭ સ્ટેશનો હશે. પણ અત્યારે પ્રથમ ચરણમાં માત્ર ૧૦ સ્ટેશનોનો પ્રવાસ લોકો માટે ઉપલબ્ધ છે. એવી અપેક્ષા છે કે સંપૂર્ણ માર્ગ માર્ચ ૨૦૨૫ સુધીમાં કાર્યરત થઇ જશે. મેટ્રોના સમયપત્રકની વાત કરીએ તો, અઠવાડિયાના કામકાજના દિવસોમાં સવારે ૬.૩૦ થી રાત્રે ૧૦.૩૦, જ્યારે સપ્તાહના અંતે સવારે ૮.૩૦ થી રાત્રે ૧૦.૩૦ સુધી આ મેટ્રો દોડશે. એક્વા લાઇન શરૂ થયા બાદ મુસાફરોને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચવાની સુવિધા મળશે. જોકે, અત્યારે તેની કનેક્ટિવિટીનું કાર્ય ચાલુ છે. આ લાઇન દક્ષિણ, મધ્ય અને પશ્ચિમ મુંબઈને જોડશે, જે નરીમાન પોઈન્ટ, મુંબઈ સેન્ટ્રલ, વરલી, દાદર અને અન્ય મુખ્ય વિસ્તારોમાં સરળ ઍક્સેસ પ્રદાન કરશે. આ ઉપરાંત આ મેટ્રો લાઇન સાંતાક્રુઝ, મરોલ અને ઘાટકોપર જેવા વધુ ટ્રાફિકવાળા વિસ્તારોમાં રસ્તાની ભીડને ઘટાડવામાં પણ મદદ કરશે.

આ રુટની વિશેષતા એ છે કે બીકેસીથી આરે વચ્ચે ૩૦ મિનિટથી ઓછા સમયમાં મુસાફરી કરી શકાશે . હવે જે પ્રવાસમાં એક કલાકનો સમય લાગતો હતો તે ઘટીને અડધો થઈ જશે. મુંબઈ મેટ્રો લાઇન-૩માં ટિકિટની કિંમત ૧૦ રૂપિયાથી ૭૦ રૂપિયા સુધીની હશે. પણ પ્રથમ ચરણમાં તેની મહત્તમ કિંમત ૫૦ રૂપિયા સુધીની હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત, મુસાફરો પાસે સ્માર્ટ કાર્ડ દ્વારા પોસ્ટ-પેડ અને પ્રી-પેડ ચુકવણી કરવાનો વિકલ્પ પણ છે. તેઓ તેમના સ્માર્ટફોન પર ક્યુઆર કોડનો ઉપયોગ કરીને ટિકિટનું ભાડું પણ ચૂકવી શકશે. કોરિડોરમાં આરે, એમઆઈડીસી, સીપ્ઝ, મરોલ નાકા, એરપોર્ટ ટર્મિનલ ૧, સહાર રોડ, એરપોર્ટ ટર્મિનલ ૨, વિદ્યાનગરી, ધારાવી અને બીકેસી સ્ટેશનનો સમાવેશ થાય છે. ■

### મહંમદ પયગંબર વિશે વાંધાજનક ટિપ્પણીઃ

# વિવાદાસ્પદ ધર્મોપદેશક નરસિંહાનંદ વિરુદ્ધ વધુ એક ગુનો દાખલ

થાણેઃ મહંમદ પયગંબર વિશે વાંધાજનક ટિપ્પણી કરવા પ્રકરણે અનેક કેસનો સામનો કરી રહેલા વિવાદાસ્પદ ધર્મોપદેશક યતિ નરસિંહાનંદ સામે થાણે પોલીસે વધુ એક એફઆઇઆર દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં હિન્દી ભવન ખાતે ૨૯ સપ્ટેમ્બરે આયોજિત કાર્યક્રમમાં વાંધાજનક ટિપ્પણી કરી હોવાનો તેમના પર આરોપ છે.

સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઇન્ડિયા (એસડીપીઆઇ)ના અધ્યક્ષ દ્વારા મુંબ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાવાયેલી ફરિયાદને આધારે ૩ ઑક્ટોબરે ગુનો દાખલ કરાયો હતો.

મુંબ્રા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૯૬ (અલગ અલગ જૂથો વચ્ચે વેર પેદા કરવું), ૧૯૭ (રાષ્ટ્રીય અખંડિતતા જોખમમાં મૂકવી), ૨૯૯ (અન્યની ધાર્મિક લાગણી દુભવવી), ૩૦૨ (ભાવના દુભવવાના હેતુથી ઉચ્ચારાતા શબ્દો) સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો. જોકે આ પ્રકરણે હજી સુધી કોઇની ધરપકડ કરાઇ ન હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

નરસિંહાનંદ વિરુદ્ધ દેશભરના અનેક રાજ્યમાં ગુના દાખલ છે અને તેમની ધરપકડ કરવાની માગણી પણ કરાઇ છે.

અમરાવતીમાં પણ તેમની સામે ગુનો દાખલ કરાયો હતો, જ્યાં શુક્રવારે રાતે નાગપુરી ગેટ પોલીસ સ્ટેશનની બહાર હિંસક વિરોધ જોવા મળ્યો હતો. ટોળાએ કરેલા પથ્થરમારામાં ૨૧ પોલીસ કર્મચારી ઘવાયા હતા અને ૧૦ પોલીસ વૅનને નુકસાન પહોંચાડાયું હતું.

નરસિંહાનંદની ટિપ્પણીને કારણે ગાઝિયાબાદ અને અન્ય રાજ્યમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેઓ જ્યાં ધર્મોપદેશ આપે છે એ ગાઝિયાબાદમાં દાસના દેવી મંદિરની બહાર શુક્રવારે રાતના મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. (પીટીઆઇ) ■

# વેપારીને સીએસઆર ભંડોળને નામે ૩૨ લાખનો ચૂનો ચોપડ્યોઃ ત્રણ સામે ગુનો

થાણેઃ થાણેમાં સીએસઆર ભંડોળ મેળવી આપવાને બહાને વેપારી સાથે ૩૨ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ આંધ્ર પ્રદેશના ત્રણ સામે ગુનો દાખલ કરાયો હતો. એજ્યુકેશન સર્વિસીસ કંપની ચલાવતા વેપારીએ નોંધાવેલી ફરિયાદને આધારે કલ્યાણ પોલીસે શુક્રવારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ એપ્રિલથી જૂન, ૨૦૧૭ દરમિયાન છેતરપિંડી આચરવામાં આવી હતી. વિશાખાપટ્ટનમના રતનલાલ વેણુ ગોપાલરાવ અને સાહુકારી સુનિત શેખર તથા મુંબઈના શ્રાવણી રમેશ રેડ્ડીએ ફરિયાદીને સીએસઆર ભંડોળ મેળવી આપવાનું વચન આપ્યું હતું.

ત્રણેય આરોપીને વેપારીનો વિશ્વાસ સંપાદન કરવા માટે તેને આરબીઆઇ (રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા) અને એક જાણીતી ઓટોમોબાઇલ કંપનીના હોવાનું દર્શાવતા દસ્તાવેજો રજૂ કર્યા હતા. તેમણે પોતાની ઓળખ આરબીઆઇના પ્રતિનિધિ તરીકે આપી હતી અને રૂ. પાંચ કરોડનું ભંડોળ તથા દાન મેળવી આપવાનું વેપારીને વચન આપ્યું હતું. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર આરોપીઓએ સીએસઆર ભંડોળ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા માટે રૂ. ૩૨ લાખની માગણી કરી હતી. જોકે તેમણે ભંડોળ કે દાન મેળવી આપ્યું નહોતું અને પૈસા પણ પાછા કર્યા નહોતા. (પીટીઆઇ) ■

# પુણેમાં નામાંકિત હૉસ્પિટલની સફાઇ કર્મચારી પર બળાત્કારઃ સુપરવાઇઝર પકડાયો

પુણેઃ પુણેના બાણેર વિસ્તારમાં નામાંકિત હોસ્પિટલની મહિલા સફાઇ કર્મચારી પર સુપરવાઇઝર દ્વારા બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ચતુશ્રૃંગી પોલીસે આ પ્રકરણે ગુનો નોંધી સુપરવાઇઝરની ધરપકડ કરી હતી. પીડિતાએ પ્રથમ હોસ્પિટલના સુરક્ષા અધિકારી સમક્ષ ફરિયાદ કરી હતી. જોકે તેણે તેને ગંભીરતાથી ન લેતાં પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો.

આ પ્રકરણે તળેગાંવ દાભાડેના રહેવાસી સોમનાથ લક્ષ્મણ બેનગુડે (૪૨)ની ધરપકડ કરાઇ હતી. પીડિતા છેલ્લાં ચાર વર્ષથી હોસ્પિટલમાં સફાઇ કર્મચારી તરીકે કામ છે, જ્યારે આરોપી સોમનાથ બેનગુડે સફાઇ વિભાગનો સુપરવાઇઝર છે.

૨૯ જૂને પીડિતા કામે આવી હતી. બપોરે કામ પત્યા બાદ તે ત્રીજા માળે ગઇ હતી, જ્યાં બેનગુડે તેને મળ્યો હતો. એક્સ-રે વિભાગમાં ધૂળ હોવાથી ત્યાં સફાઇ કરવાને બહાને તે પીડિતાને સાથે લઇ ગયો હતો. સાંજે પીડિતા ત્યાં સફાઇ કરી રહી હતી ત્યારે બેનગુડેએ તેને ધમકાવીને બળાત્કાર ગુજાર્યો હતો અને ઘટનાની કોઇને જાણ કરતાં કામ પરથી કાઢી મૂકવાની તેને ધમકી આપી હતી, એવો ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો.

આ ઘટના બાદ પીડિતા ઘરે ગઇ હતી. પીડિતા ગભરાયેલી હોવાથી તેણે ઘટનાની જાણ કોઇને પણ કરી નહોતી. બાદમાં તેણે હોસ્પિટલના સુરક્ષા અધિકારી સમક્ષ લેખિત ફરિયાદ કરી હતી, પણ તેણે તેને ગંભીરતાથી લીધી નહોતી. આખરે પીડિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ■

### પોલીસ ભરતીઃ

# આદિવાસી ઉમેદવારોને ઊંચાઈમાં પાંચ સે.મી.ની રાહત

થાણેઃ પોલીસ ભરતી દરમિયાન શરીરની લંબાઇની અમુક મર્યાદા હોવી જરૂરી હોય છે, પણ આદિવાસી ઉમેદવારો માટે મહારાષ્ટ્ર સરકારે આ ઊંચાઈ મર્યાદામાં થોડી રાહત આપી છે. આ અંગેનું જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે, એમ પોલીસ અધિકારીએ રવિવારે જણાવ્યું હતું.

ગૃહ વિભાગ દ્વારા આદિવાસી ઉમેદવારો માટે શરીરની ઊંચાઈની મર્યાદા પાંચ સે.મી. ઘટાડવામાં આવી છે. હાલમાં પોલીસ ભરતી માટે પુરુષ ઉમેદવાર માટે ૧૬૫ સે.મી. અને મહિલા ઉમેદવાર માટે ૧૫૫ સે.મી. લંબાઇ ફરજિયાત છે.

નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને રાજ્ય સ્તરની શેડ્યુલ્ડ એરિયા રિવ્યૂ કમિટીના અધ્યક્ષ વિવેક પંડિત વચ્ચે જાન્યુઆરીમાં યોજાયેલી બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો જેમાં આદિવાસીઓ દ્વારા સહન કરાતી સમસ્યાઓ પર ચર્ચા કરાઇ હતી. ■

# ...તો ખબર પડશે કે કોના અહંકારને ઠેસ લાગી છેઃ આદિત્ય ઠાકરે

મુંબઈઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એવો આક્ષેપ કર્યો હતો કે ઉદ્ધવ ઠાકરેના અહંકારને ઠેસ પહોંચી છે કારણ કે તેમણે મેટ્રો-૩ના કામમાં વિલંબ કર્યો હતો. તેમના આ આરોપ બાદ વિવિધ રાજકીય પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. દરમિયાન શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ પણ આ આરોપ પર પ્રતિક્રિયા આપી છે. આ દરમિયાન તેમને દેવેન્દ્ર ફડણવીસના આરોપો વિશે પણ પૂછવામાં આવ્યું હતું, આ સંદર્ભમાં બોલતા તેમણે જવાબ આપ્યો હતો કે દેવેન્દ્ર ફડણવીસે જનતાને ગેરમાર્ગે દોરવા માટે આવા આરોપો લગાવ્યા હશે. દેવેન્દ્ર ફડણવીસને કાં તો ખોટી માહિતી મળી છે અથવા તો જનતાને ગેરમાર્ગે દોરવા માગે છે. કારણ કે મહાવિકાસ આઘાડીના કાર્યકાળ દરમિયાન મેટ્રો-૩નું કામ એક દિવસ માટે પણ અટક્યું ન હતું, પરંતુ અમે આરે કારશેડ ખસેડ્યું હતું. કારણ કે અમે જંગલનો નાશ કરવા માગતા ન હતા. જોકે, હવે તેઓ ફરીથી જંગલનો નાશ કરવા માગે છે અને તેઓ કાંજુરમાર્ગની જગ્યા અદાણીને આપી દેવા માગે છે એમ આદિત્ય ઠાકરેએ કહ્યું હતું. તેમણે દેવેન્દ્ર ફડણવીસને પણ ટોણો મારતા કહ્યું હતું કે, લાડકી બહેન યોજનાનું પોસ્ટર જોશો તો તમને ખબર પડશે કે કોના અહંકારને ઠેસ લાગી રહી છે. સ્વિત્ઝર્લેન્ડની કંપનીએ ૧.૫૮ કરોડની ઉધારી ચુકવવા માટે રાજ્ય સરકારના વિભાગને કાનૂની નોટિસ મોકલી હતી તેનો ઉલ્લેખ કરતાં આદિત્ય ઠાકરેએ શિંદે સરકાર પર નિશાન સાધતાં કહ્યું હતું કે, દાવોસની મુલાકાત દરમિયાન મિંધે જૂથે ૨૮ કલાકમાં ૪૦ કરોડ રૂપિયા ખર્ચ્યા. તેમને પૂછવું જોઈએ કે આ પૈસા ક્યાં ખર્ચાયા, આ વૈશ્વિક સ્તરે શરમજનક છે. તેઓએ બેશરમી દાખવી છે. મીંધે જૂથે જણાવવું જોઈએ કે જ્યારે ૧.૫ કરોડનું બિલ બાકી હતું ત્યારે બાકીનાં નાણાં કેવી રીતે ખર્ચવામાં આવ્યા. ■

### દેવેન્દ્ર ફડણવીસે શું કહ્યું હતું?

દેવેન્દ્ર ફડણવીસે શનિવારે થાણેમાં આયોજિત એક કાર્યક્રમમાં બોલતા ઉદ્ધવ ઠાકરેને સંબોધિત કર્યા હતા. મેટ્રો-૩ એ કોઈના ગર્વનું હરણ કરનારો પ્રોજેક્ટ છે. મહાવિકાસ આઘાડીએ આ મેટ્રોને બ્લોક કરી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ મેટ્રો ગ્રીન એનર્જી બૂસ્ટર છે. આમ છતાં ઉદ્ધવ ઠાકરેના કયા અહંકારને ઠેસ પહોંચી તે જાણી શકાયું નથી, તેમણે આ મેટ્રોના કામને સ્થગિતિ આપી દીધી હતી, એવો આરોપ તેમણે લગાવ્યો હતો.

# ઇન્ડિયા આઉટ કહેનારા માલદીવના રાષ્ટ્રપતિ મુઈઝૂ સજોડે ભારત પધાર્યા

નવી દિલ્હીઃ માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝૂ હાલમાં જ નવી દિલ્હી પહોંચ્યા છે. તેઓ ભારતમાં પાંચ દિવસનું રોકાણ કરશે . મુઈઝૂની સાથે માલદીવની ફર્સ્ટ લેડી અને તેમની પત્ની સાજીદા મોહમ્મદ પણ હાજર હતાં. તેમનું વિમાન થોડા સમય પહેલા દિલ્હી એરપોર્ટ પર પહોંચ્યું હતું. તેમની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ મુઈઝૂ ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ઉપરાંત વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક કરશે.

આ એ જ મુઈઝૂ છે, જેમણે માલદીવમાં સત્તા પર આવતાની સાથે જ ભારત વિરોધી સૂર છેડવાનું શરૂ કર્યું હતું. પરંતુ હવે રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝૂનું વલણ ઠંડુ પડી ગયું છે. ચીન પ્રેમી મોહમ્મદ મુઈઝૂ હવે પીએમ મોદીને મળવા પોતાની પ્રથમ રાજકીય મુલાકાત પર નવી દિલ્હી આવી રહ્યા છે. મુઈઝૂ છ થી ૧૦ ઑક્ટોબર દરમિયાન દિલ્હી જશે. રાષ્ટ્રપતિ ડૉ.મુઈઝૂની ભારતની આ પ્રથમ રાજકીય દ્વિપક્ષીય મુલાકાત હશે. આ પહેલા તેઓ જૂનમાં પીએમ મોદીના શપથગ્રહણ સમારોહમાં હાજરી આપવા નવી દિલ્હી આવ્યા હતા. આ વખતે ભારતની મુલાકાત દરમિયાન મુઈઝૂ પીએમ મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળશે. તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ભારત અને માલદીવના પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરશે. આ પછી તેઓ મુંબઈ અને બેંગલુરુ પણ જશે, જ્યાં તેઓ બિઝનેસ પ્રોગ્રામમાં ભાગ લેશે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



**સંસ્કૃતિનું સિંચન...:** નવરાત્રી દરમિયાન રવિવારે વિલેપાર્લા (પૂર્વ)ના રાજપુરિયા બાગ ખાતે ૧૫ વર્ષથી નાના બાળકો માટે વિશેષ પૂજા રાખવામાં આવી હતી. બાળકોમાં પણ આપણી સંસ્કૃતિ પ્રત્યે બાળપણથી ભાવ જાગે એ હેતુથી યોજાયેલી પૂજામાં ૧૨૫ બાળકે ભાગ લીધો હતો. (અમય ખરાડે)

# બાણગંગા તળાવના હેરિટેજ વર્ક માટે ટેન્ડર બહાર પડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં આવેલા ઐતિહાસિક અને હેરિટેજ બાણગંગા તળાવને પુનર્જીવિત કરવાનો ભવ્ય પ્રોજેક્ટ મુંબઈ મહાનગરપાલિકાએ હાથમાં લીધો છે, જે હેઠળ તળાવના હેરિટેજ વર્ક માટે ૨.૬૦ કરોડ રૂપિયાથી વધુ રકમનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.

મલબાર હિલમાં આવેલું બાણગંગા તળાવ ઐતિહાસિક જ નહીં પણ પૌરાણિક મહત્ત્વ પણ ધરાવે છે. એક દંતકથા અનુસાર ભગવાન રામે તેમના પિતા રાજા દશરથના અસ્થિનું વિસર્જન બાણગંગામાં કર્યું હતું.

બાણગંગા તળાવને પુનર્જીવિત કરવાના પ્રોજેક્ટ હેઠળ થોડા મહિના અગાઉ તળાવના પગથિયાંને ખાનગી કૉન્ટ્રેક્ટરોએ નુકસાન પહોંચાડ્યું હતું. તેથી તેનો કૉન્ટ્રેક્ટ રદ કરી દેવામાં આવ્યા બાદ હવે સુધરાઈએ આ કામ માટે નવાં ટેન્ડર બહાર પાડ્યાં છે, જેમાં આ વખતે કૉન્ટ્રેક્ટને ડિસિલ્ટિંગ, હેરિટેજ વર્ક અને લાઈટિંગ એમ ત્રણ વિભાગમાં વહેંચી દેવામાં આવ્યું છે, જે અંતર્ગત હેરિટેજ વર્ક માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.

પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અને ડિરેક્ટોરેટ ઓફ આર્કિયોલોજી એન્ડ મ્યુઝિયમ દ્વારા પ્રતિબંધ હોવા છતાં કૉન્ટ્રેક્ટરે ૨૪ જૂનના રોજ ડિસિલ્ટિંગના કામ માટે એક્સકેવેટર (ભારે મશીન)નો ઉપયોગ કરીને બાણગંગા તળાવના હેરિટેજ પગથિયાને નુકસાન પહોંચાડ્યું હતું, તે માટે તેણે સુધરાઈની મંજૂરી પણ લીધી નહોતી.

આ ઘટના બાદ કૉન્ટ્રેક્ટરના ત્રણ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો હતો. તળાવના પગથિયા પર ગેરકાયદે રીતે ભારે મશીન લઈ જવા માટે કૉન્ટ્રેક્ટરને શો-કોઝ નોટિસ પણ ફટકારવામાં આવી હતી.

લોકોના રોષને પગલે તાત્કાલિક ધોરણે પગથિયાનું સમારકામ કરાવ્યું હતું. જોકે આ અનુભવ બાદ સુધરાઈએ હવે બાણગંગાના કામ માટે બે કૉન્ટ્રેક્ટરોની નિમણૂક કરીને કામને અલગ અલગ હિસ્સામાં વહેંચી નાંખ્યું છે.

સુધરાઈના અધિકારીના જણાવ્યા મુજબ ટાંકીના ડિસિલ્ટિંગ કામ માટે એક જ કૉન્ટ્રેક્ટર નીમવામાં આવશે અને તળાવ વિસ્તારના હેરિટજ કામ અને લાઈટિંગ માટે અલગ-અલગ કૉન્ટ્રેક્ટર નીમવામાં આવવાનો છે. આ પ્રોજેક્ટમાં પડકારજનક કામ ઐતિહાસિક રીતે મહત્ત્વના ગણાતા રામ કુંડની પુનઃસ્થાપનું છે, તેની માટે અનેક મંજૂરીઓ લેવી પડવાની હોવાથી આ કામ માટે સાર્વજનિક બાંધકામ વિભાગના હાર્બર એન્જિનિયરિંગ વિભાગને સામેલ કરવાનો નિર્ણય લીધો છે.

બાણગંગા તળાવ રિસ્ટોરેશન પ્રોજેક્ટ માટે સુધરાઈને પાંચ કરોડ રૂપિયાના સ્ટેટ ટુરિઝમ ડિપાર્ટમેન્ટ પાસેથી અને ૧૦ કરોડ રૂપિયા રિસ્ટોરેશન કામ માટે ફાઈનાન્સ કમિશનર પાસેથી મળ્યા હોવાનું કહેવાય છે. બાણગંગા તળાવ ૧૧મી સદીનું ગ્રેડ-એક હેરિટેજ સાઈટમાં આવે છે અને ગૌડ સારસ્વત બ્રાહ્મણ મંદિર ટ્રસ્ટ તથા મહારાષ્ટ્ર આર્કિયોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા તેની જાળવણી કરવામાં આવે છે. ■

# મુંબઈગરાને ૨૪ કલાક પાણીપુરવઠો એક સપનું

## મુંબઈની ભૌગોલિક સ્થિતિને કારણે પ્રોજેક્ટ અમલમાં મૂકવો અશક્યઃ સુધરાઈનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના નાગરિકોને ૨૪ કલાક પાણીપુરવઠો કરવાનું અશક્ય હોવાની કબૂલાત મુંબઈ મહાનગરપાલિકાએ કરી છે. મુંબઈની ભૌગોલિક સ્થિતિને કારણે તેમ જ વધતી વસતી સામે તમામ વિસ્તારોમાં ૨૪ કલાક પાણીપુરવઠો કરવું શક્ય ન હોવાની કબૂલાત પણ પાલિકા પ્રશાસને કરી છે. તેથી ૨૪ કલાક પાણીપુરવઠો કરવાનો પ્રયોગનો વીટો વળાઈ ગયો છે.

વર્ષોથી મુંબઈના નાગરિકોને ૨૪ કલાક પાણીપુરવઠો આપવાનું સપનું રાજકીય પક્ષો દ્વારા દેખાડવામાં આવી રહ્યું છે. તેમાં પણ ચૂંટણી વખતે તો એ પ્રકારના વચનોની લ્હાણી કરવામાં આવતી હોય છે. અગાઉ ૨૦૧૪માં ૨૪ કલાક પાણી પુરવઠો કરવાની જાહેરાત કરવામાં આવી હતી. પાણીપુરવઠામાં સુધારો કરવા માટે સુધરાઈએ 'મુંબઈ જળવિતરણ સુધારણા' કાર્યક્રમ અંતર્ગત બાન્દ્રા અને મુલુંડ પરિસરમાં ૨૪ કલાક પાણી પુરવઠો કરવાનો પ્રયોગ પણ હાથમાં લીધો હતો અને સંબંધિત વિસ્તારોમાં ૨૪ કલાક પાણીના કલાકો વધારવામાં આવ્યા હતા. પરંતુ ૨૪ કલાક પાણીપુરવઠો કરી શકાયો નહોતો.

પાલિકાના પાણીપુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા મુજબ બાન્દ્રા, મુલુંડમાં ૨૪ કલાક પાણીપુરવઠો કરવાનો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. જોકે એટલું પાણી ઉપલબ્ધ નહીં હોવાને કારણે પાણીપુરવઠાના કલાકો વધારવામાં આવ્યા હતા. પરંતુ ૨૪ કલાક પાણી આપી શકાયું નહોતું. આ વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટ દરમિયાન હાથ ધરાયેલા અભ્યાસમાં જણાઈ આવ્યું હતું કે મુંબઈની ભૌગોલિક પરિસ્થિતિ અને પાણીની ઉપલબ્ધતાને જોતા મુંબઈના તમામ વિસ્તારોમાં ૨૪ કલાક પાણીપુરવઠો કરવો શક્ય નથી. તેથી હાલ પૂરતો આ પ્રોજેક્ટ બંધ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નોંધનીય છે કે મુંબઈને તાનસા, મધ્ય વૈતરણા, મોડકસાગર, ભાતસા, વિહાર, તુલસી અને અપર વૈતરણા એમ સાત જળાશયોમાંથી દરરોજ ૩,૯૫૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે. ભવિષ્યમાં પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે ગારગાઈ, પિંજાળ, દમણગંગા સહિત મલાડના મનોરીમાં ડિસિલિનેશન પ્રોજેક્ટ પર કામ કરવામાં આવી રહ્યું છે. ■

# શૅરબજારમાં વળતરની લાલચે રોકાણકારો સાથે છ કરોડની ઠગાઈ

પુણે: પુણેમાં શૅરબજારમાં રોકાણ સંબંધી માર્ગદર્શનના ક્લાસ ચલાવીને આકર્ષક વળતરની લાલચે ૪૩ રોકાણકાર સાથે અંદાજે છ કરોડ રૂપિયાની કથિત ઠગાઈ કરવા પ્રકરણે પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. પુણેની હડપસર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ પ્રતીક કુમાર ચૌખંડે (૩૬) તરીકે થઈ હતી. વધુ તપાસ માટે આરોપીને પુણે પોલીસની આર્થિક ગુના શાખાને સોંપાયો હતો. હડપસરમાં ફુરસુંગી પરિસરની સ્વપ્નલોક સોસાયટીમાં રહેતા ચૌખંડેએ હડપસર વિસ્તારમાં શૅરબજારમાં રોકાણ સંબંધી માર્ગદર્શનના ક્લાસીસ શરૂ કર્યા હતા. પછી શૅરબજારમાં રોકાણ પર આકર્ષક વળતરની ખાતરી આપી રોકાણકોરોને લલચાવ્યા હતા. આરોપીની વાતમાં આવી ૪૩ રોકાણકારે નાણાં રોક્યાં હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.આરોપીના કહેવાથી પચીસ લાખ રૂપિયા રોકનારા રોકાણકારે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે શરૂઆતમાં ફરિયાદીને વળતર આપવામાં આવ્યું હતું, પરંતુ ગયા મહિનાથી વળતર આપવાનું બંધ કરી દેવાયું હતું. ■

# એનસીપી કોની અજિત જૂથ કે શરદ પવાર? સુપ્રીમ કોર્ટમાં ૧૫ ઓક્ટોબરે સુનાવણી

## શરદ પવારે મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભા ચૂંટણી દરમિયાન અજિત પવારને 'ઘડિયાળ' ચૂંટણી ચિહ્નનો ઉપયોગ કરતા રોકવા માટે સુપ્રીમ કોર્ટમાં ધા નાખી છે

નવી દિલ્હી: રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી) અને એનસીપી (એસપી) વચ્ચેનો વિવાદ હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. શરદ પવારે મહારાષ્ટ્રની આગામી વિધાનસભા ચૂંટણીમાં અજિત પવારને 'ઘડિયાળ' ચૂંટણી ચિહ્નનો ઉપયોગ કરતા રોકવા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. પવારે સુપ્રીમ કોર્ટને અપીલ કરી છે કે અજિત પવારને વિધાનસભા ચૂંટણી માટે નવા ચિહ્ન માટે અરજી કરવા જણાવવામાં આવે. પવારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે ચૂંટણી ચિહ્નને લઈને મતદારોના મનમાં ભ્રમના કારણે તેમને લોકસભા ચૂંટણી દરમિયાન ઘણા મતો ગુમાવવા પડ્યા હતા.

### પાર્ટીનો અસલી 'બોસ' કોણ છે તે કેવી રીતે નક્કી થાય છે?

પાર્ટીનો અસલી 'બોસ' કોણ હશે? તેનો નિર્ણય મુખ્યત્વે ત્રણ બાબતો પર આધારિત છે. પ્રથમ- કયા જૂથમાં વધુ ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે? બીજું - કોની પાસે વધુ પદાધિકારીઓ છે અને ત્રીજું - કોની બાજુ મિલકતો છે, પરંતુ કયા જૂથને મૂળ પક્ષ ગણવામાં આવશે? તેનો નિર્ણય સામાન્ય રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓની બહુમતીના આધારે લેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જે જૂથમાં વધુ સાંસદો અને વિધાનસભ્યો હોય તેને મૂળ પક્ષ ગણવામાં આવે છે.

### શરદ પવારે અરજીમાં શું કહ્યું?

- નિષ્પક્ષતા અને સમાન ધોરણો સુનિશ્ચિત કરવામાં આવે જેથી ચૂંટણી અધિકારીઓના મનમાં કોઈ મૂંઝવણ ન રહે.
- મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીના મૂળભૂત સિદ્ધાંતો જાળવવા માટે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં અરજદારની નિષ્પક્ષ અને યોગ્ય ભાગીદારીની ખાતરી કરવી.
- તાજેતરમાં પૂર્ણ થયેલી સંસદીય ચૂંટણીઓમાં વ્યાપક મતદારોની મૂંઝવણ હતી, તે હકીકતને ધ્યાનમાં લેતા વિધાનસભા મતદારક્ષેત્ર પ્રમાણમાં નાના કદના હોવાથી આગામી ચૂંટણીઓમાં મૂંઝવણ સંભવિતપણે વધુ હશે.
- વધુમાં મૂંઝવણ મતદારો પર પડેલી અસરના સીધા પ્રમાણસર છે અને તેથી મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીના સંચાલનમાં વિક્ષેપ પાડવાનું વલણ ધરાવે છે.
- લોકોના મનમાં રહેલી સ્પષ્ટ મૂંઝવણનો લાભ લેવા માટે અજિત પવાર અથવા અન્ય કોઈ દૂષિત વ્યક્તિના ઈરાદાની શક્યતાને નકારી કાઢવી. ■

# માથે મેલું ઊંચકનાર કામદારોનો સર્વેક્ષણ કરાશે

મુંબઈ: મુંબઈમાં માથે મેલું ઊંચકનાર કામગારોનો સર્વેક્ષણ કરવામાં આવવાનો છે. કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકાર મંત્રાલયના નિર્દેશના બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. હાથેથી ગંદકી સાફ કરીને તેને માથા પર ઊંચકીને લઈ જતા કામગાર (મેહતર)નું મુંબઈમાં છેલ્લે છેક ૨૦૧૩માં સર્વેક્ષણ કરવામાં આવ્યા હતું ત્યારબાદ આ સફાઈ કર્મચારીઓની નોંધ જ થઈ નહોતી. એ બાદ એક જનહિતની અરજી પણ થઈ હતી. છેવટે કેન્દ્રીય મંત્રાલયના નિર્દેશ બાદ આ કામગારોનું સર્વેક્ષણ છ ઑક્ટોબર, ૨૦૨૪થી ૧૬ ઑક્ટોબર, ૨૦૨૪ના સમયગાળામાં કરવામાં આવવાનું છે. ■



(ROC-D 3956)

## કોરિયોગ્રાફર જાની માસ્ટરનો રાષ્ટ્રીય અવૉર્ડ પાછો ખેંચાયો

નવી દિલ્હીઃ કોરિયોગ્રાફર જાની માસ્ટર પરના જાતીય સતામણીના આરોપને લીધે માહિતી અને પ્રસારણ મંત્રાલયે તેનો રાષ્ટ્રીય ફિલ્મ અવૉર્ડ સસ્પેન્ડ કર્યો હતો.

સત્તાવાળાઓએ નવી દિલ્હીમાં મંગળવારે યોજાનારા ૭૦મા રાષ્ટ્રીય ફિલ્મ અવૉર્ડ્સના કાર્યક્રમ માટેનું આ કોરિયોગ્રાફર માટેનું આમંત્રણ પણ પાછું ખેંચ્યું હતું.

જાની માસ્ટરનું સાચું નામ શેખ જાની બાશા છે. ૨૦૨૨ની તમિળ ફિલ્મ ‘તિરુચિત્રમબાલમ’માંના ગીત ‘મેઘમ કુરુક્કથા’માંની કોરિયોગ્રાફી બદલ તેનું મંગળવારના કાર્યક્રમમાં રાષ્ટ્રીય ફિલ્મ અવૉર્ડથી સન્માન થવાનું હતું.

નેશનલ ફિલ્મ અવૉર્ડ્સ સેલે ચોથી ઑક્ટોબરે જણાવ્યું હતું કે આ કોરિયોગ્રાફર સામે ‘પોક્સો એક્ટ’ હેઠળ આરોપ મુકાયા, તેની પહેલાં તેમને અવૉર્ડ સમારંભમાં આમંત્રણ આપતો પત્ર તૈયાર કરાયો હતો. તેની સામે કેસ ચાલુ હોવાથી સત્તાવાળાઓએ તેમનો અવૉર્ડ સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો હતો.

અગાઉ, જાની માસ્ટરે રાષ્ટ્રીય ફિલ્મ અવૉર્ડ કાર્યક્રમમાં હાજરી આપવા માટે જામીન માગ્યા હતા અને અદાલતે તેમને વચગાળાના જામીન આપ્યા હતા. (એજન્સી) ■

## દિલ્હીમાં ચૂંટણી પહેલા ભાજપ શાસિત રાજ્યોમાં મફત વીજળી મળશે તો હું ભાજપ માટે પ્રચાર કરીશઃ કેજરીવાલ

નવી દિલ્હીઃ આપ સુપ્રીમો અરવિંદ કેજરીવાલે રવિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપ શાસિત ૨૨ રાજ્યોમાં મફત વીજળી આપવાનો પડકાર ફેંક્યો હતો અને વચન આપ્યું હતું કે જો આ માંગ પૂરી થશે તો તેઓ ભગવા પાર્ટી માટે પ્રચાર કરશે.

કેજરીવાલે ભાજપને નવેમ્બરમાં ઝારખંડ અને મહારાષ્ટ્ર સાથે દિલ્હી વિધાનસભા ચૂંટણી કરાવવાનો પડકાર ફેંક્યો અને કહ્યું કે આપ તેના માટે તૈયાર છે. જનતા અદાલતમાં એક જાહેર સભાને સંબોધતા કેજરીવાલે ભાજપની ડબલ એન્જિન સરકારો પર રાજ્યોમાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો અને હરિયાણા તથા જમ્મુ-કાશ્મીરમાંથી પાર્ટીની હકાલપટ્ટી થવાની આગાહી કરી હતી.

કેજરીવાલે કહ્યું કે ડબલ એન્જિન સરકારનો અર્થ ફુગાવો, ભ્રષ્ટાચાર અને બેરોજગારી છે. એક્ઝિટ પોલ દર્શાવે છે કે હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં ભાજપની ડબલ એન્જિન સરકારો ટૂંક સમયમાં પડી ભાંગશે. તેમણે કહ્યું કે મોદીજી, ફેબ્રુઆરીમાં દિલ્હીમાં ચૂંટણી છે. ભાજપ ૨૨ રાજ્યોમાં સત્તામાં છે. આ રાજ્યોમાં વીજળી મફત કરો તો હું દિલ્હીની ચૂંટણીમાં મોદીજી માટે પ્રચાર કરીશ. કેજરીવાલે દાવો કર્યો કે હરિયાણામાં ભાજપ સરકાર નિષ્ફળ ગઇ છે. હરિયાણામાં કોઇ તેમને તેમના ગામોમાં પ્રવેશવા દેતું નથી. લોકો તેમનો વિરોધ કરી રહ્યા છે.

આપ સુપ્રીમોએ ભાજપના ડબલ એન્જિન મોડલને ડબલ લૂંટ અને ડબલ ભ્રષ્ટાચાર ગણાવ્યું અને બસ માર્શલ અને ડેટા એન્ટ્રી ઓપરેટરને હટાવવાની સાથે સાથે દિલ્હીમાં હોમગાર્ડના પગારને રોકવાનો ઉલ્લેખ કરીને તેને ગરીબ વિરોધી ગણાવ્યું હતું. ■



**પૂરઃ** થાઇલેન્ડના પૂરગ્રસ્ત ચિઆંગ માઇ પ્રાંતમાં પૂરના પાણીમાંથી પસાર થતી મહિલાઓ. (એપી / પીટીઆઇ)

## પાટીદાર સહારા સ્ટાર નવરાત્રિ જલસોનો જુસ્સો ચોથા દિવસે પણ બરકરાર

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ



મુંબઈમાં રવિવારે રાત્રે વરસાદી માહોલ હોવાથી ખેલૈયાઓમાં ગભરાટનું વાતાવરણ જોવા મળ્યું હતું, ફક્ત બિન્દાસ્ત હતા તો પાટીદાર સ્વજન, શ્રી વિલેપાર્લે પાટીદાર મંડળ આયોજિત નવરાત્રિ જલસો-૨૦૨૪ના ખેલૈયાઓ, કારણ કે સહારા સ્ટાર જેવી ફાઇવ સ્ટાર હોટેલમાં ઇનડોર આ ગરબાનો કાર્યક્રમ યોજાયો છે. ત્રણ દિવસની સતત સફળતા બાદ ચોથા દિવસે પણ ખેલૈયાઓમાં દોઢગણો વધુ જુસ્સો જોવા મળ્યો હતો.



ઢોલી તારો ઢોલ વાગ્યો

**या देवी सर्वभूतेषु मा कुष्मांडा रुपेण संस्थिता।**
**नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः**

નવરાત્રીના ચોથા દિવસે માતા દુર્ગાના ચોથા સ્વરૂપ કુષ્માંડાની આરાધના કરવામાં આવે છે. દેવી ભાગવદ્ પ્રમાણે કુષ્માંડા દેવીએ પોતાના ઉદરથી અંડ અર્થાત બ્રહ્માંડ ઉત્પન્ન કર્યું. તેથી માતાના આ સ્વરૂપને કુષ્માંડા નામ આપવામાં આવ્યું છે. તેમની આઠ ભુજાઓને કારણે તેમને અષ્ટભુજા દેવી પણ કહેવામાં આવે છે. જલસાની શરૂઆત માતા કુષ્માંડાની આરાધના સાથે કરવામાં આવી હતી.

શુક્રવારે અને શનિવારે ખેલૈયાઓ મન મૂકીને નાચ્યા હોવા છતાં ધરાયા ન હોય તેમ રવિવારે ચોથા દિવસે પણ પાર્લાના સહારા સ્ટારમાં મોટી સંખ્યામાં રાસ-ગરબા-દાંડિયાપ્રેમીઓ તેમ જ નવરાત્રિ જલસાના ચાહકો ઊમટી પડ્યા હતા.

સહારા સ્ટાર નવરાત્રિ જલસો-૨૦૨૪માં આયોજક ભાર્ગવ પટેલ અને જગત કિલ્લાવાલાએ એટલું સુંદર આયોજન કર્યું હતું કે અહીં રાસ રમવા આવતા ખેલૈયાઓ તેમનાં ભારોભાર વખાણ કરતા થાકતા નથી.

આ સાથે સહારા સ્ટાર નવરાત્રિ જલસોમાં ખાવાનો પણ જલસો પડી જાય છે. નજીવા દરે ગોલ ગપ્પા, પિઝા, પાસ્તા, સ્પ્રિંગ રોલ્સ , ચાટ તથા શેરડી સહિતના જ્યૂસ એ પણ સ્વચ્છ અને હાઇજિન વાતાવરણમાં પીરસવામાં આવે છે.

પાટીદાર મંડળે પોતાનું જ બેન્ડ ‘દિવ્ય ધ્વનિ’ છે, જેના ચુનંદા ઢોલવાદક, ડ્રમર્સ, સિંગર્સ છેલ્લા ઘણા મહિનાથી રિહર્સલ કરી રહ્યા હતા. દિવ્ય ધ્વનિ બેન્ડની વાત શું કરવી. ગરબે ઘૂમવા આવતા ખેલૈયાઓનાં જાણે આ બેન્ડે તો મન મોહી લીધાં છે. ખેલૈયાઓ દિવ્ય ધ્વનિ બેન્ડ સુરીલા કર્ણપ્રિય સંગીતના તાલે થીરકવા દરરોજ રસિકજનોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે.

દિવ્ય ધ્વનિ બેન્ડનાં લીડ સિંગર મનીષા સાવલા, સ્વપ્નિલ મિસ્ત્રી, સ્ટાર સિંગર આરતી વારા અને પ્રશાંત શાહે સૂર રેલાવ્યા હતા અને ખેલૈયાઓએ પણ તેઓને ઉત્તમ પ્રતિસાદ આપ્યો હતો. છેલ્લા ચાર દિવસના ઉત્તમ પર્ફોર્મન્સ પછી બાકીના પાંચ દિવસના પાસ બૂક માય શો પર રવિવાર બપોર સુધી વેચાઇ ગયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે શનિવારે ‘મુંબઈ સમાચાર’ની મહાસ્પર્ધાનો રાઉન્ડ હોવાથી અહીં અનેરો ઉત્સાહ પણ જોવા મળ્યો હતો. આ જ હોલમાં ૧૧મી સપ્ટેમ્બરે ફાઈનલ રાઉન્ડ હોવાથી વિનર બનેલા ખેલૈયાઓ અત્યારથી જ જીતવાની પ્રેક્ટિસ કરવા લાગ્યા છે.

## ડોંબિવલી રાસ રંગ-૨૦૨૪, નૈતિક નાગડા સંગ નવરાત્રિ મેં ધુમ મચી હૈ ડોંબિવલી મેં

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ



ડૉ. શ્રીકાંત શિંદે ફાઉન્ડેશન આયોજિત રાસ રંગ-૨૦૨૪નું પ્રિન્સ હિયાન નાગડા - નૈતિક નાગડા સંગ આયોજન જાહેર થયું ત્યારથી દરરોજ કલ્યાણ-ડોંબિવલીના રંગરસિયાઓ ૨૦૨૪ નવરાત્રિના નવેનવ દિવસને યાદગાર બનાવવા પોતાના ગ્રુપમાં નવા નવા સ્ટેપ્સની પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે.





પૂર્વના પરામાં ડોંબિવલીમાં સૌથી સફળ નવરાત્રિનું આયોજન થઇ રહ્યું હોવાને કારણે માત્ર ડોંબિવલી જ નહીં, પણ બદલાપુર, કર્જત અને કસારાથી પણ ખેલૈયાઓ અહીં આવવા માટે આકર્ષાઈ રહ્યા છે. મા અંબેમાના ભક્તો અહીં સાડાસાત પહેલાં જ પહોંચી જાય છે અને ભાવપૂર્વક-શ્રદ્ધાપૂર્વક આરતી કરે છે. આરતીનો દોર પૂરો થયા બાદ નૈતિક નાગડા અને માસ્ટર હિયાન નાગડાના ઢોલના તાલે લોકો ઝૂમવા તૈયાર થઇ જાય છે.

ડૉ. શ્રીકાંત શિંદે પોતાના આયોજનમાં કોઇ કચાશ ન રહી જાય એ માટે થાણેથી યુવાનેતા વિકાસ રેપાલેના ચપળ કાર્યકર અશોક બોધને અને મેડમ નમ્રતા ભોસલેના જીત મોરેને ડોંબિવલી બોલાવ્યાં હતાં અને તેમની વ્યવસ્થાનું સુપરવિઝન સુપેરે રીતે પાર પાડવામાં આવ્યું હતું. નવરાત્રિ પટાંગણના એન્ટ્રી ગેટ પર મેટલ ડિટેક્ટર ડોર, ચપળ બાઉન્સરો રાખ્યા છે, જેથી એન્ટ્રી અને એક્ઝિટ સરળતાથી શાંતિથી થાય છે.

દરરોજ સાંજે બરાબર સાતના ટકોરે નૈતિક નાગડા તેના પ્રિન્સ હિયાન અને અન્ય સાજિંદાઓ અને સ્ટેજ પર ધમાલ કરતી ગાયક ટીમ ધર્મેશ બારોટ, દિવ્યા જોશી, વિરલ સુહાના, કોશા પંડ્યા અને અક્ષય કાંબલેના સુરીલા અવાજમાં આરતી થાય છે. ત્યાર બાદ મહેમાનો અને રંગરસિયાઓના આવકાર બાદ બરાબર સાડાસાત વાગ્યે બેન્ડ શરૂ થઇ જાય છે. દરરોજ કોમ્પિટિશન રાઉન્ડ હોય છે અને તેમાં વિનર થવા માટે આબાલ વૃદ્ધ પોતાનું કૌશલ દેખાડી રહ્યા છે. જજ દ્વારા સિલેક્ટ થયેલા ચુનંદા ખેલૈયાઓને દરરોજ અઢળક ઈનામો આપવામાં આવે છે.

### ‘‘એમજે ફેમ’’ મનિષ જોષીના બેન્ડ ‘‘સુર ધ સોલ‘‘ ના તાલે

## પ્રેરણા રાસ ૨૦૨૪માં ખેલૈયાઓનો થનગનાટ

### મુલુંડના કાલિદાસ ગ્રાઉન્ડ ખાતે ઊમટ્યું રેકોર્ડ બ્રેક માનવ મહેરામણ

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ





મુલુંડના કાલિદાસ ગ્રાઉન્ડ ખાતે આયોજિત પ્રેરણા રાસ ૨૦૨૪નો રંગ બરાબર જામી ગયો છે અને ખેલૈયાઓ પોતાની મસ્તીમાં ઝૂમી પણ રહ્યા છે. રંગબેરંગી લાઈટિંગથી ઝગમગતા પ્રેરણા રાસ ૨૦૨૪ના વિશાળ સ્ટેજ પર ‘‘એમજે ફેમ’’ મનિષ જોષીના બેન્ડ ‘‘સુર ધ સોલ’’ના મ્યુઝિશિયનો એક અનોખા એનર્જી લેવલ સાથે ખેલૈયાઓને જોરદાર ડોલાવી રહ્યા છે. તેમના ઊર્જાભર્યા સંગીતના તાલે જે પ્રમાણે ઉપસ્થિત સહુ કોઈ થીરકી રહ્યા છે ત્યારે એવું લાગી રહ્યું છે કે જાણે સ્વર્ગલોકથી સંગીતના ગાંધર્વો ઉતર્યા હોય અને પોતાના અદ્‌ભુત સંગીત દ્વારા લોકોને મોહિત કરી રહ્યા હોય. સંગીતના આ મહારથીઓને સાથ આપવામાં સૂરના મહારથીઓ પણ પાછળ નથી. વર્સેટાઈલ સિંગર ‘‘એમજે’’ મનિષ જોષી તેમની વિવિધ છટામાં અફલાતૂન પરફોર્મન્સ કરી રહ્યા છે, જ્યારે અષાઢી ગાયક નીરવ બારોટ, કોકિલ કંઠી ગાયિકા અર્પિતા ઠક્કર, કચ્છી કોયલ શ્રુતિ કલ્યાણી અને મખમલી અવાજના ધણી રાહુલ પુરેચા પોતાના બહોળા અનુભવના આધારે પ્રેરણા રાસ ૨૦૨૪માં ધમાલ મચાવી રહ્યા છે. જાણીતા એંકર રૂચિત શાહ પણ પોતાના આગવા અંદાજમાં પ્રેરણા રાસ ૨૦૨૪નું સુપેરે સંચાલન કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રશાંત કતીરા, શીતલ માણેક અને મનિષ સોમૈયા દ્વારા આદ્યશક્તિની આરતી ગાઈને રોજેરોજ પ્રેરણા રાસની શરૂઆત કરવામાં આવે છે.

મેઘરાજાની એક હેલીએ કર્યો ખેલૈયાઓની મોજમાં બમણો વધારો; રાસ ગરબા રસિકોના થનગનાટથી કાલિદાસ ગ્રાઉન્ડ ફેરવાયું ગોકુળિયા ગામમાં

*****

**ગઈકાલે પ્રેરણા રાસમાં મોર બની થનગાટ કરે...શ્યામ આવીને મારી મટકી ફોડી... મીઠે રસ સે ભર્યો રે... ધૂણી રે ધખાવી બેલી... મેરે ભારત કા બચ્ચા બચ્ચા જય જય શ્રી રામ બોલેગા... જેવા ગીતો પર ખેલૈયાઓ થીરકતા જોવા મળ્યા હતા.**

### પ્રેરણા રાસ ૨૦૨૪ ઓન સોશ્યલ મીડિયા

ઈન્સ્ટાગ્રામઃ https://www.instagram.com/prernaraasnavratri
ફેસબુકઃ https://www.facebook.com/PrernaRaasNavratri

**પ્રેરણા રાસ ૨૦૨૪નો ઘર બેઠા લાઈવ આનંદ માણો**

* Prerna Events યુટ્યુબ ચેનલ
https://youtube.com/prernaevents

**તે ઉપરાંત...**

* Hathway Cable Channel No. 871, * In Cable Channel No. 992, * Home Cable Channel No. 985

### ગઈ કાલે પ્રેરણા રાસમાં પધારેલા મહાનુભાવો, સમાજો અને સંસ્થાઓ...

શ્રી અનિલ ગાંગુર્ડે (આરપીઆઈ-અગ્રણી)
શ્રીમતી શીલાતાઈ ગાંગુર્ડે - (આરપીઆઈ-અગ્રણી)
શ્રી ભાલચંદ્ર શિરસાટ - (ભાજપા-પ્રવક્તા)
શ્રી પ્રવીણ છેડા - (ભાજપા-પ્રદેશ મંત્રી મુંબઈ)
શ્રીમતી કેતકી સાંગલે - (ભાજપા-પદાધિકારી વિક્રોલી)
શ્રીમતી દીપમાલા બધે - (શિવસેના - પૂર્વનગરસેવક)
શ્રી મંગેશ સાંગળે - (પૂર્વ એમએલએ)
શ્રી ભરત પાટીલ - (સમાજ સેવક)

૧. IMA-ડોક્ટર્સ એસોસિએશન
૨. મુલુંડ એડવોકેટ બાર કાઉન્સિલ એસો.
૩. મુલુંડ ટીમ્બર & પ્લાયવુડ મર્ચન્ટ એસો.
૪. શ્રી નવભારત એજ્યુકેશન ટ્રસ્ટ
૫. તિરૂમાલા ઉત્સવ સમિતિ
૬. શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ
૭. શ્રી ભાંડુપ ગુજરાતી સેવા સમાજ
૮. શ્રી મુલુંડ ચારણ સમાજ
૯. હાલારી વિશા ઓસવાલ સમાજ
૧૦. મુલુંડ વર્ધમાન સ્થાનકવાસી જૈન સમાજ
૧૧. શ્રી મહાવીર મેડિકલ સેન્ટર
૧૨. અખિલ ભાંડુપ જૈન સંઘ
૧૩. અનંત મિત્ર મંડળ
૧૪. જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન-ઘાટકોપર
૧૫. જૈન સર્વોદયનગર નાગેશ્વર ટેમ્પલ-ઘાટકોપર




# મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ


શશી દેસાઈ



હરીશ બદિયાણી


વિભૂતિ બદિયાણી


ઉમેશ દવે


શુભમ દવે


હેમાલી ગડા


ઉત્સવ સરવૈયા


વંશ વિસરિયા

**બૃહદ્ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા**

## પર્પલ બ્લુ રેડિયન્સ દાંડિયા અને 'મુંબઈ સમાચાર' સથવારે...

## ખેલૈયાઓને ટેટ્ડો લેવો છે...

આધુનિક પદ્ધતિથી વિકસાવવામાં આવેલા બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)ના રમણીય વાતાવરણ વચ્ચે જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં ચોથા નોરતે રવિવારે 'મુંબઈ સમાચાર'ની નવરાત્રિ મહાસ્પર્ધા યોજાઈ હતી. પર્પલ બ્યુ રેડિયન્સ દાંડિયા અને 'મુંબઈ સમાચાર'ને સથવારે ખેલૈયાઓ મન મૂકીને ઝૂમ્યા હતા. ડાયમંડ બુર્સ અને અનેક મલ્ટિનૅશનલ કંપનીઓની ઑફિસથી ઘેરાયેલા આ પરિસરમાં વર્ષભર વીવીઆઈપીઓની અવરજવર રહેતી હોવાથી સુરક્ષાનું વિશેષ ધ્યાન રાખવામાં આવે એ સ્વાભાવિક છે. પહોળા અને સ્વચ્છ માર્ગો પરથી પસાર થયા પછી વાહન પાર્કિંગની સુંદર વ્યવસ્થા જોવા મળી હતી.

નોરતાંમાં મેઘરાજાના વિઘ્નની આગાહી હતી અને રવિવારે અનેક ઠેકાણે વરસાદ પણ પડ્યો હતો. જોકે પર્પલ બ્યુ રેડિયન્સમાં ગરબે ઘૂમનારાઓને તેની કોઈ અસર થઈ નહોતી, કારણ કે આયોજક અજય મંત્રીએ આ નવરાત્રિનું આયોજન ઍરકન્ડિશન્ડ વિશાળ હૉલમાં કર્યું છે. આખા હૉલમાં લાઈટના ઝગમગાટની સાથે ઠેર ઠેર એલસીડી સ્ક્રીન ગોઠવવામાં આવ્યાં હતાં તો એક કોર્નરમાં બેઠકની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. હૉલમાં સ્ટેજની બાજુમાં બનાવવામાં આવેલા મંદિરમાં આરતી પછી સિંગર જતીન દરજી, સ્વપ્નિલ વૈધીકર, ચવલા સોઢા, તુષાર દીક્ષિત, અંકિતા બ્રહ્મે, જીતલ સોની અને પ્રેરણા ડાઘાએ સૂર રેલાવી ખેલૈયાઓનો થનગનાટ વધારી દીધો હતો. રવિવાર રજાનો દિવસ હોવાથી હૉલમાં રંગરસિયાઓની ભીડ જામી હતી. 'મુંબઈ સમાચાર'ની મહાસ્પર્ધાનો રવિવારે ચોથો દિવસ બીકેસીમાં હતો. મહાસ્પર્ધાના રાઉન્ડમાં ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. કેડિયું અને ચણિયાચોળીથી સજ્જ થઇને આવેલા ખેલૈયાઓ વચ્ચે ભારે હરીફાઈ જોવા મળી હતી. 'મુંબઈ સમાચાર'ની મહાસ્પર્ધામાં દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠનો સહયોગ સાંપડ્યો છે.

મહાસ્પર્ધાના પ્રાયોજક ચંદન માઉથફ્રેશનર, જેવીએમ સ્પેસીસ, ઈવેન્ટ સ્પોન્સર્ડ રચના સલૂન, ટ્રોફી પાર્ટનર બીએન જ્વેલર્સ, ગિફ્ટિંગ પાર્ટનર નેનો નાઈન, રેન્ડેઝવોસ, પાલખી, દામજી શામજી ગ્રુપ, ફ્રેન્ડ્સ રિસોર્ટસ, અરોન રિસોર્ટ, સમર પ્લાઝા, જશ હોલિડેસ એન્ડ મેમોરીસ, ખાનવેલ રિસોર્ટ-સિલવાસા, અરિહંત હોલિડેસ, ટ્રિપ ટુ થાઈલેન્ડ, બીસીન અને હેરલોજિક બ્રાન્ડ-મિશા ઈમ્પેક્સ, હેર સ્ટુડિયો છે. 'મુંબઈ સમાચારે' યોજેલી મહાસ્પર્ધા 'રમો ઝૂમો અને જીતો'માં જે સ્પર્ધકોને ઈનામ મળ્યાં હતાં તેમને 'મુંબઈ સમાચાર' બિરદાવે છે. દરેક સ્પર્ધકોને ટ્રોફી અને ગિફ્ટ આપવામાં આવશે. મહાસ્પર્ધામાં પસંદ કરાયેલા વિજેતાઓ માટે 'મુંબઈ સમાચાર' સતત ત્રીજું વર્ષ બમ્પર ઈનામોની વણઝાર લઇને આવ્યું છે, જેમાં ૧૦ દંપતી માટે થાઈલેન્ડની ટ્રિપ, બે કપલ માટે ભૂતાનમાં સ્ટે ઉપરાંત ગિફ્ટ વાઉચર્સ અને રોકડ તો છોગામાં... આવાં ઈનામો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.■



### સૌ વિજેતાઓને અભિનંદન

આજે સોમવારે પાંચમા નોરતે 'મુંબઈ સમાચાર' સંગાથે રાસ રંગ-૨૦૨૪માં ડોમ્બિવલી પૂર્વમાં ડીએનસી સ્કૂલ ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ ઝૂમશે અને ઈનામો પણ મેળવશે.


જલ્પા મહેતા


હિલોલ પટેલ



**ચોથા નોરતાના જજ**

અજિત બાગવે, પ્રશાંત ચોસલિયા, ટીના કોઠારી, પુનિતા હિરાની, અજય મંત્રી (આયોજક) સાથે 'મુંબઈ સમાચાર'ના સહયોગી મનીષા શેઠ અને અમિત સોની. (તસવીરોઃ અમય ખરાડે)


હેઝલ શાહ


ક્રિસ્તી નીસર


જિયા કંકારિયા


ધરતી કનકિયા


યશ્વી કારિયા


હિતેશ નીસર


જય મિસ્ત્રી


આશા શાહ


નિકુંજ કોટેચા

## થાણે રાસ રંગ-૨૦૨૪નો લોકપ્રિયતાનો ગ્રાફ ઊંચે ચડ્યો

મુંબઈ સમાચાર નવરાત્રિ સ્પેશિયલ

### ગ્રાઉન્ડમાં કેપેસિટીની બહાર ખેલૈયાઓની હાજરી


આઈએએસ અધિકારી રાજેશ નાર્વેકરનું સ્ટેજ પર બહુમાન કરવામાં આવ્યું હતું.


ભાનુશાલી સેવા સમાજનું જિતુભાઈના હસ્તે અભિવાદન કરવામાં આવ્યું હતું.

ક્રેડાઈ એમસીએચઆઈ થાણે આયોજિત થાણે રાસ રંગ-૨૦૨૪ની લોકપ્રિયતાનો ગ્રાફ ઊંચે ચડી રહ્યો છે. થાણે રાસ રંગના મુખ્ય આયોજક જિતુભાઈ મહેતા પર અભિનંદનના અનેક મેસેજો દરરોજ આવે છે. તેમનાં સફળ આયોજનોના સહભાગી થવા દરરોજ કલાકારો, રાજકારણીઓ, આઈએએસ ઓફિસરો અને પોલીસ ખાતાના નીચેથી ઉપરના દસે ઓફિસરો જિતુ મહેતાનું મેનેજમેન્ટ જોવા અંબે માનાં દર્શન કરવા અને ભક્તિ કરવા માટે આવે છે, ત્યારે તેમને આયોજક વીઆઈપી એસી વ્યુ ગેલેરીમાં બેસાડીને શ્રીરથ કેટરર્સના મીતેષ પલાણનાં સ્વાદિષ્ટ વ્યંજનો, ડ્રાયફ્રૂટ્સ અને વેરાયટી જ્યુસથી આગતાસ્વાગતા કરે છે.

દરરોજ સાંજે જિતુભાઈ મહેતા તેમના એમસીએચઆઈના હોદ્દેદારો અમર સિંહ ઠાકુર, સચિન મીરાણી, ફયાઝ વિરાણી, ભાવેશ ગાંધી, ભરત મહેતા અને તેમનું પીઆર વર્ક સંભાળતા હરેશ અવલાણી, સુમીત ગુડકા જોડે સમયસર સાંજે ૭ વાગ્યે પૂજા-આરતી ભક્તિભાવથી કરે છે. ત્યાર પછી સ્ટાર એન્કર હેમાલી ઠક્કર તેમના આગવા અંદાજમાં મહેમાનોને આવકાર આપે છે અને તરત જ હનીફ-અસલમ અને તેના સાજિંદાઓ ૪૦૦૦ ફૂટના વિશાળ સ્ટેજ ઉપર સંગીતની સુરાવલી રેલાવે છે. આ સમયે સોરઠિયો સાવજ ઉમેશ બારોટ સ્ટેજ પરથી સુરીલા અવાજમાં પૂછે છે કે તમે કિયા તે ગામના ગોરીરાજ, અચકો-મચકો કારેલી, ત્યારે રૂપાલી કશ્યપ, હેલી મજમુદાર રાસ રમતાં રમતાં કહે છે કે અમે તો થાણેના ગોરીરાજ અને નાગર નંદજીના લાલ, રાસ રમંતા મારી નથણી ખોવાણી રે... ગ્રાઉન્ડ પર કડક સિક્યોરિટ, ચપળ બાઉન્સરના કારણે લોકો મન મૂકીને રમવાનો આનંદ લે છે. ■


ચાઈલ્ડ આર્ટિસ્ટ વૃહી.

### જજ કો-ઓર્ડિનેટર

મુંબઈ કાંદિવલીમાં નિવાસસ્થાન ધરાવતા જય ઠક્કર બૃહદ્ મુંબઈના જાણીતા ગરબા પ્લેયર છે. તેઓ પાંચ કિલોની પાઘડી અને ૧૨ કિલોનું કેડિયું પહેરીને રમવામાં માહેર છે. તેઓ દાદાસાહેબ ફાળકે વિજેતા છે. તેઓ ઈન્ટરનેશનલ વિનર ટોપ ટ્વેન્ટી ફાઈવના ઈન્ડિયા વિનર છે અને ફાલ્ગુની પાઠકના હાઈ ફાઈ વિનર રહી ચૂક્યા છે. તેઓ ગ્રાઉન્ડ પર રમતા હોય ત્યારે બધા જજ તથા દરેક સ્પર્ધક તેમની રમવાની સ્ટાઈલ પર નજર રાખતા હોય છે.

### થાણે રાસ રંગ-૨૦૨૪ના પાંચમા નોરતાના જજ

નેહા બાવલી, પ્રશાંત ચોસલિયા, બિજલ વીસરિયા, ધીરેન્દ્ર ભાયાણી અને નિધિ ગડા.

### થાણે રાસ રંગની મજા ઘરે બેઠા માણો

ઈન કેબલ ચેનલ-૯૯૩, હેથવે કેબલ-૮૭૦, હોમ કેબલ ચેનલ-૯૮૧, ડેન સિટી-૨૨૨, રાજેશ ડિજિટલ ચેનલ-૧૦૨૮ અને જીટીપીએલ-૯૮૮૧.

## જેજેસી લેડિઝ વિંગ મુંબઈ ઈસ્ટના નેજાં હેઠળ આયોજિત

## નવરંગી નવરાત્રી ।૨૦૨૪।

માં જામી ગરબા અને દાંડિયા રાસની રમઝટ



### જેજેસી લેડિઝ વિંગ મુંબઈ ઈસ્ટના નેજાં હેઠળ આયોજિત દાંડિયા રાસની રમઝટ મેમ્બરોએ મન ભરીને માણી

જેજેસી લેડિઝ વિંગ મુંબઈ ઈસ્ટની મેમ્બર બહેનોએ સેન્ટરની પરંપરાને અનુસરીને 'જેજેસી નવરંગી નવરાત્રી-૨૦૨૪'ને પૂરેપૂરી ટ્રેડિશનલ રીતે માણી હતી. ઘાટકોપરની રાષ્ટ્રીય શાળા પટાંગણમાં સૂરિલા સ્વર ગૂંજી ઉઠયાં હતાં ત્યારે સમગ્ર વાતાવરણમાં ઉડતી ઉત્સાહ અને ઉમંગની છોળો વચ્ચે ગરબા અને દાંડિયા રાસ રમતાં રમતાં સેન્ટરની બહેનોએ નવરાત્રીનો આનંદ માણ્યો હતો. સાથોસાથ સ્વાદિષ્ટ વ્યંજનોનો સ્વાદ પણ મનભરીને માણ્યો હતો.

મંચના મહારથી કલાકારોના તાલબદ્ધ સંગીતના સથવારે 'જીલ આર્ટસ'ના ગાયક કલાકારો મનોજ કારાણી, રશ્મિ ભાનુશાલી અને રાજેશ ઠકકરના સૂરિલા સ્વરના સથવારે અંબે માતાની આરાધના કરતાં કરતાં સહુકોઈ ભાવથી ઝૂમતાં હતાં ત્યારે સમગ્ર વાતાવરણમાં અલૌકિક આનંદની અનુભૂતિનો અનેરો અનુભવ થતો હતો.

બીજી તરફ સેન્ટર તરફથી આયોજિત સ્પર્ધામાં સહભાગી બહેનોની રમતની અવનવી સ્ટાઈલ, સ્ટેપ્સ, પહેરવેશ, આભુષણો અને છટાદાર ઠુમકાંઓ ઉડીને આંખે વળગતાં હતાં. ખેલૈયાઓ તો ઝૂમતાં હતાં પણ સાથોસાથ પટાંગણમાં હાજર સમગ્ર મેદનીના હૈયાંઓ પણ હેલીએ ચઢયાં હતાં.

નિર્ણાયકો માટે સ્પર્ધકોમાંથી વિજેતાઓની પસંદગી કરવી એ પણ એક મીઠી મુંઝવણ બની ગઈ હતી. દરેકે દરેક સ્પર્ધક બહેનોએ આકર્ષક વેશભૂષા અને જોમદાર રીતે ઝૂમતાં ઝૂમતાં વાતાવરણમાં અનેરી ઊર્જા આણી દીધી હતી.

ઉત્તમ સાઉન્ડ સિસ્ટમ થકી જે કર્ણમધુર ગીત-સંગીત રેલાતું હતું તેના થકી સહુકોઈને મોજ પડી ગઈ હતી. જેજેસી લેડિઝ વિંગની કારોબારી કમિટીના આયોજનને મેમ્બર બહેનોએ ખૂબ વખાણ્યું હતું.


નિર્ણાયકો નમિતા ભરત ઠકકર, વૈશાલી રાસપુત્રા સંઘવી અને કોમ્પિયર પ્રશાંત ઠકકર સાથે જેજેસી લેડિઝ વિંગ મુંબઈ ઈસ્ટના પ્રમુખ ધનલક્ષ્મીબેન રમેશ મોરબિયા

### જેજેસી લેડિઝ વિંગ મુંબઈ ઈસ્ટના હોદ્દેદારો

| | |
|---|---|
| ધનલક્ષ્મી રમેશ મોરબિયા | – પ્રમુખ |
| વર્ષા હિતેશ ભેદા | – ઉપપ્રમુખ |
| સ્મિતા સુરેશ સાબદ્રા | – ખજાનચી |
| રશ્મિ નિસર | – સહ ખજાનચી |
| આરતી મુકેશ શાહ | – મંત્રી |
| સ્મિતા શાહ | – મંત્રી |
| કેતકી હર્ષદ શાહ | – કારોબારી સભ્ય |
| જયશ્રી નિશિથ શાહ | – કારોબારી સભ્ય |
| બિંદુ હેતલ મહેતા | – કારોબારી સભ્ય |
| ભદ્રા દિલીપ શાહ | – કારોબારી સભ્ય |


જેજેસી લેડિઝ વિંગ મુંબઈ ઈસ્ટના હોદ્દેદારો પણ મોજથી ઝૂમ્યાં બિંદુ હેતલ મહેતા, રશ્મિ મુકુંદ દોશી, ધનલક્ષ્મી રમેશ મોરબિયા, જયશ્રી નિશિથ શાહ, સરલા જયેન્દ્ર ભેદા, ચારૂ જયરાજ દેવાણી.

### વિજેતાઓ

જેજેસી ક્વિન – નિકિતા ગાંધી
બેસ્ટ ડ્રેસ – શિલ્પા શેઠિયા અને નિકિતા એમ. દોશી
બેસ્ટ સિનીયર સિટિઝન ડ્રેસ – જાગૃતિ મહેતા
બેસ્ટ સિનીયર સિટિઝન ડાન્સર – કલ્પના ગોસલિયા
બેસ્ટ ડાન્સર + ડ્રેસ – બિન્દુ મહેતા



← વિડિયો / ફોટોગ્રાફી
સંજય પટવા
જૈન ટી. વી.

- ડેકોરેટર :- કોઠારી ડેકોરેટસ
- કેન્ટિન :- બાલાજી ફૂડસ

# કાશ્મીરના ગુલમર્ગમાં પહેલી બરફવર્ષા નોંધાઈઃ મોસમમાં ઓચિંતા ફેરફારથી સહેલાણીઓ ખુશ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ જાણીતા હિલ સ્ટેશન ગુલમર્ગમાં હિમવર્ષા થઈ છે અને રાત સુધી ઉપરના વિસ્તારોમાં બે-ત્રણ ઈંચ હિમ જમા થયો હતો. સુદૂર ગુરેજ ઘાટીને બાંદીપોરા સાથે જોડનારા મુખ્ય માર્ગ રાજદાન દર્રે પર પણ પહેલી હિમવર્ષા થઈ છે. ગુલમર્ગની સાથે ઊંચાઈ પર આવેલા સિંથન ટોપમાં પણ તાજી હિમવર્ષા થઈ છે. આને લીધે કાશ્મીરમાં ઠંડીનું મોજું ફેલાયું છે.

મોસમમાં ઓચિંતા આવેલા ફેરફારને લીધે તાપમાનમાં ઘટાડો થયો છે. રાત ખાસ કરીને ઠંડી થઈ ગઈ છે અને પહાડી વિસ્તારોમાં શરદ ઋતુ ઠંડીમાં ફેરવી છે. ગુલમર્ગની હોટેલના માલિક બશીર અહમદે ફોન પર માહિતી આપી કે રાત્રે પહાડોમાં હલકી હિમવર્ષા થઈ હતી. ઉષ્ણતામાન એટલું નીચુ ંજતું રહ્યું કે જાણે શિયાળાનો મધ્ય ભાગ આવી ગયો હોય..

આ હિમવર્ષા જોઈને ગુલમર્ગ આવેલા સહેલાણીઓ ખુશ થઈ ગયા છે. આ સહેલાણીઓને શરદ ઋતુ માણવાની આશા રાખી હતી, પરંતુ બરફની સફેદ ચાદર જોઈને તેઓ ખુશ થયા છે. દિલ્હીથી આવેલી પર્યટક આયશાએ કહ્યું હતું કે આ હિમવર્ષા જોવી એ લહાવો છે. આ જાદુ લાગે છે.

એક પહાડી ખીણ સિંથન ટોપમાં પણ ભારે હિમવર્ષા થઈ હતી. આને લીધે સહેલાણીઓમાં ઉત્સાહ વધ્યો છે તો સ્થાનિક રહેવાસીઓ ઠંડીમાં પડનારી હાડમારી માટે સજ્જ થઈ રહ્યા છે.

જમ્મુ અને કાશ્મીરમાં ગુરેજ ઘાટીને બાંદીપોરા સાથે જોડનારો મુખ્ય રસ્તો અને રાજદાન ખીણમાં મોસમની પહેલી હિમવર્ષા થઈ છે. ૧૧,૬૦૦ ફૂટની ઊંચાઈએ આવેલી આ ખીણ તાજા બરફથી ઢંકાઈ ગઈ છે. આ પહાડી વિસ્તારમાં ઠંડીની શરૂઆતનો સંકેત આપે છે.

શીત ઋતુની શરૂઆતમાં થયેલા વરસાદ છતાં અધિકારીઓએ દાવો કર્યો હતો કે બાંડીપોરા-ગુરેજ માર્ગ વાહનોની અવરજવર માટે ખુલ્લો છે. અંકુશરેખાની નજીકના ગુરેજ માટે ઠંડી સિવાયના મહિનાઓમાં આવશ્યક વસ્તુઓ લાવવા અને યાત્રા માટે આ રોડ ઘણો મહત્ત્વનો છે.

માર્ગ પર અધિકારીઓ નજર રાખી રહ્યા છે. તેમનું કહેવું છે આ માર્ગ પર યાત્રીઓ હજી સલામત રીતે અવરજવર કરી શકે છે. ગુરેજના રહેવાસીઓએ વિસ્મય અને ચિંતા સાથે હિમવર્ષાનું સ્વાગત કર્યું છે.

લોકો આગામી મહિનાઓમાં આવનારા પડકારો માટે સાવધાન છે. સ્થાનિક દુકાનદાર ગુલામ કાદીરે કહ્યું કે પહેલી હિમવર્ષા હંમેશાં સુંદર હોય છે, પરંતુ અમે જાણીએ છીએ કે આને લીધે રોડ બંધ થઈને અમે વિખૂટા પડી શકીએ.

અમને આશા છે કે અધિકારીઓ રોડ સાફ રાખશે. અધિકારીઓએ યાત્રીઓને મોસમની અને રોડની છેલ્લામાં છેલ્લી સ્થિતિની જાણકારી રાખવાની સલાહ આપી છે. ■



**હિમવર્ષાઃ** ગુલમર્ગમાં રવિવારે થયેલી સૌપ્રથમ હિમવર્ષાનો આનંદ માણતા પર્યટકો. (પીટીઆઇ)



**મદદઃ** યુદ્ધગ્રસ્ત ગાઝા પટ્ટીના ગાઝા શહેરમાં પેલેસ્ટાઇનના લોકોને સહાય કરવા વિમાનમાંથી પેરેશૂટ સાથે ફેંકાયેલું ભોજન, દવા અને અન્ય જીવનાવશ્યક ચીજો. (એપી / પીટીઆઇ)

## ઉત્તર પ્રદેશ વિધાનસભાની પેટાચૂંટણીમાં વિપક્ષો-ભાજપની થનારી બળાબળની સ્પર્ધા

લખનઊઃ ઉત્તર પ્રદેશ વિધાનસભાની દસ બેઠક માટે યોજાનારી પેટાચૂંટણીમાં વિપક્ષોની યુતિ અને ભાજપ વચ્ચે બળાબળની સ્પર્ધા થવાની છે.

અગાઉ, લોકસભાની ચૂંટણીમાં વિપક્ષોએ ભેગા થઇને ઉત્તર પ્રદેશમાં ભાજપને વધુ બેઠક જીતતા રોક્યો હતો, પરંતુ આ વખતે પેટાચૂંટણી માટે વિપક્ષો, ખાસ કરીને કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી (સપ) વચ્ચે હજી સુધી બેઠકોની વહેંચણીને મુદ્દે સમજૂતી નથી થઇ.

કોંગ્રેસ દસમાંથી ઓછામાં ઓછી પાંચ બેઠક પર પોતાના ઉમેદવારો ઊભા રાખવા માગે છે, પણ તેણે બધા (દસ) મતવિસ્તારમાં 'સંવિધાન બચાઓ સંમેલન'નું આયોજન કર્યું છે.

દસમાંથી નવ બેઠક પરના વિધાનસભ્યો લોકસભાની ચૂંટણી જીતીને સાંસદ બનતા ત્યાં પેટાચૂંટણી યોજાવાની છે, જ્યારે સીસામાઉ બેઠક પરના વિધાનસભ્ય સમાજવાદી પાર્ટીના ઇરફાન સોલંકી ફોજદારી કેસમાં દોષી ઠરતા તેમની બેઠક પર પણ પેટાચૂંટણી યોજાવાની છે.

ઉત્તર પ્રદેશની કટેહરિ (આંબેડકરનગર), કરહલ (મૈનપુરી), મિલ્કીપુર (અયોધ્યા), મીરાંપુર (મુઝફ્ફરનગર), ગાઝિયાબાદ, મઝવાં (મીરઝાપુર), સીશામાઉ (કાનપુર શહેર), ખૈર (અલીગઢ), ફુલપુર (પ્રયાગરાજ) અને કુંદરકી (મુરાદાબાદ)માં પેટાચૂંટણી યોજાવાની છે.

અગાઉ, ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં સીશામાઉ, કટેહરિ, કરહલ, મિલ્કીપુર અને કુંદરકીની બેઠક સમાજવાદી પાર્ટીના ઉમેદવારે જીતી હતી. (એજન્સી) ■

## પાકિસ્તાન સરકારે પશ્તુન જાતિના રાજકીય પક્ષ પર મૂક્યો પ્રતિબંધ

ઇસ્લામાબાદઃ પાકિસ્તાન સરકારે રવિવારે પશ્તુન જાતિના એક રાજકીય પક્ષ પર પ્રતિબંધ મુક્યો હતો. પાકિસ્તાન સરકારે તેને દેશની સુરક્ષા માટે ખતરો ગણાવ્યો હતો. પશ્તુન તહફુઝ મૂવમેન્ટ (પીટીએમ) અશાંત ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના આદિવાસી પ્રદેશમાં સક્રિય હતો અને આ રાજકીય પક્ષ ઘણી વખત દેશનાં સશસ્ત્ર દળોની ટીકા કરતો હતો.

ગૃહ મંત્રાલયે ૧૯૯૭ના આતંકવાદ વિરોધી અધિનિયમની કલમ ૧૧બી હેઠળ આંદોલનને ''ગેરકાયદેસર'' જાહેર કરતા એક નોટિફિકેશન જાહેર કર્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે પીટીએમ દેશમાં જાહેર વ્યવસ્થા અને સલામતી માટે ''નોંધપાત્ર ખતરો'' છે. મંઝૂર પશ્તીનના નેતૃત્વમાં આ જૂથ કેટલાંક વર્ષોથી સક્રિય હતું, તેનું નેતૃત્વ અફઘાન સરહદ સાથેના આદિવાસી પ્રદેશની સમસ્યાઓ માટે સશસ્ત્ર દળોને દોષિત ઠેરવે છે.

પીટીએમની શરૂઆત મે ૨૦૧૪માં મહસૂદ તહફુઝ મુવેમેન્ટના રૂપમાં કરી હતી. વિદ્યાર્થીઓના એક જૂથે વઝિરિસ્તાન અને આદિવાસી પ્રદેશના અન્ય ભાગોમાંથી લેન્ડમાઈન્સને દૂર કરવાની પહેલ તરીકે તેની સ્થાપના કરી હતી. આ જૂથ જાન્યુઆરી ૨૦૧૮માં પીટીએમ તરીકે જાણીતું બન્યું હતું. આ જૂથને નકલી એન્કાઉન્ટરમાં કથિત રીતે પોલીસ દ્વારા કરાચીમાં માર્યા ગયેલા પશ્તુન નકીબુલ્લાહ મહસૂદ માટે ન્યાય મેળવવાની માગને લઇને લોકપ્રિયતા મળી હતી. પાકિસ્તાનના અધિકારીઓએ આરોપ લગાવ્યો હતો કે આ જૂથ અંદરથી અને વિદેશથી ખાસ કરીને અફઘાનિસ્તાનમાં કાર્યરત રાજ્ય વિરોધી તત્ત્વોના ઇશારે કામ કરી રહ્યું છે. જોકે, પીટીએમે હંમેશાં આવા આરોપોને ફગાવી દીધા હતા. ■

## હવે ફ્લોરિડા પર વધુ એક ચક્રવાતી તોફાન ત્રાટકવાનો ખતરો

મિયામી : મેક્સિકોના અખાતમાં ઉષ્ણકટીબંધીય તોફાન મજબૂત બની ગયું છે અને હવામાન ખાતાએ ચેતવણી આપી છે કે આ ચક્રવાતમાં ફેરવાઈને આ અઠવાડિયાના અંતમાં ફ્લોરિડા પર ત્રાટકશે. હાલમાં મિલટન મેક્સિકોના પ્રોગ્રેસોના પશ્ચિમ-વાયવ્યે ૩૬૫ માઈલ (૫૮૫ કિલોમીટર) અને ફ્લોરિડાના ટામ્પાથી પશ્ચિમ-અગ્નિ દિશાએ ૮૫૫ માઈલ (૧૩૭૫ કિલોમીટર) દૂર છે. તેની મહત્તમ ઝડપ એક કલાકદીઠ ૪૫ માઈલ (એક કલાક્દીઠ ૭૫ કિલોમીટર)ની છે તે ઉત્તર-ઈશાન દિશામાં આગળ વધી રહ્યું છે. મિયામીના નેશનલ હરિકેન સેન્ટરે કહ્યું હતું કે મિલટન ધીમે આગળ વધી રહ્યું છે અને એ ઝડપથી શક્તિશાળી બનશે. ફ્લોરિડાના પશ્ચિમ સમુદ્રતટે આને લીધે જીવનને ભયમાં મૂકે એવી અસરો પડી શકે.

ફ્લોરિડાના ગવર્નર રોન ડીસેન્ટિસે રાજ્યની ૩૫ કાઉન્ટીમાં કટોકટી જાહેર કરી છે. ચક્રવાત ફ્લોરિડામાં ટકરાય એવું જોખમ છે. મોટા ભાગની કાઉન્ટી હજી ચક્રવાત હેલેનની અસરમાંથી બહાર આવી રહી છે . ગવર્નરે ફ્લોરિડા ડિવિઝન ઑફ ઈમરજન્સી અને ફ્લોરિડાના પરિવહન મંત્રાલયને બધા સંસાધનોનું સંકલન કરવાનો અને સ્થાનિક લોકોને મદદ કરવા સાબદા રહેવાની સૂચના આપી છે. સમુદ્રમાં કોઈ ખાસ નજર રાખવામાં નહીં આવે, પરંતુ ફ્લોરિડા પેનિનસુલા, ફ્લોરિડા કીઝ, મેકિસકો યુકાટન પેનિનસુલા અને વાયવ્યના બહામાસે સિસ્ટમ પર ચાંપતી નજર રાખવી જોઈએ. ઉષ્ણકટીબંધીય તોફાન મજબૂત બનીને રવિવારે ફ્લોરિડામાં જીવનને સંકટમાં નાખનારો ખતરો ઊભો કરશે. રાજ્યના અમુક વિસ્તારોમાં રવિવારથી ભારે વરસાદ પડશે અને આને લીધે નદીમાં પૂર અને ઓચિંતો જળબંબાકાર થઈ શકે,

સેન્ટરે કહ્યું હતું કે તોફન વધુ મજબૂત બનવાનો ભય છે. અને આને લીધે મંગળવારે કે બુધવારે ફ્લોરિડાના પેનિનસુલાના પશ્ચિમના તટે જીવન સામે ભય છે. રહેવાસીઓએ હરિકેનમાંથી કેવી રીતે બચવું તેની યોજના ઘડી કાઢવી. સ્થાનિક અધિકારીઓની સલાહ માનવી. દરમિયાન ચક્રવાત કિર્ક ચોથી કેટેગરીનું રહ્યું હતું. તે અજોરેસના પશ્ચિમ -નૈઋત્યે ૧૩૪૫ દૂર છે. તેની પવનની ઝડપ શનિવારે રાત્રે એક કલાકદીઠ ૧૧૫ માઈલ હતી. (એજન્સી) ■

## ભગવાન રામની ભૂમિકા નિભાવનારા વ્યક્તિને આવ્યો હાર્ટએટેક, થયું મોત

નવી દિલ્હીઃ દિલ્હીમાં શાહદરાના વિશ્વકર્મા નગરમાં રામલીલા દરમિયાન ભગવાન રામની ભૂમિકા ભજવતી વખતે સ્ટેજ પર હાર્ટ અટેક આવતા ૫૬ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું. પોલીસે રવિવારે આ જાણકારી આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે મૃતકની ઓળખ સુનીલ કૌશિક તરીકે થઈ છે, જે વ્યવસાયે પ્રોપર્ટી ડીલર હતો. સુનીલના પરિવારના સભ્ય રાહુલ કૌશિકે પીટીઆઈને જણાવ્યું કે સુનીલ 'જય શ્રી રામલીલા સમિતિ' સાથે સંકળાયેલો હતો અને તેનો સભ્ય હતો.

રાહુલે કહ્યું હતું કે સુનીલ લાંબા સમયથી ભગવાન શ્રી રામની ભૂમિકા ભજવી રહ્યો હતો અને તે ગાતો પણ હતો. તેણે કહ્યું હતું કે સુનીલ સીતાના સ્વયંવરનું દ્રશ્ય ભજવી રહ્યો હતો, જેમાં તેને ધનુષ તોડવાનું હતું પરંતુ તેને અચાનક છાતીમાં દુખાવો થયો અને સ્ટેજ પાછળ જતો રહ્યો હતો. ત્યાં હાજર તેની પત્ની અને પુત્ર તેને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા જ્યાં તેને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો હતો.

રાહુલે જણાવ્યું કે એક કલાક પછી સુનીલને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. દિલ્હીના આરોગ્ય પ્રધાન સૌરભ ભારદ્વાજે કહ્યું કે સુનીલનું મૃત્યુ કોવિડ-૧૯ રસી સાથે સંબંધિત હોઈ શકે છે.

ભારદ્વાજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે એ ચર્ચા સામાન્ય છે કે કોરોનાના બચાવ માટે લગાવવામાં આવેલી રસી બાદ ભારતમાં આ પ્રકારના કેસ સતત વધી રહ્યા છે જેમાં યુવાનોને હાર્ટ અટેક આવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો પણ વાઇરલ થયો છે જેમાં જોવા મળી રહ્યું છે કે સુનીલ અસ્વસ્થતા અનુભવ્યા બાદ સ્ટેજની પાછળ ચાલ્યો ગયો હતો. ■

## લાહોરમાં ઈમરાન ખાનની પાર્ટીના ૩૦થી વધુ સમર્થકોની ધરપકડ

લાહોરઃ જેલમાં બંધ પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ (પીટીઆઇ) પાર્ટીના વકીલો સહિત ૩૦થી વધુ સમર્થકોની ધરપકડ કરવામાં આવી છે. તેઓ તેમના નેતાની મુક્તિની માગને લઇને શનિવારે મોડી રાત્રે ઐતિહાસિક મિનાર-એ-પાકિસ્તાન સંકુલ ખાતે પહોંચ્યા હતા. આ જાણકારી પોલીસે રવિવારે આપી હતી.

લાહોર પોલીસના જણાવ્યા અનુસાર તેમણે ખાન સહિત ૨૦૦થી વધુ પીટીઆઇ નેતાઓ અને કાર્યકરો વિરુદ્ધ આતંકવાદના આરોપો હેઠળ કેસ નોંધ્યો છે. પીટીઆઇના વિરોધને નિષ્ફળ બનાવવા માટે શનિવારે લાહોરના વિવિધ ભાગોમાં સેંકડો કન્ટેનર મૂકવામાં આવ્યા હતા. પોલીસે શાસક શરીફ પરિવારના જાતી ઉમરા રાયવિંડ લાહોર આવાસ તરફ જતા તમામ રસ્તાઓ પણ બંધ કરી દીધા હતા. સરકારે લાહોરમાં રેન્જર્સ પણ તૈનાત કર્યા હતા.

મિનાર-એ-પાકિસ્તાન સ્થળની આસપાસ કર્ફ્યુ જેવી સ્થિતિ જોવા મળી હતી, જે સામાન્ય લોકો માટે અનિશ્ચિત સમય માટે બંધ છે. જો કે પીટીઆઇના કેટલાક કાર્યકરો અને વકીલો શનિવારે મોડી રાત્રે વિરોધ સ્થળ પર પહોંચવામાં સફળ રહ્યા હતા અને જેલમાં બંધ તેમના નેતા માટે નારા લગાવ્યા હતા. પોલીસે દેખાવકારોની ધરપકડ કરી હતી.

પંજાબ પોલીસના પ્રવક્તાના જણાવ્યા અનુસાર પોલીસે ૩૦થી વધુ પીટીઆઇ કાર્યકરોની ધરપકડ કરી છે અને ઇમરાન ખાન સહિત ૨૦૦થી વધુ પીટીઆઇ કાર્યકરો અને નેતાઓ વિરુદ્ધ આતંકવાદ અને અન્ય આરોપો હેઠળ કેસ નોંધ્યા છે. ■

## વિદેશમંત્રી જયશંકરની પાકિસ્તાન યાત્રા એક 'સકારાત્મક ઘટના': પાકિસ્તાનના વિદેશમંત્રી

લાહોરઃ પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ પ્રધાન ખુર્શીદ મહમૂદ કસુરીએ ભારતના વિદેશ પ્રધાન એસ.જયશંકરની ઇસ્લામાબાદની આગામી મુલાકાતને ''સકારાત્મક ઘટનાક્રમ'' ગણાવી હતી અને કહ્યું હતું કે તેનાથી બન્ને પાડોશીઓ વચ્ચેના તણાવને ઓછો કરવામાં મદદ મળી શકે છે.

ભારતે શુક્રવારે જાહેરાત કરી હતી કે જયશંકર ઇસ્લામાબાદમાં ૧૫ અને ૧૬ ઓક્ટોબરે યોજાનારી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) સમિટમાં ભાગ લેવા માટે પાકિસ્તાનના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. જો કે, જયશંકરે પાકિસ્તાનની મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય વાટાઘાટોની શક્યતાને નકારી કાઢી હતી.

પાકિસ્તાનના ન્યૂઝપેપર ડોન'એ કસુરીને ટાંકીને કહ્યું હતું કે ''જયશંકરની મુલાકાત બહુપક્ષીય પ્રકૃતિની છે, તેમ છતાં તે બે પાડોશી દેશો વચ્ચે તણાવ ઓછો કરવામાં મદદ કરી શકે છે. જનરલ પરવેઝ મુશર્રફના શાસન દરમિયાન ૨૦૦૨ થી ૨૦૦૭ સુધી પાકિસ્તાનના વિદેશ પ્રધાન રહેલા કસુરીએ કહ્યું કે બંને દેશોએ આ તકનો લાભ ઉઠાવવો જોઈએ. વાતચીત ફરી શરૂ કરવા માટે લોકો વચ્ચે સંપર્ક ફરીથી સ્થાપિત કરવામાં મદદ મળશે અને માર્ગ, રેલ અને હવાઈ સંપર્ક ફરીથી શરૂ કરવાનો માર્ગ મોકળો થઈ શકે છે.

કસુરીએ સૂચન કર્યું હતુ કે પશ્ચિમ એશિયામાં ભારે તણાવના સમયે જ્યાં ઇઝરાયલ ગાઝા અને લેબેનોનના લોકોને નિશાન બનાવી રહ્યું હતું, ત્યારે પાકિસ્તાન અને ભારતને તણાવ ઓછો કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી શકે છે. ભૂતકાળમાં બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ સમયે યુએઈના રાજદૂતે ભૂમિકા ભજવવાનો દાવો કર્યો હતો.

બંને દેશો પરમાણુ શક્તિઓ છે અને તેમની પાસે મજબૂત સેના છે તેથી તે તેમના પરસ્પર હિતમાં હતું. આવી સ્થિતિમાં પાકિસ્તાન અને ભારત બંનેએ જવાબદારીપૂર્વક અને વ્યાજબી રીતે કાર્ય કરવાની જરૂર છે. આ એક નિર્ણાયક ક્ષણ છે જેમાં પ્રાદેશિક સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે વિચારશીલ પગલાંની જરૂર છે.

કસુરીએ કહ્યું કે બંને દેશો વચ્ચેના તણાવને જોતા ભારત અન્ય પ્રતિનિધિમંડળ મોકલી શક્યું હોત પરંતુ તેમ ન થયું. તેમણે કહ્યું કે પાકિસ્તાન-ભારતના સંબંધો અણધાર્યા હતા અને ભૂતકાળમાં ઘણા પ્રસંગોએ બન્યું હોય તેમ તેઓ અણધાર્યા વળાંક લઈ શકે છે.

નોંધનીય છે કે પુલવામા આતંકવાદી હુમલાના જવાબમાં ફેબ્રુઆરી ૨૦૧૯માં ભારતના ફાઇટર જેટ્સે પાકિસ્તાનના બાલાકોટમાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી કેમ્પ પર હુમલો કર્યા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો વણસ્યા હતા. ■

## અંતરિક્ષમાં ભયાનક વાવાઝોડાની ચેતવણી

નવી દિલ્હીઃ અવકાશમાં એક મોટું તોફાન આવવાનું છે. અમેરિકન વૈજ્ઞાનિકોએ ચેતવણી જારી કરી છે કે આ મોટું સૌર વાવાઝોડું પૃથ્વી પર ત્રાટકશે. આવી સ્થિતિમાં ભારત પર તેની કેટલી અસર થશે તે સમજવાની જરૂર છે.

સૌથી પહેલા તો સૌર વાવાઝોડું શું છે એ સમજીએ. સૌર વાવાઝોડું એટલે સૂર્યના કારણે સૂર્યમંડળમાં કણો, ઊર્જા, ચુંબકીય ક્ષેત્રો અને સામગ્રીનો અચાનક વિસ્ફોટ છે. સૂર્યની સપાટી પર અનેક વિસ્ફોટો થતા રહે છે. ક્યારેક તેઓ અત્યંત તેજસ્વી પ્રકાશ સાથે પુષ્કળ ઊર્જા છોડે છે. આ વિસ્ફોટોથી સૂર્યની સપાટી પરથી મોટી માત્રામાં ચુંબકીય ઊર્જા બહાર આવે છે. જે જ્વાળાઓ જેવી દેખાય છે. જો આ અમર્યાદિત ઊર્જા ઘણા દિવસો સુધી મુક્ત થતી રહે, તો તેમાંથી ખૂબ જ નાના પણ જબરદસ્ત ન્યુક્લિયર રેડિયેશન ધરાવતા ન્યુક્લિયર કણો બહાર ફેંકાય છે, જે સમગ્ર બ્રહ્માંડમાં ફેલાય છે. આને સૌર વાવાઝોડું કહેવાય છે.

નાસાના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આનાથી ઈલેક્ટ્રોનિક કમ્યુનિકેશન પર અસર થઈ શકે છે. સૌર તોફાન એ સૂર્યના કારણે સૂર્યમંડળમાં થતા કણો, ઊર્જા, ચુંબકીય ક્ષેત્રો અને સામગ્રીનો અચાનક વિસ્ફોટ છે.

એક રિપોર્ટ અનુસાર આવનારા સૌર વાવાઝોડાને કારણે ટેલિકોમ્યુનિકેશન અને સેટેલાઇટમાં વિક્ષેપ પડી શકે છે. ભારતીય વૈજ્ઞાનિકો આના પર નજર રાખી રહ્યા છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના નિષ્ણાતોએ કહ્યું કે તેઓએ ભારતીય સેટેલાઈટ ઓપરેટરોને તમામ સાવચેતી રાખવા માટે જાણ કરી છે. આગામી થોડા દિવસો પૃથ્વી માટે ઘણા મહત્ત્વના છે કારણ કે સૌર વાવાઝોડું પૃથ્વી તરફ આગળ વધી રહ્યું છે. વૈજ્ઞાનિકો સૌર વાવાઝોડાની શક્યતાને ધ્યાનમાં રાખીને મેગ્નેટોસ્ફિયર પર પણ નજર રાખી રહ્યા છે. જેમ જેમ સૌર વાવાઝોડું પૃથ્વીની નજીક આવશે તેમ તેમ રેડિયો બ્લેકઆઉટ, પાવર આઉટેજ જેવી અસરો અનુભવી શકાય છે.

વૈજ્ઞાનિકોએ એમ પણ જણાવ્યું હતું કે, સૌર વાવાઝોડું પૃથ્વી પર કોઈને સીધું નુકસાન પહોંચાડતું નથી, કારણ કે પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર અને વાતાવરણ આપણને આ સૌથી ખરાબ તોફાનોથી રક્ષણ આપે છે. ■

## હવે વંદે ભારતમાં જઈ શકશો દિલ્હીથી સીધા શ્રીનગર, વાયા વૈષ્ણોદેવી

નવી દિલ્હીઃ વંદે ભારત સ્લીપર ટ્રેનની સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૫માં વંદે ભારત સ્લીપર ટ્રેન શરૂ થશે. વંદે ભારત ટ્રેન હવે રાજધાની દિલ્હીથી જમ્મુ-કાશ્મીર સુધી દોડાવવામાં આવશે. રિપોર્ટ અનુસાર રેલવે દિલ્હીથી શ્રીનગર વચ્ચે એક ટ્રેન દોડાવવાની તૈયારી કરી રહી છે. હાલમાં આ બન્ને સ્ટેશન વચ્ચે ટ્રેન દોડશે અને પછી તેને બારામુલ્લા સુધી વિસ્તારીત કરવામાં આવશે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

આ રૂટના સંચાલનની જવાબદારી ઉત્તર ઝોનની રહેશે. ૮૦૦ કિમીનો પ્રવાસ પ્રવાસીઓ લગભગ ૧૩ કલાકમાં કરી શકશે. આ ટ્રેન દિલ્હીથી સાંજે ૭ વાગ્યે પ્રસ્થાન કરશે અને શ્રીનગર સવારે ૮ વાગ્યે પહોંચશે.

આ ટ્રેનમાં થ્રી ટાયર એસી, ટુ ટાયર એસી અને ૧ ટાયર એસી એમ ત્રણ કેટેગરી રહેશે અને તેનું ભાડું અનુક્રમે રૂ. ૨૦૦૦, ૨,૫૦૦ અને ૩૦૦૦ રહેશે. રાજધાની સહિત દેશના વિવિધ ભાગોમાંથી જમ્મુ-કાશ્મીરને જોડતી સુવિધાઓ ઊભી કરવાની માગણી થઈ રહી છે. રેલવે તેને ધ્યાનમાં રાખી નવા રૂટ શરૂ કરી રહી છે.

આ ટ્રેન અંબાલા, લુધિયાના, કઠુઆ, જમ્મુ તાવી, માતા વૈષ્ણો દેવી, સંગલદાન, બનિહાલ થઈ શ્રીનગર જશે. વૈષ્ણોદેવી જવા માગતા હજારો ભાવિકોને પણ એક વધારે રેલવે કનેક્ટિવિટી મળશે. ■


## હિંદુઓ સતત સંવાદના માધ્યમથી સુમેળમાં રહે છેઃ સંઘ વડા

કોટાઃ ભારત એક હિન્દુ રાષ્ટ્ર છે અને હિંદુઓ સતત સંવાદ દ્વારા સુમેળમાં રહે છે, એમ આરએસએસના વડા મોહન ભાગવતે જણાવ્યું હતું. તેમ જ તેમણે સમાજને તમામ મતભેદો સમાપ્ત કરી પોતાની સુરક્ષા માટે એક થવાનું આહ્વાન કર્યું હતું.

રાજસ્થાનના બારનમાં શનિવારે સાંજે સ્વયંસેવક એકીકરણ કાર્યક્રમને સંબોધતા ભાગવતે કહ્યું કે અમે પ્રાચીન સમયથી અહીં રહીએ છીએ, ભલે હિંદુ શબ્દ પછીથી આવ્યો હોય. હિંદુઓ દરેકને અપનાવે છે. તેઓ સતત સંવાદના માધ્યમથી સુમેળમાં રહે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડાએ ભારપૂર્વક જણાવ્યું કે હિંદુ સમાજે ભાષા, જાતિ અને પ્રાદેશિક વિવાદોમાં મતભેદોને સમાપ્ત કરીને પોતાની સુરક્ષા માટે એક થવું જોઇએ.

ભાગવતે કહ્યું કે આરએસએસની કામગીરી યાંત્રિક નથી, પરંતુ વિચાર આધારિત છે. તે એક અનોખી સંસ્થા છે, જેનાં મૂલ્યો જૂથના નેતાઓથી લઇને સ્વયંસેવકો, તેમના પરિવારો અને મોટાભાગે સમાજ સુધી વિસ્તરે છે. સ્વયંસેવકોને સમુદાયો વચ્ચે વ્યાપક સંપર્ક જાળવવા વિનંતી કરતાં સંઘ વડાએ કહ્યું કે સમાજને સશક્ત બનાવીને સમુદાયની ખામીઓને દૂર કરવાના પ્રયાસ થવા જોઇએ. ■

# ધર્મતેજ






## મનન

## શક્તિ છે એટલે જ બધું સંભવ છે

હેમંત વાળા
feedback@bombaysamachar.com



જીવન શક્તિને આધારે છે. જીવન શક્તિથી ટકી રહ્યું છે. જીવન શક્તિને કારણે અસ્તિત્વમાં આવે છે. શક્તિ જીવનનો પર્યાય છે. જે કંઈ સૃષ્ટિમાં થઈ રહ્યું છે તેના મૂળમાં શક્તિ છે. આ શક્તિની ઉપાસનાનું પર્વ એટલે નવરાત્રી. આ પર્વમાં શક્તિનું મહત્વ સમજવાનું હોય અને તે સમજ્યા પછી શક્તિની આરાધના કરવાની. નવરાત્રીમાં શક્તિને ભાવનાથી તરબોળ કરી દેવાનું હોય જેને પરિણામે તે માતા ભક્તજનોને પ્રેમથી તરબોળ કરી દે. આ પર્વમાં શક્તિ માટે સંપૂર્ણ સમર્પિતતાનો ભાવ માણવાનો છે જેના પ્રતિભાવ સ્વરૂપે માતા કરુણાનો ભાવ સર્વત્ર ફેલાવી દે. નવરાત્રીમાં કળાના વિવિધ સ્વરૂપો સાથે શક્તિની – માતાની આરાધના કરવાની છે જેનાથી વિશ્વમાં આસુરી તત્વના નાશની સંભાવના વધી જાય. આ એક એવી તક છે કે જ્યારે વ્યક્તિ સૃષ્ટિના સમીકરણો સાથે એક રસ થઈ શકે. આ એક એવી સંભાવના છે કે જ્યારે વ્યક્તિ સૃષ્ટિના મૂળ પ્રેરક-તત્વનું સામીપ્ય અનુભવી શકે. કદાચ નવરાત્રી એકમાત્ર એવો તહેવાર છે કે જ્યારે દેવીની આરાધના થકી દેવને પણ પ્રસન્ન કરી શકાય. આ જ એક સમયગાળો છે કે જ્યારે સૃષ્ટિમાં સર્વત્ર લાલિત્ય સભર એકરાગતા પ્રસરી જાય. નવરાત્રીમાં ભક્તિ કરવી એ જ એક જીવનનો મોટો લહાવો ગણાય. સાંપ્રત સમયમાં તો, કેટલાક વ્યક્તિ-સમૂહ દ્વારા, નવરાત્રીને ચોક્કસ પ્રકારના મનોરંજન માટેની તક માત્ર તરીકે ગણવામાં આવે છે. આપણા સમાજે આપણી ધાર્મિક પરંપરાને કલુષિત કરી છે.

નવરાત્રીનું એક મહત્વનું અંગ સ્થાપના કરાયેલ ગરબાની આસપાસ ભક્તિ-યુક્ત, સામુહિક, નરમાશ ભરેલું, તાલબદ્ધ, સમાવેશીય, લાલિત્ય સભર સામાજિક નૃત્ય કરવું છે. આ મૃત્યુમાં પાંચ વર્ષની બાળાથી માંડીને સિત્તેર વર્ષના માજી પણ જોડાઈ શકે છે. અહીં સમગ્રતા છે અને સમગ્રતાથી ભક્તિમય માહોલ ઉભો થાય છે. નવરાત્રી એટલે આ પ્રકારના માહોલનું સેલિબ્રેશન – જેના કેન્દ્રમાં સૃષ્ટિના – આધ્યાત્માના પ્રતિનિધિ સમાન ગરબો હોય.

ગરબો બ્રહ્માંડનું પ્રતિક છે. તેના કેન્દ્રમાં ચૈતન્ય સ્વરૂપ દીવો પ્રગટાવાય છે. આ દીવો ગરબા સ્વરૂપ બ્રહ્માંડની અંદર તો પ્રકાશ ફેલાવે જ છે પણ સાથે સાથે તેમાં રહેલા છિદ્રો દ્વારા બ્રહ્માંડની પર પણ પ્રકાશ ફેલાવે છે. ચૈતન્યનું ચૈતન્ય પણ તે ગરબા સ્વરૂપ ઘટ સુધી જ સીમિત નથી. ચૈતન્ય ની – બ્રહ્મની અસીમિતતા દર્શાવવાનો આ સરસ પ્રયાસ છે.આમ તો બ્રહ્માંડના આકારની કોઈને ખબર નથી. પણ સામાન્ય તર્ક મુજબ એમ માની શકાય કે બ્રહ્માંડ ગોળાકાર હશે. આમ માનવા માટેનો તર્ક એ છે કે ચૈતન્ય સ્વરૂપ બિંદુ જો સમાન ભાવે, સમાન રીતે સર્વ દિશામાં પ્રસારે તો જે આકાર મળે તે ગોળાકાર હોય. અહીં એક પરિધિમાં આવેલ બાબતો કેન્દ્રથી સમાન અંતરે હોય છે. કેન્દ્રના સંદર્ભમાં અહીં પ્રત્યેક સમાન પરિસ્થિતિ સમાન અંતરે હોય. એક જ શ્રેણીના અસ્તિત્વમાં કોઈની સાથે સામીપ્ય નથી કે કોઇની સાથે અલગાવ નથી. કેન્દ્ર કોઈની સાથે તાદાત્મયતા સ્થપાતું નથી. વિશ્વમાં પ્રત્યેક સ્તરે ચૈતન્ય પ્રકૃતિના કોઈ પણ પરિમાણ સાથે ભેદભાવ રાખ્યા વગર અધ્યક્ષતા – કેન્દ્રતા જાળવી રાખે છે.

સનાતની સંસ્કૃતિમાં શાક્ત, વૈષ્ણવ અને શૈવ એમ ત્રણ પ્રકારની ભક્તિની પરંપરા છે. દરેકનું મહત્વ છે. દરેકનું મહત્વ ચોક્કસ સમયગાળામાં વધુ દ્રઢતાથી ઉભરે છે. અધિક માસમાં નારાયણની ઉપાસના વધુ ફળદાયી રહે તો શ્રાવણ માસમાં શિવજીની ઉપાસનાનું મહત્વ હોય. માતાજીની ઉપાસના માટે વર્ષમાં ચાર નવરાત્રી આવે છે. જેમાંથી બે ગુપ્ત નવરાત્રી કહેવાય છે જે સામાન્ય રીતે ગૃહસ્થ સમાજ માટે નથી એમ મનાય છે. તેથી ચૈત્ર મહિનામાં આવતી ચૈત્રી નવરાત્રી અને આસો મહિનામાં આવતી શારદીય નવરાત્રીનું મહત્વ સામાન્ય સમાજમાં વધુ છે. દેવી ભાગવત પુરાણ અનુસાર નવરાત્રીના સમયમાં મા દુર્ગા પૃથ્વી પર નિવાસ કરે છે તેથી તે સમયે કરેલી ઉપાસના ઝડપથી ફળ આપી શકે એમ માની શકાય. પંચાંગ અનુસાર દર વર્ષે આસો મહિનાની શુક્લ પક્ષની પ્રતિપદા તિથિથી નોમ સુધી શારદીય નવરાત્રી ઉજવવામાં આવે છે. આમ તો ચારે નવરાત્રીનું પોત પોતાનું મહત્વ છે પરંતુ શારદીય નવરાત્રી વર્ષના જે તબક્કામાં આવે છે, જે તહેવાર સમૂહની વચ્ચે આવે છે અને જે પ્રકારની સિદ્ધિની ઉપાસના માટે આવે છે તેને કારણે તેનું મહત્વ વધુ રહ્યું છે.

મહાદેવ શંકર ભોલેનાથ તરીકે ઓળખાય છે પરંતુ માતાજી તો મમતાના અવતાર સમાન છે. સામાન્ય વ્યવહારમાં પણ માતાનું સમર્પણ વધુ જણાય છે. માતાની કરુણા પણ પોતાના સંતાનો પ્રત્યય વધુ રહે છે. સંતાનોની ભૂલ માફ કરવાની તત્પરતા માથામાં વધુ જોવા મળે છે. કોઈપણ સંજોગોમાં સંતાનને પોતાના આંચલમાં સમાવી લેવા માતા સદા તત્પર હોય છે. એ માતાજી છે જે વાસ્તવમાં સંતાનનું પ્રાથમિક ઘડતર કરે છે. બાળકને વિશ્વનું અમૃત પીવડાવનાર માતા જ છે. માતા વિશે જેટલું કહી શકાય તેટલું ઓછું. દુન્યવી માતાનું જો આવું મહાત્મ્ય હોય તો વિશ્વમાતાની તો વાત જ શું કરવી. મા જગદંબાની કરુણાનો વ્યાપ સામાન્ય રીતે અનેક ગણો, અપાર રહેવાનો. આ જગત જનની માતાની ભક્તિ એટલે શ્રદ્ધાની ચરમસીમા, અને માતા પર શ્રદ્ધા એટલે ભક્તિની પૂર્ણતા.

મા જગદંબા અર્થાત શક્તિ સત્ય છે. શક્તિ સર્વત્ર છે. બ્રહ્માંડનું એવું એક પણ તત્વ નથી કે જે શક્તિના અનુસંધાન વિનાનું હોય. શક્તિ જન્મદાતા પણ છે, જન્મ પોષક પણ છે અને જન્મહારક પણ છે. શક્તિ એ અસ્તિત્વનું કારણ છે અને સાથે સાથે પરિણામ પણ છે. શક્તિથી જ બધું જ ચલિત થાય છે અને શક્તિ વડે જ એ ચલિતતા રોકાય છે. બ્રહ્માંડની એવી એક પણ ઘટના નથી કે જેના મૂળમાં શક્તિ ન હોય. શક્તિ જ સર્જે છે અને શક્તિ જ સંહારે છે. શક્તિ આપણી અંદર પણ છે અને તેટલી જ બહાર પણ. આપણા અસ્તિત્વનું મૂળ જ શક્તિ આધારિત છે અને તેવી રીતે સમગ્ર બ્રહ્માંડનો આધાર પણ તે શક્તિ જ છે. જાતને અથવા બ્રહ્માંડને સમજવાં હોય તો તે શક્તિના શરણે જવું પડે – તે શક્તિની આરાધના કરવી પડે – તે શક્તિ તરફ ગતિ કરવી પડે.

શક્તિ ક્યાંક ચૈતન્યમાં એકરૂપ થઈ પ્રલય કાળે શૂન્યતાને પામે છે અને ફરીથી સર્જનકાળે વિભાજિત થઈ સર્જન લીલામાં પ્રવૃત્તિ થાય છે. શક્તિ અનેક રૂપો ધારણ કરે છે અને છતાં પણ તે એકતાના પ્રતિક સમાન છે. બ્રહ્માંડમાં જે કંઈ વિવિધતા ભાસે છે તેના મૂળમાં શક્તિ અર્થાત પ્રકૃતિના ગુણધર્મો છે. લીલા તથા પ્રપંચના ભાગરૂપે શક્તિ જ આ પ્રકૃતિ વિવિધ પ્રકારની ઘટનાઓમાં વિભાજિત થયેલી ભાસે છે પણ અંતે તો તે એક જ તત્વની વિવિધ અવધારણા સમાન છે. શક્તિ છે તો બધું જ છે – બધી જ વિવિધતા છે – બધા જ ભાવ છે – બધી જ અનુભૂતિ છે, બધી જ સંભાવનાઓ છે. ■

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com

# આજના સમયમાં મન લાગે કે ન લાગે, હરિનામ જપતા રહો, એક દિવસ એ તેની પાસે પહોંચાડશે

*બંદઉં નામ રામ રઘુબર કો, હેતુ કૃસાનુ ભાનુ હિમકર કો,*
*બિધિ હરિ હરમય બેદ પ્રાન સો, અગુન અનૂપમ ગુન નિધાન સો.*

રઘુવરના અનેક નામ છેઃ એને કોઈ રાઘવ કહે, કોઈ રાઘવેન્દ્ર કહે, તુલસીજી કહે એ નામોને મારા પ્રણામ છે. પણ જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમય છે, વેદનો જે પ્રાણ છે, ઓમકાર સ્વરૂપ છે... એ રામતત્ત્વ- એ રામનામની વંદના કરતાં ગોસ્વામીજીએ નામ મહિમાનું મોટું પ્રકરણ લખ્યું છે. તુલસીજીએ એમ કહ્યું કે સતયુગમાં માણસ ધ્યાનથી પરમાત્માને જલ્દી પામતો હતો, ત્રેતાયુગમાં એ જ ઈશ્વરને પામવા માટે યજ્ઞને પ્રધાન સાધન બતાવવામાં આવ્યું કે યજ્ઞ દ્વારા પામી શકાય. દ્વાપરમાં પૂજન-અર્ચનને પ્રધાનતા આપી કે પરમાત્માની પ્રાપ્તિ પૂજન-અર્ચનથી સુલભ. પણ કળિયુગમાં તો ગોસ્વામીજી કહે કે કેવળ નામ આધાર છે. કળિયુગમાં કેટલા માણસો ધ્યાન કરી શકે ? હં...! મને લોકો મળતા હોય છે. એક ભાઈ મને કહે હું રાતના એક વાગે ધ્યાનમાં બેસું છું ને ત્રણ વાગે ઊભો થાઉં છું. મને બહુ નવાઈ લાગી ! એક વાગે શરૂ થાય અને ત્રણ વાગે પૂરું થાય એ સમયની ખબર ધ્યાનમાં કેવી રીતે રહેતી હશે? ધ્યાન તો ક્રાંતિ હૈ. ધ્યાનમાં કંઈ સમય હોઈ શકે કે તે આટલા વાગે શરૂ થાય અને આટલા વાગે પૂરું થાય? ધ્યાન જે કરી શકે, એમાં આગળ વધી શકે એ બધાને વંદન છે. રામનામ જપતાં જપતાં ક્યારેક ધ્યાન લાગી જશે ત્યારે આંખમાંથી આંસુડાં વહેશે. ઈસ લિએ નામ જપો. સામાન્ય માણસ માટે કળિયુગનું પ્રધાન સાધન હરિનામ આશ્રય, પરમાત્માનું નામ જ છે. કળિયુગમાં કેવળ રામનામ જ પ્રધાનતા ભોગવી રહ્યું છે. જે ગતિ ધ્યાનથી, યજ્ઞથી, પૂજન- અર્ચનથી મળે એ ગતિ કલિયુગમાં હરિનામથી સુલભ બને છે. બાકી નામનો પ્રતાપ તો ચારે યુગમાં છે.

નામનો પ્રતાપ ગાતાં તુલસીજીએ લખ્યું છે કે માણસ કોઇ પણ રીતે નામનો આશ્રય કરે, નામથી જ નામી મળે એ નિર્વિવાદ સત્ય છે. અહીં આટલાં માણસો બેઠાં છે એમાંથી કોઈનું નામ મને આવડતું હોય અને હું એનું નામ બોલું તો એ માણસ મારી પાસે આવશે. ઢગલો એક વસ્તુઓ પડી હોય અને કોઈને કહીએ કે આ લાવો-તે લાવો. પરંતુ નામ વગર નામી મળતા નથી. વસ્તુ હોવા છતાં તમે પ્રાપ્ત કરી શકતા નથી. નામ આવડતું હોય તો તુરંત વસ્તુ આવે. નામની સરાહના કરતાં ગોસ્વામીજીએ કહ્યું કે નામ વગર નામી શક્ય નથી. ઈશ્વર પોતાનું અવતારકાર્ય પૂરું કરીને, પોતાનું અવતારકાર્ય સમેટીને જ્યારે વિદાય લેતા હોય ત્યારે એમ કહે છે કે તે પોતાની તમામ શક્તિ નામમાં મૂકતા જાય છે. તો કોઈપણ નામનો આશ્રય કરો. કોઈ આગ્રહ નથી રામનામનો! રામનામ કા અર્થ બડા વ્યાપક હૈ, બડા વિસ્તૃત. એમણે એમ કહ્યું કે આજે ઘણા લોકો નામ જપ કરવા બેસે છે અને મન ન લાગે તો ચિંતા કરે છે. આવી ચિંતા ન કરો. મનની સાથે કોઈ તકરાર નહિ. એની સાથે બહુ-

એટલી બધી ખેંચતાણ ન કરો ! ધ્યાન માટે મનમાં એકાગ્રતા જરૂરી છે. પણ નામસ્મરણ કરતી વખતે મન માટે એટલી બધી ચિંતા ન સેવો. મનની જે સ્થિતિ હોય, એને જે કરવું હોય તે કરવા દો... મનને ! નામ જપો, નામમાં ખુદમાં એટલી શક્તિ છે, કે એક વખત મને અને તમને ધીરે ધીરે ત્યાં પહોંચાડશે. રામાયણમાં આ બધું લખ્યું છે એટલે કહું છું.

ગોસ્વામીજીએ દલીલ કરી ધ્રુવને શું એટલી બધી ભક્તિ ઉભરાણી હતી આટલી નાની ઉંમરમાં, શું એટલું બધું મન લાગી ગયું હતું હરિમાં કે બસ પ્રભુભક્તિ કરી લઉં ? નહિ. એક ગ્લાનિ થઈ, ગોદમાં બેસવાનું ન મળ્યું. માતાએ મેણું માર્યું. પિતાની ગોદમાં બેસવાનું ન મળ્યું તેની ગ્લાનિમાં જીવન ભરાયું અને એ ગ્લાનિને લીધે ધ્રુવ નામ તરફ વળ્યા. પરિણામે અમરતત્ત્વને પામ્યા. તો ગ્લાનિથી પણ હું અને તમે 'નામ' જપીએ. ભલે ભાવ ન જાગે, તો પણ ક્રાંતિ છે. ગોસ્વામીજી લિખતે હૈ :

*ધ્રુવઁ સગલાનિ જપેઉ હરિ નાઊઁ,*
*પાયઉ અચલ અનૂપમ ઠાઊઁ*

ગ્લાનિથી જપાય તો પણ અમર અને અનુપમ સ્થાન પ્રાપ્ત થાય. અને ભાવથી જપાય તો ઔર ક્રાંતિ. આપણો બાબો બીમાર પડ્યો હોય, એને તાવ આવતો હોય અને ડોક્ટર પાસે લઈ જઈએ. ડોક્ટર ગોળી આપે ત્યારે કોઈ દિવસ એવી શર્ત કરે છે કે આ તમારો બાબો ચડ્ડી પહેરીને ગોળી ખાશે તો જ તાવ ઊતરશે, અને પેન્ટ પહેર્યું હશે તો કદાચ તાવ વધી જશે ! અથવા કોઈ ડોક્ટર એમ કહે કે આ બાબાએ તિલક કર્યું હશે તો જ તાવ ઊતરશે, તિલક વગર જો ગોળી ખાશે તો તકલીફ ! કોઈ ડોક્ટરે એમ કહ્યું આ બાબો રડતાં રડતાં પીશે તો તાવ ઊતરશે, હસતાં હસતાં પીશે તો નહિ ઊતરે ! કોઈ ડોક્ટરે એમ કહ્યું આ બાબાનો રંગ ગૌર છે એટલે તાવ ઊતરશે, રંગ કાળો હોત તો ના ઊતરત. આવી કોઈ શર્ત ડોક્ટર મૂકતો નથી. ડોક્ટર કહે કોઈ પણ હિસાબે મધની સાથે, પાણીની સાથે કે એમ ને એમ કોઈ પણ રીતે બાબાએ ગોળી ગળી જવી જોઈએ.

ગોસ્વામીજી 'રામચરિતમાનસ'માં કહે છે-

**मंत्र महामनि विषय ब्याल के ।**
**मेटत कठिन कुअंक भाल के ।।**

મારાં ભાઈ-બહેનો, લોકોએ એક એક ચોપાઈના અનુષ્ઠાનો કરીને પરિણામો પ્રાપ્ત કર્યાં છે. 'રામચરિતમાનસ' મહાકાવ્ય નથી, આ મહામંત્ર છે. મારો પ્રવેશ નથી અને રુચિ પણ નથી પરંતુ આ જ્યોતિષ શાસ્ત્રમાં અમુક અમુક નંગ પહેરવો, મણી પહેરવો, અમુક પ્રકારનાં જપ કરવા એવું નથી કહેવાતું ? તુલસી કહે છે કે રામનામ એ મંત્ર પણ છે અને મણી પણ છે. રામનામ લેતા લેતા કપાળમાં ચંદન કરો ને તો રેખા ફરી જાય ! બાકી હોય તે તાળીઓ પાડવાથી નીકળી જાય! રામનામમાં, રામનામના મંત્રમાં બાપ, એટલી તાકાત છે કે લલાટના કુઅંકને ભૂંસી નાખે છે. કથા પણ જપ છે. કોઈ વ્યક્તિ વ્યાસપીઠ પર બેસી કથા કરે છે તો એ પ્રવચન નથી કરતો, જપ કરે છે. મન લાગે કે ન લાગે, હરિનામનો આશ્રય રાખો. કોઈ પણ વ્યક્તિ જે રીતે હરિનામ લેતો હોય તેને લેવા દેવું. જે ભજતો હોય તેને ભજવા દેવું. ખૂબ નામ જપો. હાથમાં માળા રાખે, રામનામીમાં રાખે, હોઠથી જપે, જે રીતે જપે તેને જપવા દો. જે ટીકા કરે તેને કરવા દો. 'નામ જપત મંગલ દિશી દસહુ...'હરિનામનો આશરો દશે દિશાઓમાં મંગળ કરે છે.

આ જગતને નિર્મળ અને તંદુરસ્ત રાખવા માટે મૂળમાં હરિનામ ખૂબ જરૂરી છે. આ કાળ હરિનામનો છે. આ જીભ છે ને એ ઉંબરો છે. ત્યાં જો રામનામ મુકાઇ જાય તો બહાર પણ અજવાળું ને ભીતર પણ અજવાળું. દશ અપરાધની ચર્ચા ચૈતન્ય પરંપરામાં આવી છે, તેનાથી સાવધ રહીએ. પણ કદાચ ચુકાઈ જાય તો રામનામનો આશ્રય કરીએ. જે માણસ રામનામ લે છે એ સૂર્યને હાથમાં લઈ ફરે છે, ચંદ્રને હાથમાં લઈ ફરે છે અને અગ્નિને હાથમાં લઈ ફરે છે. અગ્નિ પાપને બાળશે. ચંદ્ર એને વિશ્વાસ આપશે અને સૂર્ય એના અંધારાને દૂર કરી અજવાસ આપશે. હરિનામ ખૂબ ગાવું. માળા પર જપાય તો પણ સારું ને એમ ને એમ જપાય તો પણ સારું. હોઠ હલે તો પણ સારું અને અજપા જપાય તો પણ સારું. કોઈ પણ રીતે પ્રભુનું નામ જપાય તે સારું.

(સંકલન : જયદેવ માંકડ)■

## અલૌકિક દર્શન

# પાંચ જ્ઞાનેન્દ્રિયો ને કર્મેન્દ્રિયો આપણો જગત સાથે સંપર્ક સાધે છે

ભાણદેવ
bhandev@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

પહેલા પ્રશ્નમાં આપણે સૃષ્ટિમીમાંસા જોઈ, બીજા અને ત્રીજા પ્રશ્નમાં આપણે પ્રાણવિજ્ઞાન જોયું. હવે ચોથા પ્રશ્ન શરૂ થાય છે. ઋષિ આવીને પૂછે છેઃ ''કોણ દેવ જાગૃત સ્વસ્થામાં જાગે છે? કોણ દેવ સ્વપ્નાવસ્થામાં સ્વપ્નો જુએ છે? કયા દેવ નિદ્રાવસ્થામાં, પણ જાગૃત રહે છે?'' આ ચોથો પ્રશ્ન મનોવિજ્ઞાનનો પ્રશ્ન છે. આધુનિક મનોવિજ્ઞાનમાં, જાગૃતઅવસ્થા, સવપ્નાવસ્થા, નિદ્રાવસ્થાનો ઊંડાણપૂર્વક ભારે જોરથી અભ્યાસ શરૂ થયો છે. એ લોકો થોડા ઉપનિષદ વાંચે તો એમને ઘણું મળે એવું આ ઉપનિષદોમાં છે.

પ્રશ્ન એ છે કે જાગૃતઅવસ્થા શું છે? સ્વપ્નાવસ્થા શું છે? નિદ્રાવસ્થા શું છે? એથી પણ પાર તુરીયાવસ્થા એટલે કે સમાધિવસ્થા શું છે? તે આ ચાર પ્રશ્નો આપણી પાસે છે. ઉપનિષદની પરિભાષામાં આપણે એ ચારને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. મનોવિજ્ઞાનની પરિભાષા થોડી જુદી છે, કારણ કે મનોવિજ્ઞાન હજુ સંશોધન કરે છે, કોઈ તારણ પર આવ્યા નથી.

આપણી પાસે પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. એના દ્વારા આપણે આ જગતને જાણીએ છીએ. આપણી પાસે પાંચ કર્મેન્દ્રિયો છે, જેનાથી આપણે આ જગત સાથે સંપર્કમાં રહીએ છીએ, આદાનપ્રદાન કરીએ છીએ. તો ખરેખર આપણે જે જોઈએ છીએ તે જગત છે એમ ન કહી શકાય.

આપણી જ્ઞાનેન્દ્રિયો અનુસાર આપણે જગત જોઈએ છીએ. કીડીનું જગત કેવું હશે? કેવડું હશે? માત્ર થોડીક ગંધ, બીજું કંઈ જ નહીં, ધારો કે કોઈ એવું પ્રાણી પૃથ્વી પર પ્રગટે જેમની પાસે દસ



જ્ઞાનેન્દ્રિયો હોય તો એમનું જગત કેવું હશે? આપણા કરતાં જુદું હશે. ઘણું જુદું હશે. તો આપણે જે જગત જોઈએ છીએ તે જ જગત છે એમ ન કહી શકાય. આપણે જે જગત જોઈએ છીએ તે according to our perception 'અમે જગતને આમ જોઈએ છીએ, અમને આમ લાગે છે' ફક્ત એમ કહી શકાય. ઘણા કલર એવા છે જે આપણે નથી જોઈ શકતાં.

અલ્ટ્રાવાયોલેટ, ઈન્ફ્રારેડને આપણે ક્યાં જોઈ શકીએ છીએ? બીજા પણ ઘણા રંગો એવા છે, જે આપણી આંખ જોતી નથી. આપણે જોઈએ તેટલું જ પર્યાપ્ત છે એમ ન કહી શકાય. ઘણું એવું આ સૃષ્ટિમાં હશે જે આપણે જાણતાં નથી, એટલે ખરેખર તો એમ કહેવાય કે જે છે એનો ભારે નાનો ભાગ આપણે જોઈએ છીએ. પાંચ જ્ઞાનેન્દ્રિયોના અનુસાર જ આપણે જોઈએ છીએ. પાંચ કર્મેન્દ્રિયો દ્વારા વ્યવહાર કરીએ છીએ અને અગિયારમું મન આ દશેય પર કાબૂ રાખે છે. આ એકાદશ આપણી ઈન્દ્રિયો છે.

જાગૃત અવસ્થામાં આ અગિયારેય કાર્યરત છે. એને જાગૃત અવસ્થા કહેવાય. આંખ જુએ છે, કાન સાંભળે છે, નાક સૂંઘે છે, હાથ-પગ કાર્યરત છે. મન પણ કાર્યરત છે. જો મન કાર્યરત ન હોય તો આંખ જોઈ ન શકે, કાન સાંભળી ન શકે, તો આ બધું કાર્યરત હોય એને આપણે જાગૃત અવસ્થા કહીએ છીએ.

સ્વપ્નાવસ્થામાં જ્ઞાનેન્દ્રિયો કામ કરતી નથી. આંખ, કાન બધી ઈન્દ્રિયો પોતાના દ્વાર બંધ કરી દે છે. જગત સાથેનો જ્ઞાનેન્દ્રિયોનો સંપર્ક કપાઈ ગયો. કર્મેન્દ્રિયો પણ મોટા ભાગે કામ કરતી નથી. દશેય ઈન્દ્રિયો પોતાનું કામ બંધ કરી દે છે, પણ મન જાગૃત હોય છે. મન કાર્યરત હોય તો એને 'સ્વપ્નાવસ્થા' કહેવાય. મન તો સ્વપ્નમાં કાર્યરત છે જ. હવે નિદ્રાવસ્થા એટલે શું? પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો સહિત મન પણ પોતાનું કામ બંધ કરી દે અને સૂઈ જાય એ અવસ્થાને આપણે નિદ્રાવસ્થા અથવા 'સુષુપ્તાવસ્થા' કહીએ છીએ.

આધુનિક મનોવિજ્ઞાનમાં અને આપણા શાસ્ત્રોમાં પણ સ્વપ્નના ચાર પ્રકારો ગણાવ્યા છેઃ પહેલો પ્રકાર છે 'નિરર્થક સ્વપ્નો.' જેનો કંઈ જ અર્થ હોતો નથી એવા સ્વપ્નો. ઉટપટાંગ સ્વપ્નો.

બીજો પ્રકાર છે 'અતૃપ્ત ઈચ્છાઓની તૃપ્તિ માટેના સ્વપ્નો.' અધૂરી ઈચ્છા સ્વપ્નમાં પૂરી થાય તે.

ત્રીજા પ્રકારના સ્વપ્નો છે 'ભવિષ્યદર્શનના...' ક્યારેક કોઈને આવે છે. ભવિષ્યની ઘટના અગાઉથી સ્વપ્નમાં આવી જાય છે. દરેકને થોડો-થોડો અનુભવ આ પ્રકારના સ્વપ્નોનો હોય છે.

ચોથા પ્રકારના સ્વપ્નો છે 'આધ્યાત્મિક અનુભૂતિના સ્વપ્નો.' વિશેષ કરીને સાધકોને સ્વપ્નમાં અનેક પ્રકારની અનુભૂતિઓ થતી હોય છે. આ ચાર પ્રકારના સ્વપ્નનો છે, પરંતુ નિદ્રાવસ્થામાં કશી જ ખબર નથી હોતી.

માનવચિત્તનું બંધારણ એવું છે કે જેનો નિત્ય સંપર્ક હોય, એ વિશેની જિજ્ઞાસા મંદ પડી જાય છે. ઘડિયાળ કાંડા પર હોય તો આપણને વિચાર પણ આવતો નથી કે આ કેવી રીતે ચાલતું હશે? આપણને જિજ્ઞાસા પણ થતી નથી.

ટીવી ઘરમાં હોય તો એવો વિચાર આવતો નથી કે લંડનમાં ભજવાતું દૃશ્ય અહીં કેવી રીતે દેખાતું હશે? કારણ કે નિત્ય દર્શનને કારણે જિજ્ઞાસા મંદ પડી જાય છે. આ ઊંઘ અને સ્વપ્ન પણ નિત્યના છે, એટલે આપણને વિચાર પણ આવતો નથી કે આ ઊંઘ વળી શું છે? ખરેખર આપણે ઊંઘ શું છે તે જાણીએ છીએ? ના, કારણ કે ઊંઘમાંથી કોઈ સંદેશા જાગૃત અવસ્થામાં પહોંચતા નથી.


આ ત્રણેય અવસ્થાની આપણને ખબર નથી. આધુનિક મનોવિજ્ઞાન આ ત્રણે અવસ્થાનો અભ્યાસ કરીને ચૂપ થઈ જાય છે. ઉપનિષદ ત્યાંથી આગળ વધે છે.

(ક્રમશઃ)■

વિશેષ

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# પરમાત્માના દર્શન- ન શાસ્ત્રથી ન ગુરુથી



યોગવાશિષ્ઠનું આ વિધાન છે ન શાસ્ત્રેનાપિ ગુરુણા - પરમાત્માનું દર્શન ન તો શાસ્ત્રો કરાવી શકે છે કે ન ગુરુ. તેમનું દર્શન તો સ્વયંના આત્મામાં સ્થિર થવાથી જ થાય છે. મહર્ષિ વશિષ્ઠ સ્વયં ગુરુ હતા. તેમના દ્વારા લખાયેલ આ પુસ્તક યોગવાશિષ્ઠ પણ એક શાસ્ત્ર છે. છતાં પણ તેઓ જણાવે છે કે ન ગુરુ, ન શાસ્ત્ર, પરમ સત્યની અનુભૂતિ તો, પરમેશ્વરના દર્શન તો આત્માને ઓળખ્યા વિના શક્ય નથી.

અહીં ગુરુ કે શાસ્ત્ર, અસાંદર્ભિક નથી થતાં. આધ્યાત્મિક પ્રવાસમાં ગુરુનું પણ મહત્ત્વ છે અને શાસ્ત્રનું પણ. ગુરુ જ કહી શકે કે તેમનું મહત્ત્વ ક્યાં અને કેવી રીતે છે, તેમનું મહત્ત્વ કેટલી માત્રામાં અને કેવી પરિસ્થિતિમાં યથાર્થ બની શકે, અને પ્રવાસના કયા તબક્કે ગુરુ શિષ્યને સ્વતંત્ર કરી દે. તેવી જ રીતે શાસ્ત્ર દ્વારા જાણી શકાય કે જે કોઈ માર્ગ પસંદ કરાયો છે તે યોગ્ય છે કે નહીં. તે માર્ગ પર શેનું ધ્યાન રાખવાનું, એ માર્ગ પર ચાલીને કોણે કોણે અંતિમ સ્થિતિને પ્રાપ્ત કરી છે, તે માર્ગ કઈ કઈ બાબતોથી બાધિત છે અને ત્યાં કઈ કઈ સંભાવનાઓ ભરેલી છે. સાથે સાથે શાસ્ત્રોક્ત માર્ગનું ચયન કરવાથી એક પ્રકારનો વિશ્વાસ પણ સ્થપાય. આધ્યાત્મિક પ્રવાસમાં આત્માની અનુભૂતિ એ અંતિમ ચરણ છે જ્યારે ગુરુના આશીર્વાદ કે શાસ્ત્રમાં દર્શાવેલ જ્ઞાન પ્રથમ ચરણ બની શકે. પ્રથમ ચરણ અંતિમ ચરણ ક્યારેય ન હોય. પ્રથમ ચરણથી યાત્રા શરૂ થાય અને અંતિમ ચરણ પાર કર્યેથી યાત્રા પૂરી થાય. પ્રથમ ચરણ પણ મહત્ત્વનું છે, અંતિમ ચરણ પણ મહત્ત્વનું છે, અને યાત્રા પણ એટલી જ મહત્ત્વની છે.

સદગુરુ માર્ગ બતાવે, એ માર્ગ પર જવાની પ્રેરણા આપે, સાથે ગુરુમંત્રની દીક્ષા આપે, પછી તે માર્ગ પર આવનારી અડચણો બાબતે માહિતગાર કરે અને તેનાથી કેવી રીતે બચવું તેના ઉપાય બતાવે, સંજોગો ઊભા થાય ત્યારે શિષ્યનું રક્ષણ પણ કરે, સમયાંતરે કસોટી કરે, અને આ બધાથી શિષ્યનું ઘડતર કરે. શાસ્ત્ર રુચિ પ્રમાણે માર્ગ પસંદ કરવાની તક આપે, પસંદ કરાયેલ માર્ગ બાબતે સંપૂર્ણ માહિતી આપે, નિશ્ચિત કરાયેલ વિધિ-વિધાન સ્પષ્ટ કરે, કેટલાંક જટીલ પ્રશ્નોનો જવાબ આપે, અને અંતિમ લક્ષ્ય સુધી પહોંચી શકાશે તે પ્રકારનો વિશ્વાસ જગાવે. આધ્યાત્મના પ્રવાસમાં સદગુરુ અને શાસ્ત્ર બંને હંમેશાં હકારાત્મક ભૂમિકા ભજવે. આમાં કોઈ શંકા નથી. પણ અંતે તો આત્માની અનુભૂતિ કરવાની છે, તે વાત સદગુરુ પણ કહે અને શાસ્ત્ર પણ.

આત્મા એ પરમાત્માનો અંશ છે, પરમાત્માના અસ્તિત્વની સાબિતી છે, પરમાત્માના સ્વભાવની ઓળખ છે, પરમાત્માના સામર્થ્યનું ઉદાહરણ છે, પરમાત્માની નિરાકારતાની સમજ છે, પરમાત્માના ચૈતન્ય સ્વરૂપનો નમૂનો છે અને પરમાત્માની ઓળખ શક્ય છે તે વિશ્વાસ જાગે તે પ્રમાણેની ખાતરી છે. આત્મા એ પંખા તથા લાઈટ જેવા રોજિંદા વપરાશના ઉપકરણોમાં ખપત થતી વીજળી સમાન છે, જે જોઈ નથી શકાતી પરંતુ તેની હાજરી વિશે શંકા નથી થઈ શકતી. તેની અનુભૂતિ થઈ શકે છે. પરમાત્મા વિશ્વ માટે આત્મા સમાન છે.

શરીરની વિવિધ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે છે. બ્રહ્માંડમાં પણ આવી વ્યવસ્થા કાર્યરત છે. શરીરની બધી જ વ્યવસ્થા એકબીજા સાથે સંકલિત રહીને કાર્ય કરે છે તેમ બ્રહ્માંડની વ્યવસ્થાઓ પણ એકબીજા સાથે તાલમેલ જાળવી રાખી છે. શરીરની વ્યવસ્થા ત્યાં સુધી જ કાર્યરત રહી શકે છે જ્યાં સુધી શરીરમાં આત્માની હાજરી હોય. આ તર્ક બ્રહ્માંડ માટે પણ લાગુ પડે. શરીરની કાર્યક્ષમતા માટે જેમ આત્માની હાજરી જરૂરી છે તેમ બ્રહ્માંડ માટે પણ કહી શકાય. શરીરના આત્માને આત્મા કહેવાય તો બ્રહ્માંડના આત્માને વિશાળ-આત્મા, વધુ સક્ષમ-આત્મા, પરમ-આત્મા અર્થાત પરમાત્મા કહેવાય. આત્મા સમજમાં આવે તો પરમાત્મા સમજમાં આવવાની સંભાવના ઊભી થાય.

આત્માની હાજરીને કારણે દેહનું નિયમન થાય છે તેમ પરમાત્માની અધ્યક્ષતામાં સૃષ્ટિનું નિયમન થાય છે. આત્મા જેમ દેહને જીવંત રાખે છે તેમ પરમાત્મા સૃષ્ટિને ચેતનવંતી રાખે છે. શરીરમાં આત્માના અસ્તિત્વ તથા તેના સ્થાન બાબતે ક્યારેય સ્પષ્ટતા નથી થઈ શકી, તેવી જ રીતે સૃષ્ટિમાં પરમાત્માના સ્થાન બાબતે કશું પણ ચોક્કસ રીતે ન કહી શકાય. શરીરથી આત્મા દૂર થતાં શરીરમાં માત્ર જડતા બાકી રહે તેમ સૃષ્ટિમાંથી જો પરમાત્માની બાદબાકી થાય તો કશું જ બાકી ન રહે. પરમાત્માને સમજવા માટે આત્માની સમજ જરૂરી છે.

આત્માની પ્રકૃતિ સમજાય તો પરમાત્માની લીલા સમજમાં આવે. આત્માનો સ્વભાવ સમજાય તો પરમાત્માનો સ્વભાવ અર્થાત અધ્યાત્મ સમજી શકાય. આત્માની અસીમિત સંભાવના ધ્યાનમાં આવે તો પરમાત્માની અતિ-અસીમિત કે પરમ-અસીમિત સંભાવનાની સમજ આવે. જેમ અંતઃકરણનાં વિવિધ સ્વરૂપો, મન બુદ્ધિ ચિત્ત અહંકાર, આત્માની હાજરીને કારણે કાર્યરત રહી શકે છે તેમ સૃષ્ટિની રચના પાછળના મૂળ પરિબળ તરીકે ગણાતા નિર્વિકલ્પ સંકલ્પને પરમાત્માની ધારણા તરીકે સમજી શકાય. પરમાત્માને સમજવા માટે આત્માની અનુભૂતિ - સમજ નામનું પગથિયું પાર કરવું પડે.

અને આ ઇચ્છનીય પણ છે. પરમાત્મા સુધી પહોંચવા કરતાં આત્મા સુધી પહોંચવું સહેલું છે. આત્માની પ્રતીતિ થઈ શકે છે. આત્માના અસ્તિત્વ વિશે ખાતરીપૂર્વક કહી શકાય છે. ક્યાંક આત્માને સમજવાનો પ્રયત્ન પણ સરળતાપૂર્વકનો છે તેમ કહેવાય. આત્મા પરમાત્માનો લઘુ અંશ હોવાથી તેને પ્રાપ્ત કરવાના સંજોગો વધી જાય છે. સમગ્ર ભાતને સમજવા માટે ભાતના એક દાણાને સમજવા જેવી, ચાખવા જેવી આ વાત છે. એક દાણો ચાખવાથી સમગ્ર ભાતની પ્રકૃતિ તથા સ્થિતિ સમજમાં આવી જાય - એક આત્માને જાણવાથી સમગ્ર-આત્મા અર્થાત પરમાત્મા ધ્યાનમાં આવી જાય.

સદગુરુનું પણ મહત્ત્વ છે, શાસ્ત્રનું પણ મહત્ત્વ છે, પણ આ બંનેના સહયોગ થકી આત્માની અનુભૂતિ સૌથી મહત્ત્વની છે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# બ્રહ્માનંદસ્વામીઃ શકવર્તી સાંસ્કૃતિક સંપદાના અર્થપૂર્ણ ઉદ્ગાતા-૪



વડતાલ મંદિર પ્રતિષ્ઠા વિધિ પછી બ્રહ્માનંદસ્વામી પુનઃ ગઢપુર શ્રીહરિ સાથે આવ્યા અને સાહિત્ય સર્જનમાં રત રહીને શ્રીહરિની સાથે શાસ્ત્રીય વિમર્શ કરતા કરતા વિશેષ ક્રિયાશીલ થયા. સવારના પ્રભાતિયા ચોસરનું સર્જન એના પ્રથમ શ્રોતા શ્રીહરિ હોય. ગઢપુર ગમન એ સંજીવાડાનો બ્રહ્માનંદજીનો શ્રીહરિ સાથેનો હેતાળપ્રસંગ મારો પ્રિય પ્રસંગ છે. સંજીવાડા મુકામે શ્રીહરિના દર્શન માટેનો તલસાટ એમાં નિરૂપિત છે.

'મેં વારી તવ નામ પર મહેરમ મતવાલા પીર મીટાર્યા દીનકી તુમ દીન દયાલા' વાળી ચોસર અને 'અધમ ઉદ્ધારણ અવિનાશી' ના બે પ્રભાતિપદ પ્રસ્તુત કર્યા અને શ્રીજી મહારાજે દર્શન દીધા. બ્રહ્માનંદ સ્વામીની સાહિત્ય સર્જન સરિતાનો સમગ્ર સંતસમુદાય તથા હરિભક્તોને વિશેષ પ્રસન્નકર અને સંતૃપ્તિનો અનુભવ કરાવનાર પરિબળ બની રહ્યો. ગઢપુર મુકામે પહોંચીને

*'ગ્રહી છોડો નહીં ગિરધર, અવિચળ ટેક તમારી રે...૧*
*ભરી સભામાં ભુધરજી તમે 'મા' થયા છો મારી રે*
*બેટાને હેતે બોલાવો, અવગુણિયાં વિસારી રે...૨*
*જેવો તેવો પુત્ર તમારો અણસમજુ અહંકારી રે,*
*પેટ પડયો તે અવશ્ય પાળવો વાલમ જુવોને વિચારી રે...૩*
*અનલ અહીં જો ગ્રહે અજાણે તો છોડાવે રોવારી રે,*
*બાળકને જનુનિ સમ બીજું નહીં જગમાં હિતકારી રે...૪*
*બ્રહ્માનંદની એ જ વિનતી મન ધારીએ મોરારી રે*
*પ્રીત સહિત દર્શન પ્રસાદી જોઈએ સાંજ સવારી રે...૫*
*તથા બીજી પ્રભાતી*
*'મનમોહન સુંદર વર મારા, અવગુણિયા વિસરાવા રે*
*અધમોદ્ધારક પતિત જન પાવન, બિરદ તમારું સહાવા રે...૧*
*સહુ દેખતા શામળિયા તમે, 'મા' થયા છો માવા રે*
*છોરુંની ચિંતા રાખીને, મા દેશો મુંઝાવા રે... ૨*

* * *

જૂનાગઢ મંદિરનિર્માણકાર્ય માટે શ્રીહરિએ આદેશ આપ્યો. જૂનાગઢના નાગરવાડામાં હાટકેશ્વર મહાદેવના મંદિરની નજીક ભગવાન સ્વામિનારાયણનું શિખરબંધી ભવ્ય મંદિરના નિર્માણથી કેટલાકને રુચેલું નહીં. નાનાં-મોટાં વિઘ્નો વચ્ચે મંદિરનું નિર્માણ ઝડપથી ચાલતું હતું. કેટલીક સામગ્રી બહારથી લવાતી તેની જકાત ચૂકવવાની અને એમાં ક્યારેક વધારે રકમ ભરવાનું દર્શાવાતું. ગોપાળાનંદજીએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, 'તમે નવાબને મળો, કાવ્યગાનના શ્રવણપાનથી પુલકિત કરીને આપણને નડતી મુશ્કેલીનું નિરાકરણ કરાવો.'

બ્રહ્માનંદસ્વામિ કહે હાલના નવાબ બહાદુરખાનજીને પૂર્વાશ્રમમાં મેં સંગીતશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરાવેલો. તે વખતના ગાદીનશીન નૂતન નવાબસાહેબનો અને વજીર શેખસાહેબનો મારા પર પ્રેમ હતો. ઘણો સમય મને રાખ્યો મારું સન્માન કરેલ, મને રાજ્યાશ્રિત કવિપદ આપવાનું કહેલ, પણ હું સોમનાથ અને એમ યાત્રાએ નીકળી ગયેલ. ત્યાંથી ભાવનગરથી આપની સાથે સત્સંગ અને પછીથી ગઢપુર નિવાસ.


નાગર દીવાન રૂગનાથજી પાસેથી જાણ્યું કે જૂના વજીર શેખ સાહેબ અત્યારે પણ નવાબ બહાદુરખાનના વજીર તરીકે સેવારત છે. આ બન્નેને છ મહિના સુધી સંગીત વિદ્યાથી દીક્ષિત કરેલા. બ્રહ્માનંદજીને એમને પત્ર-ખત દ્વારા પાઠવેલો. એ પત્રની નકલ પ.ભ.રાજકવિ માવદાનજી અનુએ 'બ્રહ્મસંહિતા'માં મૂકી છે. આખો પ્રસંગ દસ્તાવેજી આધારો સાથે ત્યાં સંગ્રહિત છે. નવાબને વજીર શેખસાહેબે જણાવ્યું, બન્નેએ રાજીપો અનુભવીનો કચેરીમાં નિમંત્ર્યા. સ્વાગત કર્યું. બ્રહ્માનંદજીએ રજૂ કરેલ ઉપદેશ અને દીપકના ૪૦ છંદો એમાંની ભુજંગી છંદની છટાના પ્રસ્તુતિકરણના કારણે સમગ્ર કચેરી સ્તબ્ધ થઈ ગયેલી. કામ સેવા માટે કહ્યું તો કાયમી જકાતોમુક્તિનો કર માફીનો પત્ર મળ્યો. ગોપાળાનંદજીના દર્શનની પણ ઇચ્છા વ્યક્ત કરી. ગોપાળાનંદજી સાથેના સત્સંગ દરમ્યાન નવાબ બહાદુરખાનને સમાધિમાં અનેક ઓલિયા અને ખુદાના દિદાર કરાવ્યા. મંદિર નિર્માણમાં વડોદરાના રંગીલદાસ અને બીજી અવનવા અનેક વિઘ્નો આવ્યા પણ કોઈની કારી ફાવી નહીં બ્રહ્માનંદ સ્વામીએ અહીં રહો-રહો નવાબ સમક્ષ, શ્રીજી માટે કૃપાપ્રસાદ માટે ગાયેલાં પદો તળપદી રાગ રાગિણીથી આજે પણ મનને પ્રસન્નતાની અનુભૂતિ કરાવે છે. ઈ.સ. ૧૮૨૮માં વિ.સં. ૧૮૮૪ના વૈશાખસુદી બીજને દિવસે જૂનાગઢના ભવ્ય મંદિરનો દિવ્ય પ્રકારનો પ્રાણપ્રતિષ્ઠા વિધિ થયો. આ પ્રસંગે શ્રીહરિ હાથી પર સવાર થઈને અનેક ભક્તો સાથે પધારેલા. ભવ્ય સ્વાગત રાજ્ય તરફથી થયેલું પોતાને ફાળવેલ તોફાની ઘોડાને બ્રહ્માનંદે પોતાની અશ્વવિદ્યાની કાન ફુંકવાની વિધિથી શાંત અને નિષ્કામી બનાવેલો. આવા અનેક પ્રસંગોમાંથી કવિશ્રી બ્રહ્માનંદજીની કુનેહ, સ્વસ્થ વ્યક્તિમત્તા અને હિન્દુસ્તાની મુસ્લિમ કાવ્યબાનીની કવિતા તથા મંદિર નિર્માણના કૌશલ્ય એક સાથે અવલોકવા મળે છે. અહીં આ પ્રસંગે પ્રતિષ્ઠિત કરેલ રાધારમણ દેવની અને સિદ્ધેશ્વર મહાદેવની સ્તુતિના છંદો ગુજરાતી ભક્તિ કવિતાનું અમૂલ્ય આભરણ છે.

જૂનાગઢ મંદિરમાંના ભગવાન સ્વામિનારાયણ કોઠાર વગેરે સ્થાનો પ્રસાદીના ગણાય છે. પછી શ્રીહરિએ ગઢપુર જવા પ્રયાણ કર્યું. પરમ સખા અને સુદ બ્રહ્માનંદજી જૂનાગઢ મંદિરનું બાકીનું કામ પૂર્ણ કરવા રહ્યા. ગઢપુરનું આવન-જાવન રહેતું. શ્રીહરિનું સ્વાસ્થ્ય બરાબર ન રહેતું. સાહિત્યસર્જન શ્રીહરિની ઇચ્છાનુસાર થતું રહેતું એનો પરિતોષ શ્રીહરિને હતો. વિ.સ.૧૮૮૮ના ઈ.સ.૧૮૩૨ના જૂનાગઢ મંદિરના ઘુમટના ધાબાઓ ઉપર દેખરેખ રાખીને કડિયાઓને સૂચના આપીને બાંધકામ કરાવતા હતા એ સમયે સાંઢણી ઉપર અસવાર થઈને ભગુજીને આવતા ભાળીને બ્રહ્માનંદજીના જ હૃદયમાં ધ્રાસકો પડયો કે આમ કટાણે ભગુજી આવે નહીં. ગોપાળાનંદે મોકલેલ માણસ ભગુજી પાસેથી સમાચાર મળ્યા. વિ.સં. ૧૮૮૬ ઈ.સ. ૧૮૩૨ના વસંતપંચમીના દિવસે શ્રીહરિએ સ્વધામ ગમન કર્યું. અત્યંત દિલગીર થઈને ગઢડા આવવા નીકળ્યા. પહોંચ્યા ત્યાં સુધીમાં તો દહનક્રિયા પૂર્ણ થયેલી. મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી સમક્ષ હૈયાફાટ રૂદન કર્યું. પછી ગોપાળાનંદ સ્વામી કહે, 'બ્રહ્મમુનિ શ્રીજી મહારાજ સત્સંગમાં હજુ પ્રગટ છે. ચાલો ગોપીનાથજી મહારાજના દર્શને. મંદિરમાં મૂર્તિ સમક્ષ બ્રહ્માનંદે સજળ નયને પદગાન કર્યું. તન્મય બનીને આર્તનાદે ગાતા રહ્યા.' (ક્રમશઃ)■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# જીવનમાં કોઈ ઉત્તમ દાન કરવું હોય તો એ કન્યાદાન છે, હું મારી પુત્રી ઉષાનું કન્યાદાન કરવાની ઈચ્છા ધરાવું છું



(ગતાંકથી ચાલુ)

મંત્રી કુંભાડે કહ્યું, 'દૈત્યરાજ બાણાસુર આપણા શોણિતપુર નગર પર બાર અક્ષૌહિણી સેના લઈ શ્રીકૃષ્ણ ચઢાઈ કરવા આવ્યા છે. તેઓ શોણિતપુરથી ફક્ત ૧૦૦ જોજન દૂર છે. તમે માર્ગદર્શન આપો.' આટલું સાંભળતાં જ બાણાસુરે આદેશ આપ્યો કે 'મારી સમક્ષ બંદી અગ્નિ, વરુણદેવને ઉપસ્થિત કરવામાં આવે.' સૈનિકોએ અગ્નિદેવ અને વરુણદેવને ઉપસ્થિત કરવામાં આવતાં બાણાસુરે કહ્યું, 'અગ્નિ અને વરુણ તમે મારા દાસ છો, જાઓ દ્વારકાપુરીથી આવી રહેલી બાર અક્ષૌહિણી સેનાનો વિનાશ કરો.' આજ્ઞા મળતાં જ અગ્નિદેવ અને વરુણદેવ ભગવાન શ્રીકૃષ્ણની સેના પર તૂટી પડે છે. ભગવાન શ્રીકૃષ્ણની સેનાની પહેલી હરોળમાં ઊભેલા પ્રદ્યુમન અગ્નિદેવ અને વરુણદેવને મૂર્છિત કરી દે છે. એની જાણ થતાં બાણાસુર તેમના રક્ષક ભગવાન શિવને બોલાવે છે અને કહે છેઃ 'મારા રક્ષક એવા શિવ તમને આ દિવસ માટે જ મેં રક્ષક બનાવ્યાં હતાં હવે ખરેખર તમારે મારી રક્ષા કરવાનો સમય આવી ગયો છે, જાઓ દ્વારકાપુરીથી આવેલી બાર અક્ષૌહિણી સેનાનો વિનાશ કરો.' ભગવાન શિવ સજીધજીને સશસ્ત્ર થઈ શોણિતપુર નગરના દ્વાર પર મક્કમ બની ઊભા રહી જાય છે. ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન શિવે વચ્ચે ભયાનક યુદ્ધ થાય છે. કોઈ એકબીજાને હરાવી શકતું નથી. અંતે ભગવાન શ્રીકૃષ્ણ ભગવાન શિવને કહે છે, 'આપની આજ્ઞાથી હું બાણાસુરની ભુજાઓનું છેદન કરવા અહીં આવ્યો છું તમે આ યુદ્ધથી નિવૃત્ત નહીં થશો તો બાણાસુરની ભુજાઓનું છેદન નહીં થાય, તમારો શાપ વ્યર્થ જશે.' ભગવાન શિવ તેમને કહ્યું, તમે જૃંભણાસ્ત્ર દ્વારા મને જૃંભિન (ઉંઘાઈ જવું) કરી દો ત્યાર બાદ તમે તમારું અભિષ્ટ કાર્ય પૂર્ણ કરો'. ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના ધનુષ પર જૃંભણાસ્ત્રનું સંધાન કરી ભગવાન શિવ પર છોડી દીધું. આ રીતે શ્રીકૃષ્ણના જૃંભણાસ્ત્ર દ્વારા ભગવાન શિવ જૃંભિત (ઉંઘાઈ) જતાં ભગવાન કૃષ્ણના સુદર્શન ચક્રએ બાણાસુરની સહસ્ત્ર ભુજાઓ કાપી નાંખી. અંતમાં એની બાણાસુરનું વરદાન પહેલાનું શરીર રહી ગયું. યુદ્ધમાં ક્રોધિત થયેલા શ્રીકૃષ્ણ એનું માથું કાપી લેવા તૈયાર થયા ત્યારે ભગવાન શિવ જૃંભિત અવસ્થામાંથી બહાર આવે છે.

***

ભગવાન શિવઃ 'હે દેવકીનંદન, ભગવન્ મેં પહેલાં આપને જે કામને માટે આજ્ઞા આપી હતી, એ તો આપે પૂરી કરી દીધી. હવે બાણાસુરનો શિરચ્છેદ ન કરશો. તમારા સુદર્શન ચક્રને પરત વાળી લો અને તમે આ યુદ્ધથી નિવૃત્ત થઈ જાઓ, જો તમે બાણાસુરનો શિરચ્છેદ કરશો તો મારું વરદાન વ્યર્થ જશે.'

ભગવાન કૃષ્ણઃ 'આપની આજ્ઞાથી હું સુદર્શન ચક્રને પરત વાળું છું પણ આ દૈત્ય પરત ફરી આ સંસારમાં ઉત્પાત મચાવશે.'

આટલું સાંભળતાં જ દૈત્યરાજ બાણાસુર ભગવાન શિવ અને ભગવાન કૃષ્ણ સમક્ષ સાષ્ટાંત દંડવત પ્રણામ કરતાં કહે છે 'હે દેવ, હું આપ બંને દેવતાઓનો દાસ છું, આ યુદ્ધમાં હું મારી કષ્ટદાયી સહસ્ત્ર ભૂજાના છેદન માટે આપનો આભારી છું, મારા જીવનની રક્ષા કરો, આજ બાદ હું મારી સમગ્ર આસુરી વર્તણૂંક છોડી દેવાની ખાતરી આપું છું, મને તમારું શરણ આપો.'

આટલું સાંભળતાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાના સુદર્શન ચક્રને પરત વાળે છે. દૈત્યરાજ બાણાસુરની પત્ની કન્દલા, વધૂ-વર ઉષા અને અનિરુદ્ધને લઈ ઉપસ્થિત થાય છે. ભગવાન શ્રીકૃષ્ણની સેના યુવરાજ અનિરુદ્ધ અને ઉષાને જીવીત જોઈ ભગવાન શિવ અને ભગવાન કૃષ્ણનો જયજયકાર કરે છે.

ભગવાન કૃષ્ણઃ 'ભગવાન શિવ અને દેવી કન્દલાની અનુમતી હોય તો નવયુગલ ઉષા અને અનિરુદ્ધને લઈ અને દ્વારકાપુરી પરત જઈએ.'

દેવી કન્દલાઃ 'હે પ્રભુ જીવનમાં કોઈ ઉત્તમ દાન કરવું હોય તો એ કન્યાદાન છે, હું મારી પુત્રી ઉષાનું કન્યાદાન કરવાની ઈચ્છા ધરાવું છું. આપ યોગ્ય મુહૂર્ત જોઈ દ્વારકાપુરીથી જાન લઈ આવો.'

વધૂ ઉષાની માતા કન્દલાના આ વચન સાંભળી ભગવાન શિવ અને ભગવાન કૃષ્ણ હર્ષ અનુભવે છે અને ભગવાન શિવ આદેશ આપતાં કહે છે, 'હે પુત્રી કન્દલા તમે લગ્નની તૈયારી કરો, આવનારી કાર્તિકી પૂનમને દિવસે ભગવાન કૃષ્ણ દ્વારકાપુરીથી જાન લઈને આવશે.'

ભગવાન શ્રીકૃષ્ણઃ 'જેવી તમારી ઇચ્છા, પણ કાર્તિકી પૂનમને દિવસે વધૂ-વરને આશીર્વાદ આપવા આપે દેવી પાર્વતી સહિત અવશ્ય પધારવું પડશે.'

ભગવાન શિવઃ 'જેવી તમારી આજ્ઞા, હું અને દેવી પાર્વતી શિવગણો સહિત અવશ્ય પધારશું.'

દ્વારકાપુરીથી આવેલી બાર અક્ષૌહિણી સેનાની સાથે પ્રદ્યુમ્ન અને અન્ય વીરોને લઈને ભગવાન શ્રીકૃષ્ણ પરત ફરે છે.

***

વિજયી થયેલી સેનાનું દ્વારકાપુરીમાં સ્વાગત કરવામાં આવે છે. રાજકુમાર અનિરુદ્ધ અને ઉષાના લગ્ન કાર્તિકી પૂનમને દિવસે હોવાની બાતમી મળતાં દ્વારકાપુરીમાં ઉત્સવ ઉજવાય છે. નગરજનો હર્ષોલ્લિત થઈ જાનમાં જવાની તૈયારી કરે છે.

***

સામે પક્ષે રાજકુમારી ઉષા પોતાના રાજકુમારને કાયમી સ્વરૂપે મેળવી લેવા દિવસો ગણવાં માંડે છે અને છેલ્લે કાર્તિકી પૂનમનો સૂર્યોદય થતાં તેની સખી ચિત્રલેખા તેના કક્ષમાં આવી કહે છે, 'સખી તારો મનનો માણીગર રાજકુમાર અનિરુદ્ધ આપણા શોણિતપુર નગરના દ્વાર પર દ્વારકાપુરીથી જાન લઈને આવી ગયો છે, ચાલ તૈયારી કર તેના સ્વાગતની.'

દ્વારકાપુરીથી આવેલી જાનનું કન્દલા અને બાણાસુર સ્વાગત કરે છે. એજ સમયે માતા પાર્વતી અને ભગવાન શિવ શિવગણો સહિત ત્યાં પધારે છે. તેમનું પણ કન્દલા અને બાણાસુર સ્વાગત કરે છે અને મંગલબેલાએ રાજકુમારી ઉષા અને રાજકુમાર અનિરુદ્ધના લગ્ન સંપન્ન થાય છે. ભારે હૃદયે કન્દલા અને શોણિતપુરવાસીઓ પુત્રી ઉષાને વિદાય આપે છે. (ક્રમશઃ) ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

# અંતથી શરૂઆત...



ગત અંકમાં શરણાગતિની સ્પષ્ટતા કર્યા પછી હવે ભગવાન કૃષ્ણ સર્વ-કારણ અને સર્વ પરિણામને સમજાવી રહ્યા છે.

''यस्मिन् प्रवृत्तिः प्रसूता पुराणी'' (૧૫/૪) કહીને ગીતા સમજાવે છે કે સૌના કારણ અને પરિણામ ભગવાન જ છે. આ સૃષ્ટિ ભગવાન જ રચે છે. અને પરિણામસ્વરૂપે તે ભગવાનમાં જ લય પામે છે. જ્યારે માનવ પરિણામ પર દૃષ્ટિ રાખે છે ત્યારે તેને એક ચોક્કસ ઉદ્દેશ્ય હાથ આવે છે. જ્યારે આ ઉદ્દેશ્ય કે લક્ષ્ય ભગવાન સ્વયં હોય ત્યારે માનવની દૈનિક પ્રવૃત્તિ પણ સારી જ થાય તે નિર્વિવાદ છે.

પ્રખ્યાત મેનેજમેન્ટ નિષ્ણાત અને પ્રભાવશાળી વક્તા સ્ટીવન કોવીએ પોતાના પુસ્તક '7 Habits of Highly Effective People'માં બીજી હેબિટ દર્શાવી છેઃ 'Begin with the End in Mind'. કોઈ પણ કાર્યનો અંત મનમાં વિચારીને પછી શરૂઆત કરો.

કોવી સમજાવે છેઃ ધારો કે તમે કો'ક વ્યક્તિના અંતિમસંસ્કારમાં ગયા છો. વળી, અનેક લોકો ત્યાં ભેગા થયા છે અને વારાફરતી મૃતક વ્યક્તિ વિષે પોતાનો અભિપ્રાય આપી રહ્યા છે. આવું ધાર્યા પછી એમ વિચારો કે તમે પોતે જ મૃત્યુ પામ્યા છો અને તમારે વિષે લોકો શું અભિપ્રાય આપશે તેનો વિચાર કરો. આવો વિચાર રોજ કરશો તો તમારા દૈનિક જીવનમાં ફક્ત નીતિ-નિયમો જ નહીં બદલાય, પરંતુ તેનાથી જીવન પણ કેવી રીતે જીવવું જોઈએ તેનો ખ્યાલ તમને આવશે. આમ, અંતનો વિચાર દૃઢ અને યોજનાબદ્ધ કાર્યનો આરંભ છે. આ વિચાર destructive નહીં પણ constructive છે. અનેક મહાપુરુષોએ આ વિચાર સાથે અસંભવને પણ સંભવ કરી બતાવ્યું છે. વિશ્વની અજાયબી સમું દિલ્હી અક્ષરધામનું કાર્ય શરૂ થતાં પૂર્વે જ પ્રમુખસ્વામી મહારાજ અક્ષરધામના અંતિમ આકારને મનમાં લાવીને બોલ્યા હતા, આપણે ૫ વર્ષમાં આ પુરૂં કરવું છે. ૧૦૦ એકરનું campus, ૧૪૧ feet ઊંચુ structure, જેને બનાવવા પાછળ ૩૦ કરોડ માનવ કલાકો ગયા, જેને જોઈને શ્રીમુકેશ અંબાણી પણ બોલ્યા હતા કે 'No construction company or project management company can do this in such a record time' - વળી, આ એક જ કામ ન હતું - પાંચ વર્ષ દરમિયાન ૧૮૪ મંદિરોનું બાંધકામ, ૨૦૦૧નું ભુજ ભૂકંપ રાહત કાર્યમાં અનેક ગામો, શાળાઓ અને દવાખાનાઓનું નવનિર્માણ, ૨૦૦૪માં સુનામી પુનર્વસન વગેરે અનેક કાર્યો હતાં. અનુભવી લોકોની દૃષ્ટિએ પણ આ કાર્ય ૫ વર્ષમાં થવું અશક્ય જ હતું, પરંતુ પ્રમુખસ્વામી મહારાજે અંતિમ સીમા બાંધી હતી કે આપણે આ ૫ વર્ષમાં કરવું જ છે અને તેમણે કરી બતાવ્યું. The largest comprehensive Hindu temple in the world તરીકે ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં આજે અક્ષરધામ સ્થાન ધરાવે છે. ટૂંકમાં, અંતનો વિચાર જ લક્ષ્ય-નિર્ધારણની ચાવી છે. આપણો અનુભવ છે કે લક્ષ્ય નિશ્ચિત થયા પછી જ કાર્યમાં ગતિ આવે છે. અજાણ્યા સ્થળે પૂછીપૂછીને જવાનું હોય ત્યારે ગાડીની ગતિ કેવી હોય અને જાણીતા સ્થળે જવાનું હોય ત્યારે ગાડીની ગતિ કેવી હોય! પરીક્ષામાં અંતિમ સીમા ખબર છે કે ૩ કલાકમાં પેપર પૂરૂં કરવાનું છે, તો પેનની ગતિ મનની ગતિ સાથે ચાલે છે.

માનવના વ્યક્તિગત જીવનમાં આ વિચાર કેટલો મહત્ત્વનો છે તેની વાત કરતાં વિશ્વવિખ્યાત ઍપલ કંપનીના સ્થાપક સ્ટીવ જોબ્સે સ્ટેન્ફર્ડ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં કહ્યું હતું કે હું છેલ્લા ૩૨ વર્ષથી રોજ સવારે વિચારું છું કે આજે મારા જીવનનો છેલ્લો દિવસ છે. આ વિચારથી હું અનેક અનાવશ્યક, વ્યર્થ અને હાનિકારક પ્રવૃત્તિઓથી બચી શક્યો છું.

વિનાશકારી ડાઈનામાઈટના સંશોધક આલ્ફ્રેડ નોબલનો નાનો ભાઈ લુડ્વિગ મૃત્યુ પામ્યો. ન્યૂઝમાં ભૂલમાં આવ્યું કે આલ્ફ્રેડ મૃત્યુ પામ્યો છે. તેના વિષે લખ્યું હતુ - The merchant of death is dead મોતનો સોદાગર મૃત્યુ પામ્યો. લોકો મને આ રીતે જુએ છે. આ વિચારથી તેણે કંપની બંધ કરી દીધી. પોતાની મિલકત ડોનેટ કરી ટ્રસ્ટ કર્યું. ત્યારથી નોબલ પ્રાઈઝનો જન્મ થયો.

આમ, કાર્યના આરંભે કરેલો અંતનો વિચાર ઊર્ધ્વ જીવનનો પર્યાય છે. ૭૦-૮૦ વર્ષના જીવન બાદ આપણે આપણા હૃદય ઉપર હાથ મૂકીને કહી શકીએ કે Yes, I lived my life હું સાચી રીતે જીવન જીવ્યો. જો આમ કહી શકીએ તો તે જ સાચી સિદ્ધિ છે. આ સિદ્ધિ પામવા માટે અંતનો કહેતાં પરિણામનો વિચાર જેટલો વહેલો કરીએ તેટલું આપણું લક્ષ્ય સમીપ આવતું જશે. તો આજે જ આ વિચાર દૃઢ કરીએ. ■

# દેશની સૌથી જૂની રામલીલા જેને તુલસીદાસે પોતે શરૂ કરાવી હતી

વિશેષ

ડૉ. અનિતા રાઠૌર
feedback@bombaysamachar.com



શું તમે જાણો છો કે દેશમાં સૌથી જૂની અને સૌ પ્રથમ રામલીલા કઇ હતી? જી હા ઉત્તર પ્રદેશની રાજધાની લખનઊના એશબાગની રામલીલા છે. આ રામલીલાનું નાટક ૫૦૦ વર્ષથી વધુ જૂનું છે. આ સાથે જોડાયેલી સૌથી ખાસ વાત એ છે કે તેને ગોસ્વામી તુલસીદાસે પોતે શરૂ કરાવી હતી. ૧૬મી સદીમાં જ્યારે તુલસીદાસજીએ પોતાનો આ ગ્રંથ પૂરો કર્યો હતો અને તેને લોકો સુધી પહોંચાડવાની વિવિધ રીતો વિચારી હતી. તે દિવસોમાં તેમણે એક વખત ચોમાસાનો પ્રવાસ લખનઊના વર્તમાન એશબાગ વિસ્તારમાં કર્યો હતો અને વરસાદના દિવસોમાં દરરોજ એક પોતાની લખેલી રામકથા (રામચરિતમાનસ) લોકોને સંભળાવી હતી. આ ક્રમમાં તેમને એક દિવસ વિચાર આવ્યો કે કેમ ના આ કથાને સાંભળવા કરતાં એવી જ રીતે અભિનય કરવામાં આવે જેનાથી લોકોને સરળતાથી રામકથા સમજાઇ જશે.

આ વિચારને તેમણે પોતાની કથા સાંભળતા લોકો સાથે વાત કરી હતી. તેમને આ વિચાર પસંદ આવ્યો, પરંતુ સવાલ એ હતો કે જેવી રીતે તુલસીદાસે માનસ લખી હતી તેવી જ રીતે અભિયન કોણ કરશે. વાસ્તવમાં સામાન્ય લોકો વચ્ચે ત્યારે આ કથા એટલી લોકપ્રિય નહોતી કે સામાન્ય લોકો તેને પૂરી રીતે આત્મસાત કરી દીધી હોય. અભિનય સંભવ કરી શકે. આ સાધુ સંતો મારફતે શક્ય હતું. કારણ કે સાધુ સંતો આ કથાથી સારી રીતે પરિચિત હતા. તુલસીદાસ બાબાએ આ સંબંધમાં સાધુ સંતો સાથે ચર્ચા કરી કે તો તેઓ પણ ખુશીથી ઝૂમી ઉઠ્યા અને આ માટે તૈયાર થઇ ગયા હતા. આ રીતે ૧૬મી સદીમાં પ્રથમવાર રામલીલા અભિનયની શરૂઆત અયોધ્યાના સાધુસંતો મારફતે થઇ હતી. કહેવાની જરૂર નથી કે લોકોને આ ખૂબ પસંદ આવી તથા તેને સારું સમર્થન મળ્યું હતું. લોકો રામ કથાને પોતાની આંખોની સામે સ્ટેજ પર થતી જોઇને અભિભૂત થઇ ગયા હતા. આ રીતે દેશમાં રામલીલાના નાટકની મહાન સાંસ્કૃતિક અભિયાન શરૂ થઇ ગયું હતું.

આ તે દિવસ હતો જ્યારે લખનઊમાં ગંગા જમના તહજીબની ખૂબ બોલબાલા હતી. હિંદુ અને અહીંના શિયા મુસ્લિમો કોઇ પણ પ્રકારના ધાર્મિક ભેદભાવ વિના એકબીજા સાથે રહેતા હતા આ કારણ છે કે ફક્ત શિયા મુસ્લિમોએ શરૂઆતમાં રામલીલામાં વિવિધ પાત્રોમાં અભિનય કર્યો હતો. અવધના ત્રીજા બાદશાહ અલી શાહ જેના ઉત્તરાધિકારી વાજિદ અલી શાહ હતા. તેમણે તો શાહી ખજાનામાંથી આ રામલીલા નાટક માટે મદદ કરી હતી. આ રીતે રામચરિતમાનસના રચયિતા ગોસ્વામી તુલસીદાસજીના નિર્દેશમાં રામલીલાના નાટકની શરૂઆત થઇ હતી, સ્થાનિક લોક સાથે સાથે તત્કાલીન લખનઊના મુસ્લિમ સમાજે પણ તેમાં ભરપૂર યોગદાન આપ્યું હતું. પરંતુ આ રામલીલાને જે લોકોએ શિખર પર પહોંચાડી જેમાં સાધુ સમાજ હતો. અવધના નવાબ આસિફુદ્દૌલાએ આ માટે ભરપૂર આર્થિક મદદ કરી હતી. તેમણે લખનઊમાં ઇદગાહ અને રામલીલા બન્ને માટે સાડા છ-છ એકર જમીન ઉપલબ્ધ કરાવી હતી. રામલીલા સાથે તેમને એટલો પ્રેમ હતો કે તેઓ પોતે તેનો પાઠ કરતા હતા.

પરંતુ ૧૮૫૭માં જેવું અંગ્રેજો વિરુદ્ધ આ દેશમાં આંદોલન શરૂ થયું કે માહોલ પૂરી રીતે બદલાઇ ગયો હતો. જેના કારણે ૧૮૫૭થી ૧૮૫૯ સુધી એશબાગની આ ઐતિહાસિક રામલીલા બંધ રહી હતી. જ્યારે ૧૮૬૦માં આ ફરીથી શરૂ થઇ હતી. તો તેનું આધુનિક સ્વરૂપ સામે આવ્યું હતું. આ માટે એશબાગની રામલીલા કમિટીની રચના કરવામાં આવી હતી જે ત્યારથી રામલીલાનું નાટક ચિત્રકૂટ અને બનારસમાં કર્યું હતું. એમ પણ કહેવામાં આવે છે કે ઐતિહાસિક રામલીલા નાટકની શરૂઆત અગાઉ બાબા તુલસીદાસે 'વિનય પત્રિકા' લખી હતી. હવે આ સ્થળ પર તુલસી શોધ સંસ્થાની ઇમારત છે જેને રામલીલા કમિટીએ જ વર્ષ ૨૦૦૪માં બનાવી હતી.

જોકે ૧૬મી સદીમાં જ્યારે રામલીલાની શરૂઆત થઇ હતી ત્યારથી આજ સુધીમાં તેના નાટકમાં અનેક પરિવર્તન થયા છે. તેમ છતાં રામલીલાઓની મૂળ સંકલ્પના એ જ છે. જે ૫૦૦ વર્ષ અગાઉ તુલસીદાસે નક્કી કરી હતી. આ રામલીલાઓમાં રામની કથાને સારી રીતે પ્રસ્તૃત કરાઇ છે.


કારણ કે છેલ્લાં ૫૦૦ વર્ષેમાં આપણી અભિવ્યક્તિની રીત ખૂબ ઉન્નત અને આધુનિકતાથી ભરપૂર થઇ ગઇ હતી. એટલા માટે ૫૦૦ વર્ષ અગાઉની રામલીલાઓ અને આજની રામલીલામાં જમીન આકાશનો ફેર છે. પછી પણ મૂળ પાઠ એક જ છે. એશબાગ રામલીલા સાથે સૌથી ખાસ વાત એ છે કે જ્યાં દેશમાં પ્રથમ રામલીલાના મંચનું સૌભાગ્ય નવાબોની નગરીના આ વિસ્તારમાં હાંસલ કર્યું છે. આજે આખા દેશમાં સૌથી હાઇટેક રામલીલા પણ અહીં એશબાગની રામલીલા છે.

એશબાગની આ રામલીલા આજે દુનિયામાં પ્રસિદ્ધ છે. આ કારણ છે કે દર વર્ષે જેને જોવા માટે દેશના ખૂણેખૂણામાંથી જ નહીં, પરંતુ દુનિયામાંથી સેંકડો લોકો અહીં આવે છે, તેનું ડિજિટલ પ્રસારણ થાય છે. આ રામલીલામાં દેશના જાણીતા અભિનેતા સામેલ થાય છે. જેઓ મહિના અગાઉથી રિહર્સલ શરૂ કરી દે છે. આ કલાકારોની એક ખાસ વાત એ છે કે આ અભિનય માટે કોઇ ફી લેતા નથી. અહીં તુલસી શોધ સંસ્થામાં આવેલી રામચરિતમાનસના મેદાનની વચ્ચે થાય છે ત્યારે આજકાલ તેનો પાઠ આધુનિક સુવિધાઓથી સજ્જ હોલમાં થાય છે. એટલા માટે જોઇએ તો દેશની પ્રથમ રામલીલાએ પોતાની સફરમાં સફળતા હાંસલ કરી છે. જોકે આજે દેશની જ, પરંતુ વિશ્વની સેંકડો જગ્યાઓ પર રામકથાઓ અથવા રામની લીલાઓના પાઠ થાય છે. સત્ય વાત એ છે કે અનેક દેશોમાં આખા વર્ષ માટે રામકથાના પાઠ થાય છે, પરંતુ જ્યારે પણ રામકથાના ઇતિહાસના પાના પલટવામાં આવે છે. ત્યારે સૌ પ્રથમ ઉલ્લેખ લખનઊની એશબાગની રામલીલાનો થાય છે. ■

# તપ એટલે માત્ર શરીરને કષ્ટ આપવું એમ નહીં, તપ એટલે શરીરને જરાય કષ્ટ ન આપવું એમ પણ નહીં!

ચિંતન

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com




ગર્ગ સંહિતાના રચયિતા મહર્ષિ ગર્ગ ધર્મશાસ્ત્રના મહાન નિષ્ણાત હતા. તેઓ મહા તપસ્વી અને વિરકત મહાત્મા હતા. ઋષિ, મહર્ષિ અને ભક્તો તેમના પ્રશ્નોના નિરાકરણ માટે સમયાંતરે તેમની પાસે આવતા હતા. એકવાર શૌનકાદિ ઋષિ તેમના સત્સંગ માટે પહોંચ્યા. તેમણે પૂછ્યું, ધર્મનો સાર શું છે?

મહર્ષિ ગર્ગે કહ્યું કે, સત્ય, અહિંસા અને નૈતિકતાને અનુસરીને પોતાનું કર્તવ્ય બજાવનાર જ ધર્માત્મા છે.

શૌનકાદિ ઋષિએ બીજો પ્રશ્ન પૂછ્યો, મહર્ષિ, તપસ્યાનો અર્થ શું છે?

મહર્ષિએ જવાબ આપ્યો, તપસ્યાનો ખરો અર્થ ત્યાગ છે. જો માણસ પોતાની સાંસારિક ઈચ્છાઓ અને દુર્ગુણોનો ત્યાગ કરે તો તે સાચો તપસ્વી છે. સારા આચરણ અને સદાચારથી મન શુદ્ધ બને છે. જેનું મન અને હૃદય શુદ્ધ થઈ જાય છે, તે આપોઆપ ભક્તિ માર્ગે ચાલે છે.

શ્રીમદ ભગવદગીતામાં સાધુ પુરુષ અર્થાત, સજ્જનોનાં જે ઉત્તમ લક્ષણો બતાવ્યાં છે, તેમાં પણ એક લક્ષણ છે, તપ કરનાર. આપણા માટે તપ એટલે શું? કષ્ટો સહન કરવા, શરીરને દુઃખમાં નાખવું એટલે તપ. ખાધા-પીધા વગર, તાપ-ટાઢ-વર્ષા સહન કરીને ભક્તિ કરવી એટલે તપ! તપની વ્યાખ્યામાં ચોક્કસ કષ્ટ સહન કરવાનો સમાવેશ છે, પણ તેનો અર્થ એટલો સંકુચિત પણ નથી. શ્રીમદ ભગવદ ગીતાના સત્તરમા અધ્યાયમાં તપ ત્રણ પ્રકારના હોવાનું ભગવાન કહે છે.

દેવદ્વિજગુરુપ્રાજ્ઞપૂજનં શૌચમાર્જવમ્;
બ્રહ્મચર્યમહિંસા ચ શારીરં તપ ઉચ્યતે

અર્થાત, દેવતાઓ, બ્રાહ્મણો, ગુરુઓ (અહીં 'ગુરુ' શબ્દ દ્વારા દરેક વ્યક્તિએ માતા, પિતા, આચાર્ય અને વડીલોને કોઈપણ રીતે શ્રેષ્ઠ સમજવું જોઈએ.) અને જ્ઞાની લોકોની ઉપાસના, પવિત્રતા, સાદગી, બ્રહ્મચર્ય અને અહિંસા - આને શરીર સંબંધી 'તપ' કહેવામાં આવે છે.

આ વ્યાખ્યાને ભગવાન મહાવીરના જીવન સાથે સરખાવીએ તો આપણને સમજાય કે એકનિષ્ઠ બ્રહ્મચારી, ત્રિકાળજ્ઞાની, ઘોર તપસ્વી, અહિંસાના પ્રવર્તક એવા તીર્થંકર મહાવીરનું જીવન એકદમ બંધ બેસે છે. ભારતના ધર્મોની મૂળ વિચારધારામાં કોઈ વિરોધાભાસ નથી, માત્ર ઉપાસના પદ્ધતિમાં ફરક છે, તે પણ આનાથી સિદ્ધ થાય છે. તપનો બીજો પ્રકાર છે,

અનુદ્વેગકરં વાક્યં સત્યં પ્રિયહિતં ચ યત્,
સ્વાધ્યાયાભ્યસનં ચૈવ વાઙ્મયં તપ ઉચ્યતે

ઉદ્વેગ ન કરનાર, પ્રિય અને હિતકારક તથા યથાર્થ ભાષણ કરનાર, (મન અને ઇન્દ્રિયો દ્વારા અનુભવાય તે રીતે બરાબર બોલવું તે 'સાચી વાણી' કહેવાય છે) અને વેદનું પઠન અને ભગવાનના નામનો જપ કરનાર - એ વાણી સાથે સંબંધિત 'તપસ્યા' કહેવાય છે. ત્રીજા પ્રકારનું તપ એટલે,

મનઃ પ્રસાદઃ સૌમ્યત્વં મૌનમાત્મવિનિગ્રહઃ,
ભાવસંશુદ્ધિરિત્યેતત્તપો માનસમુચ્યતે

મનની પ્રસન્નતા, શાંત ભાવ, ઈશ્વરનું ચિંતન કરવાનો સ્વભાવ, મન પર નિયંત્રણ અને આંતરિક લાગણીઓની સંપૂર્ણ શુદ્ધતા - આને મન સાથે સંબંધિત 'તપસ્યા' કહેવામાં આવે છે.

આમ તપનો એક અર્થ મન, વચન અને કર્મથી સંયમિત જીવન જીવવું એવો પણ થાય છે, પરંતુ ભગવાનની આ વાતનો આપણે ત્યાં ખોટો અર્થ કરીને તપની મહત્તા જ ઘટાડી દીધી છે. ભગવાને શરીરને કષ્ટ આપવાનું ક્યાં કહ્યું છે?! એ તો આજકાલ તપ કરવામાં છૂટછાટ લેવા માટેનું બ્રહ્મવાક્ય બની ગયું છે. જો કષ્ટપૂર્ણ તપશ્ચર્યાઓ કરવાનું ભગવાને ન કહ્યું હોય તો સ્વર્ગારોહણ કરવા પાંડવોએ કષ્ટ વેઠવું પડ્યું હોત? ભક્ત ધ્રુવ અને ભક્ત પ્રહલાદે પણ ઘોર તપસ્યાઓ કરી છે, ગંગાને પૃથ્વી પર અવતરણ કરાવવા કેટલી ઉગ્ર તપસ્યા ભગીરથે કરી?આપણા ઋષિમુનિઓ પણ કઠિન તપસ્યાઓ કરતા હતા. એટલે એવું કદી ન કહેવું કે ભગવાને ક્યાં કહ્યું છે. આપણાથી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે એક ઉપવાસ પણ ન થતો હોય, અથવા ન કરવો હોય એનો દોષ ભગવાન પર ન ઢોળશો. કળિયુગમાં ભક્તિ કરવાથી મનોકામના પૂર્ણ થાય છે તેમ કહેવાય છે, પરંતુ તેનો અર્થ એવો ક્યાંય નથી કે તમારાથી થતું હોય તો તપ ન કરવું!

ભગવાને કેવું તપ ન કરવા કહ્યું છે? રાજસિક તપ, એટલે કે બીજાથી સત્કાર, માન કે પૂજા કરાવવા માટે, કેવળ દેખાવ ખાતર કરેલું તપ ન કરવું જોઈએ. મૂઢતાપૂર્વક માત્ર શરીરને પીડા આપવાના હેતુથી કે અન્યને હાનિ પહોંચાડવાના હેતુથી કરેલ તામસિક તપ પણ ન કરવું જોઈએ. પરંતુ માત્ર ઈશ્વર શ્રદ્ધાથી ભક્તિભાવ પૂર્વક તપ અવશ્ય કરવા યોગ્ય છે. ■

# નિર્મળદાસજીની વાણી

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

*રામ નામનો પ્યાલો રે,*
*પીવે જો કોઈ ગુરુ મુખે,*
*ઈ તો સચરાચર વ્યાપે રે,*
*દેખો તો કાહુ ખાલી નહીં..*
*એવો રામ નામનો પ્યાલો..૦*


*જે પીવે પ્યાલા, ભયે મતવાલા, રોમ રોમ મેં પ્રકાશ,*
*ઓહં સોહં દોઉ ધ્યાન ધરત હે, સત્ત પુરુષકો પાસ,*
*આનંદ ભયો ઉરમાં રે, દુરમતિ તો દૂર ગઈ... એવો રામ નામનો પ્યાલો..૦*

*જો કોઈ મિલે શબ્દકો ભેદુ, સો જાણે નિરધાર,*
*નિરાકાર નિર્ગુણ અવિનાશી, ઝળક્ત જ્યોત અપાર,*
*એવા અપાર દેશ હે ન્યારા રે, નામ વિના ઈ કછુ ના મિલે..એવો રામ નામનો પ્યાલો..૦*

*ચાર વેદ ખટ શાસ્તર પઢ ગયે, પઢ ગયે સકલ પુરાણ,*
*વાદ વિવાદ કરે સંતન સે, જ્યોં મરઘલા હે વન મેદાન,*
*વસ્તુ તો એની પાસે રે, જંગલ બિચ ઢૂંઢત ફિરે.. એવો રામ નામનો પ્યાલો..૦*

*ચાર વેદ બ્રહ્માએ નિપજાવ્યા, તિનહું નહીં પાયા પાર,*
*ઉનસે જ્યાદા કૌન પઢેલા? કે નિકલ પડે મેદાન*
*અકલ ગતિ તો ન્યારી રે, એવું નિરમળ દાસ કહે... એવો રામ નામનો પ્યાલો..૦*

મારવાડના જીંથડા ગુરુદ્વારાથી પોતાના સદ્‌ગુરુ કુબાજી મહારાજના આદેશથી નિર્મળદાસજી ગુજરાતમાં આવ્યા અને સુરતના સૂબેદારને ચેતાવી એમણે ઈ.સ.૧૫૫૬ માં ખરવાસામાં સંતધામની સ્થાપના કરેલી. એમણે અનેક જીવોને નામસ્મરણના અનુરાગી બનાવેલા. તેમની પચીસેક પદ રચનાઓનું સંકલન ઈ.સ. ૧૯૧૯, વિ.સં. ૧૯૬૯માં સુરતના બુકસેલર માસ્તર ત્રિભુવનદાસ લલ્લુભાઈએ કરીને અમદાવાદના ત્રણ દરવાજા પાસે, ચૂડોઓળમાં ધી રત્નસાગર પ્રિન્ટિંગ પ્રેસમાં અમરતલાલ શાહ પાસે 'શહેરોમાં ગવાતાં પ્રખ્યાત નિરમળદાસનાં ભજન સંગ્રહ' નામે બે હજાર પ્રતમાં પ્રકાશન કરાવેલું. એમાં કબીરજીનાં



કેટલાંક પદોના જવાબ પણ પદ્યમાં જ અપાયા છે. પરંપરિત સંતસાધનાની પરિભાષા સાથેનાં આ ભજનો એ સમયે ખૂબ લોકપ્રિય હશે એમ પ્રથમ આવૃત્તિની પ્રત સંખ્યા જોતાં લાગે છે. આ પુસ્તિકા ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથાલયમાં નં. ૪૬૪૧મુજબ નોંધાયેલી છે.

*ભોળાનાથ વિના દુઃખ કોણ હરે? શેષ ચન્દ્ર માંહી જ્યોત ઝળે..*
*હાથ ચક્ર અરુ ત્રિશુલ બિરાજે, રુદ્રમાલ અંગ ભસ્મ ચડે,*
*કર ડમરુ કિરતાલ બજાવે, નાચે સદાશિવ હર હર કરે...ભોળાનાથ વિના...૦*

*ઈન્દ્રાદિક સનકાદિક મોહે, પારવતી મુખ મોડ વસે,*
*ધોળે બૈલ સવારી સોહે, શૂન્ય શિખર કૈલાસ પરે.. ભોળાનાથ વિના...૦*

*જો કોઈ ધ્યાન ધરે શંકરકો, જો માગે સો તુરત ફળે,*
*નામ સમાધ સગુન હો નિરગુન, નિરમળદાસ વાહે ચરણ પડે.. ભોળાનાથ વિના...૦*

* * *

*મેરી સૂરત શ્યામસે લાગી રહી,*
*નિશદિન વ્યાકુલ ફિરત જગતમેં, સતગુરુ આય દરશાય ગહી..*
*એસી સુરતા લગી શબદમેં, દેખન ઔરકી ન આશ કહીં,*
*જૈસે નિરધનિયાકો ધન પાયો, દેખ દેખ મુસકાઈ રઈ.. -મેરી સૂરત..૦*

*જયજયકાર મન તબ હિ બોલે, રોમ રોમ રંગ છાંહી લહી,*
*નિરમળદાસ મિલા જબ સતગુરુકું, અરસ પરસ એક હોઈ રહી..*
*-મેરી સૂરત શ્યામસે લાગી રહી..૦*

* * *

*નામ હી નામ સંસાર સબ ધ્યાન ધરે, નામકો તો ભેદ કોઈ ગુરુગમ પાવા હે,*
*જનુનીકી જોનીમેં, નામ તો આવત નાંહી, નામકું પરખેગી ઔર વહીં કાયા હે,*
*પિંડ ઓ બ્રહ્માંડ નામ, રોમ રોમમેં રમતા રામ, નામકા નગર ન્યારા, એહી બસાયા હૈ*
*બોલત નિરમળ વાણી, બૂઝે કોઈ અગમ જ્ઞાની,*
*નામકો તો ભેદ મેરે સતગુરુને લિખાયા હે..*

સ્વામી રામાનંદ શિષ્ય અનંતાનંદજીના શિષ્ય કૃષ્ણદાસજી પયહારી (ગલતા ગાદી) ના ૨૪ શિષ્યોમાંના એક તે કુબાજી ઉર્ફે કેવલરામજી. જે કેવલકૂબાના નામથી પણ ઓળખાતા. જેમણે રાજસ્થાન-મારવાડ જોધપુરના જીંથડા ગામે ગુરુગાદીની સ્થાપના કરેલી. વૈષ્ણવ સાધુ સમાજના બાવન દુવારામાં રામાવત કુબાજી દુવારા-જીંથડાનો સમાવેશ થાય છે. મારગી ગૃહસ્થ સંતોની જૂની સાડાબાર શાખામાં સૌરાષ્ટ્રના કુબાવત -દેશાણી, વાઘાણી અને આશાણી પરિવારોનું ગુરુસ્થાન આ જીંથડા ગાદી મનાય છે.

કુબાજી મહારાજ જ્ઞાતિએ પ્રજાપતિ કુંભાર હતા એમ નોંધાયું છે. સાધુ સંતોને ભોજન કરાવવા માટે વણિકને ત્યાં કૂવો ખોદવા ગયા અને માટીમાં દબાયા. એક વરસ પછી ત્યાં યાત્રાળનો સંઘ નીકળ્યો, એમણે જમીનની અંદરથી સંકિર્તનનો અવાજ સાંભળ્યો અને બહાર કાઢ્યા. તેઓ માધુકરી માગીને અન્નક્ષેત્ર ચલાવતા હતા.(નાભાજી કૃત 'ભક્તમાળ'માં એમના નામનો ઉલ્લેખ મળે છે.) કુબાજીના શિષ્યોમાં ગોપાલદાસજીએ ગાદી સંભાળેલી, એમના પછી રામદાસજી-હિરાદાસજી-ચેતનદાસજી એમ શિષ્ય પરંપરા ચાલી. આ ચેતનદાસજીના શિષ્ય થયા ગરણી ગામના આહિર સંત દેશળદાસજી/દેહાભગત, દડવાના વાઘારામજી અને જામનગરના આશારામજી. ■

ફોકસ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# આવો આ વખતે આપણા દુર્ગુણોના આ રાવણોને સળગાવીએ



અસત્ય પર સત્યના વિજયના પ્રતીકના પર્વ વિજયાદશમીનું ફક્ત હિંદુઓ માટે જ નહી, પરંતુ સમગ્ર ભારતીય સભ્યતા માટે ખૂબ મહત્ત્વ છે. પરંતુ આજે પણ જ્યારે આપણે કોઇ અહંકારી વ્યક્તિને દર્પણ બતાવવાનું હોય છે તો હિંદુસ્તાનમાં કોઇ હિંદુ હોય કે મુસ્લિમ, શીખ હોય કે ખ્રિસ્તી, તમામના મુખમાંથી એક વાક્ય નીકળે છે કે અહંકાર તો રાવણનો પણ રહ્યો નહોતો. પરંતુ હવે આપણે આ પ્રતીકને આગળ લઇ જવું પડશે અને દશેરાના આ ઉત્સવ પર આપણા દુર્ગુર્ણોના રાવણને સળગાવીને આ મહાન તહેવારને સાર્થક સિદ્ધ કરવો પડશે. તમામ સમયની જેમ પોતાની સારી બાબતો હોય છે તેમ તમામ સમયની પોતાની ખરાબ બાબતો હોય છે. જો ત્રેતાયુગમાં રાવણ જેવા દુષ્ટ લોકો પણ હતા જેમણે ધર્મનું પાલન કરતા લોકો, ઋષિમુનિઓનું જીવન હરામ કરી નાખ્યું હતું તો હાલના સમયમાં એવી અનેક ખરાબ બાબતો છે જેનાથી સામાન્ય વ્યક્તિ દિવસ રાત પરેશાન રહે છે. આવો હાલના સમયની એવી કેટલીક ખરાબ બાબતોનું પૂતળું સળગાવી અસત્ય પર સત્યની જીતના પ્રતીક દશેરાની ઉજવણી કરીએ.

## પ્લાસ્ટિક પ્રદૂષણનો રાવણ

જાણકારો અનેક દાયકાઓથી કહી રહ્યા છે કે પ્લાસ્ટિક માણસો માટે ખૂબ જીવલેણ છે. આ દિવસની સાથે ધરતીને પોતાના પ્રદૂષણથી ખત્મ કરી રહ્યું છે. દેશ જ નહીં દુનિયાભરની સરકારો લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવાનું સમજાવે છે. પરંતુ પ્લાસ્ટિકનાં ઉત્પાદનો પર રોક લગાવતી નથી. પરિણામ એ આવે છે કે સરકારોના પ્લાસ્ટિક પર પ્રતિબંધ લગાવવા છતાં સિંગલ યુઝ પ્લાસ્ટિકની થેલી પુષ્કળ પ્રમાણમાં વેચાય છે અને પ્રદૂષણની સ્થિતિ દિવસે ને દિવસે વિકરાળ બનતી જાય છે. તો કેમ ના આ વખતે આપણે આ પ્લાસ્ટિકના રાવણનું દહન કરી દઇએ, પોતે અને પરિવારજનો અને મિત્રો સાથે મળીને માણસોને બીમાર કરનારી આ ખરાબ બાબતનું જાહેરમાં પૂતળું સળગાવવામાં આવે અથવા આ ડિજિટલ સમયમાં કાંઇ પણ ફૂંકવાની ડિજિટલ વિધિથી રાવણનું દહન કરીએ.

## પોતાના દુર્ગુણોને લખીને હરાવો

કોઇ સાર્વજનિક સ્થળો પર કોઇ મોટું નોટિસ બોર્ડ લગાવો અને પોતાના મિત્રો, પરિવારજનો અને સંબંધીઓ અને સામાન્ય લોકોને આમંત્રિત કરો કે તેઓ તેમના સ્વભાવમાં રહેલા દુગુર્ણો છોડવાની પ્રતિજ્ઞા કરે અને આ પ્રતિજ્ઞાને એક કાગળમાં લખીને છોડવાનો સંકલ્પ કરે પછી આ સંકલ્પપત્રને નોટિસ બોર્ડમાં ચોંટાડી દે જેથી તેઓ સાક્ષી રહે કે આપણા દુગુર્ણોનો નાશ કરવાનો સંકલ્પ વિજયાદશમીના રોજ લીધો હતો. જેને આપણે પૂરો કરવો જ જોઇએ. આ પ્રેરણાથી આપણે આપણી અંદરની ખરાબ ટેવો હંમેશાં માટે આ વિજયાદશમીના રોજ ત્યાગ કરી શકીશું.

## દેખાડો કરવાના ભૂતથી છુટકારો મેળવીએ

આપણે તમામ લોકો જાણીએ છીએ કે દેખાડો કરવો એ પણ ખરાબ ટેવ છે. જેના કારણે આપણે જેવા હોઇએ તેવા લોકોને દેખાતા નથી, પરંતુ લોકો સામે આપણી ખોટી છબિ બને છે. જેનાથી લોકોને દગો મળે છે. આપણું પોતાનું પણ નુકસાન થાય છે. દેખાડો કરવાના કારણે આપણે આપણાં મૂલ્યોને, આપણી પરંપરાઓને છોડી દઇએ છીએ. દેખાડો કરવાના કારણે આપણી આવક કરતા વધુ ખર્ચ કરી દઇએ છીએ. આ રીતે લોકોના દેવામાં વધારો થાય છે. આ દશેરા પર આવીએ મિત્રો સાથે મળીને પોતાની અંદર રહેલી આ દેખાડાના રાવણને હંમેશાં હંમેશાં માટે ફૂંકી નાખીએ, જેનાથી તેની ખરાબ બાબતો આપણને પરેશાન ના કરે. આપણા પારંપરિક મૂલ્યો, સંસ્કૃતિની જીવંત પરંપરાઓ સાથે જોડાઇએ અને વિજયનો અનુભવ કરીએ. આ દશેરાને સાર્થક બનાવવા માટે આ પણ એક શાનદાર રીત છે. જ્યારે આપણે આપણા દેખાડો કરવાની વૃત્તિનો ત્યાગ કરી દઇશું તો આપણે બીજાના પ્રિય બની શકીશું. તેના ઘણા ફાયદાઓ પણ મળે છે. એમ કરીને આપણે આપણી પરંપરા અને સંસ્કૃતિના મૂળ સાથે જોડાવવાના ગર્વનો અનુભવ કરીશું.

## ધરતીના દુઃખને સમજીએ

ખૂબ ખાવાનું અને ખૂબ બરબાદ કરવાની આપણી આદતોના કારણે આપણે ઝડપથી ધરતીનાં સંસાધનો છીનવી રહ્યા છીએ. આવનારી પેઢીઓને આપણે તેના જન્મ અગાઉ જ કંગાળ બનાવી રહ્યા છીએ. પોતાની આ સામૂહિક ખરાબ કુટેવો પ્રત્યે જાગૃત થવા અને આડેધડ ઉપયોગને વિરામ આપો જેથી આ સુંદર ધરતી આપણને વારસામાં મળી છે, આવનારી પેઢીઓ માટે એક યોગ્ય વ્યવસ્થા રહે. એટલા માટે આપણી મોટાભાગની ગતિવિધિઓ ઇકોફ્રેન્ડલી સાબિત થાય. આ વિજયાદશમીના રોજ નિર્ણય લઇ કે બિનજરૂરી ઉપભોગ અને બિન જરૂરી રહેણીકરણીને કારણે આપણે ધરતી પર બિનજરૂરી દબાણ ઊભું કરીશું નહીં. આ દશેરાના રોજ ઉપભોગની આપણી રાક્ષસી પ્રવૃતિની ઇચ્છાનું પૂતળું બાળીએ અને જેટલી સુંદર અને સંપન્ન ધરતી આપણે આપણા માટે ઇચ્છીએ તેટલી જ સુંદર અને સંપન્ન ધરતી બીજા માટે ઇચ્છીએ.

## રાવણની ખાસિયતોને પણ ઓળખીએ

આપણે દર વર્ષે વિજયાદશમીના તહેવાર પર રાવણનું પૂતળું બાળવા માટે ઉત્સાહિત હોઇએ છીએ તેની ખરાબ બાબતો આપણને હંમેશાં યાદ રહે છે, પરંતુ એ વાત ભૂલવી ના જોઇએ કે રાવણ એક મહાવિદ્વાન અને પ્રકાંડ પંડિત હતો. એટલા માટે આપણે આજના દિવસે રાવણની ખરાબ બાબતોનું પૂતળું ફૂંકવાની સાથે સાથે રાવણની ખાસિયતોને પણ યાદ કરીએ. રાવણની ખાસિયતોને ઓળખવી જોઇએ. તેને જાણવી કે ઓળખવી પૂરતી નથી પરંતુ તેને આત્મસાત કરવી પણ જરૂરી છે. ત્યારે જ આપણી અંદર રહેલા કુટેવોના રાવણને હરાવી શકીશું. પારંપરિક દશેરા ઉજવવાના બદલે આ વર્ષે આધુનિક રીતોથી, પોતાના કાર્ય વ્યવહારને સકારાત્મક અને માનવીય બનાવીએ. રાવણના પૂતળાને બાળીને વિજયનો અનુભવ કરવાના બદલે આ વખતે પોતાની ખરાબ બાબતો અને ખરાબ આદતોના રાવણને સળગાવીએ. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



પ્રકરણ ૮૦

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

પોતાના રૂમમાં આવીને ગાયત્રીએ પલંગ પર પડતું મૂક્યું. એનું આખું શરીર તૂટતું હતું. એને ડર લાગ્યો કે એ આંખ બંધ કરશે એવી જ ઊંઘ આવી જશે. ના, અત્યારના સૂવું નથી. ભગવાન જાણે આ ઘરમાં શું થવાનું બાકી છે.

જ્યારથી એણે જગમોહનના ઘરમાં પ્રવેશ કર્યો છે ત્યારથી કંઈ ને કંઈ બનતું રહે છે. શું એના આગમનને ઘરમાં બનતી દુર્ઘટનાઓ સાથે સંબંધ હશે...!

હજી હમણાં જ ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીઓએ વિદાય લીધી હતી. જગમોહન દીવાન જેવા અગ્રણીય ઉદ્યોગપતિના ફ્લેટમાં આગ લાગી છે એ સમાચાર મળતાં જ ફાયર બ્રિગેડ તેમજ પોલીસના વરિષ્ઠ અધિકારીઓ દોડતા આવ્યા હતા.

આગ ફ્લેટના મુખ્ય દ્વાર પાસે લાગી હતી. જો ફેલાઈ જાત તો ઘરની એક પણ વ્યક્તિ જીવતી બહાર ન નીકળી શકત.

‘તમને ખબર છે કે કોઈએ તમારા ઘરને જાણીજોઈને આગ લગાડવાનો પ્રયાસ કર્યો છે?’ ફાયરબ્રિગેડના એક ઑફિસરે જગમોહન દીવાનને આવીને કહ્યું હતું.

‘મિ. દીવાન, તમારે પોલીસ સ્ટેશને આવીને ફરિયાદ નોંધાવવી જોઈએ.’ થાણાથી આવેલા ઈન્સ્પેક્ટર પ્રમાણિકે સલાહ આપી હતી.

જગમોહને બંને સામે હસી નાખ્યું હતું. એના હાસ્યમાં ખિન્નતા હતી કે કંટાળો એ સમજવું મુશ્કેલ હતું.

અગ્નિશામક દળના અધિકારીએ સહાનુભૂતિથી જગમોહનના ખભા પર હાથ મૂકીને કહ્યું હતું :

‘સાહેબ, હું પૂછીશ નહીં કે તમારે કોઈ દુશ્મન છે કે નહીં. તમે જે સ્તર પર છો ત્યાં દોસ્ત કરતાં દુશ્મન વધુ મળે એ સમજું છું. બટ ધી કેરફૂલ. આ આગ પર તો અમે કાબૂ મેળવી લીધો છે. અમારે લાયક બીજું કોઈ કામ હોય તો જણાવશો.’

જગમોહને ઓફિસરનો આભાર માન્યો હતો ત્યારે ઈન્સ્પેક્ટર પ્રમાણિકે પાસે આવીને જગમોહનને દિલાસો આપતા કહ્યું હતું:

‘મિ. દીવાન, તમે ચિંતા નહીં કરતા, અમારા માણસો તમારા ઘરની ચોતરફ પહેરો આપી રહ્યા છે. તમારો કોઈ વાળ વાંકો નહીં કરી શકે.’

ઈન્સ્પેક્ટરની વાત સાંભળીને જગમોહન તાડૂક્યો હતો :

‘માય ફૂટ, અરે મરી ગયા પછી કોઈ વાળ વાંકો કરે કે ન કરે ફરક શું પડે છે? તમારા માણસો જો પહેરો આપતા હોય તો આ આગ કેવી રીતે લાગી? પ્લીઝ, ટેલ મિ. સન્યાલ ધેટ આઈ એમ નોટ હેપી વીથ યોર એરેન્જમેન્ટ્સ.’

એક તો લખુકાકાએ ડાઇનિંગ ટેબલ પર આવીને આગના ખબર આપ્યા હતા ત્યારે જ બધાં ફફડી ગયાં હતાં. દોડીને ઘરના મુખ્ય દ્વાર પાસે આવીને જોયું તો આગ ફેલાવા લાગી હતી. એ તો બહારના કોઈએ સમયસૂચકતા વાપરીને ફાયર બ્રિગેડને ખબર આપ્યા કે હોનારત સર્જાતા અટકી ગઈ.

હવે આ ઈન્સ્પેક્ટર કહેતો હતો કે એના માણસો દીવાનના ફ્લેટની આજુબાજુ સજ્જડ પહેરો આપી રહ્યા છે. જગમોહનને ગુસ્સો ચડતો હતો પણ એને સંયમ રાખવાનું ઉચિત માન્યું.

‘સોરી, સર’

ઈન્સ્પેક્ટર જગમોહનના રુદ્ર સ્વરુપથી ઓઝપાઈ ગયા હતાઃ

‘હું જરુર સન્યાલ સાહેબને તમારો સંદેશ પહોંચાડી દઈશ.’ કહીને ઈન્સ્પેક્ટર નીચું મોઢું કરીને રવાના થઈ ગયો હતો.

ત્યારે ગાયત્રા તરફ ફરતા જગમોહને કહ્યું હતું:

‘ગાયત્રી, અહીંયા તો તમારો જીવ જોખમમાં હોય તો બીજા પર આધાર ન રાખી શકો. તમારી સુરક્ષાની વ્યવસ્થા તમારે જ કરવી પડે, તમારી લડાઈ તમારે લડવી પડે.’

જગમોહન થાકી ચૂક્યો હતો. કોઈને જમવાની રુચિ રહી નહોતી. ભભૂકતી આગને જોઈને દરેકના મોઢામાં ભય અને કડવાશનો મિશ્રિત સ્વાદ રહી ગયો હતો. લખુકાકા ઘરની સાફસૂફી કરી રહ્યા હતા. ધીરે ધીરે બધાં પોતપોતાના કમરા તરફ ચૂપચાપ રવાના થઈ રહ્યાં હતાં.

રેવતીએ પાસે આવીને જગમોહનને પૂછ્યું હતુંઃ

‘પપ્પા, આ માણસ તમને જ શા માટે મારવા માગે છે?’

જગમોહને દીકરીના માથે હાથ મૂકતા કહ્યુંઃ

‘બેટા, મને ખબર પડે તો હું એનો રસ્તો શોધી પણ કાઢું , પણ પેલા ઓફિસરની વાત સાચી છે. જીવનની જે ઊંચાઈ પર હું પહોંચ્યો છું ત્યાં કાં ભક્તો મળે અથવા શત્રુ મળે, મિત્રો જવલ્લે જ મળે.’

‘પપ્પા, એમને જેટલા રુપિયા જોઈતાં હોય બાળોને!’ દીકરીના અવાજમાં યાચના હતી.

‘બેટા, ખબર પડે તો હું આપું ને? હમણાં કોને આપું?’

રેવતી ત્યારે ચૂપ થઈ ગઈ.જગમોહન અને ગાયત્રી બંનેને ખબર હતી કે આ દુશ્મનાવટ રુપિયાથી લેવડદેવડથી પર હતી. જગમોહનથી દાઝેલો કોઈ માણસ જગમોહનને ખતમ કરી દેવા ઈચ્છે છે. ધિક્કારની આગ એની ચરમસીમા પાર કરી જાય પછી એને કોઈ ભૌતિક સુખની લાલચ સ્પર્શી ન શકે, કોઈ વેરની આગ રુપિયાની આપ-લે ઠારી ન શકે.

ગાયત્રીએ જોયું લખુકાકાને ઘર સાફ કરવા અંગે પ્રભા સૂચના દઈ રહી હતી. વિક્રમ અને કરણ પોતપોતાના રુમ તરફ જઈ રહ્યા હતા.

‘ગાયત્રી, તું આરામ કર. હું પણ મારા બેડરુમમાં આરામ કરું છું. કંઈક યાદ આવશે તો બોલાવીશ.’

જગમોહનના આ સૂચન પછી પોતાના કમરામાં આવીને ગાયત્રીએ પલંગ પર પડતું મૂક્યું હતું.

કેવા ચક્રવ્યૂહમાં એ ફસાઈ ગઈ હતી.

છેલ્લાં પાંચ વરસથી એ એકલી અટૂલી રહેતી હતી. મિત્ર, સગાવહાલાની ઝંખના હોવા છતાં કોઈ એને મળ્યું નહીં. અન્ન અને પ્રેમની ભૂખી ગાયત્રીએ જેમ તેમ પાંચ વરસ કાઢી નાખ્યાં હતાં. પેટ ભલે ખાલી હતું પણ હૈયામાં વિશ્વાસ હતો એટલે ટકી જવાયું.

હવે જ્યારે એક પરિવાર મળ્યો, આપ્તજનો મળ્યાં, કાકુ જેવા એક ગાઈડ, ફિલોસોફર અને અલબત્ત, વડીલ મિત્ર મળ્યા પણ હવે અચાનક ફરી એકલાં રહેવાની એને ઈચ્છા થઈ આવી ...એને થયું કે એ ભાગી જાય તો?

ફરીને એ પોતાના બે રુમના ઘરમાં જઈને શાંતિથી રહેવા માંડે તો...? ના, ના, અહીં કાકુની જિંદગી જોખમમાં છે અને એ કેમ ભાગી જાય ?

એક વાર એના પરનું જોખમ ટળી જશે પછી એ નીકળી જશે અહીંથી. બધાંને મૂકીને. વરસોથી કુટુંબમાં રહેવાની ટેવ છૂટી ગઈ હતી એટલે વધુ પડતા પ્રેમ કે વધુ પડતા સ્વાર્થને જોવાની ટેવ પણ છૂટી ગઈ હતી.

એવું લાગતું હતું કે જાણે જંગલમાં રહેતું એક સસલું શહેરમાં આવી પડ્યું હતું.

પણ શહેરમાં સસલા થઈને રહેવામાં મૂર્ખાઈ છે.

અહીં વાઘ ન પણ હો તો પણ વાઘની ચામડી પહેરવી પડે. શિકાર કરવાં નહીં તો શિકારને ડરાવવા તો કામ લાગે.

ગાયત્રી પલંગ પરથી નીચે ઊતરી. એણે પલંગની નીચે રહેલી સૂટકેસને ખેંચીને ખોલી. કપડાંને ફેંદીને એની નીચે સંતાડી રાખેલી જગમોહનની રિવોલ્વર એણે બહાર કાઢી.

વજનમાં ભારે છે,છતાં કેટલી રુપાળી સરસ મજાની પિસ્તોલ છેગાયત્રી વિચારતી હતી. અત્યાર સુધી એણે હિન્દી ફિલ્મોમાં જ પિસ્તોલ જોઈ હતી. આજે પહેલીવાર એણે ગનને હાથમાં પકડી હતી.

રિવોલ્વર હાથમાં આવે ત્યારે ઘોડો દબાવવાની ઈચ્છા કેમ થઈ જાય છે બહુ જ ટૂંકા સમયમાં આ રિવોલ્વરનો ઉપયોગ કરવો પડે તો ?એ વિચારતી હતી.


**************

મોડી રાતના કુમાર જાગ્યો ત્યારે એનું માથું ફરતું હતું. મગજમાં જાણે ધુમ્મસ છવાયેલું હતું. દિમાગ પર જોર દઈને એણે વિચારવાની કોશિશ કરી કે એ ક્યાં છે. ધીમે ધીમે ધુમ્મસ વિખેરાવા લાગ્યું- સ્મૃતિઓ ઊભરાવા માંડી....

એ પેરેડાઈસ ગેસ્ટહાઉસ’ની એક રુમમાં દારુ પીતાં પીતાં સૂઈ ગયો હતો. હવે આંખ ખૂલ્યા બાદ એનું માથું સખત દુઃખતું હતું અને ઊલટી થઈ જશે એવું લાગતું હતું.

શ્યામલી એને ઘણી વાર ટોકતીઃ

‘તને દારુ સદતો નથી પછી શા માટે પીવાનો આટલો આગ્રહ રાખે છે?’




ત્યારે એ મજાકમાં કહેતોઃ ‘શ્યામલી, દુનિયામાં દરેક સારી ચીજના ગેરફાયદા કેમ હોય છે અને ખરાબ વસ્તુનો કોઈ ફાયદો નથી- કોઈ લાભ નથી ?’

શ્યામલી પૂછતીઃ ‘સારી અને ખરાબ ચીજ કઈ તારી નજરે?’

ત્યારે એ આસ્તેથી મસ્તીખોર અંદાજમાં કહેતાઃ

‘દારુ આટલી સારી ચીજ છે પણ એને પીવાથી નુકસાન કેમ થાય છે?’

‘જો દારુ સારી વસ્તુ છે તો ખરાબ વસ્તુ કઈ?’ શ્યામલી પૂછી લેતી.

ત્યારે એ કહેતોઃ ‘પત્ની’ બોલ્યા બાદ એ પોતાની જગ્યાએથી ઊઠીને દૂર ચાલ્યો જતો, જેથી શ્યામલીનો હાથ એના વાંસા પર ન પડે...!

‘સાચે શ્યામલી, ઓનેસ્ટલી કહું છું કે દારુ અને પત્ની બંને દુશ્મન નથી, એકબીજાના પૂરક છે. શરાબ સેવન બાદ પત્ની પર પ્રેમ વધી જાય છે અને સવારના હેંગઓવરથી માથું ભલે ફાટતું હોય પણ વાઈફનો સ્પર્શ જ માથાના દુખાવાને ભગાડે છે.’

કુમારના ચહેરા પર સ્મિત ફરકી ગયું, પણ અચાનક કમરામાં ફેલાયેલા અંધકારને જોઈને એનું હાસ્ય વરાળ થઈ ગયું. એ શ્યામલી સાથે વાત નહોતો કરતો. એ અતીતના સંવાદોને યાદ કરતો હતો.

શ્યામલી તો મરી ચૂકી હતી.

ઉફ... જે દુર્ઘટનાને ભૂલવા દારુનો સહારો લેતા હોઈએ એ નશો ઊતર્યા બાદ બમણી તીવ્રતાથી ચિત્તતંત્રને ખળભળાવી મૂકે છે.

શ્યામલી હવે કદી પાછી નહીં આવે એવું એને નશો ઊતર્યા બાદ ફરી સમજાઈ ચૂક્યું હતું.

એ પલંગમાંથી ઊભા થઈને ટેબલ પર રાખેલાં ગ્લાસ બાથરુમના મૂક્યા ને ખાલી થઈ ગયેલી બોટલ રુમના ખૂણામાં મૂકી. કપડાં બદલીને એ ફરી પલંગ પર ફસડાયો.હવે મોડું કરવું પાલવે તેમ નથી....

વહેલી તકે એ શ્યામલીના પોતાના ફ્લેટ પર જશે અને ત્યાંથી રુપિયાની બેગ લઈને એક રિવોલ્વર ખરીદી લેશે, સાઈલેન્સરવાળી.બસ, પછી ખેલ ખલાસ જગમોહન દીવાનનો....શ્યામલીને આનાથી વધુ સારી શ્રદ્ધાંજલી નહીં આપી શકાય. જગમોહનનું મોત, વિક્રમનો તરફડાટ અને શ્યામલીના આત્માને શાંતિ... કુમારની આંખો ફરી ઘેરાવા માંડી હતી.

ઊંઘમાં પ્રવેશતાં પહેલાં એક કાચું સ્વપન એણે જોઈ નાખ્યું. હાથમાં રિવોલ્વર લઈને એ જગમોહનની સામે ઊભો હતો.કુમારના ચહેરા પર હાસ્ય ફેલાય એ પહેલાં નિદ્રામાં સરકી ગયો.

ગેસ્ટહાઉસ સામેની ફૂટપાથ પર ઊભા રહેલા માણસને પણ નીંદર આવતી હતી , પણ એને ડર હતો કે એ સૂઈ જશે તો શિકાર ભાગી જશે...!

**********

ગાયત્રી અને કુમાર જેટલું જ જો કોઈ થાક્યું હતું તો એ હતો જગમોહન....

બધા એક પછી એક વિખેરાવા માંડ્યા બાદ એ પણ પોતાના રુમમાં આવીને લાંબો થયો હતો.

કહે છે કે મારવા કરતાં બચાવવાવાળો વધુ શક્તિશાળી હોય છે, પણ અહીં તો બહાર પંદર સુરક્ષાકર્મી તહેનાત હોવા છતાંય ખૂની મકાનની અંદર દાખલ થઈ શક્યો અને એના ઘરને આગ લગાડવાનું અડપલું કરી શક્યો.

ખેર, વિચારવું હોય તો એમ પણ વિચારી શકાય છે કે એનું જીવતા રહેવું જ એ વાતનો પુરાવો છે કે બચાવવાવાળો વધુ સમર્થ છે.

જીવન પણ એવું રુલેટ મશીન બની ગયું હતું,જેમાં જે આંકડાની ઈચ્છા રાખી હોય એ ન જ નીકળે.

આત્મહત્યા કરવા નીકળ્યો ત્યારે મોત માગ્યું તો રુલેટનું ચકરડું ફર્યું અને રુલેટની નાનકડા દડા જેવી ગોળી ફરતી ફરતી ગાયત્રીના ચોકઠામાં જઈને ગોઠવાઈ.

હવે જીવવું છે અને જીવન માગ્યું તો ચકરડામાં અટવાયેલો પેલો દડો શત્રુના ચોકઠામાં ફસાઈ ગયો..

હવે એણે શ્વાસ માગ્યા છે ત્યારે એ નાનકડો દડો મોતના ખાનામાં નહીં અટકી જાય ને?! (ક્રમશઃ)

---



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગરબો - ગાયકની જોડી જમાવો

| A | B |
|---|---|
| પાવા તે ગઢથી | પાર્થિવ ગોહિલ |
| ઈંધણાં વીણવા ગઈ’તી | દિવાળીબેન ભીલ |
| મારે ટોડલે બેઠો મોર | દમયંતી બરડાઈ |
| સનેડો સનેડો | હેમંત ચૌહાણ |
| પાવાવાળી હે મહાકાળી | ફાલ્ગુની પાઠક |

## ઓળખાણ પડી?



પથ્થર તોડ્યા બાદ જમીનને સપાટ કરવાની પ્રક્રિયામાંથી અવતરેલા આ નૃત્ય પ્રકારની ઓળખાણ પડી? ગુજરાતનો ચોરવાડ પ્રદેશ એનું જન્મસ્થાન કહેવાય છે.

અ) કોવિલ નૃત્ય બ) પઢારો નૃત્ય ક) ટિપ્પણી નૃત્ય ડ) રાસક નૃત્ય

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | પ | ૨ સ્થિ | તિ | ■ | ૩ રૂ | પાં | ૪ ત | ૫ રિ | ૬ ત |
| પ | ■ | ર | ■ | ૭ લે | પ | ■ | ૮ પ | યા | ર |
| ૯ કા | ૧૦ વ્ય | ત્વ | ■ | ૧૧ વ | મ | ળ | ■ | ૧૨ ઝ | ગા |
| ૧૩ ર | ક્ત | ■ | ૧૪ ચ | ડ | તી | ■ | ૧૫ સ | ■ | ળા |
| ક | ■ | ૧૬ ન | ર્મ | દે | ■ | ૧૭ સ | ર્વ | દા | ■ |
| ■ | ૧૮ લા | ■ | ૧૯ કા | વ | ૨૦ ડ | ■ | સ્વ | ■ | ૨૧ પ |
| ૨૨ સં | ઘ | ■ | ૨૩ ર | ડ | મ | સ | ■ | ૨૪ વા | રિ |
| ૨૫ ચા | વ | ૨૬ લ | ■ | ■ | ડ | ■ | ૨૭ ફ | ર | ક |
| લ | ■ | ગી | ■ | ૨૮ ના | મ | ૨૯ દા | ર | ■ | લ્પ |
| ૩૦ ન | વ | ર | ચ | ના | ■ | ૩૧ સ | મા | પ | ના |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | | ૪ | ૫ |
| | ■ | | ■ | ૬ | | ■ | ■ | ૭ | |
| ૮ | | | ■ | ૯ | | ૧૦ | | | |
| | ■ | ■ | ૧૧ | | ■ | | ■ | | ■ |
| ■ | ૧૨ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | | | ■ | ૧૬ |
| ૧૭ | | | ૧૮ | ■ | ૧૯ | | ■ | ૨૦ | |
| ૨૧ | | ■ | ૨૨ | ૨૨અ | ■ | ૨૩ | | | |
| | ■ | ૨૪ | | | ■ | | ■ | | ■ |
| ૨૫ | ૨૬ | | ■ | ૨૭ | ૨૮ | ■ | ૨૯ | | ૩૦ |
| ૩૧ | | ■ | ૩૨ | | | | | ■ | |

### આડી ચાવી

૧. મૂળશક્તિ (૪)
૩. સર્વત્ર (૫)
૬. ત્રણનો સમુદાય (૨)
૭. ડાઘ, કલંક, લાંછન (૨)
૮. દરિદ્ર, નિર્ધન, કંગાલ (૩)
૯. ભૂલા પડી જવાય એવી અટપટી રચના (૬)
૧૧. હોડી (૨)
૧૨. તેજ, કાંતિ, દમામ (૨)
૧૪. નવું (૪)
૧૭. કથાકાર, રસોયો (૪)
૧૯. વખત (૨)
૨૦. અત્યાર પછી, આગળ પર (૨)
૨૧. તેજ, દૈવત, પ્રેમ (જો.છૂ.) (૨)
૨૨. ના પાડવી તે (૨)
૨૩. હીરાની કરચ (જો.છૂ.) (૪)
૨૪. પરણ્યા વગરના (૩)
૨૫. ગામડામાં સૂવાવડ કરાવનાર સ્ત્રી (૩)
૨૭. ---રાજા તથા પ્રજા (૨)
૨૯. યુક્તિ, પ્રબંધ, મનસૂબો (૩)
૩૧. બાતલ (૨)
૩૨. કાશીનો એક ગંગાઘાટ (૫)

### ઊભી ચાવી

૧. મનમાંનું, સ્વગત (૪)
૨. દારૂ, મદ્ય (૩)
૩. સઘળું, બધું (૩)
૪. ઉશ્કેરણી (૪)
૫. સુંદરી (૩)
૬. ત્રણ ભુવન-સ્વર્ગ-પૃથ્વી-પાતાળ (૪)
૧૦. આખા ભુવનને મોહ પમાડનાર -(દેવી) (૬)
૧૨. ઘા કરવો તે (૩)
૧૩. કાપેલાં લાકડાંની ગઠરી (બ.વ.) (૨)
૧૫. ઓગણીસ પછી (૨)
૧૬. ---- સંગમ એટલે ૩ નદીનો સંગમ (૩)
૧૭. અસુર, જેનો દેવીએ સંહાર કર્યો (૫)
૧૮. તમે ---- પધારો (૩)
૨૦. હક ધરાવનારું, વાજબી (૪)
૨૨અ. દેવીનું એક નામ (૪)
૨૪. કોમળ (જો.છૂ.) (૨)
૨૬. સ્મરણ (૨)
૨૮. મેળાનો મને---લાગે (૨)
૨૯. મમ્મીની દેરાણીના વર (૨)
૩૦.---રસ દેવો પણ પીતા (૨)

## ગુજરાત મોરી મોરી રે

ત્રણ તાળીના ગરબામાં ખૂટતો શબ્દ જણાવો.

માં --------- ગોખવાળી રે રંગમાં રંગતાળી...

અ) ગુંબજના બ) ગબ્બરના
ક) ચાચરના ડ) ચામુંડાના

## માતૃભાષાની મહેક

ફાલ્ગુની પાઠક અને ગરબા ક્વીન એકબીજાના પર્યાય ગણાય છે. એમનું નામ પડતા જ અનેક ગીત - ગરબા - ધૂન હોઠ પર રમવા માંડે. અફાટ લોકપ્રિયતા મેળવનારું ‘પરી હૂં મૈં’ ગીતની ખાસિયત એ છે કે મૂળ ગીત ફાલ્ગુનીએ નહીં પણ સુનીતા રાવ નામની ગાયિકાએ ગાયું છે. જોકે, આ ગીત ફાલ્ગુનીએ યાદગાર બનાવ્યું છે એનો જાહેરમાં સ્વીકાર સુનીતા રાવે કર્યો છે.

## સુડોકુ-૭૦૦૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | | ૧ | | | ૮ | |
| ૫ | | | | ૩ | ૪ | | | ૭ |
| ૯ | | ૬ | | ૨ | | ૪ | | |
| | | ૨ | | ૮ | | | ૯ | ૬ |
| | ૯ | | ૨ | | ૭ | | ૪ | |
| ૮ | ૫ | | | ૯ | | ૭ | | |
| | | ૭ | | ૪ | | ૯ | | ૨ |
| ૪ | | | ૧ | ૭ | | | | ૩ |
| | ૮ | | | ૬ | | ૧ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૯૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૯ | ૫ | ૭ | ૮ | ૧ | ૩ | ૬ |
| ૧ | ૮ | ૬ | ૩ | ૨ | ૪ | ૭ | ૯ | ૫ |
| ૭ | ૫ | ૩ | ૯ | ૧ | ૬ | ૮ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૧ | ૭ | ૪ | ૩ | ૨ | ૮ | ૯ |
| ૯ | ૨ | ૭ | ૮ | ૬ | ૧ | ૪ | ૫ | ૩ |
| ૮ | ૩ | ૪ | ૨ | ૯ | ૫ | ૬ | ૭ | ૧ |
| ૪ | ૭ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૧ | ૮ |
| ૩ | ૧ | ૫ | ૪ | ૮ | ૭ | ૯ | ૬ | ૨ |
| ૬ | ૯ | ૮ | ૧ | ૩ | ૨ | ૫ | ૪ | ૭ |

## ઈર્શાદ

આશાભર્યાં તે અમે આવિયાં,
ને મારે વાલે રમાડ્યા રાસ રે.

-- નરસિંહ મહેતા

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘પાણી ગ્યાં’તાં રે, બેની અમે તળાવનાં રે, પાળેથી લપસ્યો પગ, બેડાં મારાં નંદવાણાં રે.’ પંક્તિમાં નંદવાણાં શબ્દનો અર્થ જણાવો.

અ) ભરાવું બ) ભાંગવું ક) વહેવું ડ) ગળવું

## માઈન્ડ ગેમ

માતા સતીની શક્તિપીઠ આપણા દેશમાં તેમજ દેશની બહાર પણ છે. બાંગ્લાદેશમાં આવેલી શક્તિપીઠ કયા નામથી જાણીતી છે એ જણાવો.

અ) દંતકાલી શક્તિપીઠ બ) બ્રહ્મકુંડ શક્તિપીઠ ક) સિદ્ધિકા શક્તિપીઠ ડ) સુગંધા શક્તિપીઠ

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| | |
|---|---|
| બૃહસ્પતિ | દેવોના ગુરુ |
| વિશ્વકર્મા | દેવોના શિલ્પી |
| ઇન્દ્ર | દેવોના ઉપરી |
| અસુર | દાનવ |
| ભાર્ગવ | દૈત્યગુરુ |

ગુજરાત મોરી મોરી રે
પુણ્ડરીકાક્ષઃ

ઓળખાણ પડી?
સુવાની ભાજી

માઈન્ડ ગેમ
વિરેચન

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ભક્તિ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) નીતા દેસાઈ (૫) ડૉ. પ્રકાશ કટકિયા (૬) ભારતી પ્રકાશ કટકિયા (૭) સુભાષ મોમાયા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) તાહેર ઔરંગાબાદવાલા (૧૦) ધીરેન્દ્ર ઉદેશી (૧૧) ગીતા ઉદેશી (૧૨) પ્રતિમા પમાણી (૧૩) વિભા મહેશ્વરી (૧૪) મહેશ દોશી (૧૫) લજિતા ખોના (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) પુષ્પા પટેલ (૧૯) ખુશરૂ કાપડિયા (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) શ્રદ્ધા આશર (૨૨) નુતન વિપનિ (૨૩) મીનલ કાપડિયા (૨૪) નિતિન બજરિયા (૨૫) ભાવના કર્વે (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) અશોક સંઘવી (૩૦) મીના ભાગર (૩૧) રજનીકાંત પટવા (૩૨) સુનીતા પટવા (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) મીના ભગત (૩૬) અંજુ ટોલિયા (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) હર્ષા મહેતા (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) સુરેખા દેસાઈ (૪૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) જગદીશ ઠક્કર (૪૩) પ્રવીણ વોરા (૪૪) જ્યોત્સના ગાંધી (૪૫) હિના દલાલ (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) અરવિંદ કામદાર (૪૯) નિતિન બજરિયા

# પાલક પ્રધાન સુરેશ ખાડેના સાથીદાર પ્રો. મોહન વાનખંડે કોંગ્રેસમાં

સાંગલી: સાંગલી જિલ્લાના પાલક પ્રધાન સુરેશ ખાડેના નજીકના સાથી અને મિરજ વિધાનસભા મતવિસ્તારના ભાજપના ભૂતપૂર્વ પ્રચાર વડા પ્રો. મોહન વાનખંડે શનિવારે કોંગ્રેસમાં જોડાયા હતા. મિરજ વિધાનસભા મતવિસ્તારમાંથી મહાવિકાસ અઘાડીમાં કોંગ્રેસ તરફથી તેમની ઉમેદવારી નિશ્ચિત માનવામાં આવે છે.

પાલક પ્રધાન ખાડેના નજીકના સાથીદાર તરીકે જાણીતા અને જત અને મિરજ વિધાનસભાની ચૂંટણીમાં ખાડેના મુખ્ય સાથીદાર તરીકે કામ કરનાર પ્રો. વનખંડેએ ભાજપ પાસે ઉમેદવારી માંગી હતી. જો કે, વર્તમાન પ્રધાન ખાડે સતત ચાર ચૂંટણી જીત્યા હોવાથી તેમના સિવાય બીજા કોઈના નામ પર વિચાર કરવામાં આવશે નહીં એવું સમજીને તેઓ આજે ભાજપનો ત્યાગ કરીને કોંગ્રેસમાં જોડાયા હતા.

કોલ્હાપુરમાં પ્રદેશ અધ્યક્ષ નાના પટોલેએ પ્રો. વનખંડેનું કોંગ્રેસમાં સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસના મહારાષ્ટ્ર પ્રભારી રમેશ ચેન્નીથલા, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણ, વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા વિજય વડેટ્ટીવાર, ભૂતપૂર્વ પ્રધાન બાલાસાહેબ થોરાત વગેરે ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. વાનખંડે કોલ્હાપુરમાં લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીની હાજરીમાં થયેલી સંવિધાન સન્માન સભામાં પણ હાજર રહ્યા હતા. ■

# દોઢ મહિના પછી ગદ્દાર બેરોજગાર: ઉદ્ધવ ઠાકરે

મુંબઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રમાં આવીને ગમે તેટલા કામોની રિબીન કાપી જાય. તમારી અને તમારા ગદ્દાર મિત્રો પાસે આગામી વિધાનસભાની ચૂંટણીમાં તમારી જગ્યા દેખાડવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. દોઢ મહિના પછી સરકારમાં બેઠેલા તમામ ગદ્દારો બેરોજગાર થઈ જશે. તે પછી તેઓ અમારી પાસે રોજગાર લેવા આવશે, પરંતુ હું ગદ્દારોને રોજગાર પણ નહીં આપીશ એમ શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ પાર્ટીની રોજગાર મેળાવડા બેઠકમાં શિંદે જૂથ પર નિશાન સાધતાં કહ્યું હતું.

વિધાનસભ્ય એડવોકેટ અનિલ પરબ દ્વારા આયોજિત મહાનોકરી મેળાવડાનું શનિવારે ઉદ્ધવ ઠાકરેના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉદ્ધવ ઠાકરે દ્વારા ૧૫ યુવાનોને રોજગાર નિમણૂક પત્ર આપવામાં આવ્યા હતા. તે સમયે શ્રોતાઓને માર્ગદર્શન આપતી વખતે ઠાકરેએ ભાજપ અને શિંદે જૂથ પર નિશાન સાધ્યું હતું. ઠાકરેએ કહ્યું કે વિશ્વાસઘાત બાદ સર્જાયેલી અસ્થિરતાને કારણે કોઈ રોકાણકારો આપણા રાજ્યમાં આવવા તૈયાર નથી.

આ વખતે ઠાકરેએ મરાઠી લોકોને રોજગાર આપવાનો ઇનકાર કરતી કંપનીઓની ખબર લેતાં કહ્યું હતું કે વચ્ચેના સમયગાળામાં નોકરીમાં મરાઠી માણસ માટે 'નો એન્ટ્રી'ની જાહેરાતો આવતી હતી, પરંતુ જે દરવાજા પર આવા બોર્ડ લગાવવામાં આવ્યા હશે તેને તોડી નાખવામાં આવશે અને મરાઠી માણસ અંદર પ્રવેશ્યા વિના નહીં રહે, એમ ઠાકરેએ જણાવ્યું હતું. દરેક રાજ્યમાં ભૂમિપુત્રોના સન્માનની જાળવણી થવી જોઈએ એમ તેમણે કહ્યું હતું. ■

# શરદ પવાર માટે દુ:ખી છું: એનસીપી નેતા નિમ્બાલકર

સાતારા: અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપીના સિનિયર નેતા રામરાજે નાઈક-નિમ્બાલકરે રવિવારે કહ્યું હતું કે તેઓ શરદ પવારનો ત્યાગ કરવા બદલ દુ:ખી છે, પરંતુ કાર્યકર્તાને જાળવી રાખવા આવશ્યક હતા.

ફલટણમાં તેમના ૭૫મા જન્મદિને આયોજિત કાર્યક્રમમાં બોલતાં તેમણે કહ્યું હતું કે તેમણે શરદ પવાર સાથે છેડો ફાડવાનું નક્કી કરી નાખ્યું છે અને અજિત પવારના નેતૃત્વ હેઠળની પાર્ટીમાં પોતાના કાર્યકર્તાની સલામતી અને સુરક્ષા માટે જોડાવાનું નક્કી કર્યું છે. જોકે, આવું કશું થયું નથી એમ પણ રાજ્ય વિધાન પરિષદના ભૂતપૂર્વ સભાપતિએ કહ્યું હતું.

એનસીપી (એસપી)માં ફરી જોડાવાની અટકળો વિશે પુછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે હું કેવી રીતે પવાર સાહેબનો સામનો કરી શકીશ? જેમણે ૨૦૦૯માં હું વિધાનસભ્ય પણ નહોતો ત્યારે પ્રધાન બનાવ્યો હતો. તેમને છોડવાનું મને ઘણું દુ:ખ થાય છે, પરંતુ મેં મારા કાર્યકર્તાઓની સલામતી અને સુરક્ષા માટે આ પગલું લીધું હતું. જોકે તેનો ફાયદો થતો જણાતો નથી.

તેમણે એમ પણ કહ્યું હતું કે તેમણે અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસને તેમણે લોકસભાની ચૂંટણી વખતે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું હતું કે તેઓ ભાજપના સંસદસભ્ય રણજિત નિમ્બાલકર માટે પ્રચાર કરશે નહીં.

તેમણે એમ પણ કહ્યું હતું કે રાજકીય ભાવિ અંગે કાર્યકર્તાઓ સાથે ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે.

તેમણે એમ પણ કહ્યું હતું કે મતદારસંઘના પુનર્ગઠનમાં એ વાતનું ધ્યાન રાખવામાં આવ્યું છે કે શહેરી વિસ્તારોમાં બેઠકોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. અત્યારે મુંબઈ, પુણે, નાશિક અને આસપાસના વિસ્તારોમાં મળીને જ ૧૨૫ બેઠકો થઈ જાય છે અને રાજ્યમાં બહુમતી માટે ફક્ત ૧૪૪ વિધાનસભ્યનો સમાવેશ થાય છે, એમ તેમણે કહ્યું હતું. નિમ્બાલકર રાજ્ય વિધાનસભાના સ્પીકર રાહુલ નાર્વેકરના સસરા છે. ■

## હિંમત હોય તો રૂબરૂ આવો, અપક્ષ લડીએ: રણજિતસિંહ નાઈકનો નિમ્બાલકરને પડકાર

સતારા: કાર્યકર્તા મારા જીવનનું કેન્દ્ર છે. મતવિસ્તારમાં સ્થિતિ હાથમાંથી નીકળી ગઈ છે. ભાજપના સમર્થનથી મારા કાર્યકરોને ખોટા ગુનામાં દબાણ કરીને મુશ્કેલીમાં મુકવાનો પ્રયાસ કરી જેલમાં ધકેલી દેવામાં આવી રહ્યા છે. આ સ્થિતિ હવે સહન કરવા યોગ્ય નથી. ધારાસભ્ય રામરાજે નાઈક નિમ્બાલકરે વિપક્ષના ભૂતપૂર્વ સાંસદ રણજીતસિંહ નાઈક નિમ્બાલકરને ખુલ્લો પડકાર ફેંકતા કહ્યું હતું કે, પાર્ટીને ભૂલી જાઓ, હિંમત હોય તો આપણે બંને અપક્ષ તરીકે લડીએ.

તેમણે રણજિતસિંહ નાઈક નિમ્બાલકરનું નામ લીધા વિના કહ્યું કે આ સમાચાર વિપક્ષ દ્વારા ફેલાવવામાં આવ્યા હશે. કારણ કે તેમને આવી અફવાઓ ફેલાવવાની ગંદી આદત છે. અમે અજિત પવાર સમક્ષ લાગણી રજૂ કરવાના છીએ. તેઓ યોગ્ય નિર્ણય લેશે. અત્યાર સુધી હું કહેતો હતો, પેલા કાર્યકરો સાંભળતા હતા, પરંતુ હવે કાર્યકરો મને કહી રહ્યા છે. આ એક મહાન ઐતિહાસિક ક્ષણ છે. તેમણે અપીલ કરી હતી કે પાર્ટી અધ્યક્ષ અજિત પવારે એવો સમય ન આવવા દેવો જોઈએ જ્યારે કાર્યકર્તા કંઈક નક્કી કરે અને હું કંઈ કહી શકીશ નહીં. ■

# ચેમ્બુર આગ: મુખ્ય પ્રધાન શિંદેએ ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા

## મૃતકોના પરિવારજનોને ₹ પાંચ લાખનું વળતર

મુંબઈ: મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં રવિવારે વહેલી સવારે એક જ પરિવારના સાત સભ્યો રહેણાંક-કમ-વાણિજ્યિક ઈમારતમાં ફાટી નીકળેલી આગમાં મૃત્યુ પામ્યા હતા. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રવિવારે બપોરે ઘટના સ્થળની મુલાકાત લીધી હતી અને મૃતકોના પરિવારજનોને પાંચ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી અને બે ઘાયલોની સારવાર સરકાર તરફથી મફતમાં કરવામાં આવશે એવી ખાતરી આપી હતી. તેમણે આગનું કારણ જાણવા માટે ઉચ્ચ સ્તરીય તપાસની ખાતરી પણ આપી હતી.

આ ઘટના ચેમ્બુર પૂર્વના સિદ્ધાર્થ કોલોનીમાં ગાયકવાડ માર્ગ પર બની હતી. મુખ્ય પ્રધાને એમ પણ કહ્યું હતું કે જો વિસ્તારના સ્લમ રિહેબિલિટેશનનું કામ પાઇપલાઇનમાં છે, તો તેઓ સમીક્ષા બેઠક કરશે. શિંદે સાથે કેન્દ્રીય પ્રધાન અને આરપીઆઈ નેતા રામદાસ આઠવલે અને મુંબઈના પાલક પ્રધાન મંગલ પ્રભાત લોઢા પણ હાજર હતા.

આગ રવિવારે સવારે ૫.૨૦ વાગ્યે લાગી હતી અને તે લેવલ ૧ આગ હતી. આગ ટૂંક સમયમાં ઘરની ચીજવસ્તુઓ સુધી ફેલાઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી મુશ્કેલ બની હતી.

રાજાવાડી હોસ્પિટલમાં ઘાયલોને લઈ જવામાં આવ્યા હતા અને ત્રણ બાળકો સહિત સાતને મૃત જાહેર કરવામાં આવ્યા તેમાં ૬ વર્ષની પ્રેસી પ્રેમ ગુપ્તા, ૧૦ વર્ષનો નરેન્દ્ર ગુપ્તા અને ૧૫ વર્ષની વિધિ ગુપ્તા, મંજુ પ્રેમ ગુપ્તા (૩૦), પ્રેમ ચેદીરામ ગુપ્તા (૩૦), અનીતા ધર્મદેવ ગુપ્તા (૩૯), અને ગીતાદેવી ધરમદેવ ગુપ્તા (૬૦)નો સમાવેશ થાય છે.

આ ઘટનાએ ચેમ્બુર જેવા ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં રહેણાંક અને વ્યાપારી ઇમારતોમાં આગ સલામતીને લગતી ચિંતાઓનું મોજું ફેલાવ્યું છે. ફાયર બ્રિગેડ તરફથી ઝડપી પ્રતિસાદ હોવા છતાં, વિસ્તારની સાંકડી ગલીઓ અને ભીડભાડવાળી જગ્યાને કારણે બચાવકર્તાઓને પડકારોનો સામનો કરવો પડ્યો હતો. ■

## કેન્દ્ર-રાજ્યમાં તમારી સરકાર તો પછી સ્મારક કેમ ન બન્યું?: સંભાજીરાજે

સાતારા: ૨૦૧૬માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અરબી સમુદ્રમાં છત્રપતિ શિવાજી મહારાજના સ્મારકની જલપૂજા કરવામાં આવી હતી. જો કે છત્રપતિ શિવાજી મહારાજના સ્મારકનું કામ હજુ પૂર્ણ થયું ન હોવાથી હવે સ્વરાજ્ય પાર્ટીના નેતા ભૂતપૂર્વ સાંસદ સંભાજીરાજે છત્રપતિ આક્રમક બન્યા છે. આજે તેઓ સ્મારકનું નિરીક્ષણ કરવા મુંબઈના ગેટવે ઑફ ઈન્ડિયામાં આવ્યા હતા. પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. સંભાજીરાજે છત્રપતિએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. કેન્દ્રમાં તમારી સરકાર, રાજ્યમાં પણ તમારી સરકાર, તમે સ્મારકનું જળપૂજન પણ કર્યું. તો પછી સ્મારક કેમ ન બનાવ્યું? ■

# શિવસેના ઠાકરે જૂથના જયસિંહ ઘોસાલે શિંદે જૂથમાં જોડાયા, રત્નાગીરીમાં ઠાકરે જૂથને આંચકો

રત્નાગીરી: રત્નાગીરીના કટ્ટર શિવસૈનિક અને રત્નાગીરીના ભૂતપૂર્વ જિલ્લા પરિષદના પ્રમુખ જયસિંહ ઉર્ફે આબા ઘોસાલે શનિવારે પાલક પ્રધાન ઉદય સામંતની હાજરીમાં શિવસેના (શિંદે) જૂથમાં જોડાયા હતા. તેમની એન્ટ્રી ઉદ્ધવ ઠાકરેની શિવસેના માટે મોટો ફટકો હોવાનું કહેવાય છે.

આબા ઘોસાલેના પ્રવેશ અંગે વાત કરતા ઉદય સામંતે કહ્યું હતું કે આબા ઘોસાલે કટ્ટર શિવસૈનિક છે. તેમણે શિવસેનાની નાચને, પ્રથમ ગ્રામ પંચાયત જીતાડી હતી. તેમણે રત્નાગીરી જિલ્લા પરિષદના પ્રમુખ તરીકે સેવા આપી છે. પાલક મંત્રી ઉદય સામંતે કહ્યું કે તેમના પ્રવેશથી શિવસેના શિંદે જૂથને ફાયદો થશે.

જયસિંહ (આબા) ઘોસાલેએ પાર્ટી પ્રવેશ સમયે કહ્યું હતું કે હવે અમે પાલક મંત્રી ઉદય સામંત સાથે ખભે ખભા મિલાવીને કામ કરવાના છીએ. તેમણે રત્નાગીરી તાલુકામાં જંગી મતોથી ચૂંટાશે તેવી જાહેરાત કરી છે. ■


# ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટાકાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૪૯૨૪)

**વેડિંગ સેલ**
સ્પેશિયલ ઓફર અપટુ 50% ડિસ્કાઉન્ટ વુમન્સ કાર્નિવલ સેલ ડિઝાઈનર સાડી, પૈઠણી, બનારસી, કાંજીવરમ, ચણિયાચોળી, સલવાર સૂટ- કુર્તી, ગાઉન, 6 અને 9 વારી સાડી. સંપર્ક - ''પલ્લરી'' - દાદરકર બિલ્ડિંગ, ઈન્ડિયન બેન્કની સામે, એન. સી. કેલકર રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ. જીપે-પેટીએમ દરેક કાર્ડ સ્વીકાર્ય. (૧૫૦૫૮-સી)

### ૧૨. યાત્રા સહેલગાહ

**સંપૂર્ણ રાજસ્થાન**
દર્શન ચિત્તોડગઢ ઉદયપુર શ્રીનાથજી રાણકપુર જોધપુર જેસલમેર રણુંજા બિકાનેર પુષ્કર જયપુર પ્રવાસ દિવસ 13, 29 ડિસેમ્બર. (તમારા નાના/મોટા ગ્રૂપનું આયોજન કરી આપીશું.) જય અંબે ટૂર 9930929799/9869509133. (૧૫૦૨૪-એ)

### ૧૪. નોકરી ખાલી છે

■ **ટેલીપ્રાઈમ સોફ્ટવેર માટે 5 વર્ષના અનુભવવાળા એકાઉન્ટંટ જોઈએ. બાહુબલી પ્રિન્ટર્સ એ- ૨૮, ઘાટકોપર ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, અમ્રુત નગર, ઘાટકોપર (પ), કોલ 9930155496, 7977185551. (૧૫૦૩૮-એ)**

**સેલ્સમેનમિત્રો તુરંત જોઈએ છે.**
સાંતાક્રુઝ, ચેમ્બુર, વિરારમાં આવેલ હોમ એપ્લાયંસીસના શોરૂમ માટે ક્રોકરી, સ્ટે. સ્ટીલ યુટેન્સીલ્સ (વાસણો), હોમ એપ્લાયંસીસ, બેડ એન્ડ બાથ, પ્લાસ્ટીક, થર્મોવેર, ગીફ્ટ્ આર્ટીકલ્સ લાઈનના અનુભવી/બિનઅનુભવી (ફ્રેશ) ઉં.વ. ૨૦ થી ૪૫ સુધીના ખંતીલા, ઈમાનદાર, કામ પ્રત્યે ધગશ ધરાવનાર સેલ્સમેન તથા હેલ્પરમિત્રો તુરંતમાં જોઈએ છે. તે ઉપરાંત કમ્પ્યુટર પર બીલ બનાવી શકે અને કમ્પ્યુટરનું જ્ઞાન ધરાવનાર કેશીયર જોઈએ છે. સારો પગાર / સારી ફેસીલીટી ભવિષ્યમાં આગળ વધવાની એક સુવર્ણ તક.. ઈચ્છુકમિત્રો ફોન કરી રૂબરૂ સંપર્ક કરે. મહાવીર હોમ સ્ટોર માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.) મું. ૫૪. અરવિંદભાઈ હરીયા - ૯૯૬૭૦૨૪૩૯૦ સુમીત ગાલા - ૭૫૦૬૭૫૨૩૭૫. (એસડીબી-૨૧૮૬)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073/ હિતેષ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૧૮૯)

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૩૧. નાણાંકીય

**૧૦,૦૦,૦૦૦**
વળતર મહિને ૬૦૦૦ પ્લસ ૧૦ વર્ષમાં ૨૦,૦૦,૦૦૦ અપનો શુભચિન્તક અભય- 9223481847. (બી-૧૪૯૬૮)

### ૩૨. જમીન-મિલકત

**દમણ તેમજ ઉમરગાંવ-સુરત**
N.H.48->1 થી 100 એકર- Industrial/ Residential N.A.- Clear Title with all NOC's. સંપર્ક: Patel Consultant & Developers (Vapi) 9904000075/ 7096000785 "Uttambhai Patel". (૧૫૦૪૪-એ)

### ૩૨. જમીન-મિલકત



TITLE CLEAR
Ready Possession Property
FOR SALE!!!
Property Located on Nashik Trimbakeshwar Highway 1 km Before Trimbakeshwar Jyotirlinga Temple
Ideal For Residence Hotel / Wellness Center / Retirement Home.
Contact For Details
Rohan Enterprises
+91-77740 95958
Email : info@enterprisesrohan.com
(B-14952)

### ૩૩. ધંધાદારી

**બાથરૂમ-કિચન**
બ્રાન્ડેડ કંપની દ્વારા બાથરૂમ રીનોવેશન, મોડ્યુલર અને મોડ્યુલરથી વધારે સારું કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ અને રીનોવેશન Helpline: 8989282877. (૧૪૪૮૨/એ)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૩૩. ધંધાદારી

**દિવાળી ઑફર**
પ્રીતી સાબુ: સફાઈના ઉત્કૃષ્ટ ઉત્પાદનોની ખરીદી કરી ફ્રી ગીફ્ટ ઘેર બેઠા મેળવો. 022 2305 4000. (બી-૧૪૯૪૭)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

■ ભાગ્યશ્રી જ્યોતિષ, બોરીવલી (વેસ્ટ), લવ પ્રોબ્લેમ, પ્રેમ લગ્ન, છૂટાછેડા, વ્યાપાર-ફેક્ટરીમાં લાભ, શત્રુ-સૌતન, પતિ-પત્ની ઝઘડા, વ્યસન મુક્તિ. 6355047120. (બી-૧૪૮૮૫)

***શ્રીજી જ્યોતિષ***
અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ. જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમીમિલન, (લવ પ્રોબ્લમ, પર્સનલ પ્રોબ્લમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૪૯૫૧)

**શ્રીનાથજી જ્યોતિષ (હવેલીવાળા)**
**લવ મેરેજ, પતિ દુ:ખ, શત્રુનાશ, બિઝનેસ, લોસ, જૂની બીમારી, હસ્તરેખા, જન્મપત્રિકા, લગ્નમાં રુકાવટ, તુરંત સમાધાન, નિરાશ વ્યક્તિ ખાસ મળો, મલાડ (વેસ્ટ) ફીઝ-500/- 9920991344/9833390898/ 02228898500. (૧૪૯૬૮-એ)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

***શ્રીચામુંડા જ્યોતિષ***
**લગ્નમાં રુકાવટ, જૂની બીમારી, સંતાન, ચિંતા, લવ મેરેજ, પતિદુ:ખ, છુટાછેડા, શત્રુથી પરેશાન, ફેમિલી પ્રોબ્લેમ - 9157999811 પારસનગર, જૈન દેરાસર પાસે શંકર ગલ્લી, કાંદિવલી (વેસ્ટ) 022-31970731. (બી-૧૪૯૫૦)**

**માયા જ્યોતિષ**
શ્રાદ્ધક્રિયા, નવરાત્રિ ચંડીપાઠ, વ્યાપારમાં લાભ, ગૃહકલેશ, કર્જમુક્તી, શત્રુપીડા, (પ્રેમી-પ્રેમિકા મિલન સ્પેશિયાલિસ્ટ) 9594273700. (માલાડ). (બી-૧૪૯૧૪)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ... કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૪૯૨૨-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૫૦૩૬-સી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719/ 7208019515. (૧૫૦૨૬-એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ, દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન- 8879196093/ 9833631359. (બી-૧૪૯૫૫)

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૪૯૨૯)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

www.wishwheels.com
WISH WHEELS
Maharashtra's Bespoke Luxury Car Collection



For car collection scan here
More Information
+91 99671 64485
(B-14954)



Mercedes E350d
AMG Line, 2022, 1st Owner, Diesel, 14000 Kms, MH Reg., Under Warranty
Call us @ 9967164485



Mini Countryman S JCW
Inspired, 2023, 1st Owner, Petrol, 11000 Kms, MH Reg., Under Warranty
Call us @ 9967164485



BMW X5 Xdrive 30d X Line,
2024, 1st Owner, Diesel, 10000 Kms, MH Reg., Under Warranty
Call us @ 9967164485



BMW Z4 M40i Convertible
Roadster, 2023, 1st Owner, Petrol, 2700 Kms, MH Reg., Under Warranty
Call us @ 9967164485



Mercedes S350d Maybach
LWB, 2022, 1st owner, Diesel, 35000 KM, MH Reg., Under Warranty
Call us @ 9967164485



Porsche Cayenne New
Generation, 2024, 1st Owner, Petrol, 300 Kms, MH Reg., Under Warranty
Call us @ 9967164485



Porsche Cayenne E Hybrid,
2020, 1st owner, Petrol, 50000 KM, MH Reg., Under Warranty
Call us @ 9967164485



Mercedes GLC 43 AMG,
2023, 1st owner, Petrol, 18000 KM, MH Reg., Under Warranty
Call us @ 9967164485



Mercedes GLC 200
Progressive, 2022, 1st Owner, Petrol, 22000 Kms, MH Reg., Under Warranty
Call us @ 9967164485



Mercedes GLS 400d
Maybach, 2023, 1st owner, Diesel, 25000 KM, MH Reg., Under Warranty
Call us @ 9967164485



BMW X4 M Sport,
2021, 1st owner, Petrol, 20000 KM, MH Reg., Insurance Valid
Call us @ 9967164485



BMW X5 X-Line 30d,
2019, 1st owner, Diesel, 66000 KM, MH Reg., Insurance Valid
Call us @ 9967164485



Mercedes S350d Maybach,
2018, 1st owner, Diesel, 35000 KM, MH Reg., Insurance Valid
Call us @ 9967164485



BMW 530d M Sport,
2020, 1st owner, Diesel, 20000 KM, MH Reg., Insurance Valid
Call us @ 9967164485
(B-14956)

મુંબઈ સમાચાર
દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે

બૃહદ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા
રોજેરોજ ઈનામોની વણઝાર
રમો, ઝૂમો અને જીતો

મુંબઈ સમાચારની મહાસ્પર્ધા મુંબઈનાં આઠ સેન્ટરોમાંથી રોજેરોજ અનેક કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. વિજેતાઓનો ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવશે. મુંબઈ સમાચાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલા પ્રોફેશનલ જજ દ્વારા વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. જજોનો નિર્ણય આખરી રહેશે.

***

મહાસ્પર્ધામાં પ્રોફેશનલ જજની નિમણૂક કરવામાં આવી છે અને તેમના દ્વારા પસંદગી કરાયેલા વિજેતાઓને ટ્રોફી અને ગિફ્ટ એનાયત કરવામાં આવશે. વિજેતાઓને તેમનાં ઈનામો ફાઈનલને દિવસે મળશે.

૩ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર

પાંચમું નોરતું
રાસ રંગ - ૨૦૨૪, ડીએનસી સ્કૂલ ગ્રાઉન્ડ, ડોંબિવલી (ઈસ્ટ)

આજના જજ :
પિંકી ત્રિવેદી, વૈશાલી સત્રા અને અવનિ ઠક્કર.

આટલું જ નહીં, રોજેરોજ જે ખેલૈયાઓ વિજેતા બનશે તેમનો ફોટો અને અહેવાલ મુંબઈ સમાચારમાં પ્રકાશિત કરવામાં આવશે.

ફાઈનલ શુક્રવાર, તા. ૧૧-૧૦-૨૦૨૪

કેટેગરી
ખેલૈયાઓની ઈંતેજારીનો અંત

| | | | |
|---|---|---|---|
| ૧) ફર્સ્ટ બેસ્ટ મેલ ડાન્સર | ૧) ફર્સ્ટ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૧) ફર્સ્ટ બેસ્ટ ડાન્સર બોય | ૧) ફર્સ્ટ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૨) સેકન્ડ બેસ્ટ મેલ ડાન્સર | ૨) સેકન્ડ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૨) સેકન્ડ બેસ્ટ ડાન્સર બોય | ૨) સેકન્ડ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૩) થર્ડ બેસ્ટ મેલ ડાન્સર | ૩) થર્ડ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૩) થર્ડ બેસ્ટ ડાન્સર બોય | ૩) થર્ડ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૪) ફોર્થ બેસ્ટ મેલ ડાન્સર | ૪) ફોર્થ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૪) ફોર્થ બેસ્ટ ડાન્સર બોય | ૪) ફોર્થ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૫) ફિફ્થ બેસ્ટ મેલ ડાન્સર | ૫) ફિફ્થ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૫) ફિફ્થ બેસ્ટ ડાન્સર બોય | ૫) ફિફ્થ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૬) સિક્સ્થ બેસ્ટ મેલ ડાન્સર | ૬) સિક્સ્થ બેસ્ટ ફિમેલ ડાન્સર | ૬) સિક્સ્થ બેસ્ટ ડાન્સર બોય | ૬) સિક્સ્થ બેસ્ટ ડાન્સર ગર્લ |
| ૭) સેવન બેસ્ટ મેલ ડાન્સર | ૭) સેવન બેસ્ટ ફિમેલ ડાન્સર | ૭) સેવન બેસ્ટ ડાન્સર બોય | ૭) સેવન બેસ્ટ ડાન્સર ગર્લ |

| | | | |
|---|---|---|---|
| ૧) ફર્સ્ટ બેસ્ટ મેલ ડાન્સર અંકલ | ૧) ફર્સ્ટ બેસ્ટ ફિમેલ ડાન્સર આંટી | ૧) ફર્સ્ટ બેસ્ટ કપલ | ૪) ફોર્થ બેસ્ટ કપલ |
| ૨) સેકન્ડ બેસ્ટ મેલ ડાન્સર અંકલ | ૨) સેકન્ડ બેસ્ટ ફિમેલ ડાન્સર આંટી | ૨) સેકન્ડ બેસ્ટ કપલ | ૫) ફિફ્થ બેસ્ટ કપલ |
| ૩) થર્ડ બેસ્ટ મેલ ડાન્સર અંકલ | ૩) થર્ડ બેસ્ટ ફિમેલ ડાન્સર આંટી | ૩) થર્ડ બેસ્ટ કપલ | |

ખાસ નોંધ
- ૮ સેન્ટરમાંથી પસંદગી કરાયેલા વિજેતાઓએ પોતાની પાસે ઓળખપત્ર રાખવું જરૂરી રહેશે.
- મુંબઈ સમાચારનો ફાઈનલ રાઉન્ડ ૪૫ મિનિટનો રહેશે. રાઉન્ડ ૮.૦૦ વાગ્યે શરૂ થશે અને ૮.૪૫ વાગ્યે પૂરો થશે. વિવિધ સેન્ટરોમાંથી પસંદગી થયેલા વિજેતાઓએ ૭.૩૦ વાગ્યે શાર્પ હાજર થવાનું રહેશે.

મુંબઈ સમાચારના ફાઈનલ રાઉન્ડના વિજેતાઓ માટે ઈનામોની વણઝાર અને ટ્રોફીઓ તો ખરી જ

થાઈલેન્ડ સ્ટે (૧૦ કપલ)
ભૂતાનમાં ત્રણ રાત અને ચાર દિવસનો સ્ટે (બે કપલ)
ગિફ્ટ વાઉચર્સ, અન્ય ઈનામો ને રોકડ ઈનામો તો ખરાં જ.

પ્રાયોજક: Chandan Mouth Freshener Khaane Ki Happy Ending! · Platinum Jewellery Maker · B.N. JEWELLERS INDIA PRIVATE LIMITED. Trophy partner · Renddezvous where soulmates meet · NanoNine Innovative Kitchenware · Since 1980 RACHNA SALON Be Beautiful, Be You · Event sponsored by · JVM SPACES a mehta group venture · oz2Thailand · B SEEN GET NOTICED · HAIRLOGIC THE RIGHT BASICS · Gifting partners · Since 1983 HARI HARI HAIR STUDIO · Gifting partners · PALKHE (Brand by Palkhi) · DS DAMJI SHAMJI SHAH GROUP SINCE 1962 · F·R·I·E·N·D·S RESORT · ARIHANT HOLIDAYS · Jash Holidays & Memoriies Destination & Event Management Company DMC For Bhutan & Russia · SUMMER PLAZA FUN ON THE MOUNTAINS · ARON RESORT · Khanvel RESORT SILVASSA · DIGITAL GLOBAL GARBA

સહયોગ: જિતુભાઈ મહેતા, દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠ

...જો જો હોં, પાર્લાની સહારા સ્ટાર હોટેલના સફાયર બન્કવેટ હોલમાં સમય પર પહોંચવાનું ચૂકતા નહીં.


# મહિલા વર્લ્ડ કપની રસાકસીમાં ભારતે પાકિસ્તાનને કર્યું પરાસ્ત

## ફાતિમા સનાની ટીમના ૧૦૫/૮ સામે હરમનપ્રીત ઍન્ડ કંપનીના ૧૮.૫ ઓવરમાં ૧૦૮/૪

દુબઈ: અહીં મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે કટ્ટર હરીફ પાકિસ્તાનને રોમાંચક અને રસાકસીભર્યા મુકાબલામાં ફક્ત ૧૦૫ રન સુધી સીમિત રાખ્યા બાદ છ વિકેટના માર્જિનથી જીતીને સેમિ ફાઇનલ માટેની આશા જીવંત રાખી હતી. કૅપ્ટન હરમનપ્રીત કૌર (૨૯ રને રિટાયર્ડ હર્ટ, ૨૪ બૉલ, ૩૪ મિનિટ, એક ફોર) લડાયક ઇનિંગ્સ બાદ સ્ટમ્પ-આઉટથી બચવાના પ્રયાસમાં ક્રીઝમાં જ ઈજા પામી હતી અને પૅવિલિયનમાં પાછી જતી રહી હતી. જોકે પછીના જ બૉલમાં સજીવન સજના (એક બૉલમાં અણનમ ચાર રન) નામની બૅટરે વિનિંગ ફોર ફટકારી દીધી હતી.



(જમણે) અરુંધતી રેડ્ડી (૪-૦-૧૯-૩)ને પ્લેયર ઑફ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. રેણુકા (ડાબે)એ એક વિકેટ લીધી હતી. (બીસીસીઆઈ)



ભારતને જીતવા ફક્ત ૧૦૬ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. હરમનપ્રીત ઍન્ડ કંપનીએ ૧૮.૫ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૧૦૮ રન બનાવીને પાકિસ્તાન પરનું પ્રભુત્વ જાળવી રાખ્યું હતું. ભારતીય મહિલાઓએ પાકિસ્તાનની ટીમને ૧૬માંથી ૧૩ ટી-૨૦માં હરાવી છે અને ફક્ત ત્રણ મૅચમાં પરાજય જોયો છે.

ભારતે વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના (૭ રન)ની વિકેટ બહુ વહેલી ગુમાવી હતી, પરંતુ સાથી-ઓપનર શેફાલી વર્મા (૩૨ રન, ૩૫ બૉલ, ૪૯ મિનિટ, ત્રણ ફોર) અને જેમાઇમા રૉડ્રિગ્સ (૨૩ રન, ૨૮ બૉલ, ૪૩ મિનિટ)ની જોડીએ બાજી સંભાળી લીધી હતી અને ધબડકો અટકાવ્યા બાદ બીજી વિકેટ માટે ૪૩ રનની બહુમૂલ્ય ભાગીદારી કરી હતી. ભારતને લક્ષ્યાંક બહુ નાનો (૧૦૬ રન) મળ્યો હતો એટલે ખાસ કંઈ ચિંતા નહોતી, પરંતુ ૧૬મી ઓવરમાં ૮૦મા રને જેમાઇમાની વિકેટ પડી હતી અને પછીના જ બૉલમાં વિકેટકીપર રિચા ઘોષ (૦) આઉટ થઈ જતાં થોડી ચિંતા વધી ગઈ હતી. જોકે ત્યાર બાદ હરમનપ્રીત અને દીપ્તિ શર્મા (સાત રન, આઠ બૉલ, ૨૦ મિનિટ)ની જોડીએ ૨૪ રનની પાર્ટનરશિપ કરી હતી. કૅપ્ટન ફાતિમા સનાએ સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

એ પહેલાં, પાકિસ્તાનની ટીમ બૅટિંગ લીધા બાદ નિર્ધારીત ૨૦ ઓવરમાં આઠ વિકેટ માત્ર ૧૦૫ રન બનાવી શકી હતી. ફાતિમા સનાની ટીમે શરૂઆત ખરાબ કરી હતી અને એની ઇનિંગ્સનો અંત પણ નબળો રહ્યો હતો. પહેલા ૩૩ રનમાં પાકિસ્તાની ટીમે ત્રણ વિકેટ ગુમાવી હતી તો છેલ્લા ૩૫ રનમાં પણ ત્રણ વિકેટ ગુમાવી હતી.

પેસ બોલર અરુંધતી રેડ્ડી સૌથી સફળ બોલર બની હતી. તેણે ૧૯ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. બે વિકેટ ઑફ-સ્પિનર શ્રેયંકા પાટીલે તેમ જ એક-એક વિકેટ પેસ બોલર રેણુકા સિંહ ઠાકુર, ઑફ-સ્પિનર દીપ્તિ શર્મા અને લેગ-સ્પિનર આશા શોભનાએ મેળવી હતી.

પાકિસ્તાને ટૉસ જીતીને બૅટિંગ પસંદ કર્યા પછી શરૂઆતમાં ત્રણ વિકેટ બહુ સસ્તામાં ગુમાવી હતી. ફાતિમા સનાની ટીમે શરૂઆતમાં જ પોતાના દેશના કરોડો ક્રિકેટપ્રેમીઓને આંચકા આપ્યા હતા. આ ટીમે સાત ઓવરમાં ફક્ત ૩૪ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દેતાં પાકિસ્તાની ટીમની છાવણીમાં સોપો પડી ગયો હતો. ત્રણમાંથી પહેલી વિકેટ રેણુકા સિંહ ઠાકુરે, બીજી વિકેટ દીપ્તિ શર્માએ અને ત્રીજી વિકેટ અરુંધતી રેડ્ડીએ લીધી હતી.

ભારતીય ટીમમાં હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), રિચા ઘોષ (વિકેટકીપર), શેફાલી વર્મા, જેમાઇમા રૉડ્રિગ્સ, દીપ્તિ શર્મા, સજીવન સજના, અરુંધતી રેડ્ડી, શ્રેયંકા પાટીલ, આશા શોભના અને રેણુકા સિંહ ઠાકુરનો સમાવેશ હતો. ■

# રિચા ઘોષનો અદ્ભુત વન-હૅન્ડેડ કૅચ, પાકિસ્તાની કૅપ્ટનના માનવામાં જ નહોતું આવતું!

દુબઈ: ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ પણ રમતની મૅચ રમાતી હોય, દુનિયાભરના સ્પોર્ટ્સપ્રેમીઓની નજર તેમના પર રહે જ. એમાં પણ જો ક્રિકેટનો મુકાબલો હોય તો પૂછવું જ શું! મેન્સ ક્રિકેટ હોય કે વિમેન્સ ક્રિકેટ, પાકિસ્તાન સામેનો ભારતનો મુકાબલો હાઈ-વૉલ્ટેજ બની જ જાય. અહીં દુબઈમાં મહિલાઓની મૅચમાં ભારતે પાકિસ્તાનને ૨૦ ઓવરમાં ૧૦૫/૮ના સ્કોર સુધી સીમિત રાખી એમાં ભારતીય બોલર્સની તો વાહ-વાહ થઈ જ, ફીલ્ડિંગમાં પણ ભારતીય ખેલાડીઓએ દમદાર પર્ફોર્મ કર્યું હતું. ખાસ કરીને વિકેટકીપર રિચા ઘોષે એક કમાલનો કૅચ પકડ્યો હતો. આ કૅચ બીજા કોઈનો નહીં, પણ પાકિસ્તાની કૅપ્ટન ફાતિમા સનાનો હતો.



૧૪મી ઓવર લેગ-સ્પિનર આશા શોભનાએ કરી હતી. પહેલા પાંચ બૉલમાં પાકિસ્તાની ટીમને કોઈ નુકસાન ન થયું અને ટીમનો સ્કોર ૫/૭૦ હતો, પરંતુ શોભનાના ઑફ સ્ટમ્પ પરના ફ્લાઇટેડ છેલ્લા બૉલમાં ફાતિમા જોરદાર ફટકો મારવા જતાં તેના બૅટની આઉટસાઇડ એજ લાગી હતી અને બૉલ રિચા ઘોષ તરફ ગયો હતો. રિચાએ બીજી જ ક્ષણે પોતાની જમણી દિશા તરફ ડાઇવ મારીને એક હાથે તેનો કૅચ પકડી લીધો હતો. ખુદ ફાતિમા આ કૅચથી સ્તબ્ધ થઈ ગઈ હતી. પોતે આઉટ થઈ ગઈ છે એવું તે માની જ નહોતી શકતી. જોકે અમ્પાયરે તેને આઉટ જાહેર કરી હતી અને તે પોતાની ભૂલ પર પસ્તાવો કરીને નિરાશ હાલતમાં પૅવિલિયનમાં પાછી આવી હતી. એ સાથે ટીમ-સ્કોર ૬/૭૦ થઈ ગયો હતો.

ફાતિમાએ આઠ બૉલમાં બે ફોરની મદદથી હજી તો ૧૩ રન બનાવ્યા હતા ત્યાં શોભના અને રિચાએ ભેગા મળીને તેને પૅવિલિયન ભેગી કરી દીધી હતી.

ફાતિમાને તાજેતરમાં જ પાકિસ્તાની ટીમની કૅપ્ટન્સી મળી છે. તેને ૪૫ ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચનો અનુભવ છે. ૨૧ વર્ષની રિચા ઘોષ ૫૭ ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચ રમી છે અને તે વિકેટકીપર હોવા ઉપરાંત ટીમની મુખ્ય બૅટર્સમાં પણ ગણાય છે. ■

# બોરીવલીનો રિશીત પુરાણી થાઈલૅન્ડની આંતરરાષ્ટ્રીય સ્કેટિંગ સ્પર્ધામાં જીત્યો બ્રૉન્ઝ મેડલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બોરીવલી (પશ્ચિમ)ના યોગીનગરમાં રહેતો ૧૩ વર્ષની ઉંમરનો રિશીત મુંજાલ પુરાણી તાજેતરમાં થાઇલૅન્ડમાં આયોજિત સ્કેટિંગની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ત્રીજા નંબર પર આવીને બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો.

શ્રી ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજના રિશીતે 'એન્ડ્યૉરન્સ ઇન્ટરનૅશનલ ચૅમ્પિયનશિપ' નામની જે સ્પર્ધામાં ચંદ્રક જીત્યો હતો એમાં ૧૩ દેશના સ્કેટર્સે ભાગ લીધો હતો અને તેમની સામેની તીવ્ર હરીફાઈ વચ્ચે તે ત્રીજા સ્થાને આવ્યો હતો.





આ પહેલાં પણ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ચંદ્રકો જીતીને પોતાના સમાજનું, મુંબઈનું અને દેશનું નામ રોશન કરનાર રિશીત રાષ્ટ્રીય સ્કેટિંગ સ્પર્ધાઓમાં કુલ આઠ મેડલ જીતી ચૂક્યો છે. ૨૦૨૨માં નેપાળના કઠમંડુમાં આયોજિત એક આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં તે ગોલ્ડ, સિલ્વર અને બ્રૉન્ઝ જીત્યો હતો. ૨૦૧૯માં અને ૨૦૨૧માં રિશીતે (શેડ્યૂલ્ડ બ્રેક સાથે) અનુક્રમે ૪૮ કલાક તથા ૯૬ કલાક સુધી સ્કેટિંગ કરીને ગિનેસ વર્લ્ડ રેકૉર્ડ્સમાં નામ નોંધાવ્યું હતું. તે કુલ મળીને ૭૦થી પણ વધુ મેડલ જીતી ચૂક્યો છે. રિશીત બોરીવલીમાં ચીકુવાડીની વિટી ઇન્ટરનૅશનલ સ્કૂલમાં ભણે છે. તેના મમ્મી નિમિતા પુરાણીએ 'મુંબઈ સમાચાર'ને કહ્યું હતું કે 'રિશીતે ખૂબ મહેનત કરીને સ્કેટિંગમાં આટલા બધા ચંદ્રકો મેળવ્યા છે. સામાન્ય રીતે પ્રૅક્ટિસના દિવસોમાં તે વહેલી સવારે ૩.૩૦ વાગ્યે ઊઠીને પ્રૅક્ટિસના સ્થળે સમયસર પહોંચી જાય છે અને ત્યાંથી અભ્યાસ માટે સ્કૂલમાં જાય છે. સ્કેટિંગમાં તેની સફળતામાં તેના કોચ રાજ સિંહનો પણ મોટો ફાળો છે અને તેઓ રિશીતના સૌથી મોટા પ્રેરણાસ્રોત છે.'

# રોહિત લખનઊનો નહીં, પણ બેન્ગલૂરુનો બનશે કૅપ્ટન? ડિવિલિયર્સે કહી દીધી 'અંદર કી બાત'

મુંબઈ: એબી ડિવિલિયર્સને ભારતીય ખેલાડીઓ વિશેની 'અંદર કી બાત' જાહેર કરી દેવાની બહુ સારી ફાવટ લાગે છે. યાદ છે ને, જાન્યુઆરીમાં તેણે સોશિયલ મીડિયામાં જણાવ્યું હતું કે વિરાટ કોહલીની પત્ની અનુષ્કા બીજા બાળકને જન્મ આપશે અને આ સેલિબ્રિટી કપલ પરિવારમાં બીજા સંતાનના આગમનની તૈયારીઓ કરી રહ્યું છે. ડિવિલિયર્સે પછીથી કોઈક પ્રકારના પ્રેશરને લીધે (ભૂલ કરી હોવાનું કહીને) પોતાની કમેન્ટ પાછી ખેંચી લેવી પડી હતી એ વાત અલગ છે, પરંતુ ફેબ્રુઆરીમાં અનુષ્કાએ પુત્ર (અકાય)ને જન્મ આપ્યો હતો. એ રીતે, ડિવિલિયર્સની 'ભવિષ્યવાણી' સાચી પડી હતી. હવે સાઉથ આફ્રિકાના આ ક્રિકેટ લેજન્ડે સંકેત આપ્યો છે કે રોહિત શર્મા રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)નો હિસ્સો બની શકે.

રોહિત શર્મા ૨૦૨૪ની આઇપીએલ વખતે ખૂબ ચર્ચામાં રહ્યો હતો. મુંબઈ ઇન્ડિયન્સે કૅપ્ટનપદે રોહિતના સ્થાને ગુજરાત ટાઇટન્સમાંથી પાછા આવેલા હાર્દિક પંડ્યાને સુકાન સોંપ્યું હતું. ત્યારે એવી વાતો થવા લાગી હતી કે આગામી (૨૦૨૫ની) સીઝનમાં રોહિત મુંબઈ ઇન્ડિયન્સ છોડી જશે. હવે સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ બૅટર અને આરસીબીના ભૂતપૂર્વ ખેલાડી ડિવિલિયર્સે આરસીબીમાં રોહિતના જોડાવાની સંભાવના વિશે મોટી વાત કરી છે.

થોડા સમય પહેલાં મીડિયા જગતમાં જોરશોરથી દાવો કરાયો હતો કે રોહિત ૨૦૨૫ની આઇપીએલમાં લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)નો હિસ્સો બની જશે. જોકે ડિવિલિયર્સે પોતાની યુટ્યૂબ ચૅનલ પર ટિપ્પણી કરીને આ કિસ્સાને નવી દિશા આપી છે. આવો જાણીએ, ડિવિલિયર્સે શું કહ્યું છે...

ડિવિલિયર્સે યુટ્યૂબ ચૅનલ પર કહ્યું, 'થોડા સમય પહેલાં હું રોહિત વિશેની વાતો પર ખૂબ હસી પડ્યો હતો. રોહિત જો મુંબઈ છોડીને આરસીબીમાં જાય તો એ બહુ મોટા ન્યૂઝ કહેવાશે. એવું થશે તો હેડલાઇન શું હશે વિચારો! એવું થશે તો હાર્દિકની મુંબઈમાંની રીએન્ટ્રીથી પણ એ મોટા સમાચાર કહેવાશે. હાર્દિક ગુજરાતમાંથી મુંબઈ પાછો આવી ગયો એ કોઈ મોટું આશ્ચર્ય નહોતું, પરંતુ રોહિત જો મુંબઈ છોડીને આરસીબીમાં જોડાશે તો વિચારો એ કેટલા મોટા સમાચાર બની જશે. જોકે હું નથી માનતો કે રોહિત મુંબઈ ઇન્ડિયન્સ છોડશે. મને એ સંબંધમાં ૦ અથવા ૦.૧ ટકા શક્યતા લાગે છે.'

૨૦૨૪ની આઇપીએલમાં ફૅફ ડુ પ્લેસીએ બેન્ગલૂરુની કૅપ્ટન્સી સંભાળી હતી. ડુ પ્લેસી ૪૦ વર્ષનો થઈ ગયો છે અને વધતી ઉંમર તેને કોઈને કોઈ રીતે આરસીબીની કૅપ્ટન્સીથી દૂર રાખી શકે. દરમ્યાન, ડિવિલિયર્સે ડુ પ્લેસીને સપોર્ટ કરતા કહ્યું છે, 'ઉંમર તો માત્ર એક નંબર છે. મને નથી લાગતું કે ૪૦ વર્ષ બહુ મોટી ઉંમર કહેવાય. તે છેલ્લી થોડી સીઝનથી આરસીબીની ટીમમાં છે અને ખેલાડીઓને તેની આદત પડી ગઈ છે. મને લાગે છે કે તેના પર આરસીબીને ટ્રોફી અપાવવાનું દબાણ છે. મને ખાતરી છે કે કોહલી તેના આ અનુભવી સાથીને જરૂર સપોર્ટ કરશે.'

# પંકજ અડવાણી જીત્યો સિંગાપોર ઓપન ટાઇટલ

નવી દિલ્હી: ભારતનો ચૅમ્પિયન સ્નૂકર-બિલિયર્ડ્સ ખેલાડી પંકજ અડવાણી રવિવારે સિંગાપોર ઓપન સ્નૂકર ટૂર્નામેન્ટનું ટાઇટલ જીત્યો હતો. તેણે ફાઇનલમાં સિંગાપોરના જેડન ઑન્ગને ૫-૧થી હરાવી દીધો હતો. અડવાણીએ ફાઇનલમાં પહોંચતાં પહેલાં ક્વૉર્ટર ફાઇનલમાં થાઇલૅન્ડના ભૂતપૂર્વ વર્લ્ડ સ્નૂકર ચૅમ્પિયન દેચાવત પૂમજેન્ગને ૪-૩થી પરાજિત કર્યો હતો.

જેડન વર્ષ ૨૦૨૨ના વર્લ્ડ ઍમેટર સ્નૂકર ચૅમ્પિયન લિમ લૉક લિઓન્ગને હરાવીને ફાઇનલમાં પહોંચ્યો હતો. બન્ને ફાઇનલિસ્ટ જુસ્સેદાર હતા, પણ એમાં અડવાણીએ મુકાબલાને વન-સાઇડેડ બનાવી નાખ્યો હતો. અડવાણીની પાંચ ફ્રેમ સામે જેડન એક જ ફ્રેમ જીતી શક્યો હતો.

અડવાણીએ છેલ્લી ફ્રેમ ૭૪-૬થી જીતી લીધી હતી અને એ સાથે ટાઇટલ તેના કબજામાં આવી ગયું હતું.

હવે અડવાણી નવેમ્બરમાં દોહામાં યોજાનારી વર્લ્ડ બિલિયર્ડ્સ ટૂર્નામેન્ટનું ટાઇટલ જીતવા પ્રૅક્ટિસ શરૂ કરશે.

# તૂને મારી એન્ટ્રીયાં રે...: સચિનના આગમનથી અમેરિકામાં ક્રિકેટની બોલબાલા વધશે

હ્યુસ્ટન/વૉશિંગ્ટન: ભારતમાં ક્રિકેટિંગ-ગૉડ તરીકે જાણીતો સચિન તેન્ડુલકર અમેરિકાના નૅશનલ ક્રિકેટ લીગ (એનસીએલ)ની માલિકીના જૂથમાં જોડાયો છે. સચિનના આ પ્રકારના આગમનથી આવનારાં વર્ષોમાં અમેરિકામાં ક્રિકેટની રમતને વેગ મળશે. ક્રિકેટની રમત અમેરિકામાં હજી શૈશવકાળમાં છે, પરંતુ સચિનની એન્ટ્રીથી તેમ જ બીજા મહત્ત્વનાં પરિબળોને કારણે દેશમાં ક્રિકેટનો ફેલાવો ખૂબ વધશે એવી ધારણા છે.

સચિન જોડાયો હોવાની જાહેરાત એનસીએલે કરી ત્યાર બાદ સચિને કહ્યું, 'ક્રિકેટ મારા જીવનની સર્વશ્રેષ્ઠ સફર છે અને અમેરિકામાં ક્રિકેટની રમત ફેલાવાની શરૂ થઈ છે એ અવસરે નૅશનલ ક્રિકેટ લીગ સાથે જોડાતાં હું અત્યંત આનંદ અનુભવી રહ્યો છું. એનસીએલ નવી પેઢીના ક્રિકેટપ્રેમીઓને ક્રિકેટ તરફ પ્રભાવિત કરવાના ઇરાદા સાથે અમેરિકામાં વિશ્વ સ્તરની ક્રિકેટ માટે એક પ્લૅટફૉર્મ ઊભું કરવા માગે છે. એનસીએલ જેવું જ મારું વિઝન છે. હું આ પહેલનો હિસ્સો બનવા તેમ જ અમેરિકામાં ક્રિકેટની રમતના વિકાસમાં સાક્ષી બનવા માગું છું.'

અમેરિકાની એનસીએલની ઓપનિંગ સેરેમની મિકા સિંહ તથા અન્ય સિંગર્સ અને ડાન્સર્સના પર્ફોર્મન્સ સાથે શરૂ થયા બાદ એમાં લેજન્ડરી ક્રિકેટરોના કોચિંગની કમાલ જોવા મળશે. સુનીલ ગાવસકર, ઝહીર અબ્બાસ, વસીમ અકરમ, દિલીપ વેન્ગસરકર, સર વિવિયન રિચર્ડ્સ, વેન્કટેશ પ્રસાદ, સનથ જયસૂર્યા, મોઇન ખાન વગેરે મહાન ખેલાડીઓ એનસીએલની આ સીઝનના ખેલાડીઓના મેન્ટર અને હેડ-કોચ બનશે.

ટૂર્નામેન્ટમાં ભાગ લેનારા જાણીતા ખેલાડીઓમાં સુરેશ રૈના, દિનેશ કાર્તિક, રૉબિન ઉથપ્પા, શાહિદ આફ્રિદી, શાકિબ અલ હસન, તબ્રેઝ શમ્સી, ક્રિસ લીન, ઍન્જેલો મૅથ્યૂઝ, કૉલિન મન્રો, સૅમ બિલિંગ્સ, મોહમ્મદ નબી અને જૉન્સન ચાર્લ્સનો સમાવેશ છે.

એનસીએલ ટૂર્નામેન્ટ જીતનાર ટીમને ચૅમ્પિયનશિપ ટ્રોફી સચિન તેન્ડુલકરના શુભહસ્તે એનાયત કરાશે.

# ઈલેક્ટ્રિક વાહનોની ચાઈનીઝ લિથિયમ-આયન બેટરીની કિંમતમાં દસેક ટકાનો ઘટાડો થશે

નવી દિલ્હી : ઈલેક્ટ્રિક વાહન ઉત્પાદકોને આગામી ૧૨ મહિનામાં લિથિયમ-આયન બેટરીની કિંમતમાં પાંચથી દસ ટકાનો ઘટાડો થવાની અપેક્ષા છે. ઉદ્યોગના સુત્રોના જણાવ્યા મુજબ આ બેટરીઓ મુખ્યત્વે ચીનમાંથી આવે છે અને યુએસ દ્વારા ચીની બેટરીઓ પર લાદવામાં આવેલા દંડાત્મક ટેરિફ પછી તે સસ્તી થવાની ધારણા છે.

બિડેન વહીવટીતંત્ર દ્વારા થોડા દિવસો પહેલા જ નક્કી કરાયેલા ટેરિફની આ બેટરીઓની ચીનની નિકાસ પર ગંભીર અસર પડી શકે છે. તેના સ્થાનિક ઉદ્યોગને સ્પર્ધાથી બચાવવા માટે અમેરિકાએ આ વર્ષથી ઇલેક્ટ્રિક વાહનો માટે જરૂરી લિથિયમ-આયન બેટરી પરની આયાત ડ્યૂટી ૭.૫ ટકાથી વધારીને ૨૫ ટકા કરી છે.

ચીનની વધારાની બેટરી ઉત્પાદન ક્ષમતાને કારણે અગાઉના ભારે ઘટાડા પછી ઓટોમેકર્સ માટેના ખર્ચમાં ઘટાડો થવાની સંભાવના છે. ભારતીય ઉત્પાદકો માટે નિકલ મેંગેનીઝ કોબાલ્ટ બેટરીની કિંમત સપ્ટેમ્બરમાં ઘટીને ૯૦ ડોલર પ્રતિ સઠ્વ થઈ ગઈ છે, જે છ મહિના પહેલા ૧૦૦ ડોલર હતી, એટલે કે ૧૦ ટકાનો ઘટાડો થયો છે.

વધુમાં, લિથિયમ આયર્ન ફોસ્ફેટ બેટરી પણ પહેલા કરતા વધુ સસ્તું બની ગઈ છે. સપ્ટેમ્બરમાં ભારત માટે લિથિયમ આયર્ન ફોસ્ફેટ બેટરી સેલના ભાવ ઘટીને ૬૫ થી ૭૦ ડોલર પ્રતિ સઠ્વ થયા હતા, જે છ મહિના પહેલા ૭૫ ડોલર હતા. ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગના સુત્રોના જણાવ્યા અનુસાર, આગામી મહિનાઓમાં નિકલ મેંગેનીઝ કોબાલ્ટ બેટરીના ભાવ વધુ ઘટીને ૮૦ ડોલર પ્રતિ સઠ્વ થઈ શકે છે. ■

# માર્જિનની ચિંતા વચ્ચે ઈન્ફોસીસ, એચસીએલ ટેક્નોએ પગારવધારો ત્રીજા ક્વાર્ટરમાં શિફ્ટ કર્યો

નવી દિલ્હી: દેશની અનેક આઈટી કંપનીઓએ પગારવધારો ચાલુ વર્ષે ઓક્ટોબરથી ડિસેમ્બરના ક્વાર્ટરમાં શિફ્ટ કર્યો છે. આ કંપનીઓએ નબળી માંગ વચ્ચે ખર્ચને પહોંચી વળવા અને નફાકારકતા તથા માર્જિન જાળવવાની ચિંતાને ધ્યાનમાં લઈને આ પગલું લીધું છે. બ્રોકરેજ રિપોર્ટ્સ અને એનલિસ્ટ્સના રિપોર્ટ મુજબ ઈન્ફોસીસ, એચસીએલ ટેક્નોલોજીઝ, એલટીઆઈ માઈન્ડટ્રી અને એલ એન્ડ ટી ટેક્નોલોજી સર્વિસીઝ જેવી કંપનીઓએ પગારવધારો ચ૩ પર શિફ્ટ કરી દીધો છે.

સામાન્ય રીતે આઈટી કંપનીઓ વર્ષની શરૂઆતમાં પગારવધારો જાહેર કરતી હોય છે. પરંતુ આ વખતે વિલંબ થયો છે તે દર્શાવે છે કે વૈશ્વિક માંગ અંગે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. ખાસ કરીને ડિસ્ક્રીશનરી આઈટી સર્વિસીઝમાં માંગ નબળી છે. આઈટી કંપનીઓના ક્લાયન્ટ્સ તરફથી ડિસ્ક્રીશનરી સ્પેન્ડિંગ ઓછું જોવા મળ્યું છે. કેટલાક ક્લાયન્ટ્સના બજેટ ઓછા થયા છે તો કેટલાકમાં માંગ હોવા છતાં બજેટમાં વિલંબ થયો છે.

બ્રોકરેજ મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસીઝે પ્રી-અર્નિંગ્સ નોટમાં કહ્યું છે કે મોટાભાગની આઈટી કંપનીઓએ પગારવધારો ચ૩ કે ચ૪માં શિફ્ટ કરી દીધો છે, જે સ્પષ્ટ કરે છે કે હવે પછીના છ મહિના (ઇં૨)માં પગારવધારાનું દબાણ માર્જિન પર જોવા મળશે. જેફરીઝના મતે કંપનીઓના માર્જિન ત્રિમાસિક ધોરણે ૦.૨૫ ટકા વધશે તેવો અંદાજ છે. એચસીએલ ટેક્નોલોજીઝના માર્જિનમાં સૌથી વધુ સુધારો જોવા મળશે અને કોફોર્જમાં સૌથી ઓછો વધારો જોવા મળશે. તેણે કહ્યું કે ઈન્ફોસીસ, વિપ્રો, એલટીઆઈ માઈન્ડટ્રી, એચસીએલ ટેક્નોલોજીઝ અને ટેક મહિન્દ્રાના માર્જિનમાં ૦.૨૦ ટકાથી લઈને ૧.૧૦ ટકા સુધીનો સુધારો જોવા મળશે. ■

# આરબીઆઇ વ્યાજ દર યથાવત્ રાખે એવી સંભાવના

મુંબઈ : રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની નવી રચાયેલી મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી)ની આવતા સપ્તાહે મળી રહેલી બેઠકમાં એમપીસી સતત દસમી વખત રેપો રેટ જાળવી રાખશે તેવી શકયતા વધી ગઈ છે. ઈરાન-ઈઝરાયલ તાણને જોતા એમપીસી વ્યાજ દર ઘટાડવામાં ઉતાવળ નહીં કરે તેવો મત પ્રવર્તી રહ્યો છે.

વ્યાજ દર યથાવત રહેવાના કિસ્સામાં લોનધારકોએ ઈએમઆઈમાં રાહત માટે હજુ રાહ જોવી પડશે. ત્રણ નવા સભ્યોની નિમણૂંક બાદ એમપીસીની સાતથી નવ ઓકટોબર દરમિયાન પ્રથમ વખત બેઠક મળી રહી છે.

ઈરાન-ઈઝરાયલ તાણને પરિણામે ક્રુડ તેલના ભાવમાં ભડકો થયો છે જે આવનારા દિવસોમાં ફુગાવાને ફરી ઊંચે લઈ જવાની શકયતા છે ત્યારે આવી સ્થિતિમાં એમપીસી રેપો રેટ ઘટાડવામાં ઉતાવળ નહીં કરે તેવો એક બેન્કરે મત વ્યકત કર્યો હતો. ■

# માર્કેટ કેપિટલમાં ₹૧૭.૫૨ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: રોકાણકારો માટે પાછલું સપ્તાહ ખબૂ નુકસાનકારક પૂરવાર થયું હતું. સમીક્ષા હેઠળના પાછલા એક સપ્તાહમાં માર્કેટ કેપિટલાઈઝેશનમાં રૂ.૧૭.૫૨ લાખ કરોડનો ઘટાડો થયો હતો અને મેટલ સિવાય બધા સેકટરલ ઈન્ડેક્સ ગબડ્યા હતા. બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૮૫,૫૭૧.૮૫ના બંધથી ૩,૮૮૩.૪૦ પોઈન્ટ્સ (૪.૫૪ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૩૦ સપ્ટેમ્બર અને સોમવારે ૮૫,૨૦૮.૭૬ ખૂલી એ જ દિવસે ઉપરમાં ૮૫,૩૫૯.૬૫ સુધી અને ૪ ઓક્ટોબર અને શુક્રવારે નીચામાં ૮૧,૫૩૨.૬૮ સુધી જઈ સપ્તાહ અંતે ૮૧,૬૮૮.૪૫ બંધ રહ્યો હતો.

આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ.૪૬૦.૮૯ લાખ કરોડ રહ્યું હતું, જે ૩૦ સપ્ટેમ્બરના શુક્રવારના અંતે રૂ.૪૭૮.૪૧ લાખ કરોડ હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૪.૩૩ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૪.૨૧ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૩.૯૪ ટકા, બીએસઈ મિડકેપ ૩.૨૦ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૨.૦૧ ટકા ઘટ્યા હતા. આઈપીઓ ૩.૪૭ ટકા ઘટ્યો અને એસએમઈ આઈપીઓ ૦.૪૫ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ઈન્ડેક્સમાં એકમાત્ર મેટલ ઈન્ડેક્સ ૦.૦૯ ટકા વધ્યો હતો અન્ય બધા ઈન્ડેક્સ ઘટ્યા હતા. બીએસઈ રિયલ્ટી ૭.૯૨ ટકા, ઓટો ૫.૯૪ ટકા, કેપિટલ ગુડ્સ ૪.૬૨ ટકા, બેન્કેક્સ ૪.૫૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૪.૩૫ ટકા, પાવર ૩.૯૫ ટકા, ઈન્ફ્રા ૩.૯ ટકા, એફએમસીજી ૩.૬૮ ટકા, પીએસયુ ૩.૩૧ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૩.૦૭ ટકા, હેલ્થકેર ૧.૯૭ ટકા, ટેક ૧.૮૧ ટકા અને આઈટી ૧.૦૧ ટકા ઘટ્યા હતા.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી સૌથી અધિક વધેલા ચાર શેરો હતાઃ જેએસડબ્લ્યુ સ્ટીલ ૩.૦૩ ટકા, ઈન્ફોસિસ ૦.૫૮ ટકા, ટેક મહિન્દ્ર ૦.૪૧ ટકા, તાતા સ્ટીલ ૦.૧૫ ટકા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક ઘટેલા પાંચ શેરો હતાઃ રિલાયન્સ ૧૦.૦૪ ટકા, એક્સિસ બેન્ક ૮.૦૪ ટકા, એશિયન પેઈન્ટ્સ ૭.૭૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૭.૫૮ ટકા અને મારુતિ ૭.૧૦ ટકા.

એ ગ્રુપની ૭૨૮ કંપનીઓમાં ૧૫૭ સ્ક્રિપ્સના ભાવ વધ્યા, ૫૭૦ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા અને એકનો સ્થિર રહ્યો હતો. બી ગ્રુપની ૧,૦૮૯ કંપનીઓમાંથી ૨૩૭ વધી હતી, ૮૪૮ ઘટી અને ચાર સ્થિર રહી હતી.

સેન્સેક્સમાંની ૪ સ્ક્રિપ્સ વધી હતી અને ૨૬ ઘટી હતી. બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સમાંની ૯ સ્ક્રિપ્સ વધી હતી અને ૯૧ ઘટી હતી. બીએસઈ ૨૦૦ સમાવિષ્ટ ૨૫ સ્ક્રિપ્સ વધી અને ૧૭૫ ઘટી હતી, મિડકેપમાંની ૧૩૨ સ્ક્રિપ્સમાંથી ૨૬ વધી, ૧૦૬ ઘટી હતી. સ્મોલ કેપમાંની ૯૫૦ સ્ક્રિપ્સમાંથી ૨૨૬ વધી હતી, ૭૨૩ ઘટી હતી અને એક સ્થિર રહી હતી. સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ.૩૯,૯૬૧.૦૪ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ. ૪૧,૭૨૦.૬૦ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પબ્લિક નોટીફિકેશન**

**વિરારઃ- વસઈ વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન (VVMC)ની પશ્ચિમ બાજુના સ્કાયવોકને બંધ કરી રહ્યું છે જે રેલવેના મધ્ય ફૂટ ઓવર બ્રિજને જોડે છે**

તે જણાવવાનું છે કે MRVC વિરાર સ્ટેશનનું સ્ટેશન સુધારણા કામ અને વિરાર-દહાણુ રોડ વચ્ચે ત્રીજી અને ચોથી લાઈનનું નિર્માણ કામ ચલાવી રહી છે. આ સંદર્ભમાં, પ્લેટફોર્મ નંબર. ૨ ઉપર રેલવે સ્કાયવોક અને વસઈ વિરાર મુંબઈ કોર્પોરેશન સ્કાયવોક (રેલવે ફરતા વિસ્તારમાં સ્થિત)ના એક કોલમને તોડી નાખવાની જરૂર છે. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, વસઈ વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન (VVMC)ના પશ્ચિમ બાજુના સ્કાયવોકને ૧૦.૧૦.૨૦૨૪થી રેલવેના મધ્ય ફૂટ ઓવર બ્રિજને જોડતો બંધ કરવો જરૂરી છે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
0587

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરો : X.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

(સ્યુઅરેજ ઓપરેશન વિભાગ)

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ઈ-ટેન્ડર નંબર | ૨૦૨૪_MCGM_૧૧૦૪૩૦૬ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | મેઈન સ્યુઅર શહેર સેક્શન માટે ૭.૫ M³ ક્ષમતાની વેહિકલ માઉન્ટેડ સક્શન મશીનની ખરીદી |
| ટેન્ડરની કિંમત | રૂ. ૧૬,૫૦૦/- (+૧૮% GST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | આઈટમ રેટ ટેન્ડર |
| બારડી | રૂ. ૨,૭૮,૧૦૦/- |
| ટેન્ડરની ઈશ્યુ કરવાની અને વેચાણની તારીખ | ૦૭.૧૦.૨૦૨૪ ૧૧.૦૦ ક. થી |
| ટેન્ડરની વેચાણ માટેની અને બારડીની પેમેન્ટની છેલ્લી તારીખ અને સમય | ૨૮.૧૦.૨૦૨૪ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૨૮.૧૦.૨૦૨૪ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A ખુલશે | ૨૯.૧૦.૨૦૨૪ ૧૬:૧૦ કલાકે |
| પેકેટ B ખુલશે | ૨૯.૧૦.૨૦૨૪ ૧૬:૧૫ કલાકે |
| પેકેટ C ખુલશે | ૩૧.૧૦.૨૦૨૪ ૧૫:૦૦ કલાકે |
| પ્રી-બીડ મિટિંગ | ૧૫.૧૦.૨૦૨૪ ૧૧:૩૦ કલાકે. ચીફ એન્જિનિયર (S.O), ૧લો માળ, એન્જિનિયરિંગ હબ બિલ્ડીંગ, ડૉ. ઈ. મોસેસ રોડ, વરલી નાકા, વરલી, મુંબઈ-૪૦૦૦૧૮ની ઓફિસ. |
| સંચાર માટેનું સરનામું | ડે.ચીફ એન્જિનિયર (S.O) P&MS (શહેર), ૨જો માળ, સ્યુઅરેજ ઓપરેશન વર્કશોપ, ૧૨૧ રામચંદ્ર ભટ્ટ માર્ગ, ડોંગરી, મુંબઈ-૪૦૦૦૦૯ની ઓફિસ. |
| બિડનું ખોલવાનું સ્થળ | એક્ઝિક્યૂટીવ એન્જિનિયર મિકે. (M.S) (શહેર), ૨જો માળ, સ્યુઅરેજ ઓપરેશન વર્કશોપ, ૧૨૧ રામચંદ્ર ભટ્ટ માર્ગ, ડોંગરી, મુંબઈ-૪૦૦૦૦૯ |

BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વધુ માહિતી BMC વેબસાઈટ portal.mcgm.gov.in પરથી મેળવી શકાય છે.

સહી/-
(શ્રી. V.K. ગવસ)
E.E.મીકે.(MS) શહેર

PRO/1540/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# ઈરાનની તબાહી માટે સજ્જ ઈઝરાયલની મિસાઈલ્સ તેજીને અવરોધશે

## બજારની નજર આરબીઆઇ પૉલિસી અને કંપની પરિણામો પર

ફોરકાસ્ટ

**નિલેશ વાઘેલા**

પશ્ચિમ એશિયામાં ઇરાનને પાપે ચરમસીમા તરફ આગળ વધી રહેલી લશ્કરી અથડામણોએ ગ્લોબલ ઇક્વિટી માર્કેટના ગણીત ખોરવી નાંખ્યા છે અને તેને કારણે સર્જાયેલી બાદબાકીમાંથી ભારતયી શેરબજાર પણ બાકાત રહી શકે તેમ નથી. આ સપ્તાહે મિડલ ઇસ્ટના ટેન્શન ઉપરાંત રિઝર્વ બેન્કની નીતિ, બીજી કવાર્ટરના કંપની પરિણામ, યુએસ ઇન્ફ્લેશન સહિતના પરિબળો બજારની ચાલ નક્કી કરશે. એ જ સાથે હરિયાણા અને જમ્મુ-કાશ્મીર બંને વિધાનસભા ચૂંટણી માટે આઠમી ઓક્ટોબરે થનારી મતગણતરી પર પણ બજારની નજર રહેશે.

નિષ્ણાતોના મતે, સંભવિત કોન્સોલિડેશન વચ્ચે સેન્ટિમેન્ટ નેગેટિવ રહી શકે છે, અને દરેક ઉછાળે વેચવાલીનો તાલ જોવા મળે એ શક્ય છે. આ ઉપરાંત હોંગકોંગ અને ચાઇના જેવા નીચા વેલ્યુએશન્સ ધરાવતાં એશિયન બજારોમાં એફઆઇઆઇના પલાયનને કારણે પણ ભારતીય બજારને ફટકો પડી રહ્યો છે. ચોથી ઓક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં બેન્ચમાર્ક સૂચકાંકોમાં લગભગ ૪.૫ ટકા જેટલા તોતિંગ કડાકા નોંધાયા હતા.

ઇરાને તેના કટ્ટરવાદને સમર્થન આપતી વૃત્તિમાં ઇઝરાયલ પર હમલો તો કર્યો છે, પરંતુ હવે તે જોકમમું આવી ગયું છે. હવે સમગ્ર વિશ્વને ડર એ છે કે જો ઇઝરાયલ તેના ઉચ્ચારણ અનુસાર ઇરાન પર હુમલો કરશે તો આખા જગતની સપ્લાઇ ચેઇનને એક કામચલાઉ બ્રેક લાગી જશે. ઉપલબ્ધ અહેવાલ અનુસાર ઇઝરાયલ લેબનોન પર બોમ્બાડિંગ અને બૈરૂતની આસાપસ એર સ્ટ્રાઇક સતત વધારી રહ્યું છે. આ ઉપરાંત ગાઝા અને ઇરાન પર ટૂંક સમયમાં જ મોટા હુમલાની તૈયારીમાં છે. મધ્ય પૂર્વના તણાવને કારણે ભારત માટે સૌથી મોટી ચિંતા ક્રૂડ તેલના ભાવનો ઉછાળો છે.

સેન્સેક્સ ૩,૮૮૩ પોઈન્ટ ઘટીને ૮૧,૬૮૮ પોઇન્ટના સ્તરે અને નિફ્ટી ૧,૧૬૪ પોઈન્ટ ઘટીને ૨૫,૦૧૫ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી મિડકેપ ૧૦૦ અને સ્મોલકેપ ૧૦૦ ઈન્ડેક્સ અનુક્રમે ત્રણ અને ૨.૫ ટકા ડાઉન હતા. નિફ્ટી ઓટો, બેન્ક, ઓઇલ એન્ડ ગેસ અને એફએમસીજી સૂચકાંકોમાં ચારથી છ ટકાનો ઘટાડો હતો.યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં અપેક્ષાથી મોટા કાપ સાથે વધુ ઘટાડાના સંકેત અપાયા પછી, તમામની નજર નવમી ઓક્ટોબરે આરબીઆઇની એમપીસી બેઠકના જાહેર થનારા નિષ્કર્ષ પર રહેશે. મોટાભાગના નિષ્ણાતો વ્યાજદરમાં ઘટાડો કરે તેવી અપેક્ષા રાખતા નથી, પરંતુ આરબીઆઇની કોમેન્ટ્રી મહત્ત્વની રહેશે.

ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, ટાટા એલેક્સી, એવેન્યુ સુપરમાર્ટ્સ અને ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (આઈઆરઈડીએ) સાથે આ સપ્તાહે શરૂ થનારી સપ્ટેમ્બર ક્વાર્ટરની કમાણીની સીઝન પર બજારનું ધ્યાન કેન્દ્રિત રહેશે. આઇટી કંપનીઓના પરિણામમાં ખાસ કરીને યુએસ ફેડ રેટ કટ પછી મેક્રો રિકવરી પર મેનેજમેન્ટ કોમેન્ટ્રી અને ૨૦૨૫ માટે ડિમાન્ડ આઉટલૂક ચાવીરૂપ રહેશે.

આ સપ્તાહે આનંદ રાઠી વેલ્થ, ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર ઈન્ડિયા, નવકાર કોર્પોરેશન, જીટીપીએલ હેથવે, લોટસ ચોકલેટ, ડેન નેટવર્ક્સ, જીએમ બ્રુઅરીઝ, હેથવે કેબલ એન્ડ ડેટાકોમ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ તેમની સપ્ટેમ્બર ક્વાર્ટરની કમાણી જાહેર કરશે.

કોર્પોરેટ હલચલમાં આદિત્ય બિરલા જૂથે જ્વેલરી સેગમેન્ટમાં ડાઇવર્સિફિકેશન કર્યું છે. આ જૂથે ઇન્દ્રિય બ્રાન્ડ સાથે જૂલાઇથી અત્યાર સુધીમાં દિલ્હીમાં ત્રણ અને મુંબઇ, ઇંદોર, અમદાવાદ, પૂના અને જયપૂર ખાતે આઠ સ્ટોર્સ શરૂ કર્યા છે. વિસ્તરણ યોજના હેઠળ કંપની પાંચેક વર્ષમાં ૫૦૦ સ્ટોર્સની યોજના ધરાવે છે અને પ્રારંભિક રોકાણ રૂ. ૫૦૦૦ કરોડનું રહેશે. નવા લિસ્ટેડ વેસ્ટર્ન કેરિયર્સ ઈન્ડિયા અને આર્કેડ ડેવલપર્સ તેમના જૂન ક્વાર્ટરના આંકડા જાહેર કરશે. આથી સ્ટોક સ્પેસિફિક એક્શન જોવા મળશે. પ્રાઇમરી માર્કેટમાં બજાજ હાઉસિંગ, કેઆરએન, નોર્થ આર્ક, ડિફ્યુઝન સહિતના નવા શેર પ્રીમિયમ સાથે નોંધપાત્ર પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા છે. શેરબજારના સેન્ટિમેન્ટની વાત તરફ પાછાં ફરીએ તો વૈશ્વિક ઇક્વિટી બજારોમાં એકંદરે સાવચેતીનો માહોલ રચાયો છે. અમેરિકાના પ્રમુખ જો બાયડને મધ્યપૂર્વના યુદ્ધ અને ઇઝરાયલ દ્વારા વળતા હુમલા અંગે અસ્પષ્ટ અને મૂંઝવનારા કથનો કર્યા છે. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું છે કે ઇરાનના ઓઇલ ઇન્સ્ટોલેશન પર ઇઝરાયલના હુમલા અંગે ચર્ચાવિચારણા ચાલુ છે. એ જ સાથે, તેમણે એમ પણ કહ્યું છે કે ઇઝરાયલ તાત્કલિક વળતો હુમલો કરે એવી શક્યતા ઓછી છે. આ બંને વિધાનો ઇક્વિટી માર્કેટને વિરોધાભાસી સંકેત આપે છે. ■

# ઈરાનનું ઉત્પાદન ઘટશે તો ક્રૂડ ઓઈલના ભાવમાં વીસ ડૉલરના ઉછાળાની વકી

મુંબઈ : ઈરાનમાં ક્રુડ તેલના ઉત્પાદનમાં ઘટાડો થશે તો આગામી વર્ષમાં ક્રુડ તેલના ભાવમાં પ્રતિ બેરલ ૨૦ ડોલરનો વધારો થવા સંભવ હોવાનું ગોલ્ડમેન સાક્સ દ્વારા એક રિપોર્ટમાં જણાવાયું છે.ઈરાન-ઈઝરાયલ તંગદિલી વણસતા છેલ્લા એક સપ્તાહથી ક્રુડ તેલના ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ઈરાનના ક્રુડ તેલના દૈનિક ઉત્પાદનમાં દસ લાખ બેરલનો ઘટાડો થશે તો ભાવમાં પ્રતિ બેરલ વીસ ડોલર જેટલો વધારો થવાની શકયતા છે.

હાલમાં બ્રેન્ટ ક્રુડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૭૮ ડોલર સુધી પહોંચી ગયા છે, પખવાડિયા પૂર્વ ૭૦ ડોલર આસપાસ બોલાતા હતા. જો કે ક્રુડ તેલ ઉત્પાદક દેશોના સંગઠન ઓપેક દ્વારા ઉત્પાદનમાં વધારો કરવામાં નહીં આવે તો જ ભાવમાં ૨૦ ડોલર જેટલો વધારો જોવા મળશે.

ચીનમાં મંદ માગને કારણે તાજેતરના ભૂતકાળમાં ક્રુડ તેલના ભાવ દબાણ હેઠળ રહેતા હતા પરંતુ ચીનમાં મોટેપાયે સ્ટીમ્યુલ્સ જાહેર કરાતા તેના અર્થતંત્રને ટેકો મળી રહે છે, જે ક્રુડ તેલના ભાવમાં વધારો લાવી શકે છે.

દૈનિક ૪૦ લાખ બેરલ સાથે ક્રુડ તેલના વૈશ્વિક પૂરવઠામાં ઈરાનની ભૂમિકા મહત્વની છે. બન્ને દેશો વચ્ચે સંપૂર્ણ સમયનું યુદ્ધ ફાટી નીકળશે તો, બ્રેન્ટ ક્રુડના ભાવ ૧૦૦ ડોલર સુધી પણ જઈ શકે છે તેવી પણ અન્ય એક રિસર્ચ પેઢીએ શકયતા વ્યકત કરી હતી. ઘરઆંગણે ક્રુડ તેલની માગમાં વધારો થતાં ઈરાક તથા સાઉદી અરેબિયા ખાતેથી ગયા મહિને ક્રુડ તેલની આયાતમાં નોંધપાત્ર વધારો વધારો થયો હોવાનું સરકારી સુત્રોએ તાજેતરમાં જણાવ્યું હતું. ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરમાં ઈરાક તથા સાઉદી અરેબિયા ખાતેથી ક્રુડ તેલની આયાત અનુક્રમે ૧૬ ટકા અને ૩૭ ટકા વધી હતી. ગયા મહિને ઈરાક પાસેથી દૈનિક ૮.૯૦ લાખ બેરલ જ્યારે સાઉદી અરેબિયા ખાતેથી દૈનિક ૬.૮૮ લાખ બેરલ ક્રુડ તેલની આયાત કરવામાં આવી હતી. ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરમાં ક્રુડ તેલની એકંદર આયાત ૧૨.૭૦ ટકા વધી પ્રતિ દિન ૪૭ લાખ બેરલ રહી હતી.ભારત તેની ક્રુડ તેલની કુલ આવશ્યકતામાંથી ૮૫ ટકા આયાત મારફત પૂરી કરે છે. ■


**પશ્ચિમ રેલવે**

**જાળવણી કામો**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. ઈ-ટેન્ડર નોટીસ નં.: BCT/૨૪-૨૫/૧૮૫ તા. ૦૪.૧૦.૨૦૨૪ મંગાવે છે. કામ અને સ્થળઃ SSE (BR) બોરિવલી સેક્શન {ADEN/બ્રીજ-III દાદર અધિકારક્ષેત્ર} હેઠળ અંધેરી-વિરાર સેક્શનમાં બ્રિજનું કામ માટે પરચુરણ એક્ટીવીટીઝ માટે ફૂટ ઓવર બ્રીજ/રોડ ઓવર બ્રિજ/પાઈપલાઈન બ્રીજ/EOT ક્રેન અને વેલ્ડીંગ સેટનું જાળવણી માટે મેનપાવરની જોગવાઈ. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૯૬,૪૨,૨૨૪.૪૦/- બારડીઃ રૂ. ૧૯૨૦૦૦/- સુપ્રતિની તારીખ અને સમયઃ ૨૯.૧૦.૨૦૨૪ ૧૫:૦૦ ક.સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૨૯.૧૦.૨૦૨૪ના ૧૫:૩૦ કલાકે. વધુ વિગતો માટે અમારા વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0597

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

ડીપાર્ટમેન્ટઃ ચીફ એન્જિનિયર (મીકેનીકલ અને ઈલેક્ટ્રીકલ)

**ઈ-ટેન્ડર નોટિસ**

**બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા**
ચીફ એન્જિનિયર (મીકેનીકલ અને ઈલેક્ટ્રીકલ)નો વિભાગ

| | |
|---|---|
| ડીપાર્ટમેન્ટ | ચી. એન્જિ. (M & E) |
| સબ ડીપાર્ટમેન્ટ | ડે. ચીફ એન્જિ. (M & E) શહેર |
| બીડ નંબર | ૨૦૨૪_MCGM_૧૧૦૩૨૨૫_૧ |
| વિષય | મ્યુનિસિપલ ફાયર બ્રિગેડ હેડ ઓફિસ, ભાયખલા ખાતે સુરક્ષા મોનિટરિંગ સિસ્ટમનું સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનિંગ |
| સ્કુટીની ફી | (રૂા. ૧૫૦૦૦/- + ૧૮% GST) |
| ઈ-ટેન્ડર ખર્ચ (અંદાજિત ખર્ચ) | રૂા. ૯૬,૪૬,૫૨૬.૬૦ (GSTની સિવાય) |
| બીડ સુરક્ષા જમા/ બારડી | રૂા. ૧,૧૩,૯૦૦.૦૦/- |
| ટેન્ડરની ઈશ્યુ કરવાની અને વેચાણ તારીખ | ૦૭.૧૦.૨૦૨૪ ૧૧.૦૦ ક.થી |
| ટેન્ડર વેચાણ અને બીડ સુરક્ષા જમાની સ્વીકૃતિની અંતિમ તારીખ અને સમય | ૨૮.૧૦.૨૦૨૪ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B અને પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૨૮.૧૦.૨૦૨૪ ૧૬.૦૦ ક. સુધી |
| પ્રી-બિડ મીટીંગ | ૧૪.૧૦.૨૦૨૪ ૧૧.૩૦ કલાકે ડે. ચી. એન્જિ. (M & E) શહેર ઓફિસ મ્યુનિસિપલ વર્કશોપ, R.S. નિમકર માર્ગ, ભાયખલા, મુંબઈ-૪૦૦૦૦૮. |
| પેકેટ A ખુલશે | ૨૯.૧૦.૨૦૨૪ ૧૬.૦૧ ક. પછી |
| પેકેટ B ખુલશે | ૨૯.૧૦.૨૦૨૪ ૧૬.૦૨ ક. પછી |
| પેકેટ C ખુલશે | ૦૪.૧૧.૨૦૨૪ ૧૩.૦૦ ક.પછી |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in |
| સંદેશવ્યવહારનું સરનામું | E.E. મીકે. (E.I.) મેન્ટે.નું કાર્યાલય MCGM મ્યુનિસિપલ વર્કશોપ, R.S. નિમકર માર્ગ, ભાયખલા, મુંબઈ-૪૦૦૦૦૮ |
| બીડ ખુલવાનું સ્થળ | E.E. મીકે. (E.I.) મેન્ટે.ની ઓફિસમાં ઓનલાઈન |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

MCGM કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ અરજી સ્વીકારવાનો અને કોઈપણ કે તમામ અરજીઓ નકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
E.E. મીકે. (E.I.) મેન્ટે.

PRO/1525/ADV./2024-25

વૃક્ષો વાવો. વૃક્ષો બચાવો.


# આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ વેલ્યુ ડિસ્કવરી ફંડનું રિટર્ન ૨૧ ટકા

મુંબઇઃ શેરબજારમાં તાજેતરમાં એકધારી આગેકૂચ સાથે અનેક બેન્ચમાર્ક નવાં શિખરે પહોંચ્યા હતા. વ્યાપક બજારના અમુક સેગમેન્ટમાં કરેક્શન આવવા છતાં, વેલ્યુએશન હજુ પણ ઊંચા જણાય છે. આ પરિસ્થિતિમાં પણ યોગ્ય શેરની પસંદગી સારા પરિણામ આપી શકે છે. આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ વેલ્યુ ડિસ્કવરી ફંડે પાછલાં ૨૦થી વધુ વર્ષો (નિયમિત યોજના)માં વાર્ષિક ચક્રવૃદ્ધિનું ૨૧.૨ ટકા વળતર આપ્યું છે. પ્રસંગોપાત અંડરપર્ફોર્મન્સ હોવા છતાં, ફંડે વર્ષોથી સતત મજબૂત પ્રદર્શન આપ્યું છે. જ્યારે જાન્યુઆરી ૨૦૧૩ થી સપ્ટેમ્બર ૨૦૨૪ના સમયગાળામાં પાંચ વર્ષના રોલિંગ રિટર્નને ધ્યાનમાં લેવામાં આવે છે, ત્યારે આ ફંડે સરેરાશ ૧૫.૪ ટકા વળતર આપ્યું છે. જ્યારે તેની સરખામણીએ નિફ્ટી ૫૦૦ ટીઆરઆઇએ સરેરાશ ૧૩.૬ ટકા વળતર આપ્યું છે. ફંડમાં સ્ટોકની પસંદગીમાં હંમેશા લાર્જ કેપને અગ્રસ્થાન અપાય છે, જેમાં મિડ અને સ્મોલકેપ્સનો નાનો હિસ્સો નાખવામાં આવે છે. ઘણીવાર, સ્કીમમાં પોર્ટફોલિયોના ૭૦ ટકા કે તેથી વધુ હિસ્સો લાર્જકેપ શેરોમાં હોય છે.

દસ વર્ષ કે તેથી વધુ સમય માટે રોકાણ કરવા માગતા લોંગ ટર્મ ઇન્વેસ્ટર્સ તેમના પોર્ટફોલિયોમાં એસઆઇપી રૂટ દ્વારાઆ પ્રકારની યોજનાઓમાં રોકાણ કરવાનું પસંદ કરે છે. પાછલા એક વર્ષ, ત્રણ વર્ષ, પાંચ વર્ષ અને દસ વર્ષના સમયગાળા દરમિયાન, ફંડે પોઈન્ટ-ટુ-પોઈન્ટ આધારે અનુક્રમે ૪૬.૫ ટકા, ૨૬.૪ ટકા, ૨૮.૭ ટકા અને ૧૮ ટકાની ડિલિવરી સાથે તેને ઇક્વિટી કેટેગરીમાં ટોચનું સ્થાન અપાવ્યું છે. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

L.T.M.G. હોસ્પિટલ, સાયન, મુંબઈ-૪૦૦૦૨૨

નં. LTH/૨૪૦૮૮/G, તારીખ : ૦૩-૧૦-૨૦૨૪

**મહાટેન્ડર નોટિસ**

આ મહાટેન્ડર નોટિસ છે. બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશન (MCGM)ના કમિશનર ત્રણ પેકેટ સિસ્ટમમાં નીચે આપેલા મહાટેન્ડર મંગાવે છે.

કામનું નામઃ L.T.M.G. હોસ્પિટલ માટે માઈક્રોડ્રીપ સેટ (૧,૧૯,૦૦૦ નં.)

| ક્ર. નં. | વર્ણન | મહાટેન્ડર કિંમત (રૂ.) | બારડી (રૂ.) | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતીની અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | L.T.M.G. હોસ્પિટલ માટે માઈક્રોડ્રીપ સેટ (૧,૧૯,૦૦૦ નં.) બીડ નં. ૨૦૨૪_MCGM_૧૧૦૨૭૨૨_૧ | રૂ. ૧,૩૨૦/- + GST@૧૮% | રૂ. ૨૦,૦૦૦/- | ૦૭/૧૦/૨૦૨૪ સાં. ૦૬.૦૦ (૧૮.૦૦ ક.) | ૧૫/૧૦/૨૦૨૪ સાં. ૦૬.૦૦ (૧૮.૦૦ ક.) |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://www.mcgm.gov.in પર મ્યુનિસિપલ કોર્પોરેશન વેબસાઈટની મુલાકાત લેવી.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા ઈશ્યૂ અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
ડીન,
L.T.M.G. હોસ્પિટલ, સાયન

PRO/1534/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.


ગુજરાત સરકાર
વિકાસ સપ્તાહ
ભારતના માનનીય વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી
શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 23 વર્ષ પહેલાં
7 ઑક્ટોબર 2001ના રોજ પ્રથમવાર
મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
23 વર્ષ...
સફળ અને સક્ષમ નેતૃત્વના
24 કલાક વીજળીની સંકલ્પના થઈ સાકાર
ઊર્જાશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, જનશક્તિ અને રક્ષાશક્તિના પંચામૃતથી થઈ રહ્યું છે ગુજરાત વિકસિત
ગરબા, ધોરડો અને સ્મૃતિવન થયાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિથી સુશોભિત
સૌથી ઊંચા સ્ટેચ્યુ, સૌથી મોટા સ્ટેડિયમથી બન્યાં ગૌરવાન્વિત
ગિફ્ટ, ડાયમંડ બુર્સ અને ધોલેરા બની રહ્યા છે વિકાસના નિમિત્ત
રિન્યુએબલ ઊર્જાના પર્યાય તરીકે સ્થાપિત
દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત
પ્રો-પીપલ ગવર્નન્સ, પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકે સંસ્થાપિત
વિકસિત ભારતના નિર્માણ માટે ગુજરાત છે સમર્પિત